AL FAROOQ TOURS & TRAVELS Since 1996
હજ ૨૦૨૬ બુકીંગ ચાલુ છે
પહેલું ગ્રુપ રવાનગી તારીખ ૨૩ એપ્રિલ ૩૬-દિવસ
છેલ્લું ગ્રુપ રવાનગી તારીખ ૨૧ મે ૪૦-દિવસ
શાર્ટ પેકેજ રવાનગી તારીખ ૧૫ મે ૨૦-દિવસ
ડિસેમ્બર તથા રમજાન ઉમરાહનું બુકીંગ ચાલુ છે
હાજી યાકુબ મુન્શી ૯૮૨૫૨ ૭૫૩૩૩-૯૮૯૮૦ ૩૪૪૭૮
૧,સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ-૨૮

૨ નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
ઈન્શાઅલ્લાહ M.9898099980, 9426579900
www.hajindia.com
Member of IATA
હજ્જ-૨૦૨૬ બુકિંગ ચાલુ છે.
ઈરાક ઝિયારત પ્રોગ્રામ રવા.તા.૦૧/૦૧/૨૦૨૬
રમઝાન ઉમરાહ રવા.તા.૧૭/૦૨/૨૦૨૬ રિટર્ન.તા.૨૨/૦૩/૨૦૨૬ રવા.તા.૦૧/૦૩/૨૦૨૬ રિટર્ન.તા.૨૧/૦૩/૨૦૨૬
ઉમરાહ વિઝા દુબઈ વિઝા

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૨૮ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com




રેડીમેડમાં - બ્રાઈડલ - ડિઝાઈનર - પાર્ટીવેર (તદ્દન નવા સ્ટોક સાથે)
અનુપમ
ફરસી શરારા - ગાઉન - ઈન્ડોવેસ્ટર્ન
પેપલોન - ફેન્સીસાડી
@ANUPAM_SAREE_
ગોળગલી, ઢાલગરવાડ, અમદાવાદ. 9537867979 - 6357575730

ડૉ.નાઝનીન વાજા
(એમ.ડી.-પીડીયાટ્રીક્સ) I.D.P.C.C.M. (મુંબઈ)
બાળરોગ નિષ્ણાંત અને બાળકોના ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
વી કેર ચિલ્ડ્રન હોસ્પિટલ
૧૧૧,૧૧૯, બ્લુ વોટર, અંબર ટાવર પાસે, સરખેજ, અમદાવાદ
૨૪X૭ ઈમરજન્સી સારવાર મો.૯૮૯૮૮૫૩૫૩૧
ઓપીડી સમય : સવારે ૧૧થી ૨, સાંજે ૬.૩૦થી ૮.૩૦

વેચવાના છે : ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ

| ખેડા ધોળકા રોડ | ચાંગોદર સરી | શેડ ભાડે આપવા-લેવા માટ મળો |
|---|---|---|
| 2200 વાર 4100 વાર | 350, 1100 વાર 1400 વાર | |

SAMIR CORPORATION : 93777 66742

સોનિયા ગાંધીએ શાસન દ્વારા નહેરૂના કાર્યોને વિકૃત કરવા અને તેઓને બદનામ અને અપમાનિત કરવાના પ્રયાસોની ટીકા કરી (વધુ અહેવાલ ત્રીજા પાને)

# હજ-૨૦૨૬ હિજરી ૧૪૪૭

## પ્રાઈવેટ ટુર્સ ઓપરેટરો દ્વારા હજમાં જનારા હાજીસાહેબોને

**સૂચના** ... સ્ટેટ હજ ઝિયારત ટુર્સ ઓર્ગેનાઈઝર્સ એસોસિએશન દ્વારા જણાવામાં આવ્યું છે કે, ગયા વર્ષે પ્રાઈવેટ ટુર્સ ઓપરેટરોનો જે કારણે ક્વોટા રદ થઈ ગયેલ હતો તે સમસ્યાનું નિવારણ થઈ ગયેલ છે અલહમ્દુલિલ્લાહ. હજ-૨૦૨૬માં હવે ક્વોટા ૫૨,૫૦૦ પૂરો પૂરો મળી ગયેલ છે. હજ-૨૦૨૬ (એસ.પી.સી.) મીના-અરફાતના ચાર્જની રકમ પણ ટુર્સ ઓપરેટરો દ્વારા જમા થઈ ગયેલ છે. ઈન્શાઅલ્લાહ હજ-૨૦૨૬માં કોઈપણ જાતની રૂકાવટ રહેશે નહીં. જેમણે હજ-૨૦૨૬માં હજમાં જવાની નિયત કરેલ છે તેઓ વહેલી તકે ભારત સરકાર દ્વારા માન્ય ટુરમાં બુકિંગ કરાવી દેવું. હજ ૨૦૨૬ માટે માન્ય ખાનગી ટુર ઓપરેટરોની તમામ વિગત નીચે આપેલ લિંકમાં આપને તમામ માહિતી મળશે. હજ-૨૦૨૬માં ભારત સરકારે માન્ય ટુર ઓપરેટરોને ક્વોટા આપેલ છે. તમામ હજયાત્રીઓને તેમની બુકિંગ સંબંધિત જરૂરી તમામ પ્રક્રિયા ૧૫-જાન્યુ-૨૦૨૬ પહેલા પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ છે. જેથી છેલ્લી ઘડીની અગવડોથી બચી

**મિનિસ્ટ્રી ઓફ માઈનોરિટી અફેર્સના હજ વિભાગ દ્વારા તા.૪-૧૨-૨૫ના રોજ જારી કરાયેલ પરિપત્રની નકલ આ સાથે સામેલ છે. ☞**

HAJ-15/4/2025-HAJ-MoMA (C-147347)
भारत सरकार / Government of India
अल्पसंख्यक कार्य मंत्रालय / Ministry of Minority Affairs
हज प्रभाग / Haj Division
*****

6वीं मंजिल, एमटीएनएल बिल्डिंग /
6th Floor, MTNL Building,
सीजीओ कॉम्प्लेक्स, नई दिल्ली-03/
CGO Complex, New Delhi-03
दिनांक / Dated: 04.12.2025

**CIRCULAR**

Subject: Advisory for pilgrims regarding booking through HGOs/PTOs for Haj 2026 – regarding.

It is brought to the notice of all intending pilgrims that, as per the timelines issued by the Ministry of Haj & Umrah, Kingdom of Saudi Arabia, the last date for finalizing Housing and Services Contracts for Haj–2026 is 1st February 2026. These mandatory contractual arrangements are essential for ensuring accommodation, transport, and other logistical services for pilgrims in the Kingdom of Saudi Arabia.

2. In light of the timelines outlined above, and considering the various preparatory requirements that must be completed by the Haj Group Organisers (HGOs) and Private Tour Operators (PTOs), all prospective pilgrims intending to perform Haj through these HGOs/PTOs are strongly advised to secure their bookings well in advance. Timely completion of booking is necessary to complete the procedural compliance including finaliziation of accommodation, transportation contracts within the deadlines stipulated by the Kingdom of Saudi Arabia for Haj-2026.

3. Accordingly, all pilgrims are advised to complete their booking formalities on or before 15.01 2026.to ensure finalization of the required housing and service contracts within the prescribed deadline and to avoid last-minute inconveniences and to ensure timely completion of all mandatory processes.

4. Pilgrims are also advised to verify the registration status, quota, and approval of the concerned HGO/PTO before booking and only book through authorised HGOs.

5. This issues with the approval of the Competent Authority.

(Vikas Mohan)
Under Secretary to the Govt. of India
Email: ushaj-mma@nic.in

(Ministry Of Minority Affairs-pto.haj.gov.in)
CHGO/HGO Policy for Haj 2026 પર ક્લિક કરશો તો લિસ્ટ ઓપન

૨ પ્રત્યેક ટુર ઓપરેટરને મિનિસ્ટ્રી ઓફ માઈનોરિટી અફેર્સ દ્વારા એક યુનિક HGOID આપવામાં

**જે હાજી સાહેબ પ્રાઇવેટ ટુર્સ દ્વારા હજ કરવા ઇચ્છા ધરાવતા હોય તે હાજી સાહેબે કોઇપણ રજિસ્ટર્ડ ટુર્સનો સંપર્ક કરીને પોતાનું બૂકિંગ સત્વરે કન્ફર્મ કરાવી લેવું.**

રજિસ્ટર્ડ ટુર્સમાં જ આપનું નામ બુક કરાવો. જેથી પાછળથી છેતરપિંડી અને મુસીબતોનો સામનો ના કરવો પડે.

સસ્તી ટુર્સ અને લોભામણી જાહેરાતથી બચી રજિસ્ટર્ડ ટુર્સમાં જ આપનું નામ બુક કરાવવું.



# વકફ નોંધણીની અંતિમ તારીખ સમાપ્ત; માર્ચ ૨૦૨૬ સુધી કોઈ દંડ નહીં, નોંધણી માટે બાકી રહેલા કેસોને ટ્રિબ્યુનલ્સ દ્વારા હેન્ડલ કરવામાં આવશે : કિરેન રિજિજુ

## મોટાભાગની મિલકતોના રેકોર્ડ સદીઓ જૂના છે અને વકફ બોર્ડ રાજ્યોમાં સંઘર્ષ કરી રહ્યા છે, કારણ કે, પ્રમાણિત ઉમ્મીદ પોર્ટલ આ એન્ટ્રીઓને સ્વીકારવામાં નિષ્ફળ ગયું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

'યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ, સશક્તિકરણ, કાર્યક્ષમતા અને વિકાસ' (ઉમ્મીદ) પોર્ટલ કેશ થવાના અહેવાલ અંગે વિવિધ વકફ બોર્ડની ચિંતાઓ વચ્ચે, કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે, વિવિધ રાજ્યોમાં વકફ ટ્રિબ્યુનલ્સ નોંધણી સંબંધિત ફરિયાદોનું નિરાકરણ કરશે અને નોંધણી કરવામાં નિષ્ફળ રહેલા લોકો માટે ત્રણ મહિના સુધી કોઈ દંડ નહીં થાય.

ધ વાયરના અહેવાલ મુજબ મુખ્ય વકફ બોર્ડ ૬ ડિસેમ્બરે અંતિમ તારીખ સુધી તેમની મિલકતના રેકોર્ડનો માત્ર એક ભાગ જ અપલોડ કરી શક્યા હતા. મહત્તમ વકફ જમીન ધરાવતા પાંચ રાજ્યોમાંથી ચારમાં કુલ વકફ મિલકતોનો માત્ર દસમો ભાગ અપલોડ કરી શકાયો હતો. બધા વકફ બોર્ડ સમયમર્યાદા લંબાવવાની માંગ કરી રહ્યા છે અને તેમને અગ્રણી વિપક્ષી પક્ષોનો ટેકો છે. રિજિજુએ કહ્યું કે, આગામી ત્રણ મહિના સુધી કોઈ કડક પગલાં લેવામાં આવશે નહીં, પરંતુ તેમણે એ પણ જણાવ્યું ન હતું કે, સમયમર્યાદા લંબાવવામાં આવશે કે નહીં. કેન્દ્ર સરકાર દ્વારા આ ૬ જૂને વકફ મિલકતોનો કેન્દ્રીય રીતે સંચાલિત ડિજિટલ ડેટાબેઝ બનાવવાના ઉદ્દેશ્ય સાથે ઉમ્મીદ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. વકફ બોર્ડને



તેમની મિલકતોની નોંધણી કરાવવાની જરૂર હતી પરંતુ આ પ્રક્રિયા અનેક તકનિકી ખામીઓ છે. વધુમાં મોટાભાગની મિલકતોના રેકોર્ડ સદીઓ જૂના છે અને વકફ બોર્ડ રાજ્યોમાં વિવિધ જમીન-માપનો સાથે સંઘર્ષ કરી રહ્યા છે જેને પ્રમાણિત ઉમ્મીદ પોર્ટલ સ્વીકારવામાં નિષ્ફળ ગયું છે. શુક્રવારે રિજિજુએ સ્વીકાર્યું કે ઘણા સાંસદો અને નેતાઓએ તેમનો સંપર્ક કરીને સમયમર્યાદા લંબાવવાની વિનંતી કરી હતી કારણ કે, પોર્ટલમાં લગભગ નવ લાખ મિલકતોની નોંધણી બાકી છે. તેમણે કહ્યું કે, આવી વિનંતીઓને ધ્યાનમાં રાખીને મંત્રાલય તેનો ઉકેલ લાવશે. વકફ (સુધારા) કાયદો પસાર થયા પછી અમે ઉમ્મીદ પોર્ટલ શરૂ કર્યું. કાયદા મુજબ, ભારતમાં બધી વકફ મિલકતો છ મહિનાની અંદર ઉમ્મીદ પોર્ટલ પર નોંધણી કરાવવાની હતી. આ ફરજિયાત હતું. આજે છેલ્લી તારીખ છે અને લાખો વકફ મિલકતોની નોંધણી કરવામાં આવી નથી. ત્રણ મહિના સુધી અમે કોઈ કઠોર પગલાં લઈશું નહીં અને કોઈ દંડ થશે નહીં. ત્રણ મહિનામાં વકફ મિલકતો પોર્ટલ પર નોંધણી કરાવવી જોઈએ. જે લોકો મિલકતોની નોંધણી કરાવી શક્યા નથી તેઓએ વકફ ટ્રિબ્યુનલ્સમાં જવું જોઈએ. સુપ્રીમ કોર્ટે નિર્દેશો આપ્યા છે અને કહ્યું છે કે, કોઈ મુદત લંબાવવામાં આવશે નહીં અને ટ્રિબ્યુનલ પાસે સત્તા છે. જો તમારી મિલકતની નોંધણી અત્યાર સુધી ન થવાના કારણો હોય, તો ટ્રિબ્યુનલ તેને છ મહિના માટે મુદત લંબાવી શકે છે. સરકાર દરેકને મદદ કરવા માંગે છે. સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદામાં કોઈ ફેરફાર થઈ શકે નહીં. તેમણે કહ્યું કે, હું સૌ પ્રથમ કહેવા માંગુ છું કે, ઉમ્મીદ પોર્ટલ પર અત્યાર સુધીમાં ૧.૫૧ લાખ વકફ મિલકતોની નોંધણી કરવામાં આવી છે. કેટલાક રાજ્યોએ સારૂં પ્રદર્શન કર્યુ છે, જેમ કે કર્ણાટક અને પંજાબ... કેટલાક મોટા રાજ્યો પાછળ રહી ગયા છે. મને કહેવામાં આવ્યું છે કે, પોર્ટલ કેટલીક જગ્યાએ ધીમી ગતિએ ચાલી રહ્યું હતું અને કેટલાક લોકો પાસે દસ્તાવેજો નથી. મુતવલ્લીઓ પાસે જૂની વકફ મિલકતોના રેકોર્ડ નથી તેવા મુતવલ્લીઓ વિશે પૂછવામાં આવતા મંત્રીએ કહ્યું કે, જો કોઈ વકફ મિલકત હોય જેના કાગળો ન હોય, તો તેની તપાસ ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવશે. હું તે તપાસી શકતો નથી. જો કોઈ વકફ મિલકત હોય તો તેના દસ્તાવેજો હશે. વકફ કાયદો મિલકતોનું કાર્યક્ષમ સંચાલન કરવા માટે લાવવામાં આવ્યો છે અને તેનો કોઈ દુરૂપયોગ ન થાય અને તેનો ઉપયોગ ગરીબો અને પછાત લોકો માટે થાય. જો કે, કેન્દ્ર સરકાર દાવો કરે છે કે, ડિજિટલ ડેટાબેઝ ખાતરી કરશે કે આ મિલકતોનું સંચાલન અને રક્ષણ વધુ સારી રીતે અને પારદર્શક રીતે કરવામાં આવશે પણ ઘણા વકફ બોર્ડ આ પગલાને ધાર્મિક સંસ્થાઓના સંચાલનમાં સરકારના સીધા હસ્તક્ષેપ તરીકે જુએ છે. અંદાજો દર્શાવે છે કે, દેશભરમાં લગભગ ૮.૮ લાખ વકફ સંપત્તિઓ છે, જેમાં ઉત્તરપ્રદેશ લગભગ ૧.૪ લાખ સાથે રાજ્યોમાં આગળ છે. પશ્ચિમ બંગાળમાં અંદાજે ૮૦,૪૮૦ આવી મિલકતો છે અને તે ઉત્તરપ્રદેશ પછી બીજા ક્રમે છે. આ રાજ્યો પછી પંજાબ (૭૫,૫૧૧), તમિલનાડુ (૬૬,૦૯૨), કર્ણાટક (૬૫,૨૪૨) આવે છે. બિહાર અને ઉત્તરપ્રદેશ સિવાય, જ્યાં સુન્ની અને શિયા બોર્ડ અલગ રીતે કાર્ય કરે છે, અન્ય તમામ રાજ્યોમાં એકીકૃત વકફ બોર્ડ છે.

# EDએ રૂા.૬૮.૨ કરોડની નકલી બેંક ગેરંટી કેસમાં રિલાયન્સ પાવર પર સકંજો કડક બનાવતા પૂરક ચાર્જશીટ દાખલ કરી

(એજન્સી) મુંબઈ, તા.૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ અનિલ અંબાણીની ગ્રુપ કંપની, રિલાયન્સ પાવર લિમિટેડ અને ૧૦ અન્ય સંસ્થાઓ સામે સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (SECI)ને સુપરત કરાયેલ ૬૮.૨ કરોડ રૂપિયાના કથિત નકલી બેંક ગેરંટી કેસની સાથે જોડાયેલા કથિત મની લોન્ડ્રિંગ કેસમાં પૂરક ફરિયાદ (PC) દાખલ કરી છે. કેન્દ્રીય એજન્સીએ શનિવારે જણાવ્યું હતું કે, આ ગેરંટીઓનો ઉપયોગ મોટા બેટરી એનર્જી સ્ટોરેજ પ્રોજેક્ટ ટેન્ડર મેળવવા માટે કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ પટિયાલા હાઉસ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી ફરિયાદ, દિલ્હી પોલીસ ઇકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) દ્વારા નોંધાયેલી બે એફઆઈઆર બાદ દાખલ કરવામાં આવી છે. એક એફઆઈઆર રિલાયન્સ પાવરની પેટાકંપની રિલાયન્સ NU BESS લિમિટેડ સામે SECIની ફરિયાદના આધારે દાખલ કરવામાં આવી હતી, જ્યારે બીજી એફઆઈઆર રિલાયન્સ NU BESS લિમિટેડ દ્વારા ભુવનેશ્વર સ્થિત બિસ્વાલટ્રેડલિંક પ્રા. લિમિટેડ અને તેના મેનેજિંગ ડિરેક્ટર પાર્થસારથી બિસ્વાલ સામે દાખલ કરવામાં આવી હતી.

આ સપ્લીમેન્ટરી PCમાં રિલાયન્સ પાવરના પૂર્વ CFO અશોકકુમાર પાલ, પેટાકંપનીઓ રિલાયન્સ NU BESS લિમિટેડ અને રોઝા પાવર સપ્લાય કંપની લિમિટેડ, બાયોથેન કેમિકલ્સ પ્રાઇવેટ લિમિટેડ અને ટ્રેડ ફાઇનાન્સિયલ કન્સલ્ટન્ટ અમર નાથ દત્તા સહિત અનેક આરોપીઓના નામ છે. વધારાના આરોપીઓમાં રવિન્દર પાલ સિંહ ચઢ્ઢા, મનોજ ભૈયાસાહેબ પોંગડે અને પુનિત નરેન્દ્ર ગર્ગનો સમાવેશ થાય છે.

આ કેસ રિલાયન્સ NU BESS લિમિટેડ, જે અગાઉ મહારાષ્ટ્ર એનર્જી જનરેશન લિમિટેડ તરીકે ઓળખાતું હતું, તેના વતી SECI પાસેથી ટેન્ડર મેળવવા માટે સબમિટ કરવામાં આવેલી ૬૮.૨ કરોડ રૂપિયાની બેંક ગેરંટી અંગે છે.

EDની ફરિયાદ ફરિયાદ અનુસાર રિલાયન્સ ગ્રુપના અધિકારીઓ જાણતા હતા કે સબમિટ કરવામાં આવેલી બેંક ગેરંટી બનાવટી હતી. એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે, SECIને બનાવટી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI)ના ઈમેઇલ આઈડી પરથી 'છેતરપિંડીભર્યા' સમર્થન ઇ-મેઇલ મળ્યા હતા. SECIએ વિસંગતતાઓ દર્શાવ્યા પછી રિલાયન્સ ગ્રુપે એક દિવસની અંદર IDBI બેંક પાસેથી વાસ્તવિક બેંક ગેરંટીની વ્યવસ્થા કરી. જો કે, SECI એ ટેન્ડરની સમયમર્યાદા પછી સબમિટ કરેલી નવી IDBI ગેરંટી સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો.

આ પ્રક્રિયા દરમિયાન અધિકારીઓએ એક ડમી કરાર કર્યો હોવાનું કહેવાય છે અને ખોટા સરનામા દસ્તાવેજોનો ઉપયોગ કરીને કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી રિલાયન્સ NU BESS માટે 'નોંધણીનું પ્રમાણપત્ર' મેળવ્યું હતું.

આ કેસમાં ED દ્વારા બિસ્વાલની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં રિલાયન્સ પાવરના પૂર્વ CFO અશોકકુમાર પાલ અને અમરનાથ દત્તાનો સમાવેશ થાય છે. તેઓ હાલમાં ન્યાયિક કસ્ટડી હેઠળ જેલમાં છે.

રિલાયન્સ ગ્રુપે પોતાના બચાવમાં જણાવ્યું હતું કે, અનિલ અંબાણી સાડા ત્રણ વર્ષથી વધુ સમયથી તેના બોર્ડમાં નથી અને આ બાબતમાં તેમની કોઈ સંડોવણી નથી.

EDની તપાસમાં જાણવા મળ્યું કે રિલાયન્સ પાવરે 'દુષ્ટ ઇરાદાથી' ૬૮.૨ કરોડ રૂપિયાની છેતરપિંડીભર્યા બેંક ગેરંટી મેળવવા માટે શેલ કંપની બિસ્વાલટ્રેડલિંકને ભાડે રાખી હતી, જે કથિત રીતે ફિલિપાઇન્સના મનીલામાં ફર્સ્ટરેન્ડ બેંકની અસ્તિત્વમાં ન હોય તેવી શાખાઓ અને મલેશિયાના ACE ઇન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા જારી કરવામાં આવી હતી. ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બિડિંગ હેઠળ SECI ટેન્ડર માટે રિલાયન્સ પાવર દ્વારા સબમિટ કરાયેલ બિડ માટે ગેરંટી જરૂરી હતી.

## હૈદરાબાદ એરપોર્ટ પર બોમ્બની ધમકીથી હાઇ એલર્ટ

નવી દિલ્હી : હૈદરાબાદ એરપોર્ટ, જે સત્તાવાર રીતે રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ (RGIA) તરીકે ઓળખાય છે, તેને શનિવાર, ૬ ડિસેમ્બરે હાઇ એલર્ટ પર મૂકવામાં આવ્યું હતું. ગ્રાહક સપોર્ટને બોમ્બ ધમકીનો ઇમેઇલ મળ્યા બાદ હાઇ એલર્ટની સ્થિતિ પ્રવર્તી હતી. આ ધમકી શનિવારે RGIA પર ઉતરાણ કરવા માટે નિર્ધારિત ફ્લાઇટ્સ સાથે સંબંધિત હતી. બે ફ્લાઇટ્સમાંથી, એક હીથ્રોથી હૈદરાબાદ અને બીજી કુવૈતથી હૈદરાબાદ હતી. હીથ્રોથી હૈદરાબાદ જતી ફ્લાઇટ શનિવારે સવારે ૫:૨૫ વાગ્યે RGI એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું અને સુરક્ષા એજન્સીઓ દ્વારા વિમાનની શોધખોળ બાદ, કંઈ મળ્યું નહીં. આ દરમિયાન, કુવૈતથી હૈદરાબાદ જતી ફ્લાઇટ ક્રૂ મેમ્બર્સને ધમકીની જાણ થયા પછી તેના પ્રસ્થાન એરપોર્ટ પર પાછી ફરી.

## ફરીદકોટ ગામમાં પતિની હત્યાના આરોપમાં મહિલાને કેનેડાથી દેશનિકાલ, જીવનસાથીની ધરપકડ...

નવી દિલ્હી: ફરીદકોટના એસએસપી ડો. પ્રજ્ઞા જૈને આજે જણાવ્યું હતું કે ફરીદકોટના સુખનવાલા ગામની હત્યાના કેસમાં ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જે પ્રેમ સંબંધના કારણે કાવતરું ઘડવામાં આવ્યું હોવાની શંકા છે. આરોપીઓની ઓળખ રૂપિંદર કૌર, મૃતક ગુરવિંદર સિંહની પત્ની અને અન્ય બે, હરકંવલપ્રીત સિંહ અને વિશ્વજીત સિંહ તરીકે કરવામાં આવી છે. એસએસપીએ જણાવ્યું હતું કે,હત્યા ૨૮ અને ૨૯ નવેમ્બરની રાત્રે કરવામાં આવી હતી. શરૂઆતમાં, રૂપિંદર કૌરે પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ચોરોએ ઘર પર હુમલો કર્યો હતો, કિંમતી વસ્તુઓ લૂંટી લીધી છે અને તેના પતિની હત્યા કરી છે. તેણીએ એલાર્મ વગાડ્યો હતો, જેના પગલે ગ્રામજનો દોડી આવ્યા હતા. જોકે, પૂછપરછ દરમિયાન, તેણીએ ખુલાસો કર્યો હતો કે, ગુરવિંદરને તેણીએ અને તેના સાથીઓએ ઘણી ઈજાઓ પહોંચાડી હતી.

## રૂપિયો રેકોર્ડ નીચા સ્તરથી સુધર્યો, ૨૬ પૈસા વધીને ૮૯.૮૯/USD પર બંધ થયો

નવી દિલ્હી : ગુરૂવારે ડોલર ઇન્ડેક્સમાં નરમાઈ અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના કથિત હસ્તક્ષેપના અહેવાલોને કારણે રૂપિયો તેના સર્વકાલીન નીચલા સ્તરથી ફરી ઉછળીને ૨૬ પૈસા વધીને ૮૯.૮૯ પર બંધ થયો. ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે, ADP નોન-ફાર્મ પેરોલ ડેટા આગાહી કરતા ખૂબ જ નીચે આવ્યા પછી ડોલર ડાઉનટાઉન થયો હતો અને યુએસ ડોલર ઇન્ડેક્સમાં નરમાઈએ નીચા સ્તરે રૂપિયાને ટેકો આપ્યો હતો.દિવસની શરૂઆતમાં રૂપિયો નબળો ખુલ્યો અને વિદેશી રોકાણકારોના વેચાણ દબાણ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવ વચ્ચે ૯૦.૪૩ના નવા સર્વકાલીન નીચલા સ્તરને સ્પર્શ્યો. ભારત-અમેરિકા વેપાર સોદાની જાહેરાતમાં વિલંબથી પણ રૂપિયા પર ભાર પડ્યો છે. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, રૂપિયો ૯૦.૩૬ પર ખુલ્યો. શરૂઆતના સોદામાં તે ડોલર સામે ૯૦.૪૩ના રેકોર્ડ નીચા સ્તરે વધુ ગબડ્યો, જે તેના અગાઉના બંધ સ્તરથી ૨૮ પૈસાનો ઘટાડો દર્શાવે છે. ગુરૂવારના ટ્રેડિંગ સત્રના અંતે, રૂપિયો ૮૯.૮૯ પર ક્વોટ થયો હતો, જે તેના છેલ્લા બંધ સ્તર કરતા ૨૬ પૈસા વધુ હતો. બુધવારે, રૂપિયો પહેલી વાર ડોલર સામે ૯૦ દર-ડોલર સ્તરને પાર કરીને ૯૦.૧૫ના નવા ઓલ-ટાઇમ નીચા સ્તરે સ્થિર થયો.

## કુનો નેશનલ પાર્કમાં છોડ્યાના એક દિવસ પછી ચિત્તાનું બચ્ચું મૃત હાલતમાં મળી આવ્યું

નવી દિલ્હી : પહેલી વાર જંગલમાં પગ મૂક્યાના એક દિવસ પછી, મધ્યપ્રદેશના કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં શુક્રવારે ચિત્તાનું બચ્ચું મૃત હાલતમાં મળી આવ્યું, જેનાથી રાજ્ય સરકાર માટે ઉજવણીના ક્ષણ પર પડછાયો પડ્યો. આંતરરાષ્ટ્રીય ચિત્તા દિવસ પર, મુખ્યમંત્રી મોહન યાદવે માદા ચિત્તા વીરા અને તેના બે બચ્ચાને કુનોના મુક્ત વિસ્તારમાં છોડી દીધા હતા. તે ભારતના ચાલી રહેલા ચિત્તા પુનઃપ્રવેશ કાર્યક્રમમાં પ્રગતિને ચિહ્નિત કરવા માટે હતું. પરંતુ થોડા કલાકોમાં, પાર્ક અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાત્રે એક બચ્ચું તેની માતા અને ભાઈ-બહેનથી અલગ થઈ ગયું હતું. બીજા દિવસે બપોરે, વન કર્મચારીઓએ તેનો મૃતદેહ શોધી કાઢ્યો. વીરાના એક બચ્ચા, જેનું ઉંમર લગભગ ૧૦ મહિના છે, શુક્રવારે બપોરે જંગલમાં મૃત હાલતમાં મળી આવ્યું હતું,એમ એક વન અધિકારીએ જણાવ્યું. મૃત્યુનું કારણ શબપરીક્ષણ પછી જાણવા મળશે.

## લેક્મે અને વેસ્ટસાઇડના પૂર્વ નેતા સિમોન ટાટાનું ૯૫ વર્ષની વયે અવસાન

નવી દિલ્હી : સ્વર્ગસ્થ રતન ટાટાના સાવકી માતા અને ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાના માતા સિમોન ટાટાનું ૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ટૂંકી બીમારી બાદ અવસાન થયું. તેઓ ૯૫ વર્ષના હતા. અહેવાલો અનુસાર, આ વર્ષની શરૂઆતમાં, ડો. ફારૂખ ઉદવાડિયાની દેખરેખ હેઠળ વિશેષ સંભાળ માટે તેઓ પાર્કિન્સન રોગના લક્ષણો માટે સારવાર લઈ રહ્યા હતા અને ઓગસ્ટમાં તેમને દુબઈથી મુંબઈ એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. ટાટા સન્સ તરફથી એક નિવેદનમાં તેમના જીવન અને વારસાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે : "શ્રીમતી સિમોનને ભારતના અગ્રણી કોસ્મેટિક બ્રાન્ડ તરીકે લેક્મેના વિકાસમાં અને વેસ્ટસાઇડ ચેઇન સાથે ફેશન રિટેલનો પાયો નાખવામાં તેમના યોગદાન માટે હંમેશા યાદ રાખવામાં આવશે. તેમણે સર રતન ટાટા ઇન્સ્ટિટ્યૂટ સહિત અનેક પરોપકારી સંસ્થાઓના કાર્યનું પણ માર્ગદર્શન આપ્યું. તેમની સકારાત્મકતા અને ઊંડા સંકલ્પથી તેમણે તેમના જીવનમાં ઘણા પડકારોને પાર કર્યા અને આપણામાંથી ઘણાને ઊંડાણપૂર્વક સ્પર્શ કર્યો. તેમના આત્માને શાંતિ મળે અને ભગવાન આપણને આ નુકસાનને દૂર કરવાની શક્તિ આપે.

## પંજાબ જિલ્લા પરિષદ ચૂંટણી : કોંગ્રેસે આપ સરકાર પર રાજ્યને અરાજકતા તરફ ધકેલી દેવાનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી: પંજાબ કોંગ્રેસના પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારિંગે શુક્રવારે શાસક આમ આદમી પાર્ટી (AAP) સરકાર પર આરોપ લગાવ્યો કે તે રાજ્યને અરાજકતા તરફ ધકેલે છે, જે રીતે તે ચૂંટણી જીતવા માટે ગુંડાઓને પ્રોત્સાહન અને સમર્થન આપી રહી છે. અહીં પત્રકારોને સંબોધતા વારિંગે આરોપ લગાવ્યો કે શાસક પક્ષ ચૂંટણી હારવાનો ડર ધરાવે છે કારણ કે તેને પહેલાથી જ ખ્યાલ આવી ગયો છે કે જમીન તેના પગ નીચેથી સરકી ગઈ છે. AAP સરકાર જિલ્લા પરિષદ અને વિભાગ સમિતિની ચૂંટણીઓ યોજવામાં અનિચ્છા ધરાવે છે તેમ જણાવતા તેમણે કહ્યું કે કોર્ટના હસ્તક્ષેપ પછી જ સરકારને ચૂંટણીઓ યોજવાની ફરજ પડી હતી, તેમણે ઉમેર્યું. તેમણે કહ્યું કે, જિલ્લા પરિષદ અને બ્લોક સમિતિની ચૂંટણીઓ માટે કોંગ્રેસના ઉમેદવારોને ડરાવવામાં આવી રહ્યા હતા અને તેમને તેમના ઉમેદવારી પત્રો ભરવાથી અટકાવવામાં આવી રહ્યા હતા.કથિત ઓડિયો ક્લિપ પર એક પ્રશ્નનો જવાબ આપતા, જેમાં SSP પટિયાલા તેમના ગૌણ અધિકારીઓને કથિત રીતે નિર્દેશો આપી રહ્યા છે કે વિરોધી ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરવાના સ્થળે કેવી રીતે પહોંચતા અટકાવવા, વોરિંગે કહ્યું, આ મામલાની તપાસ થવી જોઈએ.

# દેશનો સૌપ્રથમ કેસ : SIR ફોર્મમાં ખોટી વિગતો આપવા બદલ યુપીમાં FIR

(એજન્સી) રામપુર, તા.૬

ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા જાળવવા માટે એક કડક પગલું લેવામાં આવ્યું છે, જ્યાં મતદાર યાદી સુધારણા દરમિયાન સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ફોર્મમાં ખોટી માહિતી આપવા બદલ એક જ પરિવાર સામે દેશનો સૌપ્રથમ કેસ નોંધવામાં આવ્યો છે.

**FIRની વિગતો અને ગુનો :**

- જિલ્લો : રામપુર
- ગુનો : SIR ફોર્મમાં જાણી જોઈને ખોટી વિગતો રજૂ કરવી અને નકલી સહી કરવી.
- ફરિયાદી : એક સુપરવાઇઝર
- ધારાઓ : BNS એક્ટ અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૩૧ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.
- આરોપીઓ : એક માતા નૂરજહાં અને તેના બે પુત્રો - આમિર ખાન અને દાનીશ ખાન.

**મામલો શું છે ? :**

રામપુરના રહેવાસી એવા નૂરજહાંના બે પુત્રો - આમિર ખાન અને દાનીશ ખાન છેલ્લા કેટલાક વર્ષોથી અનુક્રમે દુબઈ અને કુવૈત જેવા વિદેશમાં રહે છે. રામપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ અજયકુમાર દ્વિવેદીએ જણાવ્યું હતું કે, માતાએ તેના પુત્રો વિદેશમાં રહેતા હોવા છતાં જાણી જોઈને SIR ફોર્મમાં તેમની ખોટી વિગતો આપી હતી અને નકલી સહીઓ પણ કરી હતી. ફોર્મ્સના ડિજિટાઇઝેશન દરમિયાન બીએલઓ (BLO) દ્વારા આ ગેરરીતિઓ પકડાઈ હતી.

**જિલ્લા મેજિસ્ટ્રેટનો સંદેશ :** ડીએમ દ્વિવેદીએ સ્પષ્ટ કર્યું કે, ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ તમામ મતવિસ્તારોમાં આ વિશેષ સઘન સુધારણા અત્યંત ગંભીરતા અને પારદર્શિતા સાથે હાથ ધરવામાં આવી રહી છે.

**તેમણે ચેતવણી આપી કે :** 'ખોટી માહિતી સાથે ફોર્મ ભરવા અથવા તથ્યો છૂપાવવા એ ચૂંટણી નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે.'

**સત્તાવાળાઓની સ્પષ્ટતા અને ચેતવણી :**

**ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા માટે સત્તાવાળાઓએ નીચેની બાબતો સ્પષ્ટ કરી છે :**

- **વાસ્તવિક નિવાસસ્થાન :** મતદારોએ ફક્ત તેમના ખરેખર રહેઠાણના સ્થળેથી જ ફોર્મ જમા કરાવવા પડશે.
- **દંડનીય કાર્યવાહી :** ખોટી માહિતી આપવી, તથ્યો છૂપાવવા, અથવા બેવડી નોંધણી કરવી એ ECIના નિયમો હેઠળ સજાપાત્ર ગુનો છે. આવા ફોર્મ જમા કરાવનારા વ્યક્તિઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.
- **સુધારણા :** જો ભૂલ થઈ હોય તો BLOsનો સંપર્ક કરીને સુધારણા કરી શકાય છે.

આ FIR મતદાર રેકોર્ડ્સમાં હેરાફેરી કરવાનો પ્રયાસ કરનારા રહેવાસીઓ માટે એક સખત ચેતવણીરૂપ છે અને વહીવટીતંત્રની પારદર્શક ચૂંટણી પ્રક્રિયાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનઃસ્થાપિત કરે છે.

# કેરળ હાઈકોર્ટે પોલીસને બળાત્કારના આરોપી ધારાસભ્ય રાહુલ મામકૂટ્ટાથિલની ૧૫ ડિસેમ્બર સુધી ધરપકડ કરવાથી રોક્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

કેરળ હાઈકોર્ટે શનિવારે પોલીસને ધારાસભ્ય રાહુલ મમકુટ્ટાથિલની ધરપકડ કરવા પર ૧૫ ડિસેમ્બર સુધી પ્રતિબંધ મૂક્યો હતો, જે એક મહિલા પર બળાત્કાર કરવા અને તેણીને ગર્ભપાત કરાવવા માટે દબાણ કરવાના આરોપમાં નોંધાયેલા કેસમાં હતો. જ્યારે આગોતરા જામીન અરજી સુનાવણી માટે આવી, ત્યારે જસ્ટિસ કે. બાબુએ કહ્યું કે આ મામલો વિગતવાર સુનાવણી માટે મુકવામાં આવશે. કેસની પેન્ડિંગ દરમિયાન, હું પોલીસને અરજદારની ધરપકડ કરવાની મંજૂરી આપીશ નહીં કારણ કે તેણે ગંભીર દલીલો ઉઠાવી છે, કોર્ટે અવલોકન કર્યું. કોઈ પણ પુરૂષને દોષિત સાબિત ન થાય ત્યાં સુધી સજા ફટકારવામાં આવશે નહીં. જ્યારે કોઈ મામલો બંધારણીય અદાલત સમક્ષ પેન્ડિંગ હોય છે, ત્યારે તેની ધરપકડ કરવામાં આવશે નહીં. અરજદારનો કેસ એ છે કે તે સંમતિથી બનેલો સંબંધ હતો અને સ્વીકાર્ય છે કે, સંમતિથી બનેલો સંબંધ છે. હું કોઈપણ રીતે પૂર્વગ્રહ રાખતો નથી. મેં ખાતરી કરી છે કે તેની દલીલોને ધ્યાનમાં રાખીને તેની ધરપકડ કરવામાં ન આવે,એમ જસ્ટિસ કે. બાબુએ ઉમેર્યું. અરજી અનુસાર, ફરિયાદી, જેમણે તેના પતિથી અલગ હોવાનો દાવો કર્યો હતો, એ અરજદાર સાથે ઘનિષ્ઠ સંબંધ વિકસાવ્યો હતો. તેઓ નિયમિતપણે વાતચીત કરતા હતા, ઘણી વખત મળતા હતા અને સમય જતાં નજીક આવતા હતા. ફરિયાદીએ અરજદારને કહ્યું કે તેણીએ તેના કાર્યસ્થળ પરથી લાંબી રજા લીધી છે અને તેણી પરત ફર્યા પછી, મેનેજમેન્ટે તેણીને લેખિત નિવેદન સબમિટ કરવાનો આગ્રહ કર્યો કે તેણી અરજદાર સાથે સંબંધ ધરાવે છે અને અભિપ્રાયના મતભેદોને કારણે તેણી રજા પર ગઈ છે. તે પછી જ તેણીને પેઢીમાં ફરીથી જોડાવાની મંજૂરી આપવામાં આવશે.

# ભાજપના અરૂણ ગોવિલે 'રાષ્ટ્રીય સુરક્ષા'ના કારણોસર મસ્જિદો અને મદ્રેસાઓમાં CCTV કેમેરાની કરી માંગ

(એજન્સી) મેરઠ, તા.૬

ભારતીય જનતા પાર્ટી (BJP)ના મેરઠના સાંસદ અરૂણ ગોવિલે લોકસભામાં ઝીરો અવર દરમિયાન કેન્દ્ર સરકારને મસ્જિદો અને મદ્રેસાઓમાં CCTV સર્વેલન્સ ફરજિયાત બનાવવાની વિનંતી કરી છે. તેમણે દલીલ કરી હતી કે દેશની દરેક જાહેર અને ધાર્મિક સંસ્થાને સમાન સુરક્ષા ધોરણો લાગુ થવા જોઈએ. ગોવિલે જણાવ્યું હતું કે મંદિરો, ચર્ચો, ગુરૂદ્વારાઓ, શાળાઓ, હોસ્પિટલો અને બજારોમાં કેમેરાનો વ્યાપકપણે ઉપયોગ થાય છે, ત્યારે તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે શા માટે અમુક ધાર્મિક સ્થળો સુરક્ષા નેટવર્કની બહાર રહે છે.

**સુરક્ષા અને અપરાધ નિવારણનો દાવો :** તેમણે દલીલ કરી હતી કે મસ્જિદો અને મદ્રેસાઓમાં પણ મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય છે અને તેનું મોનિટરિંગ કરવાથી અપરાધોને રોકવામાં અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. ગોવિલે ઉદાહરણ આપતા કહ્યું કે, "એ નોંધનીય છે કે સુરક્ષાની ચિંતાને કારણે સાઉદી અરેબિયાના મક્કા, જે મુસ્લિમોનું પવિત્ર સ્થળ છે અને ત્યાંની મદ્રેસાઓમાં પણ CCTV લગાવવામાં આવ્યા છે. જો આ પ્રણાલી ત્યાં અપનાવી શકાતી હોય, તો ભારતમાં સમાન સુરક્ષા ધોરણો લાગુ કરવામાં કેમ ખચકાટ છે ?"

**'ધર્મ નહીં, રાષ્ટ્ર હિતનો મુદ્દો' :** સાંસદે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની આ માંગ ધર્મ વિશે નહીં પણ રાષ્ટ્રીય હિત વિશે છે. તેમણે ગૃહમાં કહ્યું કે, "સુરક્ષા ન તો ધાર્મિક છે અને ન તો ભેદભાવપૂર્ણ. સુરક્ષા હંમેશા રાષ્ટ્ર અને મનુષ્યોના હિતમાં હોય છે" અને તમામ પૂજા સ્થાનો માટે એક સમાન સુરક્ષા નીતિની હાકલ કરી હતી. સરકારે હજી સુધી તેમની વિનંતીનો કોઈ જવાબ આપ્યો નથી, પરંતુ તેમની ટિપ્પણીઓએ ચર્ચા જગાવી છે કે શું તેમના નિવેદનો રાષ્ટ્રીય સુરક્ષાના બહાને મુસ્લિમોને લક્ષ્ય બનાવતી દ્વેષપૂર્ણ વાણી (hate speech) સમાન છે.

# નેટફ્લિક્સ HBO નેટવર્ક સહિત વોર્નર બ્રધર્સને ૭૨૦૦ કરોડ ડોલરના સોદામાં ખરીદશે

## નેટફ્લિક્સ-વોર્નર બ્રધર્સ ડીલ સાથે ધ સોપ્રાનોસ અને ધ વ્હાઇટ લોટસ જેવા હિટ શોની લાઈબ્રેરી સહિત HBO નેટવર્કનું માલિક બન્યું

(એજન્સી) તા.૬

નેટફ્લિક્સ ઈન્ક. વોર્નર બ્રધર્સ ડિસ્કવરી ઈન્ક.ને ઐતિહાસિક જોડાણમાં ખરીદવા સંમત થયું, જે હોલીવુડના સૌથી જૂના અને સૌથી આદરણીય સ્ટુડિયોમાંના એક સાથે વિશ્વની પ્રબળ પેઈડ સ્ટ્રીમિંગ સેવામાં જોડાયું. જાહેર કરાયેલા સોદા હેઠળ, વોર્નર બ્રધર્સ શેરધારકોને Netflixમાં રોકડ અને સ્ટોકમાં $૨૭.૭૫ પ્રતિ શેર પ્રાપ્ત થશે. સોદાનું કુલ ઈક્વિટી મૂલ્ય ૭૨૦૦ કરોડ ડોલર છે, જ્યારે સોદાનું એન્ટરપ્રાઈઝ મૂલ્ય લગભગ ૮૨૭૦ કરોડ ડોલર છે. વેચાણ બંધ થાય તે પહેલાં, વોર્નર બ્રધર્સ CNN, TBS અને TNT સહિત કેબલ ચેનલોના આયોજિત સ્પિનઓફને પૂર્ણ કરશે. આ સંપાદન નેટફ્લિક્સ માટે એક નાટકીય વ્યૂહાત્મક પરિવર્તન દર્શાવે છે, જેણે ક્યારેય આ ક્ષેત્રમાં કોઈ સોદો કર્યો નથી. સ્ટ્રીમિંગ પ્રણેતા લાઈબ્રેરી કે સ્ટુડિયોના લાભ વિના, અન્ય લોકો પાસેથી કાર્યક્રમોનું લાઈસન્સ મેળવીને અને પછી મૂળ સામગ્રીમાં વિસ્તરણ કરીને હોલીવુડની સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ હતી.

**નેટફ્લિક્સ-વોર્નર બ્રધર્સ ડીલ : શું સમાવિષ્ટ છે ? :** ખરીદી સાથે, નેટફ્લિક્સ 'ધ સોપ્રાનોસ' અને 'ધ વ્હાઇટ લોટસ' જેવા હિટ શોની લાઈબ્રેરી સાથે HBO નેટવર્કનું માલિક બન્યું. વોર્નર બ્રધર્સ સંપત્તિમાં કેલિફોર્નિયાના બરબેંકમાં તેના વિશાળ સ્ટુડિયો, 'હેરી પોટર' અને 'ફ્રેન્ડ્સ' સહિત એક વિશાળ ફિલ્મ અને ટીવી આર્કાઈવનો પણ સમાવેશ થાય છે. અનેક પક્ષો તરફથી રસ મળ્યા બાદ વોર્નર બ્રધર્સે ઓક્ટોબરમાં પોતાને વેચાણ માટે રજૂ કર્યું. નેટફ્લિક્સ ઉપરાંત, પેરામાઉન્ટ સ્કાયડાન્સ કોર્પ અને કોમકાસ્ટ કોર્પ દ્વારા તેને ખરીદવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બોલી લગાવવી વિવાદાસ્પદ બની ગઈ, જેમાં પેરામાઉન્ટે વોર્નર બ્રધર્સ પર નેટફ્લિક્સ તરફ અન્યાયી પ્રક્રિયા ચલાવવાનો આરોપ લગાવ્યો. પરંપરાગત ટીવી વ્યવસાય કપરા ચઢાણનો સામનો કરી રહ્યો છે કારણ કે દર્શકો સ્ટ્રીમિંગ તરફ વળ્યા છે, જે દુનિયા પર નેટફ્લિક્સનું પ્રભુત્વ છે. તાજેતરના




ક્વાર્ટરમાં, વોર્નર બ્રધર્સ કેબલ ટીવી નેટવર્ક્સ ડિવિઝને આવકમાં ૨૩% ઘટાડો નોંધાવ્યો હતો, કારણ કે ગ્રાહકોએ તેમના સબ્સ્ક્રિપ્શન રદ કર્યા હતા અને જાહેરાતકર્તાઓ અન્યત્ર વળ્યા હતા. લગભગ ત્રણ દાયકા પહેલા ગ્રાહકોને મેઈલ દ્વારા ડિસ્ક મોકલતી ડીવીડી ભાડા કંપની તરીકે સ્થાપિત, નેટફ્લિક્સે ૨૦૨૪માં ૩૯૦૦ કરોડ ડોલરની આવક સાથે પૂર્ણ કર્યું. ૧૯૨૦ના દાયકામાં સ્થપાયેલ વોર્નર બ્રધર્સનું વેચાણ ૩૯૦૦ કરોડ ડોલરથી વધુ હતું.

**નેટફ્લિક્સ-વોર્નર બ્રધર્સ વિરૂદ્ધ વોલ્ટ ડિઝની**

'વોર્નર બ્રધર્સ'નું આઈકોનિક કન્ટેન્ટ નેટફ્લિક્સને વોલ્ટ ડિઝની કંપની અને પેરામાઉન્ટ સ્કાયડાન્સ જેવા ચેલેન્જર્સ પર તેની લીડ ટકાવી રાખવા માટે શક્તિશાળી પ્રોગ્રામિંગ આપે છે. આ સોદો ચોક્કસપણે યુએસ અને યુરોપમાં વિશ્વાસના અભાવની ચકાસણીનો સામનો કરશે અને પહેલાથી જ કેટલાક જોખમો ઊભા કરી ચૂક્યો છે. કેલિફોર્નિયા રિપબ્લિકન ડેરેલ ઇસાએ કોઈપણ સંભવિત નેટફ્લિક્સ-વોર્નર બ્રધર્સ સોદા સામે વાંધો ઉઠાવતા યુએસ નિયમનકારોને એક નોંધ લખી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેનાથી ગ્રાહકોને નુકસાન થઈ શકે છે. જો કે, નેટફ્લિક્સે દલીલ કરી છે કે તેના સૌથી મોટા સ્પર્ધકોમાંનો એક આલ્ફાબેટ ઈન્ક.નું યુટ્યુબ છે. વોર્નર બ્રધર્સ.માં નેટફ્લિક્સનો રસ પણ હોલીવુડમાં ધ્રુજારી ફેલાવી રહ્યો છે. કંપનીએ મોટાભાગે થિયેટરોમાં ફિલ્મો રિલીઝ કરવાનો ઈન્કાર કર્યો છે, જે ક્યારેક ક્યારેક તેની મૂળ ફિલ્મોને સિનેમાઘરોમાં મર્યાદિત રીતે રિલીઝ કરવાની મંજૂરી આપે છે.

# ફડણવીસે અનાથ બાળકો માટે ૧% અનામતને 'ઐતિહાસિક' ગણાવી; કહ્યું,નીતિ વાસ્તવિક સામાજિક પરિવર્તનનું પ્રતિક

## મુખ્યમંત્રીએ કહ્યું કે અનાથ યુવાનો માટે અનામત 'સૌથી ભાવનાત્મક રીતે પરિપૂર્ણ' નિર્ણય હતો, નોંધ્યું કે ૮૯૨ લાભાર્થીઓ હવે આત્મનિર્ભર છે અને સમાજમાં યોગદાન આપી રહ્યા છે

(એજન્સી) મુંબઈ, તા.૬

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શિક્ષણ અને નોકરીઓમાં અનાથ બાળકો માટે ૧ ટકા અનામત આપવાની રાજ્ય સરકારની નીતિને 'ઐતિહાસિક' ગણાવી, તેને સામાજિક ન્યાય અને તકની સમાનતા તરફ એક મુખ્ય પગલું ગણાવ્યું હતું.

શહેર સંભાળ્યાના પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે, ફડણવીસે ૨૦૧૮માં મુખ્યમંત્રી તરીકેના તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન રજૂ કરાયેલી નીતિના લાભાર્થીઓ સાથે વાતચીત કરી અને કહ્યું કે તે ડો. બી. આર. આંબેડકરના સમાન તકના સિદ્ધાંતમાં મૂળ ધરાવે છે.

ફડણવીસે કહ્યું કે અનાથ યુવાનો માટે અનામત આપવાની નીતિ તેમના જીવનનો 'સૌથી ભાવનાત્મક રીતે પરિપૂર્ણ' નિર્ણય હતો, ઉમેર્યું કે ૮૯૨ લાભાર્થીઓ હવે આત્મનિર્ભર બન્યા છે અને સમાજમાં યોગદાન આપી રહ્યા છે.

તેમણે કહ્યું કે, 'મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના એક વર્ષ પછી, આ કાર્યક્રમની વર્ષગાંઠની સુંદર શરૂઆત છે. સરકારમાં ઘણા નિર્ણયો લેવામાં આવે છે, ઘણા કાર્યો પૂર્ણ થાય છે, પરંતુ કેટલાક ખરેખર હૃદયને સ્પર્શે છે. અનાથ બાળકો માટે અનામત એ એક એવો નિર્ણય છે'.

મુખ્યમંત્રીએ કહ્યું કે સમાનતા ફક્ત સામાજિક અનામત સુધી મર્યાદિત ન રહેવી જોઈએ.

તેમણે ઉમેર્યું કે, 'અનાથ, અપંગ વ્યક્તિઓ અને અન્ય વંચિત વર્ગો પણ તકોને પાત્ર છે. આ અનામતથી ઘણા જીવનમાં વાસ્તવિક પરિવર્તન આવ્યું છે'. યુવાનોને અન્ય લોકો માટે ઉદાહરણ બેસાડવા હાકલ કરતાં તેમણે કહ્યું, 'આપણે જે પ્રાપ્ત કરીએ છીએ તે સમાજ દ્વારા બનાવેલી વ્યવસ્થાઓ-શાળાઓ, સંસ્થાઓ, સરકાર અને ઉદ્યોગને કારણે શક્ય છે. સમાજને પાછું આપવું એ વ્યક્તિનું કર્તવ્ય છે. જે લોકો સંઘર્ષ દ્વારા આગળ આવ્યા છે તેઓએ રોલ મોડેલ બનવું જોઈએ.'

ફડણવીસે તેમને સ્થિરતા પ્રાપ્ત કર્યા પછી અટકવા ન વિનંતી કરી.

તેમણે ઉમેર્યું કે, 'સંઘર્ષ દ્વારા પ્રાપ્ત સફળતાએ સમાજની સતત સેવાને પ્રેરણા આપવી જોઈએ. જીવનમાં સ્થાયી થયા પછી પણ, પાછું આપવાની ભાવના રહેવી જોઈએ,' 'તમારૂં કાર્ય તમારી ઓળખ બની જાય છે; કાર્ય જ અમરત્વ આપે છે.'

મહારાષ્ટ્ર સરકારે ૨૦૧૮માં ફડણવીસના મુખ્યમંત્રી તરીકેના પાછલા કાર્યકાળ દરમિયાન સરકારી નોકરીઓ અને શિક્ષણમાં અનાથ બાળકો માટે ૧ ટકા અનામત રજૂ કર્યું હતું.

તાજેતરમાં તેમણે પાત્રતાના માપદંડમાં સુધારો કરીને તેને 'ઉપલબ્ધ જગ્યાઓ'ને બદલે 'ખાલી જગ્યાઓ' પર લાગુ કરવાનો નિર્ણય લીધો.

મુખ્યમંત્રીએ કહ્યું કે અવ્યક્ત લાગણીઓ ઘણીવાર સૌથી વધુ સંદેશા આપે છે અને ઉમેર્યું કે સાચો સંતોષ કાર્ય દ્વારા સામાજિક પરિવર્તન લાવવામાં રહેલો છે.

ફડણવીસે છત્રપતિ શિવાજી મહારાજ અને ડો. આંબેડકરના ઉદાહરણો ટાંક્યા અને કહ્યું કે વ્યક્તિનું કાર્ય તેના કરતાં વધુ જીવે છે અને વારસો બનાવે છે.

તેમણે સંઘર્ષ દ્વારા સફળતા પ્રાપ્ત કરનારા લાભાર્થીઓને સમાજમાં યોગદાન આપવા વિનંતી કરી.

તેમણે અનાથ બાળકોના કલ્યાણ માટે સતત સહાનુભૂતિ, સંવેદનશીલતા અને સતત પ્રયાસો માટે અપીલ કરતા કહ્યું કે, 'જે સમાજે આપણને ટેકો આપ્યો છે તેને પાછું આપવું એ વાસ્તવિક જવાબદારી છે'.

# પુતિને સતત ઊર્જાની ખાતરી આપી, પીએમએ કહ્યું, રશિયા સાથેનો સંબંધ ધ્રુવ તારા જેવો અચલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

છેલ્લા આઠ દાયકામાં દુનિયાએ જે અશાંતિ જોઈ છે તે વચ્ચે, ભારત-રશિયા સંબંધો ધ્રુવ તારા જેવા અચલ રહ્યા છે, જે પરસ્પર આદર અને વિશ્વાસ પર આધારિત છે, એમ પીએમ મોદીએ રાષ્ટ્રપતિ પુતિન સાથેની શિખર બેઠકમાં બંને પક્ષોએ આર્થિક ભાગીદારીને અપગ્રેડ કરવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપતા જણાવ્યું હતું.

બંને દેશોએ આરોગ્ય, સ્થળાંતર અને દરિયાઈ સહયોગ સહિત એક ડઝનથી વધુ કરારો અને સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા હતા અને આર્થિક સહયોગ માટે એક માળખું અપનાવ્યું હતું જે ૨૦૩૦ સુધીમાં વેપારને $૧૦૦ બિલિયન સુધી વધારવાની અપેક્ષા રાખે છે. પુતિને કહ્યું હતું કે રશિયા ભારતમાં ઈંધણનું અવિરત શિપમેન્ટ ચાલુ રાખવા માટે તૈયાર છે.

ભારતની 'સ્વતંત્ર અને આત્મનિર્ભર' વિદેશ નીતિની પ્રશંસા કરતા પુતિને કહ્યું કે રશિયા તેલ, ગેસ, કોલસો અને ભારતની ઊર્જાના વિકાસ માટે જરૂરી દરેક વસ્તુનો વિશ્વસનીય સપ્લાયર છે. ભારતીય પક્ષે તેના જૂના કે નવા ઊર્જા ભાગીદારોને જાળવી રાખ્યા છે, જે વિવિધતાની જરૂરિયાતને સમજે છે, કારણ કે તેનું ધ્યાન ઊર્જા હિતોને સુરક્ષિત કરવા અને તેલના ભાવમાં સ્થિરતા પર છે.

**વિશ્વાસ પર બાંધવામાં આવેલા સંબંધો સમયની કસોટી પર ખરા ઉતર્યા છે : PM**

જ્યારે મેક ઇન ઇન્ડિયા પહેલ અને લેગસી સહયોગ સહિત સંરક્ષણ પર 'સામાન્ય ચર્ચા' થઈ ત્યારે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું કે આર્થિક સહયોગ અને રશિયામાં વધુ ભારતીય નિકાસને સરળ બનાવીને સંતુલિત અને ટકાઉ વેપાર સુનિશ્ચિત કરવાના પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

બંને નેતાઓએ યુરેશિયન ઇકોનોમિક યુનિયન સાથે મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ માટે ચાલી રહેલા પ્રયાસોને પણ મજબૂત સમર્થન આપ્યું. મોદીએ નાગરિક પરમાણુ સહયોગના મહત્વ પર ભાર મૂક્યો, કહ્યું કે ઊર્જા સુરક્ષા ભારત-રશિયા ભાગીદારીનો એક મજબૂત અને મહત્વપૂર્ણ આધારસ્તંભ રહ્યો છે.

મોદીએ કહ્યું, 'છેલ્લા આઠ દાયકામાં, વિશ્વએ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. માનવતાએ અસંખ્ય પડકારો અને કટોકટીઓનો સામનો કર્યો છે. છતાં, આ બધા દરમિયાન, ભારત-રશિયા મિત્રતા ધ્રુવ તારાની જેમ સ્થિર રહી છે. પરસ્પર આદર અને ઊંડા વિશ્વાસ પર બનેલ, આપણો સંબંધ સમયની કસોટી પર ખરો ઉતર્યો છે, ૨૦૩૦ સુધીનો નવો આર્થિક સહયોગ કાર્યક્રમ વેપાર અને રોકાણને વૈવિધ્યસભર અને સંતુલિત બનાવશે. "તેમણે કહ્યું કે વિશ્વભરમાં સુરક્ષિત અને વૈવિધ્યસભર સપ્લાય ચેઇન સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ ખનિજોમાં સહયોગ મહત્વપૂર્ણ છે.

ભારતે રશિયન નાગરિકો માટે મફત ૩૦-દિવસના ઇ-ટૂરિસ્ટ વિઝા અને ૩૦-દિવસના ગ્રુપ ટુરિસ્ટ વિઝાની જાહેરાત કરી હતી. માનવશક્તિ ગતિશીલતા કરાર બંને દેશો માટે નવી શક્તિ અને નવી તકો ઊભી કરશે. એમ કહીને મોદીએ પુતિન સાથે રશિયન સેનામાં સેવા આપતા ભારતીયોની વહેલી મુક્તિની પણ માંગ કરી હતી.

સંયુક્ત નિવેદન અનુસાર-બંને પક્ષોએ સમકાલીન વૈશ્વિક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરવા માટે યુએન સુરક્ષા પરિષદમાં વ્યાપક સુધારા માટે હાકલ કરી હતી-રશિયાએ સુધારેલા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે તેના અડગ સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

પુતિને એમ પણ કહ્યું કે રશિયા અને ભારત બ્રિક્સ અને એસસીઓમાં સમાન વિચારધારા ધરાવતા દેશો સાથે મળીને સ્વતંત્ર વિદેશ નીતિ ચલાવી રહ્યા છે અને વધુ 'ન્યાયી અને લોકશાહી બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થા'ને પ્રોત્સાહન આપી રહ્યા છે. પુતિને કહ્યું કે, 'અમે યુએન ચાર્ટરમાં સમાવિષ્ટ આંતરરાષ્ટ્રીય કાયદાના મુખ્ય સિદ્ધાંતોનો બચાવ કરી રહ્યા છીએ. તેમાંના કોઈપણ દેશનો પોતાના વિકાસનો માર્ગ અને તેમની સાંસ્કૃતિક સભ્યતા ઓળખની જાળવણી, સાર્વભૌમત્વ માટે આદર, વિશ્વ સમુદાયના તમામ સહભાગીઓના હિતોનું કાળજીપૂર્વક સંતુલનનો અધિકાર આપે છે'.

પુતિને તેમના મીડિયા નિવેદનમાં કહ્યું કે, 'સામાન્ય રીતે, તાજેતરમાં જ થયેલી વાટાઘાટોના પરિણામોથી નિઃશંકપણે સંતુષ્ટ છીએ'.

આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર, નેતાઓએ અફઘાનિસ્તાનને આતંકવાદ મુક્ત રાખવા માટે તેમના સહયોગને સમર્થન આપ્યું અને વાતચીત દ્વારા ઈરાન પરમાણુ મુદ્દાને ઉકેલવાના મહત્વ પર ભાર મૂક્યો. સંયુક્ત નિવેદન અનુસાર, તેમણે ગાઝામાં માનવતાવાદી પરિસ્થિતિ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.

# સોનિયા ગાંધીએ શાસન દ્વારા નહેરૂના કાર્યોને વિકૃત કરવા અને તેઓને બદનામ અને અપમાનિત કરવાના પ્રયાસોની ટીકા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ શુક્રવારે જવાહરલાલ નહેરુના વારસાને "બદનામ કરવા અને નષ્ટ કરવાના પ્રયાસો અંગે ચેતવણી આપતા કહ્યું કે આ એક મોટી યોજનાનો ભાગ છે જેનો હેતુ એવા સામાજિક, રાજકીય અને આર્થિક પાયાનો નાશ કરવાનો છે જેના પર આપણા રાષ્ટ્રની સ્થાપના અને નિર્માણ થયું છે.

જવાહર ભવન ખાતે નહેરુ સેન્ટર ઇન્ડિયાના લોકાર્પણ પ્રસંગે તેમણે આધુનિક ભારતીય રાષ્ટ્ર-રાજ્યના મુખ્ય શિલ્પી તરીકે નહેરુની ભૂમિકા, સંસદીય લોકશાહીમાં તેમની શ્રદ્ધા, ધર્મનિરપેક્ષતા, વૈજ્ઞાનિક સ્વભાવ અને આયોજિત આર્થિક વિકાસના સિદ્ધાંતો ભારતના વર્તમાનને આકાર આપે છે.

શ્રીમતી ગાંધીએ કહ્યું કે નહેરુ પરના હુમલામાં સામેલ જૂથો એવી વિચારધારાને અનુસરે છે જેની "સ્વતંત્રતા ચળવળમાં કે બંધારણના મુસદ્દામાં કોઈ ભૂમિકા નથી" અને મહાત્મા ગાંધીની હત્યા તરફ દોરી જતી નફરતને પ્રોત્સાહન આપતી વિચારધારા ધરાવે છે. તેમણે જણાવ્યું કે "કટ્ટરપંથી અને સાંપ્રદાયિક દષ્ટિકોણ" દ્વારા આ દળોને ચલાવવામાં આવે છે અને તેમણે આરોપ લગાવ્યો કે શાસક સંસ્થાન નહેરુને બદનામ કરવા, નીચા બતાવવા અને બદનામ કરવા માટે એક વ્યવસ્થિત ઝુંબેશ ચલાવે છે. તેનો ઉદ્દેશ્ય ઈતિહાસને ફરીથી લખવાના સ્વાર્થી પ્રયાસમાં તેમના બહુપક્ષીય વારસાને તોડી પાડવાનો છે.



**તેમણે કહ્યું કે, સત્તાધારી પક્ષનું અભિયાન નહેરૂના વારસાને નષ્ટ કરવાનો છે અને આ અભિયાનનો હેતુ ભારતના પાયાને નબળો પાડવાનો છે**

તેમણે સામૂહિક દબાણ માટે હાકલ કરી, અને નાગરિકોને તેનો સામનો કરવા વિનંતી કરી હતી. તેમણે આ ઈરાદાપૂર્વકના ઐતિહાસિક ખોટા અર્થઘટન અને પ્રચાર તરીકે વર્ણવ્યું હતું. નહેરુના વારસાનો બચાવ કરવાની હાકલ કરતાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તે ભારતના બંધારણીય દષ્ટિકોણ, તર્કસંગત પ્રવચન અને આધુનિક પાત્રને ફરીથી પ્રાપ્ત કરવાની પ્રતિબદ્ધતા છે.

તેમણે કહ્યું કે, દેશમાં ઘટતી જતી સહિષ્ણુતા, અસંમતિ પ્રત્યે વધતી જતી દુશ્મનાવટ અને ઈતિહાસનું રાજકીયકરણ નહેરુના ઉદાહરણને સુસંગત બનાવે છે. તેમણે નોંધ્યું કે જવાહરલાલ નહેરુ મેમોરિયલ ફંડ દ્વારા તાજેતરમાં લોન્ચ કરાયેલ નહેરુના પસંદ કરેલા કાર્યોના ડિજિટલ આર્કાઈવ ૧૯૦૩થી તેમના મૃત્યુના એક દિવસ પહેલાના ૧૦૦ પ્રકાશિત ગ્રંથોની ખુલ્લી, શોધી શકાય તેવી ઍક્સેસ પ્રદાન કરે છે, જેમાં વધુ સામગ્રી ઉમેરવાની બાકી છે. શ્રીમતી ગાંધીએ સંદીપ દીક્ષિતની આ પહેલની પ્રશંસા કરી અને તેને નહેરુને છેતરપિંડીના જાળમાંથી બચાવવા અને હકીકત-આધારિત માહિતી સાથે જાહેર સમજને પ્રોત્સાહન આપવા માટે જરૂરી પ્રયાસ ગણાવતા તેમણે કહ્યું કે, આ પ્રકારની પહેલ દેશભરમાં થવી જોઈએ.

# પુતિનના રાત્રિભોજન માટે થરૂરના આમંત્રણથી કોંગ્રેસ આશ્ચર્યચકિત 'શું તેઓ મોદીની રાજ રમત સમજવામાં નિષ્ફળ ગયા છે ?'

**રાષ્ટ્રપતિ મુર્મુએ રશિયન રાષ્ટ્રપતિ પુતિન માટે રાત્રિભોજનનું આયોજન કર્યું હતું. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીને બદલે, તેમણે સાંસદ શશી થરૂરને આમંત્રણ આપ્યું હતું, કોંગ્રેસે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને મોદીના ગેમ પ્લાનને સમજવામાં નિષ્ફળ જવા બદલ થરૂરને પ્રશ્ન કર્યો હતો**

(એજન્સી) તા.૬

કોંગ્રેસ સાંસદ શશી થરૂરે વધુ એક વિવાદ ઉભો કર્યો છે. શુક્રવારે રાત્રે રાષ્ટ્રપતિ ભવનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સન્માનમાં આયોજિત રાત્રિભોજનનું આમંત્રણ થરૂરે સ્વીકાર્યું હતું. આ વાતની કોંગ્રેસ પાર્ટીની અંદરથી તીવ્ર ટીકા થઈ રહી છે. કારણ એ છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને રાત્રિભોજનમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. અગાઉ, વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિરોધ પક્ષના નેતાને પુતિનને મળવા ન દેવાનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો, જ્યારે પરંપરા એવી છે કે કોઈપણ મુલાકાતી રાજ્યના વડા પણ વિપક્ષના નેતાને મળે છે. રાહુલ ગાંધીનો વાંધો હોવા છતાં, શશિ થરૂર રાષ્ટ્રપતિ ભવન રાત્રિભોજન માટે ગયા હતા. આ અંગે આશ્ચર્ય વ્યક્ત કરતા, કોંગ્રેસના નેતા પવન ખેરાએ પૂછ્યું કે શું થરૂરને આ 'રમત' સમજાતી નથી. તેમણે કહ્યું, 'જ્યારે મારા નેતાને આમંત્રણ મળ્યું ન હતું, પરંતુ મને મળ્યું, ત્યારે આપણે સમજવું જોઈએ કે રમત શું છે, કોણ રમી રહ્યું છે અને આપણે શા માટે તેનો ભાગ ન બનવું જોઈએ.' પવન ખેરાએ તેને 'અત્યંત આશ્ચર્યજનક' ગણાવ્યું કે કોંગ્રેસના સભ્યને આમંત્રણ આપવામાં આવ્યું અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ આમંત્રણ પોતે જ આશ્ચર્યજનક છે અને આમંત્રણનો સ્વીકાર વધુ આશ્ચર્યજનક છે. દરેકના અંતરાત્મામાં અવાજ હોય છે. શુક્રવારે કોંગ્રેસના સૂત્રોએ મીડિયાને જણાવ્યું હતું કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને રશિયન રાષ્ટ્રપતિના સન્માનમાં રાત્રિભોજનનું આમંત્રણ મળ્યું નથી. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે પાછળથી ગુરુવાર, ૪ ડિસેમ્બરે આ વાતની પુષ્ટિ કરી. રાહુલ ગાંધીએ ગુરુવારે, ૪ ડિસેમ્બરે નરેન્દ્ર મોદી સરકાર પર વિદેશી મહાનુભાવોને મળવા માટે વિપક્ષી નેતાઓને આમંત્રણ આપવાની પરંપરા તોડવાનો આરોપ લગાવ્યાના એક દિવસ પછી આ ઘટના બની છે. આ વર્ષે થરૂરની પોતાની જ પાર્ટીના સભ્યો દ્વારા ટીકા કરવામાં આવી હોય તેવું આ પહેલી વાર નથી. અગાઉ, કોંગ્રેસે 'ઓપરેશન સિંદૂર' હેઠળ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવા સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. તાજેતરમાં, લોર્ડ મેકોલે પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણમાં હાજરી આપવા અને ત્યારબાદ જાહેરમાં પ્રશંસા કરવાથી પણ પક્ષના સાથીઓ નારાજ થયા હતા. શશી થરૂરે ૨૦૨૪થી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારની વારંવાર પ્રશંસા કરી છે. તાજેતરમાં, નવેમ્બર ૨૦૨૫માં થરૂરે રામનાથ ગોએન્કા પત્રકારત્વ પુરસ્કારોમાં મોદીના ભાષણની પ્રશંસા કરી હતી. શશી થરૂરની આ પ્રશંસાનો સોશિયલ મીડિયા પર વ્યાપકપણે ઉપહાસ કરવામાં આવ્યો હતો. વડા પ્રધાન બન્યા પછી મોદીએ ક્યારેય પ્રેસ કોન્ફરન્સ યોજી નથી. વિદેશમાં પ્રેસ કોન્ફરન્સમાં તેમના ભાષણથી વિવાદ થયો હતો. તેઓ મીડિયાને સંબોધે છે, પરંતુ પત્રકારો તેમને પ્રશ્નો પૂછી શકતા નથી. કોંગ્રેસના ઘણા નેતાઓએ થરૂરને તેમના વલણને કારણે પાર્ટી છોડવાની સલાહ પણ આપી છે. નવેમ્બર ૨૦૨૫માં મોદીની પ્રશંસા કર્યા પછી, કેરળ કોંગ્રેસે તેમને 'ઢોંગી' કહ્યા અને પૂછ્યું, 'તેઓ કોંગ્રેસમાં કેમ છે ?' દલિત કોંગ્રેસના નેતા અને પૂર્વ સાંસદ ઉદિત રાજે તો એમ પણ કહ્યું કે જો શશિ થરૂર મોદીની પ્રશંસા કરવા માંગતા હતા, તો તેઓ ભાજપમાં કેમ ન જોડાયા. ભાજપને ફાશીવાદી ગણાવતા, ઉદિત રાજે કહ્યું કે શશિ થરૂર ફાશીવાદી પક્ષના નેતાની પ્રશંસા કરી રહ્યા છે તે શરમજનક છે. જુલાઈ ૨૦૨૫માં પણ, કેરળ એકમે તેમના પર 'મોદી સરકાર સાથે ઊભા રહેવાનો' આરોપ લગાવ્યો હતો.



**થરૂરે પુતિન સાથે ડિનરમાં હાજરી આપી : રાહુલ અને ખડગેને મહેમાનની યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા**

**કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્ર પર પ્રોટોકોલનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો; અને તેના નેતાઓએ થરૂરના આમંત્રણ સ્વીકારવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે.**

**શું થરૂર મોદીના ફાંદામાં ફસાઈ ગયા છે ?**

વિશ્લેષકો કહે છે કે મોદી અને ભાજપ રાહુલ ગાંધીને નબળા પાડવા માટે 'ગેમ પ્લાન' અપનાવી રહ્યા છે, જેમાં થરૂરને એક પ્યાદા તરીકે રાખવામાં આવ્યા છે. થરૂર સંપૂર્ણપણે તકવાદી રાજકારણ રમી રહ્યા છે. થરૂરના અગાઉ કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે મતભેદ રહ્યા છે, છતાં કોંગ્રેસે તેમને તિરુવનંતપુરમથી ટિકિટ આપી હતી. જોકે, કેરળ કોંગ્રેસ થરૂરને ટિકિટ આપવા વિરૂદ્ધ હતી. થરૂર તેમની પત્ની સુનંદા પુષ્કરની કથિત આત્મહત્યાના મામલે વિવાદમાં ફસાઈ ગયા હતા. દિલ્હી પોલીસે તેમની પૂછપરછ પણ કરી હતી. એક પાકિસ્તાની પત્રકાર પર પણ તેમને વિવાદનો સામનો કરવો પડ્યો હતો. ટ્વિટર પર કેટલાક યુઝર્સે થરૂરને ભાજપનું 'સાધન' ગણાવ્યું છે.

# "કોઈપણ ધર્મ વૉઈસ એમ્પ્લીફાયર સાથે પ્રાર્થના કરવાનો આદેશ આપતો નથી" હાઈકોર્ટે મસ્જિદમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની અરજી ફગાવી દીધી

(એજન્સી) તા.૬

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી માંગતી અરજીમાં મસ્જિદને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો, અને નોંધ્યું હતું કે તે એક અધિકાર તરીકે ધર્મનું પાલન કરવા માટે આ ઉપકરણનો ઉપયોગ કરવાના હકદાર નથી. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ પર આધાર રાખતા કોર્ટે કહ્યું કે કોઈ પણ ધર્મ વૉઈસ એમ્પ્લીફાયર નમાઝ અદા કરવાનો અથવા બીટિંગ ડ્રમ (ઢોલ વગાડીને) દ્વારા કોઈ પ્રાર્થના કરવાનો આદેશ આપતો નથી. ન્યાયાધીશ અનિલ પાનસરે અને રાજ વાકોડેની બેન્ચે જણાવ્યું હતું કે ધ્વનિ પ્રદૂષણનો મુદ્દો વારંવાર ઉદભવી રહ્યો છે અને તેણે આ બાબતનું સ્વતઃ ધ્યાન લીધું અને મહારાષ્ટ્ર સરકારને અસરકારક ઉકેલ લાવવા કહ્યું છે. કોર્ટે ૧ ડિસેમ્બરના રોજ આપેલા આદેશમાં ગોંદિયા જિલ્લામાં મસ્જિદ ગૌસિયા દ્વારા નમાઝ પઢવા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી માંગતી અરજી ફગાવી દીધી હતી. મુઝફ્ફરનગર પોલીસે ધ્વનિ ઉલ્લંઘન સામેની ઝુંબેશમાં મસ્જિદોમાંથી ૫૫થી વધુ લાઉડસ્પીકર દૂર કર્યા હતા. બેન્ચે નોંધ્યું હતું કે અરજદાર લાઉડસ્પીકરનો ઉપયોગ તેમના ધર્મનું પાલન કરવા માટે ફરજિયાત/જરૂરી છે તે દર્શાવતી કોઈપણ સામગ્રી રજૂ કરવામાં અસમર્થ હતો. તેથી, અરજદારને હક મુજબ લાઉડસ્પીકર લગાવવા માટે રાહત મેળવવાનો અધિકાર નથી. તે મુજબ અરજી ફગાવી દેવામાં આવે છે. સુપ્રીમ કોર્ટ દ્વારા પસાર કરાયેલા ચુકાદાઓના આધારે, બેન્ચે કહ્યું કે કોઈપણ ધર્મ એવું સૂચવતો નથી કે નમાઝ અન્યની શાંતિને ખલેલ પહોંચાડીને અદા કરવી જોઈએ, ન તો તે એવો ઉપદેશ આપે છે કે તે વોઈસ એમ્પ્લીફાયર દ્વારા થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, અન્ય નાગરિકો, ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધો, બીમાર અને માનસિક વિકારથી પીડિત લોકો શાંતિનો આનંદ માણવા માટે હકદાર છે. ઉત્તર પ્રદેશના બલિયામાં લાઉડસ્પીકરના ઉપયોગ અંગે મસ્જિદના સંભાળ રાખનારાઓ, મૌલવીઓ સામે ૧૭ FIR દાખલ કરવામાં આવી હતી. બેન્ચે નોંધ્યું હતું કે ધ્વનિ પ્રદૂષણનો મુદ્દો વારંવાર આવી રહ્યો છે. ધ્વનિ પ્રદૂષણ જાહેર આરોગ્ય અને કલ્યાણ માટે ગંભીર ખતરો છે. તે વિકૃત સિન્ડ્રોમનું કારણ બને છે, કોર્ટિસોલ અને અન્ય હાનિકારક રસાયણો લોહીના પ્રવાહમાં મુક્ત કરે છે. સમય જતાં, આ રસાયણો શરીરમાં એકઠા થાય છે, જેના કારણે હૃદય રોગ, આક્રમકતા, ક્રોનિક થાક, માથાનો દુખાવો, હાઈ બ્લડ પ્રેશર, માનસિક બીમારી અને ચિંતા સહિત અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે. કોર્ટે કહ્યું હતું કે ધ્વનિ પ્રદૂષણ શ્રવણશક્તિને નુકસાન પહોંચાડી શકે છે, અને જો તે ૧૨૦ ડેસિબલથી વધુ હોય, તો તે કાનનો પડદો ફાટી શકે છે. બેન્ચે નાગપુરના સિવિલ લાઈન્સ ખાતેના ઈવેન્ટ હોલમાં ઉજવાતા કાર્યક્રમો અને અન્ય ઉત્સવો પર પણ વાત કરી હતી જે દરમિયાન ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન થાય છે. અમારા મતે, વિવિધ ઉજવણીઓને મંજૂરી આપતી વખતે, આ સ્થળોએ નિયમોનું પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી લેવી જોઈએ. કોર્ટે એવા ઘણા ધાર્મિક સ્થળો તરફ પણ ધ્યાન દોર્યું હતું જ્યાં નિયમોનું સંપૂર્ણ ઉલ્લંઘન કરીને લાઉડસ્પીકર પર 'ભજન' કરવામાં આવે છે. કોર્ટે કહ્યું કે, અમને આશા છે કે રાજ્ય સરકાર આ મુદ્દા પ્રત્યે સંવેદનશીલ રહેશે, જે જાહેર આરોગ્યને અસર કરે છે, અને અસરકારક ઉકેલ લાવશે.



**બેન્ચે નોંધ્યું કે અરજદાર એવી કોઈપણ સામગ્રી રજૂ કરી શક્યા નથી જે દર્શાવે છે કે લાઉડસ્પીકર્સનો ઉપયોગ તેમના ધર્મનું પાલન કરવા માટે ફરજિયાત/જરૂરી છે**

# સ્વતંત્ર પત્રકારિત્વને દબાવવા મૂંગા રાખવાના પ્રયાસોમાં અદાણી જૂથ મોખરે !

(એજન્સી) તા.૬

રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF)એ અદાણી ગ્રુપ અને OpIndiaને તેની ૨૦૨૫ની "પ્રેસ ફ્રીડમ પ્રિડેટર્સ" યાદીમાં ઉમેર્યા છે, જેમાં તેમના પર કાનૂની ધમકીઓ, પ્રચાર અને ડિજિટલ ઉત્પીડનનો ઉપયોગ સ્વતંત્ર પત્રકારત્વ પર દબાણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. RSFએ નોંધ્યું છે કે આ પત્રકારો પર દબાણ કરે છે, સેન્સર કરે છે, કેદ કરે છે અને હુમલો કરે છે, અને સમાચાર માધ્યમોનું ગળું દબાવતા હોય છે, તેઓ પત્રકારત્વને બદનામ કરે છે અથવા પ્રચાર હેતુઓ માટે માહિતીની હેરફેર કરવા માટે તેના કોડનો ઉપયોગ કરે છે, અને હવે તેઓ સત્યને દબાવવા માટે ટેકનોલોજી તરફ વળ્યા છે. આ સંગઠન અદાણી સમૂહને રાજકીય રીતે પ્રભાવશાળી અને મોદી સરકાર સાથે ગાઢ રીતે જોડાયેલ ગણાવે છે. તે અદાણી કંપનીઓ પર રિપોર્ટિંગ કરતા પત્રકારો અને આઉટલેટ્સ સામે ૨૦૧૭થી દાખલ કરાયેલા માનહાનિના દાવાઓ અને ગેંગ ઓર્ડરની શ્રેણી તરફ નિર્દેશ કરે છે, અને દલીલ કરે છે કે આ કાર્યવાહીનો હેતુ ટીકાત્મક કવરેજને શાંત કરવાનો છે. RSF દ્વારા પ્રકાશિત મુખ્ય કેસોમાં, અદાલતોએ એકપક્ષીય મનાઈ હુકમ જારી કરીને અદાણીને પૂર્વ સુનાવણી વિના શું બદનક્ષીભર્યું છે તે વ્યાખ્યાયિત કરવાની મંજૂરી આપી હતી, અને ત્યારબાદ ધ વાયર, ન્યૂઝલોન્ડ્રી, HW ન્યૂઝ અને પત્રકાર રવિશ કુમાર સહિતના મીડિયા પ્લેટફોર્મને નોટિસ પાઠવવામાં આવી હતી. ઓપઈન્ડિયા પત્રકારોને બદનામ કરવા માટે વારંવાર કાવતરા કરે છે. અને સાચા પત્રકારોને "ભારત વિરોધી લોબી"ના ભાગ તરીકે દર્શાવે છે. RSF કહે છે કે આ આઉટલેટ લક્ષિત લેખો પ્રકાશિત કરે છે જે સોશિયલ મીડિયા પર સંકલિત ઉત્પીડન તરફ દોરી જાય છે, અને આવા ડઝનેક હુમલાઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે અને ડોઝિયર સાથે ટીકાત્મક મીડિયા પર રાજકીય અસ્થિરતાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ લિસ્ટમાં અન્ય નામોમાં ગાઝામાં પત્રકારોની હત્યા માટે બેન્જામિન નેતાન્યાહુના નેતૃત્વ હેઠળ ઈઝરાયેલની સેના, મ્યાનમારની જુન્ટા, બુર્કિના ફાસોનું લશ્કરી નેતૃત્વ અને પત્રકારોને બદનામ કરવા અને ડરાવવા માટે તેમના પ્લેટફોર્મનો ઉપયોગ કરવા બદલ અબજોપતિ એલોન મસ્કનો સમાવેશ થાય છે.



**પત્રકારોને ધમકાવવા બદલ RSFએ અદાણી ગ્રુપ અને ઓપઈન્ડિયાને ૨૦૨૫ની "પ્રેસ ફ્રીડમ પ્રિડેટર્સ" યાદીમાં સામેલ કર્યા**

# પ્રધાનમંત્રી મોદીએ વોશિંગ્ટનને સ્પષ્ટ શબ્દોમાં ઠપકો આપતા ભારત-રશિયા સંબંધોને અતૂટ ગણાવ્યા

**નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચે સંબંધોને સાચવવા બદલ વ્લાદિમીર પુતિનની પ્રશંસા કરી, મોદીએ આ ભાગીદારીને ઐતિહાસિક અને અટલ ગણાવી અને કહ્યું કે, છેલ્લા આઠ દાયકામાં વિશ્વએ ઘણા પડકારો જોયા છે, પરંતુ ભારત-રશિયા મિત્રતા ધ્રુવ તારાની જેમ અટલ રહી છે**

(એજન્સી) તા.૬

ભારત અને રશિયાએ શુક્રવારે રાજદ્વારી પ્રેમનું પ્રદર્શન કર્યું હતું અને વ્લાદિમીર પુતિનની ચાર વર્ષ પછી પ્રથમ દિલ્હીની યાત્રા દરમિયાન વિશ્વને એક એવી ભાગીદારી દર્શાવી અને બંનેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સંબંધો હંમેશા સહયોગ સાથે અટલ રહ્યા છે. આ સાથે ભારત વોશિંગ્ટનને સંકેત આપી રહ્યું છે કે યુએસના દબાણ છતાં તેનો રશિયા સાથેના સંબંધો ઓછા કરવાનો કોઈ ઈરાદો નથી. વોશિંગ્ટન સાથે સ્થગિત વેપાર વાટાઘાટો, રશિયન તેલની ખરીદી પર ભારતીય માલ પર યુએસ ટેરિફ લાદવાની સજા અને રશિયન ક્રૂડ શિપમેન્ટ પર અમેરિકન પ્રતિબંધો કડક કરવા સામે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુતિન માટે લાલ જાજમ પાથરી છે. મોદીએ આ ભાગીદારીને ઐતિહાસિક અને અટલ ગણાવી અને કહ્યું કે, છેલ્લા આઠ દાયકામાં, વિશ્વએ ઘણા પડકારો જોયા છે, પરંતુ ભારત-રશિયા મિત્રતા ધ્રુવ તારાની જેમ અટલ રહી છે. પુતિને તેમનો જવાબ આપ્યો કે, આપણા સંબંધો ઈતિહાસમાં ઊંડા મૂળ ધરાવે છે, પરંતુ શબ્દો મહત્ત્વના નથી; તે સાર છે, જે ગહન છે. પુતિન માટે, આ મુલાકાત એ દર્શાવવાની તક હતી કે યુક્રેનમાં યુદ્ધ હોવા છતાં રશિયા હજુ પણ સારા મિત્રો ધરાવે છે. મોદીએ ૨૩મી વાર્ષિક ભારત-રશિયા સમિટ માટે હૈદરાબાદ હાઉસ ખાતે તેનું આયોજન કર્યું હતું, જ્યાં બંને નેતાઓએ મહત્ત્વાકાંક્ષી 'વિઝન ૨૦૩૦' રોડમેપ અને ૨૦૩૦ સુધીમાં વાર્ષિક વેપારને $૧૦૦ બિલિયન સુધી પહોંચાડવાના હેતુથી આર્થિક સહયોગ કાર્યક્રમનું અનાવરણ કર્યું હતું. શુક્રવારે સાંજે તેમની ૨૭ કલાકની મુલાકાતના અંતે, પુતિન માટે રાષ્ટ્રપતિ ભવનમાં એક ભવ્ય રાજ્ય રાત્રિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ સહિત લગભગ ૧૫૦ મહેમાનો ભેગા થયા હતા, પરંતુ બધા જ હાજર રહ્યા ન હતા. કોંગ્રેસના સાંસદ શશી થરૂર આમંત્રણ યાદીમાં હતા જ્યારે પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીને અવગણવામાં આવ્યા હતા, કોંગ્રેસે સરકાર પર 'પ્રોટોકોલનો ભંગ' કરવાનો આરોપ લગાવ્યો હતો. મોદી અને પુતિને કહ્યું કે યુક્રેન પર આક્રમણ બાદ મોસ્કો પર પશ્ચિમી પ્રતિબંધો બાદ રશિયા ભારતના સસ્તા ક્રૂડના મુખ્ય સપ્લાયર તરીકે ઉભરી આવ્યા પછી દ્વિપક્ષીય ભાગીદારી એક નવા તબક્કામાં પ્રવેશી રહી છે. મોદીએ કહ્યું કે ભારત-રશિયા વેપાર હવે 'રાષ્ટ્રીય ચલણમાં ૯૬ ટકા' સ્થાયી થયો છે અને બંને પક્ષો '૨૦૩૦ પહેલા' તેમના $૧૦૦ બિલિયનના વેપાર લક્ષ્ય સુધી પહોંચી શકે છે. પુતિને વચન આપ્યું હતું કે રશિયા એક વિશ્વસનીય ઊર્જા ભાગીદાર રહેશે. રશિયા તેલ, ગેસ, કોલસો અને ભારતની ઊર્જાના વિકાસ માટે જરૂરી દરેક વસ્તુનો વિશ્વસનીય સપ્લાયર છે. અમે ઝડપથી વિકસતા ભારતીય અર્થતંત્ર માટે બળતણના અવિરત શિપમેન્ટ ચાલુ રાખવા માટે તૈયાર છીએ. રશિયા તેના હિસ્સામાં ઘટાડો થવા છતાં, ભારતનો સૌથી મોટો શસ્ત્ર સપ્લાયર રહ્યો છે.



# DUમાં ગોલ્ડ મેડલ વિજેતા, UPSCમાં ટોપર શિક્ષકની પુત્રી આ સફળતાના મંત્રથી અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

મેરઠની કશિશ કસાના સમાચારમાં છે. તેણીએ UPSC ISS ૨૦૨૫ની પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવ્યું. દિલ્હી યુનિવર્સિટીના સુવર્ણ ચંદ્રક વિજેતા કશિશ કસાનાની વાર્તા ફક્ત પરીક્ષા પાસ કરવાની જ નહીં, પણ આત્મવિશ્વાસ અને જુસ્સાની પણ છે. તેણીને બાળપણથી જ ગણિત અને આંકડાશાસ્ત્રમાં ઊંડો રસ હતો. કશિશ ઓનલાઈન અભ્યાસ સામગ્રીનો ઉપયોગ કરીને સ્વ-અભ્યાસ દ્વારા UPSC ISS પરીક્ષાની તૈયારી કરતી હતી.

કશિશ કસાનાના પિતા, જીતેન્દ્ર કસાના, રાજપુરા વિકાસ બ્લોકમાં ADO સહકારી તરીકે પોસ્ટેડ છે અને તેની માતા, રેખા, પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. કશિશના માતાપિતા હંમેશા તેણીને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરતા હતા, પરંતુ તેણીએ સફળતા માટે પોતાનો રોડમેપ બનાવ્યો. કશિશ તેના MSc કરતી વખતે UPSCની તૈયારી કરવાનું શરૂ કર્યું. બંને પરીક્ષાઓમાં ટોચનું સ્થાન મેળવીને, તેણીએ સાબિત કર્યું કે યોગ્ય સમય વ્યવસ્થાપન સાથે, બે મુખ્ય લક્ષ્યો એક સાથે પ્રાપ્ત કરી શકાય છે.



UPSC ISS ૨૦૨૫ ટોપર કશિશ કસાનાએ મેરઠની KL ઈન્ટરનેશનલ સ્કૂલમાં તેનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું. ત્યારબાદ તેણીએ દિલ્હી યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત લેડી શ્રી રામ કોલેજમાંથી સ્ટેટિસ્ટિક્સ ઓનર્સ ડિગ્રી મેળવી. આ વિષયમાં તેણીનો રસ એટલો મજબૂત હતો કે તેણીએ તે જ વિષયમાં અનુસ્નાતકનો અભ્યાસ કર્યો. કશિશ કસાનાએ સ્ટેટિસ્ટિક્સમાં MSc કર્યું, જેને ગોલ્ડ મેડલ મળ્યો. તેણીની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન, કશિશે હંમેશા ગણિત અને આંકડાશાસ્ત્રમાં ઊંડો રસ દાખવ્યો છે. કશિશ કસાનાએ તેના શાળાના દિવસોમાં UPSC ISS પરીક્ષા વિશે જાણ્યું હતું. મીડિયા અહેવાલો અનુસાર, તેણીએ પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવવાની અપેક્ષા નહોતી રાખી. જો કે, તેણીને વિશ્વાસ હતો કે તેણી પાસ થશે. તેણીએ સમજાવ્યું કે તેણીને હંમેશા ગણિતમાં રસ હતો. તેણી પોતાની સફળતાનો શ્રેય ત્રણ D ફોર્મ્યુલાને આપે છે : ડિસિઝન, ડિવોશન અને ડિસિપ્લિન કશિશે કોઈપણ કોચિંગ વિના સફળતા મેળવી. તેણી માને છે કે ભલે તમે દિવસમાં ફક્ત એક કલાક જ અભ્યાસ કરો, ખંતથી અભ્યાસ કરો.

# પેટલ ગેહલોત કોણ છે ? દિલ્હી અને મુંબઈમાં શિક્ષણ મેળવ્યું, UPSCમાં ૯૬મો ક્રમાંક મેળવ્યો અને UNમાં પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

અધિકારી પેટલ ગેહલોત સમાચારમાં છે. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ખાતે પાકિસ્તાની વડાપ્રધાનના દાવાઓનો જવાબ આપતા, પેટલ ગેહલોતે કહ્યું કે, પાકિસ્તાન ઘરમાં આતંકવાદને પ્રોત્સાહન આપે છે અને પછી આંતરરાષ્ટ્રીય મંચો પર ભારત પર આંગળી ચીંધવાનો પ્રયાસ કરે છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ છે અને પાકિસ્તાનના ખોટા નિવેદનોથી આ હકીકત બદલાશે નહીં. પેટલ ગેહલોત ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી છે. તે હાલમાં સંયુક્ત રાષ્ટ્ર (યુએન)માં ભારતના કાયમી મિશનમાં પ્રથમ સચિવ તરીકે સેવા આપે છે. તેમણે પાકિસ્તાની વડાપ્રધાનના નિવેદનોનો યુએનમાં ભારત વતી તીક્ષ્ણ અને અસરકારક જવાબ આપ્યો. તાજેતરની સંયુક્ત રાષ્ટ્રની બેઠક દરમિયાન, તેમણે પાકિસ્તાન દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનો મજબૂત અને તાર્કિક ખંડન કર્યું. સોશિયલ મીડિયા અને મીડિયામાં તેમના પ્રતિભાવની વ્યાપક પ્રશંસા કરવામાં આવી હતી. આ કારણે, તે અચાનક ચર્ચાનો વિષય બની ગઈ અને તેનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયું. પેટલ ગેહલોતે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી રાજકીય વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી. ત્યારબાદ તેણીએ દિલ્હી યુનિવર્સિટીની લેડી શ્રી રામ કોલેજમાંથી રાજકીય વિજ્ઞાનમાં માસ્ટર ડિગ્રી મેળવી. તેણીના શિક્ષણે રાજકારણ અને આંતરરાષ્ટ્રીય બાબતોની ઊંડી સમજણનો પાયો નાખ્યો. IFS પેટલ ગેહલોતના પારિવારિક જીવન વિશે વધુ માહિતી જાહેરમાં ઉપલબ્ધ નથી. જો કે, તે સ્પષ્ટ છે કે તેણીને બાળપણથી જ અભ્યાસ, કલા અને સંગીતમાં રસ હતો. સોશિયલ મીડિયા પર, તે પોતાને ભાષાપ્રેમી અને સંગીતકાર તરીકે રજૂ કરે છે. પેટલ ગેહલોત ૨૦૧૫માં ભારતીય વિદેશ સેવામાં જોડાયા. તેમણે ૨૦૧૪ UPSC CSEમાં ૯૬મો ક્રમ મેળવ્યો. ત્યારબાદ તેમણે વિદેશ મંત્રાલય (MEA)માં અંડર સેક્રેટરી તરીકે સેવા આપી. તેમણે યુરોપ-પશ્ચિમ વિભાગમાં કામ કર્યું છે. તેમને પેરિસ અને સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય મિશનમાં પણ પોસ્ટ કરવામાં આવ્યા છે, જેના અનુભવોએ તેમને વૈશ્વિક સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવામાં સક્ષમ બનાવ્યા છે. રાજદ્વારી ઉપરાંત, પેટલ ગેહલોતને કલા અને સંગીતમાં પણ ઊંડો રસ છે. તે ગિટાર વગાડે છે અને ગાયનનો શોખ ધરાવે છે. ફ્રાંકોફોન ડે પર ગોટિંગેન ગીતનું તેમનું ગીત સોશિયલ મીડિયા પર ખૂબ લોકપ્રિય બન્યું.



વેરાવળ ખાતે શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત

# જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓની સંકલન બેઠક યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૬

અધિક કલેક્ટર, પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓની કચેરી, ડી. એન. સતાણીના અધ્યક્ષસ્થાને ગઈકાલે શહેરી વિકાસયાત્રાને વધુ વેગથી આગળ ધપાવવા જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લાની નગરપાલિકાઓની સંકલન બેઠક વેરાવળ ખાતે મળી હતી. જેમાં ધારાસભ્યો તથા જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓના પ્રમુખ, ચીફ ઓફિસર અને પ્રાદેશિક કમિશનર કચેરીના અધિકારીઓએ ભાગ લીધો હતો. જેમાં નગરપાલિકાના વિવિધ પ્રશ્નો અને વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. સરકાર શહેરી વિકાસ યાત્રાને વધુ વેગથી આગળ ધપાવવા સંકલ્પબદ્ધ છે ત્યારે વેરાવળ શહેરના



(તસવીર : ઈકબાલ બાનવા, વેરાવળ)

આંગણે ધારાસભ્ય-તાલાલા, ભગવાનભાઈ બારડ અને ધારાસભ્ય-કેશોદ, દેવાભાઈ માલમ, કેશોદ, બાંટવા, માણાવદર, વિસાવદર, ચોરવાડ, માંગરોળ, વંથલી, જૂનાગઢ, કોડીનાર, તલાલા, સુત્રાપાડા, ઊના નગરપાલિકાઓના પ્રમુખો અને અન્ય પદાધિકારીઓ તેમજ ચીફ ઓફિસર, મ્યુનિસિપલ ઈજનેર, મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ, ટાઉન પ્લાનર, રિઝનલ ફાયર ઓફિસર, જી.યુ.ડી.સી. પ્રોજેક્ટ મેનેજર(પી.આઈ.યુ.) વગેરે હાજર રહી વિકાસ કામોની અને પ્રશ્નોની ચર્ચા કરી હતી. પદાધિકારીઓ અને ધારાસભ્યો દ્વારા લોક સમસ્યાની રજૂઆત, જી.યુ.ડી.સી. દ્વારા અમલીકૃત કામોની પ્રગતિ વધારવા, કૂતરાઓનાં રસીકરણ અને ખસીકરણના ટેન્ડર કરવા, તાલાલા નગરપાલિકાની ગત સંકલન મિટિંગના પેન્ડિંગ પ્રશ્નોનો નિકાલ કરવા, નગરપાલિકા વિસ્તારમાં આંગણવાડી બનાવવા, ટેન્ડર પ્રક્રિયા બાબત, નગરપાલિકાઓમાં વાહનો ફાળવવા, તમામ કામોમાં ગુણવત્તા જળવાઈ રહે અને સમયમર્યાદામાં કામો પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા વગેરે પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરી હતી. અધિક કલેક્ટરે ઉક્ત તમામ પ્રશ્નોનો સમયસર નિકાલ કરવા અને લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા સંબંધિતોને સૂચના આપી હતી. જ્યારે બીજા ભાગમાં તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસર અને નગરપાલિકાના સંબંધિત શાખાધિકારીઓ સાથે એનિમલ બર્થ કન્ટ્રોલ (એ.બી.સી.) રૂલની ગાઈડલાઈન મુજબ નગરપાલિકાઓની હદમાં આવતી સરકારી, અર્ધ સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમો યોજવા, રખડતાં કૂતરાઓ સંબંધે રસીકરણ અને ખસીકરણનું આયોજન કરવા તથા એ.બી.સી. સેન્ટરો બનાવવા અને રખડતાં પશુઓ માટે કેટલપોન્ડ બનાવવાની સૂચના આપવામાં આવી હતી. જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લાની નગરપાલિકાઓની આ સંકલન બેઠકથી નગરપાલિકાઓના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ થશે, શહેરમાં વિકાસના કામો વેગ પકડશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# યુવતી સાથે દુષ્કર્મ ગુજારવાના ચકચારી પ્રકરણમાં જામનગરના ઉદ્યોગપતિની મુશ્કેલીઓ વધી

## ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ધરપકડથી બચવા આગોતરા જામીન મેળવવા જતાં અદાલતે ૧૦મી ડિસેમ્બરે પોલીસ સમક્ષ હાજર થવા હુકમ ફરમાવ્યો

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૬

જામનગરના અતિ ચકચારી એવા એક યુવતીને ફાર્મ હાઉસમાં કેફી પ્રવાહી પીવડાવી દુષ્કર્મ ગુજારવા અંગેના ચકચારી કેસમાં ફરાર થઈ ગયેલા નગરના ઉદ્યોગપતિ વિશાલ મહેન્દ્રભાઈ મોદીને ગુજરાતની હાઈકોર્ટે આગામી ૧૦મી ડિસેમ્બરે તપાસનીશ પોલીસ અધિકારી સમક્ષ હાજર થવા માટેનો આદેશ કર્યો હોવાથી તેની મુશ્કેલીમાં વધારો થયો છે. જામનગરના અંબર સિનેમા વિસ્તારમાં રહેતી એક યુવતીને લોન મેળવવાના બહાને ખંભાળિયા હાઈવે રોડ પર આવેલા 'ભગવતી વિલા'માં લઈ જઈ તેને નશાકારક પ્રવાહી પિવડાવી તેણીની સાથે દુષ્કર્મ ગુજારવા અંગે તેમજ તેણીની વીડિયો ક્લિપ બનાવી લીધા બાદ તેને બ્લેકમેલ કરવા અંગેના ચકચારી પ્રકરણમાં સિક્કા પોલીસ ઉદ્યોગપતિ ને શોધી રહી હતી, દરમિયાન તેણે ધરપકડથી બચવા માટે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન માટેની અરજી કરી હતી, જેમાં અદાલતે તેને આગામી ૧૦મી ડિસેમ્બરે તપાસનીશ પોલીસ અધિકારી સમક્ષ હાજર થવા માટેના આદેશ કર્યો છે જેથી ઉદ્યોગપતિની મુશ્કેલીમાં વધારો થયો છે. જામનગર તાલુકાના સિક્કા પોલીસ પથકમાં યુવતિ દ્વારા દુષ્કર્મ અંગે નોંધાવેલી પોલીસ ફરિયાદ બાદ સૌપ્રથમ આરોપી ઉદ્યોગપતિ દ્વારા જામનગરની સેસન્સ અદાલતમાં આગોતરા જામીન મેળવવા માટે અરજી કરી હતી, પરંતુ તે અરજી નામંજૂર થઈ હતી. જેથી તેણે હાઈકોર્ટનું શરણું લીધું હતું અને ત્યાં પોતાને આગોતરા જામીન પર મુક્ત કરવા માટેની માંગણી કરી હતી, જ્યાં હાઈકોર્ટ દ્વારા તમામ વિગતો ધ્યાનમાં લેવામાં આવી હતી અને આરોપીને આગામી ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ તેના મોબાઈલ ફોન સાથે તપાસનીશ પોલીસ અધિકારી સમક્ષ હાજર થવા માટેનો આદેશ આપ્યો છે.

# જસદણમાં પૂર્વ પત્નીના પતિના હત્યા કેસમાં યુવાનને આજીવન કેદ

## છૂટાછેડા બાદ પત્નીએ બીજા લગ્ન કર્યા તો પૂર્વ પતિએ લગ્ન કરનાર યુવકની હત્યા કરી હતી

રાજકોટ, તા.૬

રાજકોટના જસદણમાં પ્રતાપપુર ગામે પૂર્વ પત્નીના પતિની હત્યા કરવાના ગુનામાં કોર્ટે યુવકને આજીવન કેદની સજા ફટકારી છે. ૩ વર્ષ પહેલાની આ ઘટનામાં કોર્ટે ૧૫ હજારનો દંડ પણ ફટકાર્યો છે. વર્ષ ૨૦૨૨માં યશવંત મકવાણાએ પત્ની કોમલને છૂટાછેડા દીધા હતા. બાદમાં પત્નીએ કમલેશ ચાવડા સાથે બીજા લગ્ન કર્યા હતા, જોકે તે લગ્નની બીજી જ રાતે પૂર્વ પતિ યશવંતે નવા પતિ કમલેશની તેના ઘર પાસે જ છરીના ઘા મારી હત્યા નિપજાવી દીધી હતી. અમરેલીના વડિયામાં રહેતા યશવંત મકવાણાએ કોમલ સાથે લગ્ન કર્યા હતા. બાદમાં જૂન - ૨૦૨૨માં પત્ની કોમલને છૂટાછેડા આપી દીધા હતા. છૂટાછેડા થઈ ગયા બાદ કોમલે જસદણના પ્રતાપપુરના કમલેશ મોહનભાઈ ચાવડા સાથે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ લગ્ન કરી લીધા હતા. પૂર્વ પત્નીએ કરેલા આ લગ્નથી પૂર્વ પતિ યશવંતને ખરાબ લાગ્યું હતુ. તે છૂટાછેડા બાદ કોમલને પરત લઈ આવવા માગતો હોવાથી કમલેશની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. ૧૬ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ રાત્રે યશવંત કમલેશ ચાવડાના ઘરે પહોંચ્યો હતો. કમલેશને બહાર બોલાવી મકાનના નવેરામાં ઉપરાછાપરી છરીના ઘા મારી તેની હત્યા કરી નાંખી હતી. આ બાબતે કમલેશના ભાઈ વિનોદભાઈ ચાવડાએ ફરિયાદ નોંધાવી હતી અને પોલીસ તપાસના અંતે આરોપી યશવંત સામે ચાર્જશીટ રજૂ કરવામાં આવી.વિવિધ રજૂઆતો અને દલીલો બાદ કોર્ટે આરોપી યશવંત ઉર્ફે અશ્વિન મહેશભાઈ મકવાણા (ઉં.વ.૪૦, રહે. વડિયા મફતિયા પરા, અમરનગર રોડ, તા.વડિયા, જિ. અમરેલી)ને કમલેશ ચાવડાની હત્યા બદલ આજીવન કેદ અને રૂા.૧૫૦૦૦નો દંડ ફટકાર્યો છે.

જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા

# રૂા.૧૭ કરોડ ૯૯ લાખના વિવિધ વિકાસ કામના ખર્ચને મંજૂરી અપાઈ

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૬

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી જેમાં કુલ રૂા.૧૭ કરોડ ૯૯ લાખના વિવિધ વિકાસ કામોના ખર્ચને બહાલી આપવામાં આવી હતી. આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન નિલેશ બી. કગથરાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. તેમાં કુલ ૧૧ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, કમિશનર ડી.એન.મોદી, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, સિટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, ઈચા. આસી. કમિશનર (ટે.) જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અમૃત ૨.૦ યોજના ની ગ્રાન્ટ હેઠળ જામનગર શહેરમાં વોર્ડ નં.૧૫માં રે. સર્વે નં.૧૩૦૨ પૈકીની જગ્યામાં ૪.૭૨ એમ.એલ.ડી. લીફ્ટીંગ પમ્પીંગ સ્ટેશન અને મેઈન્ટેનન્સ સાથેના કામે કમિશનરની રજૂ થયેલ દરખાસ્ત અન્વયે રૂા.૮૧.૭૮ લાખ, જામનગર શહેરમાં ટી.પી. સ્કીમ નં.૫, અંતિમ ખંડ નં.૧૮/બી વાળી જગ્યામાં મલ્ટી પર્પઝ કલ્ચરલ કોમ્પલેક્ષ (ઓડીટોરીયમ) બનાવવાના કામે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસીસ માટે રૂા. ૬૦.૪૩ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. હાપા વિસ્તારમાં રૂા.૩૫ કરોડના ખર્ચથી ઓડિટોરિયમ બનાવવામાં આવનાર છે. જામનગર મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓમાં ટેકનિકલ અને વહિવટી કામગીરી માટે જુદી-જુદી જગ્યાઓ પર ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની નવી નિમણુંક અંગેની દરખાસ્ત અન્વયે ૬ માસ માટે નવી નિમણુંક આપવાનું મંજૂર કરાયું છે. જ્યારે જામનગર મહાનગર પાલિકાની જુદી-જુદી જગ્યાઓ ઉપર વધારાની કામગીરી માટે સ્પે. એલાઉન્સ આપવા અંગે કમિશનરની રજૂ થયેલ દરખાસ્ત પણ મંજૂર કરવામાં આવી હતી.

# જામનગરના ૮૬ જરૂરિયાતમંદ પરિવારને મળશે ઘરનું ઘર

## વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનની પ્રેરણાદાયી પહેલ

જામનગર, તા.૬

જામનગરના જરૂરિયાતમંદ મેમણ પરિવાર માટે વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન દ્વારા કાલાવડ નાકા બહાર મોરકંડા રોડ પર અનમોલ પાર્ક ખાતે આધુનિક સુવિધા યુક્ત ૪૩ ટેનામેન્ટ બનાવવામાં આવ્યા છે અને આ ટેનામેન્ટ વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનના ડો. હસીન અઘાડી તેમજ હલાઈ મેમણ જમાતના પ્રમુખ હાજી અ. રસીદ લુસવાલા (ગુડલક) સહિત વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન અને હાલાઈ મેમણ જમાતના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં આવતીકાલે જામનગર મેમણ જમાતના ૮૬ જેટલા જરૂરિયાતમંદોને મકાનની ચાવી સોંપવામાં આવશે. નોંધનીય છે કે, જમાતના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તેમજ સ્વરોજગારી માટે રૂપિયા ૭ લાખ સુધીની વગર વ્યાજે લોન પણ આપવામાં આવે છે.

# જૂનાગઢમાં અગાઉનાં પૈસાની ઉઘરાણી કરી અઢી લાખ માંગ્યા : પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૬

જૂનાગઢમાં રેતીના ધંધાર્થે મળવા બોલાવી અગાઉના ૭૦ હજારની ઉઘરાણી કરી ત્રણ શખ્સોએ મારમારી અઢી લાખની માંગણી કરી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ બી-ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર બી-ડિવિઝન પોલીસ મથકે રોહીતભાઈ ગોવીંદભાઈ મિયત્રાએ સાગરભાઈ ભગવાનજીભાઈ સોઢીયા, અજયભાઈ કાગડા અને કારૂભાઈ કરેણા વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આરોપી સાગર સાથે ફરિયાદી સાથે રેતીનું કામ કરતા હતા. જેમાં તેઓના ૭૦ હજાર રૂપિયા ફરિયાદી પાસે નીકળતા હોય તે બાબતે આરોપી સાગરે પોતાના જાણીતા અજય કાગડા અને કારૂભાઈ કારેણા સાથે મળી ફરિયાદીને ફોન કરી રેતીના ધંધાર્થે મળવાનું બહાનું કરી બોલાવી અઢી લાખ રૂપિયાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાપટો મારી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોડેલીના અલીપુરા પંથકમાં આંગણવાડીના અભાવથી બાળકો પાયાના શિક્ષણથી વંચિત

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૬

બોડેલીના અલીપુરા ડેપો પાછળ અને ડેપો સામેના વિસ્તારોમાં આંગણવાડીનો અભાવને લઈ જેથી બાળવિકાસ માટેની મૂળભૂત સુવિધાઓ વંચિત રહે છે.

બોડેલીના અલીપુરા ડેપો પાછળ તથા ડેપો સામે આવેલા રામનગર, ગંગાનગર, ગજાનંદ, જનકલ્યાણ સહિતના વિસ્તારોમાં અંદાજે ૩૫૦૦-૪૦૦૦ જેટલી વસ્તી વસે છે, છતાં પણ અહીં એક પણ આંગણવાડી કેન્દ્ર કાર્યરત નથી, જેના કારણે નાના બાળકો પાયાની સુવિધાથી વંચિત થઈ રહ્યા છે.

સરકારના નિયમો મુજબ દર ૫૦૦-૭૦૦ વસ્તી પાછળ એક આંગણવાડી ફરજિયાત હોવી જોઈએ. તે પ્રમાણે આ વિસ્તારમાં ઓછામાં ઓછું ૫-૬ આંગણવાડી કેન્દ્રો થવા જોઈએ. પરંતુ હકીકતમાં એકપણ કેન્દ્ર ન હોવાને કારણે માતા-પિતાઓને પોતાના નાના બાળકોને મંજીપુરા, અલીખેરવા અથવા પ્રાઈવેટ આંગણવાડીમાં મોકલવા મજબૂર થવું પડે છે, જે આ વિસ્તારમાંથી કાફી દૂર આવેલ છે.સ્થાનિક લોકોએ ICDS વિભાગના અધિકારીઓને રજૂઆત કરતા જાણવા મળ્યું કે આ વિસ્તાર માટે આંગણવાડીની મંજૂરીને ૨ વર્ષથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ જગ્યાની ફાળવણી ન થવાને કારણે કામ અટકી ગયું છે.

જ્યારે આ અંગે બોડેલી TDO સાથે વાત કરવામાં આવી ત્યારે તે જવાબ મળ્યો કે "આ વિસ્તાર હવે અમારી હદમાં આવતો નથી, કારણ કે નવું નગરપાલિકા થયું છે."

સ્થાનિક રહેવાસીઓનો સવાલ એ છે કે "શું આવા બેદરકાર વલણવાળા અધિકારીઓના કારણે નાના બાળકો તેમના પાયાના અધિકારો અને સુવિધાઓથી વંચિત રહેવાના ?" "આ વિસ્તારની આંગણવાડીનો નિકાલ ક્યારે થશે ? કે હજુ કેટલો સમય રાહ જોવી પડશે ?" વિસ્તારના લોકો હવે જગ્યાની ફાળવણી અને આંગણવાડી શરૂ કરવાની સ્પષ્ટ સમયસર કાર્યવાહીની માંગ કરી રહ્યા છે, જેથી બાળવિકાસ માટેની મૂળભૂત સુવિધાઓ મળીને નાના બાળકોનું ભવિષ્ય સુરક્ષિત બને.

# વેરાવળના દરિયામાં ઓવરલોડથી બોટ પલટી જતાં એક માછીમારનું મોત : ૩નું રેસ્કયુ

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૬

વેરાવળ બંદર નજીક અરબી સમદ્રમાં એક ગંભીર દરિયાઈ દુર્ઘટના સર્જાઈ છે. માછીમારી કરીને પરંત ફરી રહેલી એક ફિશિંગ ટ્રોલર બોટ ઓવરલોડના કારણે પલટી જતાં, બોટમાં સવાર એક માછીમાર અરવિંદ ભારાવાલાનું ડૂબી જવાથી કરૂણ મૃત્યુ થયું છે. જોકે, અન્ય ત્રણ ખલાસીને સમયસર બચાવી લેવાયા હતા.

રેસ્ક્યુ બાદ સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, મૃતદેહ માછલીઓના ઢગલા નીચે દટાયેલો છે. જાળમાં ફસાયેલી કેટલીક માછલીઓ મૃતદેહને ખાઈ રહી છે. તો કેટલીક માછલીઓ તરફડીને મરી રહી છે. ઓવરલોડના કારણે બોટ પલટી જતાં, બોટમાં સવાર એક માછીમારનું ડૂબી જવાથી કરૂણ મોત થયું હતું. આશરે ૨ નોટિકલ માઈલ દૂર સમદ્રમાં મુકેશ કિશન વણકની બોટ અકસ્માતનો ભોગ બની હતી. આ દુર્ઘટના ગુરૂવાર, તા.૪ ડિસેમ્બરના રોજ મોડી સાંજે બની હતી. જેમાં

બચી ગયેલા માછીમારો માં યુવાન અજય કિશન વણિક, રાકેશ કિશન વણિક, મહેશ નાથાલાલ ફોફંડી જ્યારે અરવિંદ ભારાવાલા નામના માચ્છીમારનું મૃત્યુ થયું છે. અતિશય પ્રમાણમાં માછલી ફસાતાં બોટ પલટી ગઈ હતી. વેરાવળ માછીમાર બોટ એસોસિએશનના પ્રમુખ તુલસીભાઈ ગોહેલે આપેલી માહિતી મુજબ, વેરાવળ જાલેશ્વર નજીક છેલ્લીવાર જાળ નાખવામાં આવી હતી. આ જાળમાં અતિશય પ્રમાણમાં માછલી ફસાતાં બોટ પર ભારે ઓવરલોડ આવ્યો હતો.

બોટમાં સવાર માછીમાર અરવિંદ ભારાવાલાનો ચહેરો માછલીઓએ કરડી ખાધો હતો. જાળ ખેંચતાં જ ફિશિંગ બોટ ઊંધી વળી જાળ પાછી ખેંચવામાં આવી રહી હતી, ત્યારે માછલીના અસામાન્ય વજનને કારણે બોટ એક તરફ વધુ પડતી ઝૂકી ગઈ હતી. જોતજોતામાં બોટ સંપૂર્ણપણે પલટી મારી ગઈ, જેના કારણે બોટમાં સવાર ચાર માછીમાર દરિયામાં પટકાયા હતા. ઝડપી કાર્યવાહીના પગલે ત્રણ ખલાસીને સમયસર બચાવી લેવાયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં માછીમારી કરી રહેલી અન્ય બોટોના માછીમારોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. આ ઝડપી કાર્યવાહીમાં ત્રણ ખલાસીને સુરક્ષિત રીતે બચાવી લેવામાં સફળતા મળી હતી. આ બનાવથી માછીમાર સમુદાયમાં શોકનો માહોલ છવાયો છે. આ ગંભીર દરિયાઈ દુર્ઘટનાના પગલે માછીમાર સમુદાયમાં સલામતીના પ્રશ્નનો ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.

# પાલીતાણાના દુધાળા પાટિયા પાસેથી પિસ્ટલ સાથે ખોડવદરીનો શખ્સ ઝડપાયો

પાલીતાણા, તા.૬

પાલીતાણા ગારિયાધાર રોડ પર દુધાળા ગામના પાટીયા પાસેથી ભાવનગર લોકલ ક્રાઈમબ્રાંચે પિસ્ટલ સાથે ખોડવદરી ગામના શખ્સને ઝડપી લઈ પાલિતાણા રૂલર પોલીસ મથકમાં ગુનો નોંધ્યો છે. પાલિતાણા ગારિયાધાર રોડ પર દુધાળા ગામના પાટીયા પાસે ગેરકાયદે હથિયાર સાથે ગારિયાધારના ખોડવદરી ગામનો સોહિલ ઉર્ફે ભાણો ફીરોઝભાઈ જોખીયા ઉભો હોવાની બાતમી પાલિતાણા ડિવિઝનમાં પેટ્રોલિંગમાં રહેલી ભાવનગર લોકલ ક્રાઈમબ્રાંચને મળી હતી. જે બાતમીના આધારે લોકલ ક્રાઈમબ્રાંચે તપાસ કરતા દુધાળા ગામના પાટીયા પાસે ઉભેલા સોહિલ જોખીયાને



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

તપાસતા તેના કમરના ભાગે પેન્ટના નેફામાં લાયસન્સ વગર ગેરકાયદે રૂા.૫,૦૦૦ની કિંમતની પિસ્ટલ સાથે ઝડપી લીધો હતો. બનાવ અંગે લોકલ ક્રાઈમબ્રાંચે પાલિતાણા રૂલર પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રજાજનોની દશા પાડાના વાંકે પખાલીને ડામ જેવી

# બોડેલી પંચાયતનું જન્મ-મરણ રેકર્ડ ફાટીને નાશ પામતાં પ્રજાને દાખલો મેળવવામાં મુશ્કેલી

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૬

બોડેલી નગરપાલિકામાં સમાવેશ બોડેલી ગ્રામપંચાયતના સમયના જન્મ-મરણ રજિસ્ટરના કાગળો ફાટી ગયા કે ખોવાઈ જતાં અનેક વર્ષોના રેકોર્ડ ગુમ થતા લોકોને જન્મ-મરણની નોંધણી રેકોર્ડ મળવો મુશ્કેલ બન્યું છે. બોડેલી નગરપાલિકા ક્ષેત્રમાં સમાવેશ થતાં પૂર્વ બોડેલી ગ્રામપંચાયત ઓફિસમાં રાખવામાં આવેલા જન્મ-મરણ નોંધણીના રજિસ્ટરના કાગળો ફાટી ખોવાઈ ગયા હોવાની માહિતી બહાર આવી છે. પરિણામે અનેક વર્ષોનો મહત્વનો રેકોર્ડ ગુમ થયું છે, જેનાં કારણે નાગરિકોને જન્મ અથવા મરણનું પ્રમાણપત્ર મેળવવામાં ભારે મુશ્કેલીઓ



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

પડી રહી છે. સૂત્રો મુજબ, જૂના રજિસ્ટરમાં જ્યાં સુધી નામ મળી જાય ત્યાં સુધી તો પ્રમાણપત્ર મળવું સરળ બને છે. પરંતુ રજિસ્ટરના પાનાં નાશ પામ્યા હોવાથી મોટા ભાગના વર્ષોના રેકોર્ડ મળી રહ્યા નથી. રેકોર્ડ ન મળતા લોકો 'અપ્રાપ્ય પ્રમાણપત્ર' લઈને મામલતદાર કચેરીમાં નવી અરજી કરવાની ફરજ પડે છે, જેમાં સ્ટેમ્પ, એફિડેવિટ, પેઢીનામું, તેમજ અખબારમાં જાહેરનામું-આ બધું મળીને અંદાજે રૂા.૩,૦૦૦થી રૂા.૪,૦૦૦ સુધીનો ખર્ચ થાય છે. આમ ગ્રામજનો સ્થિતિ પાડાના વાંકે પખાલીને ડામ જેવી થઈ છે. આ પરિસ્થિતિને કારણે સામાન્ય નાગરિકો પર અનાવશ્યક આર્થિક બોજ પડે છેઅને રેકોર્ડ સાચવવામાં બોડેલી ગ્રામપંચાયતની બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે નારાજગી છે.

# શીલ જીઆઈડીસીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે ૪ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચે શીલ જીઆઈડીસીમાં ઓલ ગણેશ એન્ટરપ્રાઈઝ નામના ગોડાઉનમાં દારૂનો જથ્થો હોવાની બાતમીના આધારે દરોડો પાડી ૪ શખ્સોને રૂા.૪૯,૪૧,૮૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ચોરવાડના સચિન ભીખા ચુડાસમા, હેમાંગ ભદ્રેશ પાઠક, હરેશ રામજી પંડિત તથા વિશાલ બચુ ચુડાસમાએ ભાગીદારીમાં જૂનાગઢના ગાંધીગ્રામનો રવિ હમીર ભારાઈ મારફતે વિદેશી દારૂનો જથ્થો મંગાવી માંગરોળ તાલુકાના શીલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ગણેશ એન્ટરપ્રાઈઝ નામના ગોડાઉનમાં રાખેલ છે અને દારૂનું કટીંગ કરે છે એવી બાતમી જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી જેના આધારે પીઆઈ પટેલ, પીએસઆઈ ડી.કે. સરવૈયાની ટીમે તપાસ કરતા રૂપિયા ૨૯,૬૧,૮૪૦ના ઈંગ્લિશ દારૂની ૧૩,૮૦૦ બોટલ સાથે ચોરવાડનો પરેશ રામજી પંડિત, અતુલ કીર્તિ ચુડાસમા, પંકજ અરજણ સેવરા અને મૂળ મક્તુપુરનો હાલ માંગરોળની ભવાની સોસાયટીમાં રહેતો જયપાલસિંહ જશુભા ચુડાસમાની ધરપકડ કરી હતી. સ્થળ પરથી દારૂ ઉપરાંત કાર, મોપેડ, ટ્રેક્ટર, ૭ મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૪૯,૪૧,૮૪૦નો મુદ્દામાલ કબજે લઈ જૂનાગઢનો રવિ હમીર ભારાઈ, ચોરવાડનો હેમાંગ ભદ્રેશ પાઠક, સચિન ભીખા ચુડાસમા તથા વિશાલ બચુ ચુડાસમાની સામે કાર્યવાહી કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# જૂનાગઢમાં રૂા.૧૯,૦૦૦ની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૬

જૂનાગઢમાં પૈસા જમા કરાવવાના રૂપિયા લઈ ખોટા ટ્રાન્જેકશનના મેસેજ બતાવી રૂા.૧૯,૦૦૦ની છેતરપિંડી કર્યાની ફરિયાદ સી ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર સી ડિવિઝન પોલીસ મથકે સરમણભાઈ બીજલભાઈ સિંધવએ રૂદ્ર પટેલ વિરૂદ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદી તથા સાહેદ સાથે છેતરપિંડી કરવાના ઈરાદાથી ફરિયાદીને વિશ્વાસમાં લઈ એટીએમમાં જમા કરાવવાના રૂા.૧૨ હજાર તેમજ રોહીતભાઈ વાળા પાસેથી ૭ હજાર રોકડા લઈ મોબાઈલ ફોનમાં રહેલ ખોટી ફોન પે એપ દ્વારા ટ્રાન્ઝેકશન થયાનો ખોટો મેસેજ બતાવી ફરિયાદી અને સાહેદ સાથે ૧૯ હજારની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરા એરપોર્ટ પર મુસાફરોનો હોબાળો : વધુ છ ફ્લાઈટ રદ, બે ફ્લાઈટ ૪ કલાક લેટ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૬

ઈન્ડિગો એરલાઈન્સમાં અચાનક સ્ટાફની અછત અને ટેકનિકલ મેનેજમેન્ટ સમસ્યાઓના કારણે હજારો મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા છે. છેલ્લા બે-ત્રણ દિવસથી વડોદરા એરપોર્ટથી પણ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી રહી છે અથવા મોડી પડી છે, જેના કારણે મુસાફરોએ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. એરપોર્ટ પર રિફન્ડ અને રી-બુકિંગ માટે મુસાફરોની કતારો જોવા મળી છે અને મુસાફરો દ્વારા એરલાઈન પાસેથી સમયસર માહિતી અને વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવાની માંગ કરવામાં આવી છે. છેલ્લા બેથી ત્રણ દિવસથી ભારતની સૌથી મોટી એરલાઈન્સ કંપની ઈન્ડિગો સંકટમાં મૂકાઈ છે. જેના કારણે ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. એક હજારથી વધુ ફ્લાઈટો કેન્સલ થવાના કારણે અનેક મુસાફરોના મહત્ત્વના કામકાજ ખોરવાયા છે. દેશભરનાં એરપોર્ટ્સ પર અફરાતફરીનું વાતાવરણ સર્જાયું છે. આજેપણ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર ૧૫૫ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. વડોદરા એરપોર્ટ ખાતે ગઈકાલે આઠ ફ્લાઈટ કેન્સલ થતાં એક હજાર મુસાફરોની હાલત કફોડી બની હતી. આજે ઈન્ડિગો એરલાઈનની કુલ છ ફ્લાઈટ્સ રદ થતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. એરલાઈન દ્વારા ઓપરેશનલ અથવા ટેક્નિકલ કારણો દર્શાવી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આજે ઈન્ડિગોની 6E-2178 હૈદરાબાદ-વડોદરા, 6E-105 વડોદરા-ગોવા, 6E-104 ગોવા-વડોદરા, 6E-2179 વડોદરા- હૈદરાબાદ, 6E-2168 મુંબઈ-વડોદરા અને 6E-5138 વડોદરા -મુંબઈ ફ્લાઈટ્સ રદ તથા સવારની ૬ઈ-૫૧૨૬ મુંબઈ-વડોદરા અને 6E 6087 વડોદરા-મુંબઈ ફ્લાઈટ્સ ૪ કલાક લેટ થતાં મુસાફરોની કનેક્ટિંગ ફ્લાઈટ્સ, બિઝનેસ મીટિંગ્સ તથા પ્રવાસના અન્ય આયોજન પડતા મૂકાયા છે. એરપોર્ટ પર અટવાયેલા એક મુસાફરે જણાવ્યું હતું કે, બેંગ્લોર પહોંચી સોમવારે જોબ શરૂ કરવાની છે, અન્ય કોઈ ઓપ્શન નથી. આવતીકાલની ફ્લાઈટનું નક્કી ન હોવાથી પ્લાનિંગ ખોરવાયું છે. અન્ય એક મહિલા મુસાફરનું કહેવું હતું કે, આજે સવારે ફ્લાઈટ કેન્સલ થઈ હોવાની જાણ કરી છે, સોફ્ટવેરમાં ખામી હોય તો બોર્ડિંગ પાસ કેવી રીતે ઈસ્યુ થાય ? હવે આવતીકાલે ઓફિસ બંધ હોવાનું જણાવે છે. બેંગલોરની ફ્લાઈટ કેન્સલ કરી વડોદરાથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ ફ્લાઈટનું રિ શિડયુઅલ કરી આપ્યું છે, હવે વડોદરાથી મુંબઈની ફ્લાઈટ લેટ છે અને મુંબઈથી બેંગ્લોરની ફ્લાઈટ કેન્સલ થઈ છે.

### પુત્રીની ચિંતામાં માતાએ કહ્યું, મારી દીકરીને કંઈક થશે તો ઈન્ડિગોનું આવી બનશે

મહિલા મુસાફર ગીતાબેનનું એરપોર્ટ ખાતે ઈન્ડિગો સ્ટાફને કહ્યું હતું કે, બેંગ્લોર ખાતે મારી ગર્ભવતી દીકરી એકલી છે અને હોસ્પિટલમાં એડમિટ છે, તેને કંઈ થયું તો છોડીશ નહીં. ઈમરજન્સીમાં બેંગ્લોર જવું છે, હવે મને ફ્લાઈટ કેન્સલ કરાવવા જાણ કરી રહ્યા છે, જણાશે તો કાયદાકીય કાર્યવાહી પણ કરીશ.

રાજ્ય પોલીસવડા વિકાસ સહાય દ્વારા

# શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ વડોદરા રેન્જના ૩ પીઆઈ અને ૬ પીએસઆઈનું સન્માન




(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૬

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે વડોદરા રેન્જ આઈજી કચેરીની વાર્ષિક ઈન્સ્પેક્શનને લઈ મુલાકાત લીધી હતી. ત્યારબાદ પોલીસ વડા સાથે બેઠક યોજી હતી અને તેમની વાર્ષિક કામગીરીની સમીક્ષા પણ કરી હતી. આ ઉપરાંત ડીજીપી દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં રાત્રિના સમયે પેટ્રોલિંગ સઘન બનાવવા સાથે કોર પોલિસિંગ કરવા માટે અધિકારીઓને સૂચનો પણ કરવામાં આવ્યા હતા. રાજ્ય પોલીસ વડાએ વડોદરા રેન્જ કચેરી સાથે જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પીઆઈ અને પીએસઆઈનું સન્માન કરી પ્રોત્સાહિત કરાયા હતા અને ડીજીપીએ રેન્જ વિસ્તારના ચાર જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી બદલ ૩ પીઆઈ અને ૬ પીએસઆઈને પ્રશસ્તિપત્ર અને ઈનામ એનાયત કર્યા હતા. આ પ્રસંગે આઈ.જી.શેખ સહિત આઈ જી સંદીપ સિંગ, ભરૂચના એસપી, વડોદરા ગ્રામ્ય એસપી સુશીલ અગ્રવાલ, નર્મદા જિલ્લા એસપી વિશાખા ડબરાય અને છોટાઉદેપુર જિલ્લાના એસપી પણ ઉપસ્થિત રહ્યા હતા.

### સન્માનિત કરાયેલા અધિકારીઓ

૧. જી.વી.ગોહીલ, પો.ઈન્સ ક્રાઈમ ટેબલ ૦૧ વડોદરા વિભાગ, વડોદરા
૨. એન.એન.દેસાઈ, પો.ઈન્સ ક્રાઈમ ટેબલ–૦૨ વડોદરા વિભાગ, વડોદરા
૩. એમ.એફ.ડામોર, પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી.છોટાઉદેપુર
૪. ડી.કે. પંડ્યા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, કરાલી પોલીસ સ્ટેશન છોટાઉદેપુર
૫.એ.ડી.ચૌહાણ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર,જિલ્લા ટ્રાફીક, છોટાઉદેપુર
૬. વી.એન.ચાવડા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, બોડેલી પોલીસ સ્ટેશન છોટાઉદેપુર
૭. સી.ડી.પટેલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી.નર્મદા
૮. આર.જી.ચૌધરી, પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી નર્મદા
૯. વી.જી.લાંબરીયા, પો.ઈન્સ રીડર શાખા વડોદરા ગ્રામ્ય
૧૦. એ.કે.ભરવાડ, પો.ઈન્સ કરજણ વડોદરા ગ્રામ્ય
૧૧. પી.કે.ભુત, પો.સ.ઈ એલ.સી.બી વડોદરા ગ્રામ્ય
૧૨.પી.જી.ચાવડા, પોલીસ ઈન્સ્પેક્ટર, અંક્લેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન
૧૩. આર.એસ. ચાવડા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, પેરોલ ફર્લો સ્ક્વોડ, ભરૂચ

# મોડાસાની કૃષ્ણનગર સોસાયટીમાં ૨૦ દિ'થી દૂષિત પાણી મળતાં રહીશોમાં ઉગ્ર રોષ



(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૬

મોડાસા શહેરમાં નગરપાલિકા દ્વારા રોડ, વરસાદી ગટર અને ભૂગર્ભ ગટર માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં શહેર સતત ખોદકામ અને બેદરકારીની સમસ્યાઓમાંથી બહાર નથી આવી રહ્યું. ખાસ કરીને માલપુર રોડ પર આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં છેલ્લા ૨૦ દિવસથી પીવાના પાણીમાં ગટરના દૂષિત પાણી ભળતા રહીશો ભારે હાલાકી અનુભવી રહ્યા છે. રહીશોના જણાવ્યા મુજબ, પાણીમાં અસહ્ય દુર્ગંધ અને કાળી ગંદકી જોવા મળે છે. ભૂગર્ભ ગટર કામકાજ દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા બેદરકારી દાખવવામાં આવી હશે અથવા પીવાના પાણીની પાઈપલાઈન લીક થઈ રહી હોય તેવી શંકા વ્યક્ત થઈ રહી છે. તો વળી અનેક ઘરોની ગટરો ઊભરાતા રોડ પર ગંદુ પાણી વહે રહ્યું છે, જેના કારણે લોકો તોબા પોકારી ઉઠ્યા છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાનો ભય લોકોમાં ફેલાયો છે. સોસાયટીના રહીશો કોર્પોરેટર સુધી પહોંચવાનો પ્રયાસ કરતા તેઓ મળ્યા નથી. અંતે સોસાયટીમાં રહેતી આમ આદમી પાર્ટીની મહિલા નેતાએ લેખિતમાં નગરપાલિકા પાસે રજૂઆત કરી હતી. નગરપાલિકા કર્મચારીઓ સ્થળ પર આવી પરીક્ષણ કરી ગયા બાદ ખાડાઓ ખોદીને ખુલ્લા મૂકી દીધા હતા, પરંતુ કોઈ સમારકામ હાથ ધરવામાં આવ્યું નથી. પરિણામે રહીશો વલખા મારીને શુદ્ધ પાણી શોધવા મજબૂર બન્યા છે. ઘણા લોકોને વેચાતું પાણી લેવું પડી રહ્યું છે. રહીશોએ નગરપાલિકા તંત્ર અને સત્તાધિશો સામે ઉગ્ર રોષ વ્યક્ત કરી તાત્કાલિક સમારકામ અને દૂષિત પાણીની સમસ્યા ઉકેલવા માટેની માંગ કરી છે.

# નડિયાદમાં કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા ડૉ.બાબાસાહેબને શ્રદ્ધાસુમન અર્પણ



(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૬

ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૯મા મહાપરિનિર્વાણ દિન નિમિત્તે નડિયાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગના મહામંત્રી દિનેશચંદ્ર રાઠોડની આગેવાનીમાં ખેડા જિલ્લા કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ખેડા જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા, જિલ્લાના આગેવાનો ઐયુબખાન પઠાણ, એડવોકેટ પારૂલબેન મકવાણા, એડવોકેટ યતીભાઈ મકવાણા, અશોકભાઈ રાઠોડ, કિરીટભાઈ મેકવાન, પાઉલભાઈ પરમાર અને મિલન ફેક્ર સહિતના કાર્યકરોએ ડૉ. બાબાસાહેબના ૬૯મા મહાપરિનિર્વાણ દિને નડિયાદમાં શાક માર્કેટ નજીક આવેલી પ્રતિમાને ફૂલહાર કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે મહામંત્રી દિનેશચંદ્ર રાઠોડ અને અન્ય અગ્રણીઓએ બાબાસાહેબના જીવન અને કાર્યોની મહત્તા પર ભાર મૂક્યો હતો.

# હિંમતનગર ટાઉનહોલ ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૬

હિંમતનગર ટાઉનહોલ ખાતે શનિવારે દિવ્યાંગ સેવા ટ્રસ્ટ દ્વારા વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દિવ્યાંગજનોને પ્રોત્સાહિત કરવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. જિલ્લા પોલીસ વડા ડો.પાર્થરાજસિંહ ગોહિલે આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દિવ્યાંગોને માથું ઊંચું કરીને સન્માનભેર જીવન જીવો તેવી શુભેચ્છા પાઠવી હતી. દિવ્યાંગજનોને પ્રોત્સાહન પૂરૂં પાડતા સક્ષમના મનુભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, ઓલિમ્પિક્સ માં જેટલા ગોલ્ડમેડલ આપણો દેશ જીત્યો છે તેના કરતાં દોઢ ઘણા વધુ મેડલ પેરા ઓલિમ્પિક્સમાં આપણો દેશ જીત્યો છે. વિરાટ કોહલીને જાહેરાતમા લેવા માટે અનેક કંપનીઓ પાછળ દોડે છે તેની જગ્યાએ આ દિવ્યાંગ ખેલાડીઓને જાહેરાતમાં લેવા દોટ લાગવી જોઈએ. ત્યારે સાચા અર્થમાં સમાજનું પરિવર્તન દેખાશે. આ પ્રસંગે જયદીપ ગઢવીએ લોક ડાયરા પ્રસ્તુત કર્યો હતો તેમજ હાસ્ય કલાકાર શ્રી બબલુભાઈ રબારી દ્વારા ઉપસ્થિતોનું મનોરંજન કરવામાં આવ્યું હતું. તેમજ સુભાષચંદ્ર બોઝનું એકપાત્રી અભિનય પ્રસ્તુત કરાયું હતું. સુધાબેન જોષીએ ઉપસ્થિત સૌ દિવ્યાંગજનોને ભોજન અને બેગ ભેટમાં આપી હતી. આ પ્રસંગે જિલ્લા સમાહર્તા લલિત નારાયણ સિંઘ સાંદુ, નગરપાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, સમાજ સુરક્ષા અધિકારી મનીષ જોષી, અગ્રણી સર્વે ગોપાલસિંહ રાઠોડ, શૈલેષ જોષી, પ્રકાશ વૈધ, સુધાબેન જોશી, કલ્પેશ કટારીયા સહિત મોટી સંખ્યામાં દિવ્યાંગનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરામાં શિફા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ખત્ના કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૬

શિફા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વડોદરા શહેરના વાડી જહાંગીરપુરા વિસ્તારમાં નિશુલ્ક ખતના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પવિત્ર તિલાવતે કુરાનથી કરવામાં આવી હતી. આ કેમ્પમાં શહેર સહિત શહેરની બહારથી આવેલા લગભગ ૧૫૦ લોકોએ લાભ લીધો હતો. ગોધરાના પ્રખ્યાત નિષ્ણાત ડૉ. અબ્દુલ્લા ખલીફા દ્વારા બાળકોની ખત્ના કરવામાં આવી હતી સાથે આ ટ્રસ્ટ દ્વારા આવનવાર વિવિધ જાતના નિશુલ્ક કેમ્પો યોજવામાં આવે છે જેમાં આ કેમ્પમાં તમામ મહેમાનો માટે નિષ્ઠાન સાથે જમવાની વિશેષ વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. તેમજ આ કાર્યક્રમ દરમિયાન સમાજ સેવા ક્ષેત્રે યોગદાન આપનાર વડોદરાના સામાજિક કાર્યકર અને એડવોકેટ જુનેદભાઈ સૈયદ, તથા સામાજિક કાર્યકર હુસેનભાઈ મુલતાની અને બ્લડ ડોનેશન કેમ્પના વડા ફારૂકભાઈ શેખ આ ત્રણેયને ટ્રસ્ટના વડાનો મુફતી તલ્હા અને મોહમ્મદ હુસેનભાઈ (ઉર્ફે જોનીભાઈ) દ્વારા પુષ્પગુચ્છ તથા એવોર્ડ આપી

# શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર કારમાંથી ૧.૦૫ કરોડની રોકડ મળતાં પોલીસ ચોંકી ઊઠી

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૬

શામળાજી પીઆઈ એસ.એસ. માલ અને તેમની ટીમે સમગ્ર વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા સઘન પેટ્રોલિંગ હાથધરી રાજસ્થાન રાજ્યને અડીને આવેલ રતનપુર ચેકપોસ્ટ પર રાઉન્ડ ધી ક્લોક પોલીસ જવાનો તૈનાત કર્યા છે. વહેલી સવારે ઉદેપુર તરફથી આવતી વેન્યુ કારને અટકાવી તલાશી લેતા કાર આગળ બોનેટ પર કાપડની થેલીઓ જોવા મળતા પોલીસે કાપડની થેલી ખોલતા રૂા.૫૦૦ની નોટના અધધ બંડલ જોઈ ચોંકી ઉઠી હતી. કન્સ્ટ્રક્શનના ધંધાર્થી કારચાલક વિનોદ રામલાલજી પટેલ (રહે,ધુવલીયા, ડુંગરપુર-રાજસ્થાન)રોકડ રકમ અંગે પૂછપરછ કરતા આટલી મોટી રકમ ક્યાંથી લાવવામાં આવી હતી અને ક્યાં પહોંચાડવાની હતી ? તે અંગે યોગ્ય ખુલાસો નહીં કરી શકતા પોલીસે કાર ચાલક વિરૂદ્ધ જાણવાજોગ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. શામળાજી પીઆઈ એસ.એસ. માલને કારમાંથી મળેલ ૧.૦૫ કરોડ રકમ અંગે પૃચ્છા કરતા જણાવ્યું હતું કે રોકડ રકમ અંગે આવકવેરા વિભાગને જાણ કરવામાં આવી છે.

# ભરૂચમાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે ચાર કરોડના ખર્ચે બનેલી ટાંકીઓનું લોકાર્પણ કરાયું



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૬

ભરૂચ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના-જનભાગીદારી યોજના (નલ સે જલ) અંતર્ગત મંજૂર થયેલ રૂા.૪.૦૦ કરોડના ખર્ચે નિર્મિત "જે.બી. મોદી પાર્ક તથા ડુંગરીણી ઊંચી ટાંકી"નું લોકાર્પણ વિધિપૂર્વક કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની હસ્તે રિબન કાપી ટાંકીને જાહેર વપરાશ માટે સમર્પિત કરવામાં આવી હતી. કાર્યક્રમ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ વિભૂતિબા યાદવ, મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ, સેનેટરી ચેરમેન હેમેન્દ્ર પ્રજાપતિ, વિપક્ષ નેતા સમસાદઅલી સૈયદ ઈબ્રાહીમ કલકલ સફી શેખ આ વિસ્તારના આગેવાનો ચૂંટાયેલા નગર સેવકો સહિત મુસ્લિમ આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિકોની લાંબી સમયથી ચાલી રહેલી પાણીની સમસ્યાને હળવી બનાવવામાં આ નવી ટાંકી મહત્વપૂર્ણ સાબિત થવાની છે. ઊંચી ટાંકી કાર્યરત થતા આસપાસના રહેવાસીઓને સમયસર અને પૂરતા પ્રમાણમાં શુદ્ધ પાણી મળવાનું શરૂ થશે. પાણી પુરવઠાની અડચણો દૂર થતા લોકોએ આ વિકાસ કામનું સ્વાગત કર્યું હતું.

# વડોદરાથી જેદ્દાહ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા સામાજિક કાર્યકર દ્વારા ઉડ્ડયન મંત્રીને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૬

આગામી દિવસોમાં રમઝાન અને ત્યાર બાદ હજ યાત્રા શરૂ થનાર હોવાથી વડોદરાથી જેદ્દાહ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા વડોદરાના સામાજિક કાર્યકર ફારૂક સોની દ્વારા ઉડ્ડયન મંત્રી કિંજારપુ નાયડુને ઈ મેઈલ કરી રજૂઆત કરવામાં આવી છે.સામજિક કાર્યકર દ્વારા ઉડ્ડયન મંત્રીને કરાયેલ ઈ-મેઈલમાં જણાવવામાં આવ્યું છે કે, મુસ્લિમ સમાજનું પવિત્ર માસ રમઝાન તા.૧૮ ફેબ્રુઆરીથી તેમજ મેં મહિનામાં હજ યાત્રા ચાલુ થઈ રહી છે ત્યારે વડોદરાથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ દ્વારા સીધા જેદ્દાહ જવા વડોદરા શહેરમાંથી તેમજ જિલ્લામાંથી ઘણાં યાત્રીઓને અમદાવાદ સુધી લાંબા થવું પડે છે તો વડોદરા જેદ્દાહ માટેની ઈન્ટરનેશનલ ફ્લાઈટ વડોદરાથી શરૂઆત થાય તો નાગરિકોને રાહત થશે તેમજ વડોદરા શહેરનું વિકાસ થશે તો ઈન્ટરનેશનલ ફ્લાઈટ વડોદરાથી શરૂ કરવામાં આવે ખાસ કરીને રમઝાન માસમાં મુસ્લિમ સમાજના ઘણાં લોકો ઉમરાહ કરવા માટે મક્કા મદીના જાય છે તો તાત્કાલિક ધોરણે કાર્યવાહી શરૂ કરવા માટે ફારૂકભાઈ સોનીએ રજૂઆત કરી છે.

# ભરૂચ : પરિનિર્વાણ દિને ભાજપ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૬

ડિસેમ્બરના પરિનિર્વાણ દિને ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચો ભરૂચ જિલ્લા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ રેલવે સ્ટેશન પાસે રીતે યોજાયો હતો. ભારત રત્ન, બંધારણના રચયિતા અને સિમ્બોલ ઓફ નોલેજ તરીકે ઓળખાતા ડૉ. આંબેડકરને આ અવસરે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.આ ખાસ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી મનીષા વકીલ અને હેમાલી બોધાવાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. બાદમાં ભરૂચ ડિસ્ટ્રીક્ટ કોઓપરેટીવ બેંક ખાતે ડૉ. આંબેડકરના જીવનચરિત્ર અને દેશ નિર્માણમાં તેમના અસાધારણ યોગદાન અંગે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયકક્ષાના મંત્રીઓએ આંબેડકરની વિચારો અને રાષ્ટ્રીય દિશા નિર્માણમાં તેમની નોંધપાત્ર ભૂમિકાને યાદ કરી હતી.આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા ભાજપાના આગેવાનો, ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, શહેર પ્રમુહ, નગરપાલિકા પ્રમુખ વિભૂતિ યાદવ, ઉપપ્રમુખ અક્ષય પટેલ, અનુસૂચિત જાતિ મોરચાના જિલ્લા પ્રમુખ કનુ પરમાર હાજર રહ્યા હતા.

# વડોદરામાં ગુનાખોરી આચરી વર્ષોથી ફરાર પરપ્રાંતીય ૬૫૦ ગુનેગારોને શોધવા ઓપરેશન કારાવાસ

## ૪૦ શોધાયા, ૬ ટીમોનું ૪ રાજ્યોમાં ઓપરેશન,બહારની પોલીસનો જોઈએ તેવો સહકાર મળતો નથી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૬

વડોદરામાં ગંભીર પ્રકારના ગુનાઓ આચરીને વર્ષોથી ફરાર થઇ ગયેલા આરોપીઓને શોધવા માટે પોલીસે ઓપરેશન કારાવાસ શરૂ કર્યું છે.૨૦ દિવસના પહેલા રાઉન્ડમાં પોલીસ ૪૦ ગુનેગારો સુધી પહોંચી છે અને ૩૧ની ધરપકડ કરી છે. જેમાં પાણીગેટના ઠગાઈ કેસના ૩૨ વર્ષ જૂના આરોપીનો પણ સમાવેશ થાય છે. વડોદરામાં એક વર્ષથી ૩૨ વર્ષના સમયગાળા દરમિયાન મર્ડર, ચોરી, લૂંટ, ડ્રગ્સ, અપહરણ, બળાત્કાર, ખંડણી જેવા ગુનાઓમાં પકડાયા નથી તેવા ૬૫૦થી વધુ ગુનેગારોને તેમના રાજ્યમાં પહોંચીને ઝડપી પાડવા માટે પોલીસ કમિશનરે ઓપરેશન કારાવાસ શરૂ કરાવ્યું છે. જેમાં પોલીસને ધારી સફળતા મળી છે.

ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી હિમાંશુ વર્માએ કહ્યું છે કે,પસંદગીના અધિકારીઓ અને તેમના નેજા હેઠળ કુલ છ ટીમો અમે ગુજરાતની આસપાસના ચાર રાજ્યોમાં મોકલી હતી. આ ટીમોએ ૨૦ દિવસના ગાળામાં કુલ ૪૦ ગુનાના આરોપીઓને શોધી કાઢ્યા છે. જેમાં ૮નાં મોત થયા છે અને તેમના ડેથ સર્ટિફિકેટ પણ મેળવી લેવામાં આવ્યા છે. જ્યારે,એક આરોપી જેલમાં છે અને બાકીના ૩૧ને વડોદરા લાવી કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ દ્વારા આ ઓપરેશન ચાલુ રાખવામાં આવશે. ટૂંક સમયમાં બીજી છ ટીમો ૨૦ દિવસ માટે જુદાજુદા રાજ્યોમાં મોકલવામાં આવશે. જેના વોન્ટેડ આરોપીઓ માટે પોલીસ લાંબા સમયથી વર્કઆઉટ કરી રહી હતી.આ પૈકી રાજસ્થાનથી સૌથી વધુ ૧૭ ગુનેગાર,યુપીથી ૧૩ આરોપી, મધ્યપ્રદેશથી ૭ અને મહારાષ્ટ્રથી ૩ ગુનેગાર પકડાયા છે. બીજા રાજ્યોમાં લાંબા સમયથી છુપાયા હોય તેવા આરોપીઓને પકડવા જતાં વડોદરા પોલીસને અનેક પડકારો ઝીલવા પડયા છે. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપીનું કહેવું છે કે, કેટલીક જગ્યાએ સ્થાનિક પોલીસ સહકાર આપવામાં પણ ખચકાતી હોય છે. જેથી આરોપીને પકડવા જતી પોલીસનું જોખમ વધી જાય છે. આ ઉપરાંત પોલીસનું વાહન લઇને પણ ગામમાં જવું મુશ્કેલ હોય છે. જેથી ગામની બહાર વાહન મૂકીને કોઇ ઓળખે નહિ તે રીતે વેશ બદલીને પણ જવું પડયું હોવાના કિસ્સા બન્યા છે. લાંબા સમયથી ફરાર હોય તેવા આરોપીના મૃત્યુ થયા હોવાના પણ કિસ્સા બનતા હોય છે. તેમના સરનામા, ચહેરો પણ બદલાઇ જતા હોય છે. જેથી પોલીસને વર્કઆઉટ કરતાં વધુ સમય લાગે છે.

# વડોદરામાં ઘરફોડ, ચેઈન સ્નેચિંગ, વાહન ચોરીના ગુનાઓ આચરનાર રીઢો આરોપી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૬

ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચીંગ, વાહન ચોરીના ગુનાઓ આચરનાર રીઢા આરોપીને સોના ચાંદિના દાગીના, રોકડ રકમ સાથે શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લીધો હતો. શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસમાં હતી તે દરમ્યાન ઘરફોડ ચોરીના ગુનાઓ આચરનાર રીઢો ચોર અજય દર્શનસિંગ દુધાણીનો ગુનો આચરી સોનાની ચેઈન વેચી નાખવાની ફિરાકમાં હોવાની માહિતી આધારે ટીમે વારસીયા ધોબી તળાવથી ઈસમ અજય દર્શનસિંગ દુધાણી (રહે, વારસીયા, વિમા દવાખાના)ને સોનાની ચેઈન, રોકડા રૂા.૭,૫૦૦ અને મોબાઈલ ફોન સાથે શોધી કાઢી તેની પાસેના સોનાની ચેઈન, મોબાઈલ ફોનનુ બીલ તેમજ રોકડ રકમ બાબતે પુછપરછ કરતા તેણે સંતોષકારક જવાબ નહી આપતા ઈસમની પુછપરછ કરતા તેણે સાગરીતો સાથે સવા મહિના પહેલા દંતેશ્વર ખાતે વહેલી સવારના સમયે એક વૃધ્ધ મહિલાના ગળામાંથી તોડી લાવેલ હોવાની તેમજ રોકડ રકમ સમા વિસ્તારમાંથી કરેલ ઘરફોડ ચોરીના ગુનામાં પોતાના ભાગમા આવેલ પૈકીની બચેલ રોકડ રકમ હોવાનુ જણાવ્યું હતું તેમજ પ્રતાપનગર રેલ્વે કોલોની ખાતે રાત્રીના સમયે બંધ મકાનમાં ઘરફોડ ચોરી અને ફતેગંજ બ્રિજ નિચેથી ચોરી કરેલ વાહનના ગુનામાં સંડોવાયેલ અને નાસતો ફરતો હોવાનુ કબુલાત કરી હતી. આ સિવાય પોલીસ ધરપકડથી નાસતા ફરતા રહેવાના સમય દરમ્યાન અન્ય સાગરીત રાજાસિંગ ટાંક અને કમલસિંગ સિસોદીયા સાથે હાલોલ ખાતેના બે બંધ મકાનોમાંથી ચોરી કરેલ જે પૈકી ચાંદિના કડા, તેના ભાગમાં આવેલ પાંચ નંગ કડા રજુ કરતા ક્રાઈમ બ્રાન્ચે ઈસમ પાસેથી મળી આવેલ મુદ્દામાલ ચોરીનો હોય કબ્જે કર્યો હતો.

# વડોદરાની વિશ્વામિત્રીમાંથી મળેલી યુવતીની લાશ ઓળખાઈ, મગરે હુમલો કરતાં મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૬

વડોદરાની વિશ્વામિત્રી નદીમાંથી ગઈકાલે યુવતીની લાશ મળી આવવાના બનાવમાં પોલીસની તપાસ દરમિયાન મગરે હુમલો કર્યો હોવાનું જણાઈ આવ્યું છે. વિશ્વામિત્રીના ભીમનાથ બ્રિજ પાસેથી ગઈકાલે એક યુવતીની લાશ મળી આવી હતી. જેના પર ઈજાના નિશાન જણાઈ આવતાં રહસ્યના વમળો સર્જાયા હતા. આ યુવતીની ઓળખ માટે ડીસીપી મંજીતા વણઝારાએ જુદી જુદી ટીમો બનાવી હતી. ઉપરોક્ત બનાવમાં સયાજીગંજ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલતાં યુવતીના શરીર પરના ઈજાના નિશાન મગરના હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી પોસ્ટમોર્ટમનો વિગતવાર રિપોર્ટ માગવામાં આવ્યો છે. યુવતીની ઓળખ માટે પોલીસે જુદા-જુદા વિસ્તારના સીસીટીવી ફૂટેજ ખંખોળ્યા હતા. જે દરમિયાન પ્રાથમિક તપાસમાં આ યુવતી રાવપુરાથી સ્કૂટર પર આવી હોવાનું અને તેનું નામ અંજલિ હોવાનું ખૂલ્યું છે. યુવતી કયા કારણસર નદી કિનારે આવી હતી, તેના પરિવારજનો કોણ છે જેવા મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે.

### ભરૂચ કોંગ્રેસ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અપાઈ

ભરૂચ, તા.૬

ભરૂચ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિતે ભરૂચ જિલ્લા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કાર્યાલય ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના સભ્યો અને હોદ્દેદારોએ આંબેડકરની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.આ પ્રસંગે શહેર પ્રમુખ સલીમ અમદાવાદી, કોંગ્રેસ અગ્રણી અરવિંદ દોરાવાલા સહિત અનેક હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હાજર રહેલા આગેવાનો દ્વારા ડૉ. આંબેડકરના દેશ માટેના અવિસ્મરણીય યોગદાન અને સામાજિક ન્યાય માટે કરેલા પ્રદાનને યાદ કર્યા હતા.

# હર્ષ સંઘવીમાં મારી જોડે ડિબેટ કરવાની તાકાત ન હોય તો મારા પટાવાળા જોડે કરે : જિજ્ઞેશ મેવાણી

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૬

પાલનપુરમાં આજે ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલા કોંગ્રેસના કાર્યક્રમમાં વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પડકાર ફેંક્યો છે. તેમણે જણાવ્યું કે, બે દિવસ અગાઉ હર્ષ સંઘવી મારા મત વિસ્તારમાં આવ્યા પણ તેમણે દારૂ-ડ્રગ્સ બંધ કરાવવાનું વચન ન આપ્યું. હું તેમને મારી સાથે ડિબેટ કરવાની ચેલેન્જ આપુ છું અને જો એમની મારી સાથે ડિબેટ કરવાની કેપેસીટી ન હોય તો મારા પટાવાળા કે ડ્રાઈવર સાથે કરે. જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું કે, રાજ્યમાં લગભગ ૨૦ લાખ જેટલા સ્ત્રી અને પુરુષો ડ્રગ્સના રવાડે ચડ્યા છે અને છેલ્લા પાંચ વર્ષમાં ડ્રગ્સની બદી ચરમસીમાએ પહોંચી છે.



મેવાણીએ મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના વિધાનસભા વિસ્તારોમાં દારૂ અને જુગારના અડ્ડા ચાલુ છે કે બંધ તે અંગે સ્પષ્ટતા કરવા પણ માંગ કરી હતી. પોલીસ તંત્ર પર આક્ષેપ કરતા મેવાણીએ કહ્યું કે, જિલ્લા પોલીસ વડાઓ કોન્સ્ટેબલ પાસે પોતાના જૂતાની પોલિશ કરાવે છે, જે એક ગંદકી છે અને તેને તાત્કાલિક બંધ કરાવવી જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે ડ્રગ્સ ગુજરાતની ભાવી પેઢીને ચકનાચૂર કરી નાખશે.

આ ઉપરાંત આજે કોંગ્રેસના આગેવાનોએ આક્રોશ સાથે પાલનપુરના દિલ્હી ગેટથી જિલ્લા કલેક્ટરની કચેરી સુધી રેલી કાઢીને દારૂ-ડ્રગ્સના દુષણ પર અંકુશ લાવવા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી. જેમાં વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, દાતાના ધારાસભ્ય કાંતિ ખરાડી અને થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત સહિતના કોંગી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુભાષબ્રિજનો જે સ્પાનનો ભાગ બેસી ગયો છે તેના નીચેના ભાગે તિરાડ પડી

## AMC દ્વારા અલગ-અલગ ટેસ્ટ કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદના સુભાષબ્રિજ પર તિરાડ અને સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના બાદ તંત્રમાં દોડધામ મચી છે. આ મામલે AMCના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા અલગ-અલગ ટેસ્ટ કરવામાં આવશે.

બ્રિજ ડિઝાઈન કન્સલ્ટન્ટ અને બ્રિજ એક્સપર્ટ દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલા સુભાષબ્રિજના નીચેના ભાગમાં ઈન્સ્પેક્શન કરવામાં આવતાં બ્રિજમાં તિરાડો અને સ્પાન ખસી ગયેલો જોવા મળ્યો છે. સુભાષબ્રિજનો જે સ્પાનનો ભાગ બેસી ગયો છે એના નીચેના ભાગે તિરાડ પડી છે. બ્રિજના ત્રીજા નંબરના સ્પાનનો ભાગ બેસી ગયો છે. બ્રિજ ડિઝાઈન કન્સલ્ટન્ટ અને બ્રિજ એક્સપર્ટ દ્વારા સુભાષબ્રિજની દરેક તરફથી તપાસ કરવામાં આવી રહી છે.

પ્રાથમિક તપાસમાં બ્રિજના એક જ સ્પાનમાં નુકસાન થયું છે, જોકે બ્રિજના અન્ય સ્પાનની પણ તપાસ કરવામાં આવી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એમ પેનલ કરવામાં આવેલા ડિઝાઈન કન્સલ્ટન્ટ ઉપરાંત SVNIT અને અલગ-અલગ એક્સપર્ટ કમિટીના લોકોની પણ મદદ લેવામાં આવી રહી છે.

# SIR અંતર્ગત રાજ્યભરમાં ગણતરીની ૯૮.૧૯ ટકા કામગીરી સંપન્ન

## ૩.૫૩ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું સામે આવ્યું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૧૧મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે. ૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે રાજ્યભરની ૧૮૨ વિધાનસભા બેઠકોમાંથી ૪૭ વિધાનસભા બેઠકો પર ગણતરીની ૧૦૦% કામગીરી સંપન્ન થઈ છે. જ્યારે ૮૦ બેઠકો પર ૯૯%થી વધુ કામગીરી થઈ ચૂકી છે. આ સાથે રાજ્યભરમાં ગણતરીની ૯૮.૧૯% કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં ૧૭.૬૬ લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે ૮.૩૯ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૩૬.૮૯ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત ૩.૫૩ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# યુથ કોંગ્રેસના ચૂંટાયેલા હોદ્દેદારોનું સન્માન કરાયું



ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસની ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં વિવિધ પદો માટે વિજેતા ઉમેદવારોના નામની ઘોષણા કરવામાં આવી છે. ત્યારે અમદાવાદમાં દરિયાપુર વિધાનસભાના યુથ કોંગ્રેસના ચૂંટાયેલા હોદ્દેદારોનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા યુથ કોંગ્રેસના ચૂંટાયેલા હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં નવી ધોરણ-૯ અને ૧૧ની સ્કૂલો શરૂ કરવા ૪ જાન્યુઆરી સુધી અરજી કરી શકાશે

## સંસ્થાઓએ અરજી કરતી વખતે જરૂરી આધાર-પુરાવા પણ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષથી ખાનગી ધોરણ-૯ અને ૧૧ની સ્કૂલો શરૂ કરવા માટે ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં સંસ્થાઓ હાઈસ્કૂલ શરૂ કરવા માટે ૪ જાન્યુઆરી સુધી અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓનલાઈન અરજી સાથે જરૂરી આધાર પુરાવા અપલોડ કરવાના રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતવાળી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા બોર્ડ દ્વારા અરજીઓ મંગાવવાનું નક્કી કર્યું છે. આ માટે સંસ્થાઓ ૪ જાન્યુઆરી સુધી વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓનલાઈન અરજી કરવા માટે જરૂરી આવશ્યક આધારો અંગેની સૂચના ધ્યાનપૂર્વક વાંચી ઓનલાઈન અરજી સાથે જરૂરી તમામ આધાર-પુરાવાનું સ્પષ્ટ વાંચી શકાય તે રીતે સ્કેનીંગ કરી અરજી સાથે ઓનલાઈન બિડાણ તરીકે ફરજીયાત અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન દરખાસ્ત કરવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, રજીસ્ટ્રેશન કર્યેથી ઈ-મેલ પર મળેલા આઈ.ડી અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઈન રૂા.૨૦ હજારની અરજી ફી ભરીને ઓનલાઈન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. ઓનલાઈન અરજીના આધારે નવી શાળાની અરજી અંગે બોર્ડનો નિર્ણય શાળામંડળ વતી ઓનલાઈન અરજી કરનાર સંચાલક મંડળને પત્ર દ્વારા જણાવવામાં આવશે. જ્યારે મંજુર-નામંજુરની વિગતો બોર્ડની વેબસાઈટ પર મુકાશે. રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરીના પરિપત્ર મુજબ ૯ મીટર કરતા વધુ ઉંચાઈ ધરાવતી અથવા એક કે વધારે ફ્લોર પર ૫૦૦ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી શૈક્ષણિક હેતુ માટેની બિલ્ડીંગને ફાયર પ્રોટેક્શનની જોગવાઈ લાગુ પડે છે. જેથી આવી ઈમારતો માટે સ્થાનિક ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસના ફાયર સેફ્ટી સર્ટિફીકેટની લેવાની અને લીધેલ ફાયર સેફ્ટી સર્ટિફીકેટને રિન્યુઅલ કરવાની જરૂર રહે છે. જ્યારે તેના કરતા ઓછી ઉંચાઈ કે ક્ષેત્રફળની બિલ્ડીંગ હોય તો શાળાના સંચાલકોએ પોર્ટબલ ફાયર એક્સટિંગ્યુશર રાખી સેલ્ફ સર્ટિફાઈ કરવાનું રહેશે. જેથી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગો માટે ફાયર એન.ઓ.સી. અથવા ફાયર એન.ઓ.સી. મેળવવા માટેની અરજી કર્યાનો આધાર રજૂ કરવાનો રહેશે.

# હજ-૨૦૨૬ માટે મેહરમ ક્વોટામાં પસંદગી પામેલા યાત્રીઓની યાદી જાહેર

અમદાવાદ, તા.૬

હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-૨૦૨૬ માટે મેહરમ ક્વોટામાં પસંદગી પામેલા હજ યાત્રિકોને જરૂરી કાર્યવાહી માટેની સૂચના આપવામાં આવી છે કે, હજ-૨૦૨૬ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયાનાં તા.૪--૧૨-૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક-૨૨ મુજબ કુર્રા દ્વારા પસંદ થયેલ તેમજ વેઈટલિસ્ટ યાત્રીઓની યાદી https://hajcommittee.gov.in પર જાહેર કરવામાં આવી છે. તમામ મેહરમ અરજદારો પોતાનો કવર નંબર https://hajcommittee.gov.in પર લોગિંન કરીને ચેક કરી શકે છે. તથા ગુજરાત રાજ્ય હજ સમિતિની વેબસાઈટ https://gujarathajhouse.in/mehram-list પર પણ જોઈ શકશે.

પસંદ થયેલ યાત્રીઓએ પ્રથમ હપ્તો : રૂા.૧,૫૨,૩૦૦ + દ્વિતીય હપ્તો રૂા.૧,૨૫,૦૦૦ મળી કુલ રૂા.૨,૭૭,૩૦૦/- રકમ જમા કરાવવાની રહેશે. રકમ જમા કરાવવાની અંતિમ તા.૧૫-૧૨-૨૦૨૫ છે. ઉક્ત રકમ ભરી ડોક્યુમેન્ટ ઓનોલાઈન હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર હજ પીલગ્રીમ લોગિંન તારીખ ૨૦-૧૨-૨૦૨૫ સુધીમાં અપલોડ કરવાનાં રહેશે અથવા જિલ્લાના ફીલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનરની યાદી લિન્ક પર https://gujarathajhouse.in/ft-aft-2026 મૂકેલ છે. જે તમારા જિલ્લામાં પણ તમે જમા કરાવી શકો છો. ઉપરાંત હજ હાઉસ, અમદાવાદ ખાતે પણ જમા કરાવી શકો છો. દરેક હજ યાત્રિકોને અપીલ કરવામાં આવી છે કે, હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને આપની પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં તેમ એક અખબારી યાદીમાં ગુજરાત રાજ્યના હજ સમિતિના સચિવ આઈ.એમ.ઘાંચીએ જણાવ્યું છે.

### મની લોન્ડ્રિંગ કેસમાં

# પૂર્વ IAS પ્રદીપ શર્માને અમદાવાદની વિશેષ ED કોર્ટે પાંચ વર્ષની સજા ફટકારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

વેલસ્પન ગ્રુપની કંપનીને ગેરકાયદે જમીન વેચવાના કેસમાં નિવૃત્ત IAS અધિકારી પ્રદીપ શર્માને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. અમદાવાદની વિશેષ ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) કોર્ટે તેમને દોષિત જાહેર કરીને પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટે સ્પષ્ટતા કરી છે કે પ્રદીપ શર્મા હાલમાં જે કેસમાં સજા ભોગવી રહ્યા છે, તેનાથી આ સજા અલગથી ભોગવવાની રહેશે. તેમજ ટાંચમાં લીધેલી પ્રોપર્ટી સરકાર હસ્તક જ રહેશે. આ કેસ પ્રદીપ શર્મા જ્યારે કચ્છ જિલ્લાના કલેક્ટર હતા, તે સમયનો છે. તત્કાલીન કચ્છ કલેક્ટર પ્રદીપ શર્મા પર આરોપ હતો કે તેમણે વેલસ્પન ગ્રુપની કંપનીને નિયમો વિરૂદ્ધ જઈને સસ્તા ભાવે જમીન આપી હતી. આ સોદાથી રાજ્ય સરકારને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હતું. ભ્રષ્ટાચાર દ્વારા મેળવેલા કરોડો રૂપિયા તેમણે અમેરિકામાં રહેતા પુત્ર અને પુત્રીના બેંક ખાતાઓમાં મોકલ્યા હતા. આ મામલે રાજકોટ CID ક્રાઈમ પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૦માં ફરિયાદ નોંધાઈ હતી. જેથી આર્થિક ગેરરીતિ બદલ ED દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતે આવેલી વિશેષ PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ) કોર્ટમાં વર્ષ ૨૦૧૬માં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ જ કેસમાં તેમને હવે સજા સંભળાવવામાં આવી છે.

# જમાલપુરમાં નવા ઘરના પ્રસંગે રાખેલા જમણવારમાં ૩૪ને ફૂડ પોઈઝનિંગ

## ગાજરનો હલવો ખાધા બાદ ઝાડા-ઉલ્ટી થતાં ૩૪ લોકોને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા છીપાવાડમાં ગફુરજીની ગલીમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. જેમાં ૩૪ જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગ થતાં સારવાર માટે જુદી-જુદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નવું ઘર બનાવ્યું હોવાથી તેને લઈને પરિવારના સભ્યોનો જમણવારનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાજરનો હલવો ખાધા બાદ લોકોની તબિયત બગડી હતી અને ઝાડા ઉલ્ટી થવા લાગતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, જમાલપુર વિસ્તારમાં આવેલી ગફૂરજીની ગલીમાં રહેતા પરિવાર દ્વારા તેમના નવા ઘરને લઈ પરિવારના સભ્યોનો શુક્રવાર રાતે જમણવારનો કાર્યક્રમ રાખ્યો હતો. આ જમણવારમાં નજીકના સગા સંબંધીઓને જ બોલાવવામાં આવ્યા હતા. જેમાં ગાજરનો હલવો, ભાત, રોટલી અને નોનવેજ સહિતની વસ્તુઓનું ભોજન તૈયાર કરવામાં આવ્યું હતું. આ ભોજન લીધા બાદ ઘણા લોકોની તબિયત બગડતા તેમને તાત્કાલીક સારવાર માટે નજીકમાં આવેલી છીપા વેલ્ફેર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યારે અમુકને બહેરામપુરા ખાતે આવેલી ચેપી રોગ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. લગભગ ૩૪ જેટલા લોકોને ખોરાકી ઝેરની અસર થઈ હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

ચેપી રોગ હોસ્પિટલમાં ૫ દર્દીઓ સારવાર માટે આવ્યા હતા અને તે પૈકી ૪ દર્દીઓને સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી અને ૧ દર્દી હજુ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ કોર્પોરેશનના આરોગ્ય વિભાગને થતાં તેમણે પણ તપાસ શરૂ કરી હતી. જેમાં પ્રાથમિક રીતે ગાજરના હલવામાં વપરાયેલા માવાના કારણે ફૂડ પોઈઝનિંગ થયું હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે. જેના પગલે ફૂડ વિભાગ દ્વારા ગાજરના હલવાનો નમુનો તપાસ માટે લીધો છે. જ્યારે માવાના સેમ્પલ મેળવવામાં આવનાર છે.

# દાણીલીમડામાં દિવ્યાંગ યુવતી પર દુષ્કર્મ આચરનાર આરોપીની ક્રાઈમ બ્રાન્ચે કરી ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

શહેરના દાણીલીમડા વિસ્તારમાં દિવ્યાંગ યુવતી પર મોડીરાતે અજાણ્યા શખસે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાંચે ગુનો દાખલ થયાના ચાર દિવસમાં માનિસક વિકૃત આરોપીની ધરપકડ કરી લીધી છે. મોડીરાતે દિવ્યાંગ યુવતી તેના ઘરેથી ઊતરીને રોડ પર આવી હતી, જ્યાં આરોપીએ મોકાનો ફાયદો ઉઠાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ક્રાઈમ બ્રાંચને આરોપીને ઝડપી લેવા માટે ૩૦થી વધુ સીસીટીવી કેમેરા ચેક કરવા પડ્યા હતા. ૨૬ નવેમ્બરની રાતે દાણીલીમડાના મકાનમાં રહેતી એક દિવ્યાંગ યુવતી પર દુષ્કર્મ થયું હતું. યુવતીની માનસિક સ્થિતિ સારી નહીં હોવાના કારણે તે મોડીરાતે પોતાના મકાનના નીચે ઊતરી ગઈ હતી. યુવતી મોડીરાતે ચાલતી ચાલતી રોડ પર આવી ત્યારે જમાલપુર વિસ્તારમાં રહેતા મોઈનુદ્દીન બાદશાહ નામના યુવકની નજર તેના પર પડી હતી. દિવ્યાંગ યુવતીને જોઈને મોઈનુદ્દીનની નિયત ખરાબ થઈ હતી અને તે તેની પાસે ગયો હતો. મોઈનુદ્દીને તેની પાસે જતાંની સાથે જ યુવતીને પૂછ્યું હતું કે તારે ક્યાં જવું છે અને અહીં કેમ ફરે છે. યુવતીએ મોઈનુદ્દીનને જવાબ આપ્યો હતો કે મારે દવાખાને જવું છે. મયુદ્દીને યુવતીને દવાખાને લઈને જવાનું કહ્યું હતું, જેથી તે રાજી થઈ ગઈ હતી. મોઈનુદ્દીન યુવતીને અંધારામાં અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને ત્યાં તેના પર દુષ્કર્મ આચર્યું હતું.

યુવતીને પીંખી નાખ્યા બાદ મોઈનુદ્દીન ત્યાંથી જતો રહ્યો હતો અને બાદમાં તે પણ પોતાના ઘરે આવી ગઈ હતી. ઘરના લોકોને સમગ્ર ઘટનાની જાણ થતાં તેમણે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધ્યો હતો અને કેસની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપાઈ હતી. ક્રાઈમ બ્રાંચે આ મામલે ૩૦થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કરીને ગણતરીના દિવસોમાં વિકૃત આરોપીને ઝડપી લીધો છે.

# સંસદમાં શક્તિસિંહ ગોહિલે ભાવનગરના ધોળા રેલવે બ્રિજનો મુદ્દો ઉઠાવ્યો



શક્તિસિંહ ગોહિલે સંસદમાં ધોળા રેલવે બ્રિજનો મુદ્દો 'વિશેષ ઉલ્લેખ' તરીકે ઉઠાવ્યો હતો. શક્તિસિંહે કહ્યું કે, ગુજરાતના ભાવનગર જિલ્લામાં ધોળા રેલવે ક્રોસિંગ પર બનાવવામાં આવી રહેલો પુલ લાંબા સમયથી વિલંબિત છે. કરોડો રૂપિયા ખર્ચાયા છે, પરંતુ બહુ ઓછું કામ બાકી છે. આ કામ લાંબા સમયથી અટકેલું છે. જો કોન્ટ્રાક્ટર નિર્ધારિત સમયમાં કામ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો કરારમાં તેમના જોખમ અને ખર્ચે કામ પૂર્ણ કરવાની જોગવાઈ છે. જો જરૂરી હોય તો સરકાર આ જોગવાઈનો ઉપયોગ કરે તે મહત્વપૂર્ણ છે. અધૂરા પુલના બાંધકામથી ટ્રાફિક જામ થાય છે અને જનતાને નોંધપાત્ર અસુવિધા થાય છે. સરકારને વિનંતી છે કે આ કામ તાત્કાલિક પૂર્ણ કરે.

### દમણના સાંસદની સંસદમાં ઉગ્ર રજૂઆત

# ગુજરાતમાં પાલન ન થતું હોય તો દારૂબંધી હટાવી લો !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો અમલ અને તેની અસરકારકતા અંગે દમણના અપક્ષ સાંસદ ઉમેશ પટેલે સંસદમાં ઉગ્ર રજૂઆત કરી હતી. તેમણે પોતાના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં ભલે દારૂબંધી હોય, પણ વાસ્તવિકતા એ છે કે રાજ્યમાં ઠેર-ઠેર દારૂ આસાનીથી મળે છે.' સાંસદે આક્ષેપ કર્યો હતો કે, દારૂબંધીના કાયદાનો દુરૂપયોગ થાય છે અને 'દારૂબંધીના નામે ભ્રષ્ટ લોકો જ રૂપિયા કમાય છે.'

તેમણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું હતું કે, 'દારૂબંધીવાળા રાજ્યમાં જ લાયસન્સ આપવામાં આવે છે.' આ ઉપરાંત, તેમણે ખાસ કરીને ગિફ્ટ સિટીમાં હોટલોને દારૂ પીરસવાના પરવાના આપવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. ઉમેશ પટેલે અંતે સરકાર સમક્ષ સીધી માંગ કરી હતી કે, 'જો દારૂબંધીના કાયદાનું પાલન અસરકારક રીતે ન થતું હોય અને તે માત્ર ભ્રષ્ટાચારનું સાધન બની રહ્યું હોય, તો તે કાયદો હટાવી લેવો જોઈએ.' તેમના આ નિવેદનથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

# RTO સર્કલ પાસે નશામાં ધૂત બે યુવકે રોડ પર વાહનોમાં તોડફોડ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં ફક્ત નામની જ દારૂબંધી હોય તેવુ લાગી રહ્યું છે. દારૂનું ખુલ્લેઆમ વેચાણ અને અમદાવાદમાં અસામાજિક તત્ત્વોના ત્રાસથી શહેરીજનોમાં ભય જોવા મળી રહ્યો છે. તેવામાં તા.૬ ડિસેમ્બરની સવારે શહેરના RTO સર્કલ પાસે નશામાં ધૂત બે યુવકે જાહેરમાં ધમાલ મચાવીને અન્ય વાહનોમાં તોડફોડ કરી હોવાના દશ્યો સામે આવ્યા છે. બંને યુવક વચ્ચે મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. સમગ્ર ઘટનાને પગલે પોલીસ સ્થળ પર પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદના RTO સર્કલ પાસે એક રિક્ષા ચાલકે બાઈકચાલકને અડફેટે લીધો હતો અને બાઈક સવાર સાથે માથાકૂટ કરીને મારામારી કરી હતી. જેમાં રિક્ષાચાલક નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. રિક્ષા ચાલક ઘટનાસ્થળેથી ભાગવાની કોશિશ કરતાં એક કાર સાથે રિક્ષાની ટક્કર વાગતા મામલો વધ્યો હતો. આ દરમિયાન ઘટનાસ્થળે ટોળું એકઠું થઈ ગયુ હતું.

બંને યુવકોએ જાહેરમાં હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન યુવકને રોકવા જતાં લોકો પર પણ તેઓએ હુમલો કર્યો હતો. આ દરમિયાન નશામાં ધૂત આરોપીએ ઘટનાસ્થળેથી પસાર થતી ૧૦૮ અને અન્ય વાહનોમાં પણ નુકસાન પહોંચાડવાની કોશિશ કરી હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને લઈને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચાંગોદર હાઈવે પર પાપડની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદના છેવાડે આવેલા ઔદ્યોગિક વિસ્તારમાં આગના બનાવો યથાવત છે. ચાંગોદર-સરખેજ-બાવળા હાઈવે પર આવેલી એક પાપડની ફેક્ટરીમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ચાંગોદર હાઈવે પર આવેલી 'અમૃતા પાપડ પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ'ના યુનિટમાં અચાનક આગ લાગી હતી. આગ લાગવાની ઘટનાને પગલે ફેક્ટરીમાં કામ કરતા કર્મચારીઓમાં હડકંપ મચી ગયો હતો અને જીવ બચાવવા માટે નાસભાગ કરી મૂકી હતી. આગનું સ્વરૂપ એટલું વિકરાળ હતું કે દૂર દૂર સુધી આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ થતાં જ ફાયર બ્રિગેડને મેસેજ કરવામાં આવ્યો હતો. મેસેજ મળતાની સાથે જ ફાયર બ્રિગેડની ત્રણ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને આગને નિયંત્રિત કરવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી છે. આ ઉપરાંત સ્થાનિક પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ભીડને નિયંત્રિત કરી હતી. પ્રાથમિક તબક્કે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આગ શોર્ટ સર્કિટથી લાગી કે અન્ય કોઈ કારણસર, તે દિશામાં પોલીસ અને ફાયર ઓફિશિયલ્સ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# વલસાડમાં જીવદયાપ્રેમી યુવકે અત્યંત ઝેરી સાપને સ્ટ્રોની મદદથી CPR આપી નવજીવન આપ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

વલસાડ જિલ્લાના પારડીમાં એક અનોખી ઘટના સામે આવી છે, જ્યાં એક જીવદયાપ્રેમી યુવકે અત્યંત ઝેરી રસેલ વાઈપર સાપને સ્ટ્રોની મદદથી CPR આપીને નવજીવન બક્ષ્યું છે. સામાન્ય રીતે મનુષ્યને CPR આપી જીવ બચાવવામાં આવે છે, પરંતુ આ કિસ્સામાં સાપનો જીવ બચાવવામાં આવ્યો છે.

ઘટનાની વિગત વાત એવી છે કે, પારડીની એક ખાનગી શાળાના કેમ્પસમાં બે સાપ જોવા મળતાં સંચાલકોએ જીવદયા ગ્રુપના અલી અન્સારીનો સંપર્ક કર્યો હતો. અલી અન્સારીએ શાળામાં પહોંચીને એક સાપને સુરક્ષિત પકડી લીધો હતો, જો કે બીજા સાપને બચાવવાનો પ્રયાસ કરતી વખતે લાકડાંનો મોટો જથ્થો સાપ પર પડ્યો હતો. આ દુર્ઘટનામાં સાપને ગંભીર ઈજા પહોંચી હતી અને એની શ્વાસનળી દબાઈ જવાથી શ્વાસોશ્વાસની ક્રિયા બંધ થઈ ગઈ હતી અને સાપ અર્ધબેભાન થઈ ગયો હતો. સાપને બચાવવા માટે અલી અન્સારીએ એને ખુલ્લા મેદાનમાં લાવ્યા અને પહેલા હાથેથી પમ્પિંગ કર્યું હતું, પરંતુ કોઈ હલચલ ન થતાં તેમણે પ્લાસ્ટિકની સ્ટ્રોની મદદથી જોખમ ખેડીને સાપના મોઢામાં નીચેના ભાગે આવેલી શ્વાસ નળીમાં સ્ટ્રો નાખીને પાંચથી સાત વાર પોતાના મોઢેથી ફૂંક મારી કૃત્રિમ શ્વાસ (CPR) આપ્યો હતો. અલી અન્સારીએ સાપને CPR આપતાં થોડીવાર બાદ સાપમાં હલચલ થવા લાગી અને એની શ્વાસનળી ફરી શરૂ થઈ ગઈ હતી, જેનાથી તેને નવજીવન મળ્યું હતું.

# સઉદી અરબે રિયાઝુલ જન્નાહની મુલાકાતો માટે નવા સમય અને પરવાનગી નિયમો જાહેર કર્યા

(એજન્સી) તા.૬

સઉદી અરેબિયા કિંગડમ (KSA)એ મદીનામાં પ્રોફેટ મસ્જિદની અંદર અલ-રૌદા અલ-શરીફા (રિયુદલ જન્નત)ની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે અપડેટ કરેલ સમયપત્રક અને નવા પ્રવેશ નિયમોની જાહેરાત કરી છે. બે પવિત્ર મસ્જિદોની સંભાળ માટે જનરલ ઓથોરિટી દ્વારા રજૂ કરાયેલી અપડેટેડ સિસ્ટમનો હેતુ ભીડ વ્યવસ્થાપનને વધારવા, સુરક્ષા પગલાંને મજબૂત બનાવવા અને ઈસ્લામના સૌથી પવિત્ર સ્થળોમાંના એક પર ઉપાસકો માટે વધુ સંગઠિત અનુભવ પ્રદાન કરવાનો છે.

**રૌદાહ ખાતે મળવાનો સમય**

**મહિલાઓનો સમય :**

ફજરની નમાઝ પછી સવારે ૧૧:૦૦ વાગ્યા સુધી

ઈશાની નમાઝ પછી સવારે ૨:૦૦ વાગ્યા સુધી

**પુરૂષોનો સમય :**

સવારે ૨:૦૦ વાગ્યાથી ફજરની નમાઝ સુધી

સવારે ૧૧:૨૦ વાગ્યાથી ઈશાની નમાઝ સુધી

**શુક્રવારનું સમયપત્રક**

**મહિલાઓ શુક્રવારે મુલાકાત લઈ શકે છે :**

ફજરની નમાઝ પછી સવારે ૯:૦૦ વાગ્યા સુધી

ઈશાની નમાઝ પછી સવારે ૨:૦૦ વાગ્યા સુધી

**પુરૂષો નીચેના સમયગાળા દરમિયાન પ્રવેશ કરી શકે છે:**

૨:૦૦ વાગ્યાથી ફજરની નમાઝ સુધી



૯:૨૦ વાગ્યાથી ૧૧:૨૦ વાગ્યા સુધી

શુક્રવારની નમાઝથી ઈશાની નમાઝ સુધી

**મુખ્ય મુદ્દાઓ : રૌદાહની મુલાકાત**

બુકિંગ અને પ્રવેશ

નુસુક પ્લેટફોર્મ દ્વારા પરવાનગી જરૂરી

દર ૩૬૫ દિવસમાં એકવાર બુકિંગની મંજૂરી છે

પયગમ્બર મસ્જિદ પાસે વ્યવસ્થિત ટ્રેક ઉપલબ્ધ છે

મક્કા ગેટ ૩૭ની સામે, દક્ષિણ આંગણાથી પ્રવેશ

વૃદ્ધ મુલાકાતીઓને સરળ પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે મેન્યુઅલ વ્હીલચેરનો ઉપયોગ કરવાની મંજૂરી છે.

# ૪ ડિસેમ્બરે ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં આખા પરિવારનું મોત

Recognised by Ministry of Minority Affairs (Haj Division) Govt.of India
AL-SHABA HAJJ TOURS
અલ-શબા હજ્જ ટુર્સ
ફુલ રમઝાન ઉમરાહ અહમદાબાદથી અહમદાબાદ ₹1,70,000/- બસ સર્વિસ
ફુલ રમઝાન ઉમરાહ અહમદાબાદથી અહમદાબાદ ₹ 2,10,000/- વોકિંગ ડિસ્ટન્સ
શાબાન અને રમઝાન સ્પેશિયલ પેકેજ અહમદાબાદથી અહમદાબાદ
શાબાન દિવસ-૧૦ રમઝાન દિવસ-૧૦ 1,30,000/-
શેખ મોઈન ઈબ્રાહીમભાઈ મો.૮૪૬૯૬૬૭૮૬૯
હજ્જ-૨૦૨૬ બુકિંગ ચાલુ છે
કુરેશી મોહંમદ ઈકબાલ મો.૯૭૨૩૪૫૯૬૮૬
૪૩૯, ચોથો માળ, શીતલ વર્ષા કોમ્પ્લેક્ષ, જમાલપુર ચારરસ્તા, બહેરામપુરા, અમદાવાદ

مرغوب عالم
Bombay Wala
LUCKY babyshop
★જીયાણા ★રેડીમેડ કપડા ★ફેન્સી ડ્રેસ
★છઠ્ઠી ★ગરમ કપડા ★ગીફ્ટ સેટ
૩૦૯૬/૧, ત્રણ દરવાજા, અહમદઆબાદ-૧.

(એજન્સી) તા.૬

ઈઝરાયેલે યુદ્ધવિરામનું ઉલ્લંઘન ચાલુ રાખ્યું, જેમાં ગુરૂવાર, ૪ ડિસેમ્બરના રોજ ગાઝામાં છ લોકો મૃત્યુ પામ્યા છે. એક તંબુ પર મિસાઈલ હુમલામાં એક આખા પરિવારને જીવતો સળગાવી દેવામાં આવ્યો. આ મિસાઈલ ગાઝાના "સેફ ઝોન"માં એક તંબુ પર વાગી. આ મિસાઈલમાં ફતી અબુ હુસૈન નામના એક વ્યક્તિ અને તેના આઠ વર્ષના પુત્ર બિલાલ અને દસ વર્ષના પુત્ર મોહમ્મદનું તેમના તંબુમાં મૃત્યુ થયું. ઈઝરાયેલે અલ-માવાસી તંબુ કેમ્પને નિશાન બનાવ્યો જ્યારે લોકો સૂતા હતા, અને તેના થોડા સમય પછી નજીકની એક હોસ્પિટલ પર પણ એક મિસાઈલ વાગી.

અલ જઝીરાના અહેવાલ મુજબ, હુમલામાં ૧૬ અન્ય લોકો ઘાયલ થયા હતા. ઓક્ટોબર ૨૦૨૫માં યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી ઈઝરાયેલે ૫૯૧ વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. ૨ ડિસેમ્બરના રોજ, ડ્રોનનો ઉપયોગ કરીને હવાઈ દસ્તાવેજીકરણ માટે જાણીતા પેલેસ્ટીની પત્રકાર મહમૂદ વાદી, મધ્ય ગાઝા પટ્ટીના ખાન યુનુસમાં કામ કરતી વખતે ઈઝરાયેલી ડ્રોન હુમલામાં મૃત્યુ પામ્યા. ઓક્ટોબર ૨૦૨૫માં જાહેર કરાયેલ યુદ્ધવિરામ કરાર હેઠળ "સલામત" તરીકે નિયુક્ત વિસ્તારમાં વિસ્થાપન શિબિરો અને વિનાશના ફૂટેજ મેળવવા માટે ડ્રોન લોન્ચ કર્યા પછી, બાની સુહેલા ચોકડી નજીક વાદી પર હુમલો કરવામાં



આવ્યો. નાસેર હોસ્પિટલના ડોકટરોએ તેમના મૃત્યુની ખાતરી કરી, જેનાથી યુદ્ધવિરામ પછી મૃત્યુ પામેલા પત્રકારોની કુલ સંખ્યા ૨૦ થઈ ગઈ, જે આ નાજુક યુદ્ધવિરામ વચ્ચે પત્રકારો જે જોખમોનો સામનો કરી રહ્યા છે તે પ્રકાશિત કરે છે. ઘટનાસ્થળે હાજર વાદીના સાથીદારો અને સાક્ષીઓએ દાવો કર્યો હતો કે જ્યારે તેઓ વિવાદિત 'યલો લાઇન'થી દૂર ખુલ્લા વિસ્તારમાંથી કામ કરી રહ્યા હતા ત્યારે તેમને ઈઝરાયેલી ડ્રોન દ્વારા સીધા નિશાન બનાવવામાં આવ્યા હતા.

યલો લાઇન એ દક્ષિણ ગાઝામાં પેલેસ્ટીની-નિયંત્રિત વિસ્તારોને ઈઝરાયેલી-નિયંત્રિત વિસ્તારોથી અલગ કરવા માટે યુદ્ધવિરામ પછી સ્થાપિત બફર ઝોન છે.

# ગાઝાના રફાહ ક્રોસિંગ માટે ઈઝરાયેલ દ્વારા ફક્ત એક્ઝિટ પ્લાનને અરબ અને મુસ્લિમ રાષ્ટ્રોએ નકારી કાઢ્યા

(એજન્સી) તા.૬

ગાઝા મધ્યસ્થી ઈજિપ્ત અને કતાર, છ અન્ય મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો સાથે, ઈઝરાયેલની રાફાહ સરહદ ક્રોસિંગ એકપક્ષીય રીતે ખોલવાની યોજના પર ચિંતા વ્યક્ત કરી છે, જેનાથી પેલેસ્ટીનીઓને પ્રદેશ છોડીને પાછા ન ફરવાની મંજૂરી મળશે અને માનવતાવાદી સહાયના પ્રવેશને અવરોધિત કરવામાં આવશે. તેમની ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ગાઝા પર ઈઝરાયેલનું નરસંહાર યુદ્ધ સતત ચાલુ છે, છેલ્લા સાત અઠવાડિયામાં લગભગ ૬૦૦ વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું છે, અને અહેવાલો છે કે શનિવારે ઉત્તરીય શહેર બેટ લાહિયામાં થયેલા હુમલાઓમાં બે લોકો મૃત્યુ પામ્યા છે. ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, જોર્ડન, પાકિસ્તાન, કતાર, સઉદી અરબ, તુર્કી અને સંયુક્ત અરબ અમીરાતના વિદેશ મંત્રીઓએ શુક્રવારે એક સંયુક્ત નિવેદન બહાર પાડીને ઈઝરાયેલની તાજેતરની લશ્કરી જાહેરાત પર "ઊંડી ચિંતા" વ્યક્ત કરી હતી કે "આગામી દિવસોમાં ગાઝા પટ્ટીમાંથી ઈજિપ્તના રહેવાસીઓના બહાર નીકળવા માટે ફક્ત રફાહ ક્રોસિંગ ખોલવામાં આવશે." યુનાઈટેડ સ્ટેટ્સની આગેવાની હેઠળની શાંતિ યોજનાના પ્રથમ તબક્કા હેઠળ ઈઝરાયેલની જવાબદારીઓનું ઉલ્લંઘન કરતી આ જાહેરાત બુધવારે ઈઝરાયેલી લશ્કરી એકમ કોઓર્ડિનેશન ઓફ ગવર્મેન્ટલ એક્ટિવિટીઝ ઈન ધ રિજન (COGAT) દ્વારા કરવામાં આવી હતી, જેમાં જણાવવામાં આવ્યું છે કે ઈજિપ્ત સાથે સંકલનમાં ઈઝરાયેલી "સુરક્ષા મંજૂરી" સાથે એકપક્ષીય ક્રોસિંગની મંજૂરી આપવામાં આવશે. જો કે, ઈજિપ્ત અને તેના સહ-હસ્તાક્ષરકર્તાઓએ આ યોજનાની ટીકા કરી હતી, અને જણાવ્યું કે "પેલેસ્ટીની લોકોને તેમની ભૂમિ પરથી વિસ્થાપિત કરવાના કોઈપણ પ્રયાસનો સંપૂર્ણ અસ્વીકાર" કરવામાં આવ્યો હતો અને ઈઝરાયેલે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦-મુદ્દાની યોજનાનું સંપૂર્ણપણે પાલન કરવું જોઈએ, જેમાં બંને દિશામાં રફાહ ક્રોસિંગ ખોલવાની હાકલ કરવામાં આવી છે. મોટાભાગના યુદ્ધ દરમિયાન રાફાહ ક્રોસિંગ બંધ રહ્યું. ટ્રમ્પની યોજના હેઠળ ૧૦ ઓક્ટોબરના રોજ યુદ્ધવિરામ અમલમાં આવ્યો ત્યારથી, ઈઝરાયેલી અધિકારીઓએ મહત્ત્વપૂર્ણ સહાયના આગમન અને તબીબી સારવારની જરૂર હોય તેવા લોકોને સ્થળાંતર કરવા માટે તેને ફરીથી ખોલવાનું અટકાવ્યું છે. ઈઝરાયેલીએ અધિકારીઓએ હમાસ દ્વારા તમામ અટકાયતીઓના મૃતદેહો પરત કરવામાં નિષ્ફળતા અને ઈજિપ્ત સાથે સંકલનની જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો છે. ગાઝામાં ફક્ત એક અટકાયતીનો મૃતદેહ બાકી છે, અને ઈઝરાયેલી બોમ્બમારાથી એન્ક્લેવનો વ્યાપક વિનાશ સ્વદેશ પરત ફરવામાં અવરોધ ઊભો કરી રહ્યો



છે. મંત્રીઓએ જણાવ્યું કે તેઓ ટ્રમ્પની શાંતિ પહેલની પ્રશંસા કરે છે, જેમાં આંતરરાષ્ટ્રીય "શાંતિ બોર્ડ" ની દેખરેખ હેઠળ બહુરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ દ્વારા સમર્થિત ટેક્નોક્રેટિક પેલેસ્ટીની સરકારની રચનાની કલ્પના કરવામાં આવી છે, અને ભાર મૂક્યો કે તેમની યોજના "વિલંબ કે અવરોધ વિના" આગળ વધવી જોઈએ. તેમણે વિનંતી કરી કે પેલેસ્ટીની ઓથોરિટીને "ગાઝામાં તેની જવાબદારીઓ ફરી શરૂ કરવા" માટે પરવાનગી આપવા માટે પરિસ્થિતિઓ બનાવવામાં આવે, "ટકાઉ શાંતિ" માટે માંગ કરતા જે બે-રાજ્ય ઉકેલને અમલમાં મૂકે, જેમાં "૪ જૂન, ૧૯૬૭ના રોજ ગાઝા અને વેસ્ટ બેંકની સરહદો પર એક સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્ય, જેની રાજધાની પૂર્વ જેરૂસલેમ હશે"નો સમાવેશ થાય છે. શનિવારે કતારમાં વાર્ષિક રાજદ્વારી પરિષદ, દોહા ફોરમમાં ગાઝા મુદ્દો પ્રભુત્વ ધરાવતો હતો, જ્યાં કતારના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાનીએ જણાવ્યું કે બે મહિનાનો યુદ્ધવિરામ "નિર્ણાયક ક્ષણ" પર છે. તેમણે જણાવ્યું કે,"અમે હજુ સુધી આ યુદ્ધવિરામ માની શકતા નથી. જ્યાં સુધી ઈઝરાયેલી દળો સંપૂર્ણપણે પાછી ખેંચી ન લે અને ગાઝામાં સ્થિરતા પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી યુદ્ધવિરામ પૂર્ણ થઈ શકે નહીં. કોન્ફરન્સમાં બોલતા, તુર્કીના વિદેશ મંત્રી હકાન ફિદાને કહ્યું કે ગાઝા ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ (ISF) પર મંત્રણા ચાલી રહી છે, જેમાં તેના આદેશ અને જોડાણના નિયમોનો સમાવેશ થાય છે, અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય સરહદ પર ઈઝરાયેલીઓ અને પેલેસ્ટિનિયનોને અલગ કરવાનો હોવો જોઈએ.

# ગાઝા પર હુમલા ચાલુ રાખતા ઈઝરાયેલે લશ્કરી બજેટ ૩૪૦૦ કરોડ ડોલર રાખ્યું

(એજન્સી) તા.૬

અમારા સાથીદારોના જણાવ્યા મુજબ, ૧૦ ઓક્ટોબરના યુદ્ધવિરામ છતાં, દક્ષિણ ગાઝા શહેરના ખાન યુનુસના પૂર્વ અને ઉત્તરપૂર્વીય ભાગો પર તોપખાના, ગોળીબાર અને હેલિકોપ્ટર ફાયરિંગ દ્વારા ઈઝરાયેલી હુમલાઓ ચાલુ રહ્યા છે.

ગાઝા સિટીથી અહેવાલ આપતા, અલ જઝીરાના હાની મહમૂદે જણાવ્યું કે સતત યુદ્ધવિરામ ઉલ્લંઘનને કારણે પ્રદેશના લોકોને સંપૂર્ણ પાયે નરસંહાર યુદ્ધ ફરી શરૂ થવાનો ભય છે. સંરક્ષણ મંત્રીના કાર્યાલય અનુસાર, આગામી વર્ષ માટે ઈઝરાયલનું લશ્કરી બજેટ ૧૧૨ અબજ શેકેલ (૩૪ અબજ ડોલર) નક્કી કરવામાં આવ્યું છે, જે અગાઉ ૯૦ અબજ શેકેલ (૨૭ અબજ ડોલર) હતું.

ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝા પર



ઈઝરાયેલના નરસંહાર યુદ્ધમાં ઓછામાં ઓછા ૭૦,૧૨૫ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૧૭૧,૦૧૫ ઘાયલ થયા છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના હુમલા દરમિયાન ઈઝરાયેલમાં કુલ ૧,૧૩૯ લોકો મૃત્યુ પામ્યા અને આશરે ૨૦૦ લોકોને કેદી બનાવવામાં આવ્યા હતા.

# ગાઝામાં ૫૭,૦૦૦થી વધુ મહિલા-મુખિયા પરિવારોને ભારે મુશ્કેલીનો સામનો : UNFPA

(એજન્સી) ગાઝા, તા.૬

સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ (UNFPA)એ શુક્રવારે અહેવાલ આપ્યો છે કે, ગાઝા પટ્ટીમાં ૫૭,૦૦૦થી વધુ પરિવારોનું નેતૃત્વ હવે મહિલાઓ કરી રહી છે. આમાંની મોટાભાગની મહિલાઓ અત્યંત ગીચ આશ્રયસ્થાનો, ભૂખમરો અને રોગચાળા વચ્ચે ભારે સંવેદનશીલતાનો સામનો કરી રહી છે.

● **ગંભીર સંવેદનશીલતા :** પેલેસ્ટીનમાં UNFPAના પ્રતિનિધિ નેસ્ટર ઓવોમુહંગીએ એક વર્ચ્યુઅલ ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું કે, 'મોટાભાગના પરિવારો હજુ પણ ગીચ આશ્રયસ્થાનોમાં રહે છે જ્યાં ભૂખ અને રોગ દરરોજ જોખમ ઊભું કરે છે.' તેમણે ગાઝામાં હોસ્પિટલો, મહિલાઓ અને છોકરીઓ માટેની સુરક્ષિત જગ્યાઓ, યુવા કેન્દ્રો અને વિસ્થાપન શિબિરોની મુલાકાતોનું વર્ણન કર્યું.

● **નિરાધાર મુખિયા :** તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, 'ગાઝામાં ૫૭,૦૦૦થી વધુ પરિવારોના મુખિયા હવે મહિલાઓ છે' અને ઉમેર્યું : 'તેમાંથી ઘણી ઊંડી રીતે સંવેદનશીલ છે, જેમની પાસે તેમના બાળકોને ટેકો આપવા માટે કોઈ આવક નથી.'

● **શિયાળુ સંકટ :** તેમણે હવામાનની સ્થિતિની અસર પર પણ પ્રકાશ પાડ્યો અને કહ્યું કે, 'શિયાળાના વરસાદ અને પૂરથી પીડામાં એક નવું સ્તર ઉમેરાઈ રહ્યું છે.'

**આશા તૂટી :** ખોરાક અને પાણી માટે કલાકો સુધી કતારમાં ઊભેલા પરિવારો અંગે તેમણે કહ્યું : 'લોકો હવે ઘરો, શિક્ષણ અથવા યોગ્ય ખોરાક માટે પૂછતા નથી. તેઓ એક તંબુ, એક નાનું હીટર અથવા પ્રકાશ માંગી રહ્યા છે. તેમની અપેક્ષાઓ તૂટી ગઈ છે - જે કોઈપણ નાશ પામેલી ઈમારત જેટલું જ વિનાશક છે.'

**UNFPAની સહાયતા અને પડકારો :**

● **સેવાઓ :** તેમણે અહેવાલ આપ્યો કે, ૧૦ ઓક્ટોબરના યુદ્ધવિરામ પછી UNFPA ૧,૨૦,૦૦૦ મહિલાઓ અને છોકરીઓ સુધી પ્રજનન



સ્વાસ્થ્ય સેવાઓ, ગૌરવની વસ્તુઓ (dignity items) અને લિંગ-આધારિત હિંસાથી બચી ગયેલા લોકો માટે સંભાળ સાથે પહોંચ્યું છે. ● **સહાય કેન્દ્રો :** હાલમાં UNFPA ૨૨ આરોગ્ય સુવિધાઓને, જેમાં પાંચ હોસ્પિટલો, ૩૬ મહિલાઓ અને છોકરીઓ માટેની સુરક્ષિત જગ્યાઓ અને બે આશ્રયસ્થાનો, તેમજ નવ યુવા કેન્દ્રોને ટેકો આપે છે અને ૨૦૨૬માં આ સંખ્યા બમણી કરવાનો સંકલ્પ કર્યો છે.

● **સહાય વિતરણમાં અવરોધ :** તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, યુદ્ધવિરામ છતાં સહાય પહોંચાડવામાં પડકારો ચાલુ છે અને પ્રવેશ હજુ પણ એક સમસ્યા છે. તેમણે કહ્યું, 'માત્ર ત્રણ ક્રોસિંગ ખુલ્લા હોવા છતાં અને ક્યારેય એકસાથે નહીં – તેમજ પુરવઠો લાવવા પર લાદવામાં આવેલ સતત લાલ ફિતાશાહી (red tape)ને કારણે અમે હજુ પણ ડિલિવરીમાં મોટા વિલંબ જોઈ રહ્યા છીએ' અને એન્કલેવમાં અને સમગ્ર વિસ્તારમાં તમામ ક્રોસિંગ્સ દ્વારા 'અનુમાનિત, સતત, સલામત માનવતાવાદી પ્રવેશ'ની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે પગલાં લેવા વિનંતી કરતાં કહ્યું કે, 'આ વિના, પુનઃપ્રાપ્તિ વેગ પકડી શકશે નહીં.'

# યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલની અમાનવીય નાકાબંધી ચાલુ રહેતા ગાઝામાં ભૂખમરાની કટોકટી વધુ વણસી

(એજન્સી) તા.૬

બે વર્ષથી વધુ સમયના નરસંહાર પછી પણ યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલ દ્વારા અમાનવીય નાકાબંધી ચાલુ રહેતા ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓ ભૂખમરાના સંકટનો સામનો કરી રહ્યા છે.

દક્ષિણ ગાઝાના ખાન યુનિસના માવાસીસ વિસ્તારમાં એક સમુદાયના રસોડામાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓને ગરમ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પેલેસ્ટીનીઓનું કહેવું છે કે વધતી જતી માનવતાવાદી કટોકટીને કારણે તેમની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે આ ભોજન અને મૂળભૂત ખાદ્ય સહાય પર તેમની નિર્ભરતા વધી ગઈ છે.

ગાઝા સરકારના મીડિયા કાર્યાલય અનુસાર, ઈઝરાયેલ ગાઝામાં ખોરાક અને દવાના પ્રવેશ પર પ્રતિબંધ મૂકી રહ્યું છે, જ્યાં આશરે ૨.૪ મિલિયન લોકો ગંભીર પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે. ઘેરાયેલા પ્રદેશમાં નાકાબંધીને કારણે હજારો પરિવારો મૂળભૂત જરૂરિયાતો મેળવવા માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે.

આ વર્ષે ૧૦ ઓક્ટોબરથી અમલમાં આવેલ યુદ્ધવિરામ લડાઈ બંધ કરવાનો હતો, પરંતુ ઈઝરાયેલે દરરોજ તેનું ઉલ્લંઘન કર્યું છે, જેના પરિણામે સેંકડો લોકો મૃત્યુ પામ્યા છે.

ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલે ગાઝામાં થયેલા નરસંહારમાં ૭૦,૦૦૦થી વધુ લોકોને મારી નાખ્યા છે, જેમાં મોટાભાગે



મહિલાઓ અને બાળકો છે, અને લગભગ ૧૭૧,૦૦૦ અન્ય લોકોને ઘાયલ કર્યા છે.

# ગાઝા યુદ્ધમાં સેવા આપ્યા બાદ ઈઝરાયેલી રિઝર્વ અધિકારીએ આત્મહત્યા કરી

(એજન્સી) તા.૬

હિબ્રુ મીડિયા અનુસાર, ગાઝા યુદ્ધમાં ભાગ લેવાને કારણે ગંભીર માનસિક તકલીફનો સામનો કર્યા બાદ ગુરૂવારે ગિવાટી બ્રિગેડના એક રિઝર્વ અધિકારીએ આત્મહત્યા કરી લીધી.

અખબાર ઈઝરાયેલ હાયોમે અહેવાલ આપ્યો છે કે ૨૮ વર્ષીય ઈઝરાયેલી રિઝર્વ અધિકારીએ અલ-અક્સા ફ્લડ ઓપરેશનના પહેલા દિવસે ગાઝા વસાહતોમાં લડાઈને લગતા તીવ્ર માનસિક આઘાતનો સામનો કર્યા બાદ આત્મહત્યા કરી હતી.

અખબારે જણાવ્યું કે ગિવાટી બ્રિગેડના રિઝર્વિસ્ટ ટોમસ એડઝાગૌસ્કાસનું ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું હતું, ગાઝા વસાહતોમાં લડાઈમાં ભાગ લીધા પછી અને બાદમાં ગાઝા પટ્ટીની અંદર ગ્રાઉન્ડ ઓપરેશન દરમિયાન માનસિક તણાવ, સંભવતઃ પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડરને કારણે, અનુભવ્યા પછી.

અખબારની વેબસાઈટ અનુસાર, તેમણે ઘટનાના થોડા સમય પહેલા લખ્યું હતું કે તેઓ "હવે જીવી શકશે નહીં અને વિનાશ અને નુકસાનનો અનુભવ કરી શકશે નહીં," જોકે તેમના મૃત્યુના



સંજોગો વિશે વધુ વિગતો આપવામાં આવી ન હતી.

ગયા ઓક્ટોબરના અંતમાં, સત્તાવાર ઈઝરાયેલી આંકડા દર્શાવે છે કે ૧૮ મહિનાના સમયગાળામાં સૈન્યમાં ૨૭૯ આત્મહત્યાના પ્રયાસો થયા હતા, જેમાંથી ૩૬ સૈનિકો આત્મહત્યા દ્વારા મૃત્યુ પામ્યા હતા.

# કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહેમાન અલ થાનીએ કહ્યું કે, ગાઝા યુદ્ધવિરામ એક નિર્ણાયક તબક્કામાં પ્રવેશી ગયું છે

## તુર્કી યુદ્ધવિરામની 'ગેરન્ટી' પૈકી એક છે, પરંતુ ઈઝરાયેલ, જેના અંકારા સરકાર સાથે સંબંધો ખરાબ છે, તેણે આ દળમાં તુર્કીની કોઈપણ ભાગીદારીને નકારી કાઢી છે

(એજન્સી) દોહા, તા.૬

કતારના વડાપ્રધાને શનિવારે કહ્યું હતું કે ગાઝા યુદ્ધવિરામનો પ્રથમ તબક્કો સમાપ્ત થતાં 'નિર્ણાયક ક્ષણ' પર પહોંચી ગયો છે, જેમાં ગાઝામાં લડવૈયાઓ પાસે હજુ પણ માત્ર એક ઈઝરાયેલી બંધકના અવશેષો છે. શેખ મોહમ્મદ બિન અબ્દુલરહેમાન અલ થાનીએ કતારની રાજધાનીમાં એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં જણાવ્યું હતું કે યુએસના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી, સોદાને મજબૂત બનાવવા માટે બીજા તબક્કામાં 'આગળ વધવા માટે દબાણ કરવા' માટે કામ કરી રહ્યા છે. અમે હમણાં જ જે કર્યું છે તે એક વિરામ છે. અમે તેને હજુ સુધી યુદ્ધવિરામ માની શકતા નથી. જ્યાં સુધી ઈઝરાયેલી દળો સંપૂર્ણ રીતે પાછા ન ખેંચાય, ગાઝામાં સ્થિરતા પાછી ન આવે. ગાઝાના આરોગ્ય અધિકારીઓ કહે છે કે



ઓક્ટોબરમાં યુદ્ધવિરામ લાગુ થયા પછી ઈઝરાયેલી ગોળીબારમાં ૩૬૦થી વધુ પેલેસ્ટીની માર્યા ગયા છે. શિફા હોસ્પિટલે જણાવ્યું હતું કે આ હિંસામાં, ગાઝા શહેરના ઉત્તર-પશ્ચિમમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં બે પેલેસ્ટીની માર્યા ગયા હતા. ઈઝરાયેલ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. પરંતુ ઈઝરાયેલી સેના કહે છે કે તેણે ગાઝામાં ઈઝરાયેલી-નિયંત્રિત પ્રદેશમાં યુદ્ધવિરામ રેખાઓ પાર કરીને પેલેસ્ટીનીઓ પર અનેક હુમલા કર્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦-પોઈન્ટ શાંતિ યોજનાનો પ્રથમ તબક્કો ૧૦ ઓક્ટોબરથી અમલમાં આવ્યો. લડાઈ બંધ થઈ ગઈ અને ગાઝામાં રાખવામાં આવેલા ડઝનબંધ બંધકોને ઈઝરાયેલી જેલમાં રાખવામાં આવેલા સેંકડો પેલેસ્ટીનીઓ રીલીઝ કરવામાં આવ્યા. આગામી તબક્કો, જેમાં ગાઝામાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા દળની તૈનાતી, પ્રદેશ માટે નવી ટેક્નોક્રેટિક સરકારની રચના છે, હમાસનું નિઃશસ્ત્રીકરણ અને આખરે ગાઝામાંથી ઈઝરાયેલી દળોની પાછી ખેંચનો સમાવેશ થાય છે, તે હજુ શરૂ થયું નથી. આરબ અને પશ્ચિમી અધિકારીઓએ જણાવ્યું હતું કે ટ્રમ્પ દ્વારા સંચાલિત યુદ્ધવિરામની દેખરેખ રાખતી એક આંતરરાષ્ટ્રીય સંસ્થા વર્ષના અંત સુધીમાં નિયુક્ત થવાની અપેક્ષા છે. લાંબા ગાળે, આ યોજના પેલેસ્ટીની સ્વતંત્રતા માટે સંભવિત 'માર્ગ' છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# નફરતને હરાવવાનો સૌથી સરળ રસ્તો એટલે મિત્રતા

સોશિયલ મીડિયા અને રીલ્સના યુગમાં મિત્રતાએ એક નવી અભિવ્યક્તિ અને નવી શૈલી મેળવી છે. આપણે કાવ્ય જેવી લાગતી કૅપ્શન્સ, અસરકારક કોટ્સ, ટ્રેન્ડિંગ ગીતો, સુંદર ઉર્દૂ શેરો અને બોલિવૂડના સંગીતને જોયા કરીએ છીએ, જે દોસ્તી અને યારીને ખાસ અંદાજમાં ઉજવે છે. આજે મિત્રતાને જાણે એક કળા તરીકે રજૂ કરવામાં આવે છે. ફિલ્ટર્સ, જૂની યાદો, હાસ્ય ભરેલા પળો અને એકબીજા સાથેનાં કોમળ અને ફિલ્મી દૃશ્યો સાથે. પરંતુ આ બધા દેખાવની વચ્ચે એક વસ્તુ એવી છે જે ક્યારેય બદલાતી નથી: માનવીય જોડાણની સાચી જરૂરિયાત.

મિત્રતા ક્યારેય લોહીના નાતામાં કે લગ્નના સંબંધોમાં બંધાતી નથી. તે તો એક ઊંડા માનસિક અનુભવમાંથી જન્મે છે એક લાગણી, એક જોડાણ, એક એવો ભાવ કે જ્યાં માત્ર કોઈની હાજરી પૂરતી લાગે, અને શબ્દો વિના પણ એકબીજાને સમજાતો શાંત આનંદ મળે.

હેશટૅગ્સ અને વાયરલ ટ્રેન્ડ્સ આવતાં પહેલાં, સદીઓ પહેલા જ ગ્રીક તત્ત્વચિંતક એરિસ્ટોટલે પોતાના ગ્રંથ નિકોમેચિયન એથિક્સમાં મિત્રતા પર વિચારો રજૂ કર્યા હતા. તેમના માટે મિત્રતા માત્ર ભાવનાત્મક મોજશોખ નહીં, પરંતુ નૈતિકતા અને સમાજજીવનનો મહત્વનો આધાર હતો. તેમણે મિત્રતાના ત્રણ પ્રકાર ગણાવ્યા, દરેકનો આધાર અને હેતુ અલગ હતો.

પહેલો પ્રકાર છે સ્વાર્થ આધારિત મિત્રતા જ્યાં સંબંધ પરસ્પર ફાયદા પર ટકેલો હોય. આવી મિત્રતા સંપૂર્ણપણે વ્યવહારુ અને હેતુસર હોય છે. લોકો સાથે રહે છે કારણ કે ત્યાંથી તેમને કંઈક મળે છે લાભ, પ્રભાવ કે કોઈ તક. એરિસ્ટોટલના જણાવ્યા મુજબ, આવી મિત્રતાઓ લાંબા સમય સુધી ચાલતી નથી; કારણ કે ફાયદો ઓછો થાય એટલે સંબંધ પણ પૂરો થઈ જાય છે. આ બાદ આવે છે આનંદ આધારિત મિત્રતા જે મજા, હાસ્ય, આકર્ષણ અને સાથે વિતાવેલી નાની ખુશીના પળોથી બને છે. આવો સંબંધ હળવો, તાજગીભરેલો અને ઊર્જાસભર હોય છે. સામાન્ય રીતે યુવાનીમાં આ ત્વરિત ઊભી થાય છે અને તેટલી જ ઝડપથી ઘટી પણ શકે છે, કારણ કે સમય સાથે લાગણીઓ બદલાય છે અને જીવન નવા માર્ગે આગળ વધે છે.

પરંતુ મિત્રતાનું સૌથી ઊંચું અને દુર્લભ સ્વરૂપ છે સદગુણ આધારિત મિત્રતા. એરિસ્ટોટલ કહે છે કે આ ત્યારે બને છે, જ્યારે બે લોકો એકબીજાને તેમની સચ્ચાઈ, સારા સ્વભાવ અને પાત્રના ગુણો માટે કદર કરે છે. આવી મિત્રતા ન તો ફાયદા પર આધારિત હોય છે, ન તો દેખાવ પર ચાલે છે. તે મનોરંજન કે લાભ માટે બનાવાતી નથી, પરંતુ નૈતિક ઊંડાણ અને આત્મિક જોડાણના આધારે ટકી રહે છે. એરિસ્ટોટલ તેને ''નૈતિક સુંદરતાની મિત્રતા'' કહે છે જ્યાં સારો માણસ પોતાના સારા ગુણો પોતાના મિત્રમાં પ્રતિબિંબિત જોયે છે.

આજના ડિજિટલ રીતે ગૂંથાયેલા સમયમાં પણ જ્યાં સંબંધો અલ્ગોરિધમ, ફોલોઅર્સ અને મેટ્રિક્સથી આકાર લે છે એરિસ્ટોટલના વિચારો અદ્ભૂત રીતે પ્રસ્તુત લાગે છે. મિત્રતા વિશેની ભાષા ભલે ગઝલોથી ઈન્સ્ટાગ્રામ રીલ્સ સુધી બદલાઈ ગઈ હોય, પરંતુ મિત્રતાનો સાચો આધાર એક જ છે: સદગુણ વિનાની મિત્રતા, જે માત્ર ભાવનાનો પડછાયો અને દેખાવનું એક સ્તર નથી. અવશ્ય, દરેક મિત્રતા સદગુણ આધારિત જ હોવી જોઈએ એવું નથી. રોજિંદા જીવનમાં મળતા સાથીદારો, ઓફિસના લોકો અથવા માત્ર સાથે હોવાથી આનંદ આપતા મિત્રો પણ જીવનને સુંદર બનાવે છે. આપણા સંબંધોના વર્તુળમાં જુદી જુદી ઓળખ, પૃષ્ઠભૂમિ અને સ્વભાવ ધરાવતા લોકો હોય છે અને આવા બધા સંબંધો પણ એટલા જ અગત્યના છે. આવા મિત્રો અમને સતત યાદ અપાવે છે કે અંતે આપણે સૌ એક જ માનવતાને વહેંચીએ છીએ, ભલે એ મિત્રતા કેટલીય સરળ કે સામાન્ય કેમ ન હોય.

દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર અને સાંસદ મનોજ ઝા પોતાના વિદ્યાર્થીઓને વારંવાર એક પ્રશ્ન પૂછતા હતા:

''શું તમે તમારી જાતિ, સમુદાય અથવા ધર્મથી અલગ પૃષ્ઠભૂમિ ધરાવતા તમારા પાંચ મિત્રોના નામ કહી શકો છો?''



અને ત્યાર પછી છવાતું સ્તબ્ધ મૌન ઘણી વાતો કહી જતું. મોટાભાગના વિદ્યાર્થીઓ તો બે નામ પણ નહીં કહી શકે.

આ નાનકડા પ્રયત્ને આપણા સમાજ વિશેનું એક મોટું સત્ય ખુલ્લું કર્યું. માનવ સંબંધોમાં સૌથી પ્રાકૃતિક મનાતી મિત્રતા પણ ઘણી વાર જાતિ, ધર્મ, વર્ગ અને ઓળખ જેવી અદૃશ્ય રેખાઓને અનુસરે છે. આપણે સામાન્ય રીતે સમાનતા ધરાવતા લોકો સાથે જ સંબંધ બનાવીએ છીએ અને ભિન્નતા ધરાવતા વર્તુળોમાં ભાગ્યે જ પ્રવેશીએ છીએ. અધ્યયન બતાવે છે કે મિત્રતાઓ જેટલી વિવિધ હશે, એટલી આપણામાં લોકોનું ''આપણા'' અને ''બીજાઓ''માં વિભાજન કરવાની ટેવ ઓછી હશે. સામાજિક, ધાર્મિક કે જાતિના ભેદને પાર કરતી મિત્રતા ફક્ત સંબંધોને વિસ્તારે છે તે જ નહીં, પણ દુનિયાને સમજવાની આપણી દૃષ્ટિને પણ ઊંડી બનાવે છે. આવી મિત્રતા જૂની માન્યતાઓને પડકાર આપે છે, પૂર્વગ્રહ ઘટાડે છે, વિશ્વાસ વધારે છે અને સહાનુભૂતિ મજબૂત બનાવે છે.

હિંસા ઘણી વાર હથિયારોથી નહીં, પરંતુ મનમાં રહેલા ખોટા વિચારોથી, જૂની ગેરસમજોથી અને ''બીજાઓ'' વિશેના અર્ધસત્યોથી શરૂ થાય છે. આવી માન્યતાઓ જાણતા અજાણતા પૂર્વગ્રહને વાવે છે, જે કઠોર વલણોમાં બદલાઈ જાય છે અને જ્યારે આ પૂર્વગ્રહોને કોઈ પડકારતું નથી ત્યારે તે નફરત અને હિંસા સુધી પહોંચી શકે છે. આ દુષ્ચક્ર તોડવાની શરૂઆત ઘણી વખત એક સરળ વસ્તુથી થાય છે મિત્રતા.

ક્યારેક તે ફક્ત એક કપ ચા પરની વાતચીતથી શરૂ થાય છે. ક્યારેક ફક્ત આ કહેવાની હિંમતથી: ''હું તમને ઓળખું છું. હું તમને સાંભળું છું. તમારું જીવન મારા માટે મહત્વનું છે.'' આવું નાનું જોડાણનું પગલું મોટા સામાજિક પરિવર્તન લાવી શકે છે અને તૂટેલા સંબંધોને ફરી જોડવાની ક્ષમતા ધરાવે છે. ફિલ્મ નિર્માતા અનુભવ સિંહાએ કહ્યું હતું કે અલીગઢ યુનિવર્સિટીમાં તેમના સમયે મુસ્લિમ સમુદાય વિશેની તેમની ઘણી ગેરસમજ દૂર કરી દીધી.

તે જ રીતે, એક બ્રાહ્મણ વિદ્યાર્થિનીએ જણાવ્યું કે જ્યારે તે જેએનયુમાં ભણતી હતી, ત્યારે દલિત મિત્રો સાથેની મિત્રતાએ તેને પોતાના જાતિ-આધારિત સગવડ વિશે ઊંડો અહેસાસ કરાવ્યો. તેણીએ જાતિભેદ વિશે વાંચેલું હતું, પરંતુ તેણે એમ કહ્યું: ''જ્યારે તમે કોઈ એવી વ્યક્તિ સાથે રહેવા લાગો છો, રૂમ અને ભોજન વહેંચો છો, જેના જીવનમાં ભેદભાવ છે ત્યારે જ તેના દુઃખનું વજન ખરેખર સમજાય છે.''

એક બીજા યુવાને પોતાના સંશોધન માટે છત્તીસગઢ અને નર્મદા ખીણમાં કરેલા ક્ષેત્ર-કાર્ય દરમિયાનના અનુભવ વિશે જણાવ્યું. ત્યાં તે આદિવાસી વિદ્યાર્થીઓ સાથે મિત્ર બન્યો. આ મિત્રતાએ તેને એક નવી દુનિયા બતાવી. આદિવાસી જીવન, તેમના દૈનિક સંઘર્ષ, મૂલ્યો, જંગલ-જમીન-નદી સાથેનું તેમનું ઊંડું જોડાણ અને વિકાસ વિશે તેમનો દૃષ્ટિકોણ.

તે કહેતો હતો: ''મને સમજાયું કે ફક્ત જીવવા માટે નહીં, પરંતુ સન્માન સાથે જીવવાનો હક મેળવવા માટે લડવાનો અર્થ છે : જ્યાં તમે જન્મ્યા છો અને જેને તમે દિલથી પ્રેમ કરો છો એવી જમીન પર રહેવાનો અધિકાર.'' આ પછી તેણે ઉમેર્યું: ''આ અનુભવોને કારણે મારી પોતાની વિશેની અનેક માન્યતાઓ હચમચી ગઈ. કદાચ એ વધારે સારા માનવી બનવાની શરૂઆત હતી.'' આપણો સમાજ મતભેદો હોવાથી તૂટતો નથી; તે ત્યારે વિખરાય છે જ્યારે આપણે એકબીજાના વિચારો, લાગણીઓ, જુદાઈ અને વિશેષતાઓને ઓળખવાનું બંધ કરી દઈએ છીએ. વિવિધતાભરી મિત્રતા માત્ર એક સુંદર સામાજિક વિચાર નથી વિભાજનની રાજનીતિ સામે એક શાંત પણ શક્તિશાળી પ્રતિભાવ છે.

જાતિ, સમુદાય અને વિચારોના નામે ભાંગી પડતી આ દુનિયામાં કદાચ સૌથી સરળ, પણ સૌથી પરિવર્તનકારી પગલું એ છે કે આપણે ઓળખાણના આરામમાંથી બહાર આવીને પોતાનાથી અલગ વ્યક્તિ સાથે મિત્રતા બનાવીએ. કારણ કે ઘણીવાર સમાજને બચાવે છે કોઈ મોટો કાયદો કે ક્રાંતિ નહીં, પરંતુ એવી મિત્રતા જે ભેદભાવની રેખાઓ પાર કરવાની હિંમત રાખે છે અને અહીંથી એક વધુ મહત્વનો અને મુશ્કેલ પ્રશ્ન ઊભો થાય છે મિત્રતા અને અંતરાત્મા બંનેની વચ્ચે ક્યાંક સ્થિત એવો પ્રશ્ન.

''અરે, રાજકારણને લઈને મિત્રતા ન બગાડીએ.'' ''આપણે મિત્ર છીએ, વચ્ચે રાજકારણ લાવવાની શું જરૂર?'' આ પ્રકારની વાતો ઘણી વખત સાંભળવા મળે છે. બહારથી તે સમજદાર લાગે છે અને ક્યારેક સામાન્ય ચર્ચાઓ માટે યોગ્ય પણ હોય છે. પરંતુ જ્યારે રાજકારણ કોઈ સમુદાય પર સીધી અસર કરે, જ્યારે તે ન્યાય, અધિકાર અને માનવતાને નુકસાન પહોંચાડે, જ્યારે તે કેટલાક લોકોને સમાજમાંથી દૂર ધકેલવાની કોશિશ કરે ત્યારે તે ''માત્ર રાજકારણ'' નથી રહેતું.

જ્યારે નીતિઓ લોકોની ઓળખને કારણ બનાવી તેમની પર અત્યાચાર કરે, તેમની જમીન, રોજગાર કે જંગલ છીનવી લે, તેમનો અવાજ દબાવવાની કોશિશ કરે અથવા તેમને જાહેર જીવનમાંથી ગાયબ કરવાની ઈચ્છા રાખે ત્યારે તેને હળવાશથી લઈને બાજુએ રાખી શકાતું નથી.

જો તમે ગઈકાલે જેની સાથે ભોજન કર્યું હોય, એ જ વ્યક્તિ રાત્રે ઈન્ટરનેટ પર મહિલાઓ વિરુદ્ધ ઘૃણા ભરેલી વાતો ફેલાવે તો તમે આ વર્તન અને તમારી મિત્રતાને એકબીજા સાથે કેવી રીતે જોડશો? અંતરાત્મા વિના મિત્રતા લાંબી ટકી શકતી નથી. જો તમારો મિત્ર એવા લોકોનું સમર્થન કરે છે, જે બીજાનું માન હરણ કરે છે, કોઈના દુઃખ પર હાસ્ય કરે છે, અથવા જુલમને ઉજવે છે તો તમારે જાતને પૂછવું પડે:

આ મિત્રતાનો સાચો અર્થ શું છે? સાચી મિત્રતા માત્ર મજા, ફોટા અને યાદોથી જ નહીં બને; તે સંયુક્ત મૂલ્યો, નૈતિકતા અને માનવતાની પાયાની ઉપર ઊભી હોય છે.એક એવી ક્ષણ આવે છે એક વળાંક જ્યારે મૌન પોતે જ દગો બની જાય છે અને પછી તમારે પસંદગી કરવી પડેઃ શું તમે મિત્રતાને બચાવવા માટે તમારી નૈતિકતા સાથે સમાધાન કરો છો?

કે પછી ન્યાય અને માનવતાની બાજુએ ઊભા રહો છો, ભલે એ નિર્ણય તમને એકલા પાડી દે?

આવા સમયે તમારા મિત્રના વિચાર અને દૃષ્ટિકોણને પડકારવો જરૂરી બની જાય છે ખાસ કરીને ત્યારે, જ્યારે તેમનાં વિચારો કોઈ સમુદાયને નુકસાન પહોંચાડતા હોય, નફરત ફેલાવતા હોય અથવા હિંસા તરફ દોરી જતા હોય. પરંતુ આ પડકાર શત્રુતા સાથે નહીં, પરંતુ સમજણ, સહાનુભૂતિ અને સ્પષ્ટ પુરાવાથી ભરેલો હોવો જોઈએ. આપણો હેતુ કોઈને હેરાન કરવાનો નથી, પરંતુ તેને વધુ સારા અને ન્યાયપૂર્ણ વિચાર તરફ દોરી જવાનો છે.

શાંત ચર્ચાઓ, તર્ક અને હકીકતોના આધારથી, આપણે કોઈ વ્યક્તિને તેની અંદર છુપાયેલી ખોટી માન્યતાઓ સામે અરીસો દેખાડી શકીએ છીએ. તમારા મિત્રને સમજાવવું જરૂરી છે કે નફરતનું સમર્થન ચાહે તે ખુલ્લા શબ્દોમાં હોય કે પછી મૌનમાં છુપાયેલું તેને અવગણીને અથવા પ્રશ્ન કર્યા વગર ચાલું રાખી શકાશે નહીં. જ્યારે અન્યાય વધી રહ્યો હોય ત્યારે મિત્રતા મૌનનું કવચ બની જઈ શકતી નથી.

અને જો તમામ વાતચીત, સમજાવટ અને પ્રયત્નો નિષ્ફળ જાય તો પછી દૂર થવું એક નૈતિક નિર્ણય બની જાય છે, કોઈ ભાવનાત્મક કચવાટ નહીં. મિત્રતા ત્યારે જ સાચી છે જ્યારે તે આપણને વધુ માનવીય બનાવે. જો કોઈ મિત્રતા આપણને મૂલ્યો અને અંતરાત્માથી દૂર લઈ જાય તો પછી દૂર થવું દગો નહીં, પરંતુ સચ્ચાઈ અને ઈમાનદારીનું પગલું છે. ક્યારેક સીધું આગળ વધવા માટે પાછળ હટવું જ એકમાત્ર યોગ્ય રસ્તો હોય છે.

જેમ શાયર સાહિર લુધિયાનવી કહે છે: "Ek khoobsurat mod dekar chhodna achha."

ક્યારેક એક સુંદર વળાંક પર રોકાઈને શાંતિથી વિદાય લેવી જ સારું રહે છે.

**- આફતાબ મોહમ્મદ**

**(સૌ. : મુસ્લિમ મિરર)**

# ભારતે દક્ષિણ આફ્રિકાને ત્રીજી વન-ડે મેચમાં ૯ વિકેટથી હરાવ્યું; શ્રેણી ૨-૧થી જીતી

## યશસ્વી જયસ્વાલની ઐતિહાસિક સદી : ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર છઠ્ઠો ભારતીય

વિશાખાપટ્ટનમ, તા.૬

શનિવારે ત્રીજી અને અંતિમ વન-ડેમાં ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને નવ વિકેટથી હરાવ્યું. આ જીત સાથે ભારતે ત્રણ મેચની વનડે શ્રેણી ૨-૧થી જીતી લીધી. વિશાખાપટ્ટનમમાં પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકા ૪૭.૫ ઓવરમાં ફક્ત ૨૭૦ રન જ બનાવી શક્યું. જવાબમાં ભારતે યશસ્વી જયસ્વાલની સદી અને રોહિત શર્મા અને વિરાટ કોહલીની મજબૂત અડધી સદીની મદદથી ૬૧ બોલ બાકી રહેતા મેચ જીતી લીધી. ભારતે ત્રીજી વન-ડેમાં ૩૯.૫ ઓવરમાં એક વિકેટ ગુમાવીને ૨૭૧ રન બનાવ્યા. ભારત તરફથી યશસ્વી જયસ્વાલે સૌથી વધુ ૧૧૬ રન બનાવ્યા. ભારતે પહેલી વન-ડે ૧૭ રનથી જીતી હતી, જ્યારે દક્ષિણ આફ્રિકાએ બીજી મેચમાં ચાર વિકેટથી જીત મેળવી હતી. અંતિમ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને એકતરફી રીતે હરાવ્યું. ૨૭૧ રનના લક્ષ્યનો પીછો કરતા ભારતીય ટીમે મજબૂત શરૂઆત કરી. યશસ્વી જયસ્વાલ અને રોહિત શર્માએ સાવધાનીપૂર્વક શરૂઆત કરી અને પછી પોતાના શોટ રમ્યા. બંનેએ પ્રથમ વિકેટ માટે ૧૫૫ રનની ભાગીદારી કરી. પૂર્વ કેપ્ટન રોહિત શર્મા ૭૩ બોલમાં ૭૫ રન બનાવીને આઉટ થયો. આ શ્રેણીમાં રોહિતની બીજી અડધી સદી હતી. ત્યારબાદ યશસ્વી જયસ્વાલે ૧૧૧ બોલમાં પોતાની પ્રથમ વન-ડે સદી પૂરી કરી, જે ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર છઠ્ઠો ભારતીય બેટ્સમેન બન્યો. અનુભવી ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીએ ૪૫ બોલમાં છ ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકારીને અણનમ ૬૫ રન બનાવ્યા. યશસ્વી જયસ્વાલે ૧૨૧ બોલમાં ૧૨ ચોગ્ગા અને બે છગ્ગા ફટકારીને અણનમ ૧૧૬ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકા માટે કેશવ મહારાજે એક વિકેટ લીધી. ટોસ હાર્યા પછી અને બેટિંગ કરવાનો નિર્ણય લીધા પછી દક્ષિણ આફ્રિકાની શરૂઆત નબળી રહી, પહેલી જ ઓવરમાં રાયન રિકેલ્ટન (૦)ને આઉટ કર્યો. તે અર્શદીપ સિંહના બોલ પર વિકેટકીપર કે.એલ. રાહુલના હાથે કેચ થયો. કેપ્ટન ટેમ્બા બાવુમાએ ડી કોક સાથે મળીને ઈનિંગ્સને સ્થિર કરી અને ઝડપથી રન બનાવ્યા. બંને બેટ્સમેનોએ બીજી વિકેટ માટે ૧૧૩ રન ઉમેર્યા. રવિન્દ્ર જાડેજાએ ૨૧મી ઓવરમાં બાવુમાને આઉટ કરીને ભાગીદારીનો અંત લાવ્યો. ટેમ્બા બાવુમાએ ૬૭ બોલમાં ૪૮ રન બનાવ્યા, જેમાં પાંચ ચોગ્ગા ફટકાર્યા. ત્યારબાદ મેથ્યુ બ્રીટ્ઝકે (૨૪) પ્રખ્યાત કૃષ્ણાના બોલ પર લેગ બિફોર વિકેટ પર ફસાઈ ગયા. તે જ ઓવરમાં કૃષ્ણાએ એડન માર્કરામ (૧)ને પણ આઉટ કર્યો. દરમિયાન ૩૦મી ઓવરમાં ડી કોકે હર્ષિત રાણાના બોલ પર છગ્ગો મારીને પોતાની સદી પૂરી કરી. ભારત સામે આ તેમની સાતમી સદી હતી. આ સાથે તેમણે ભારત સામે સૌથી વધુ વન-ડે સદી ફટકારનારા સનથ જયસૂર્યાની બરાબરી કરી. તેમણે ભારતમાં વિદેશી બેટ્સમેન દ્વારા સૌથી વધુ સદી ફટકારવાના એબી ડી વિલિયર્સના રેકોર્ડની પણ બરાબરી કરી. યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે શનિવારે



વિશાખાપટ્ટનમના ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી વન-ડેમાં પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય વનડે સદી ફટકારીને ભારતને શ્રેણી ૨-૧થી જીતવાની નજીક પહોંચાડ્યું હતું. આ સદી તેના યુવા કારકિર્દીનો એક મહત્ત્વનો દિવસ સાબિત થઈ, કેમ કે આ સાથે તે ત્રણેય આંતરરાષ્ટ્રીય ફોર્મેટ (ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦)માં સદી ફટકારનાર છઠ્ઠો ભારતીય ખેલાડી બન્યો છે. આ મહાન સિદ્ધિ સાથે યશસ્વી જયસ્વાલે વિરાટ કોહલી, રોહિત શર્મા, શુભમન ગિલ, કે.એલ. રાહુલ અને સુરેશ રૈના જેવા દિગ્ગજોની યાદીમાં પોતાનું નામ ઉમેર્યું છે. તેની ચોથી જ વન-ડેમાં ૧૧૧ બોલમાં આ માઈલસ્ટોન સુધી પહોંચ્યો હતો. આ શ્રેણીમાં અગાઉની બે મેચોમાં ૧૮ અને ૨૨ના સાધારણ સ્કોર નોંધાવ્યા બાદ આ સદી તેના માટે દેખીતો રાહત અને આનંદ લઈને આવી હતી. જયસ્વાલની આ સદીની પળ ત્યારે આવી જ્યારે તેણે મિડલ અને લેગ તરફ આવેલા શોર્ટ ડિલિવરી પર કાંડાનો ઉપયોગ કરીને સિંગલ લીધો. રન પૂરો કરતાં પહેલાં જ તે પોતાની સિદ્ધિથી પરિચિત હતો. તેણે પોતાનો જમણો હાથ હવામાં ઊઠાવ્યો, ખુશીમાં છલાંગ લગાવી, હેલ્મેટ ઉતારી અને જોરદાર ગર્જના કરી. વિરાટ કોહલીએ સૌપ્રથમ તેની પાસે પહોંચીને આ ઉજવણીમાં ભાગ લીધો હતો, જ્યારે આખું ભારતીય ડ્રેસિંગ રૂમ ઊભું થઈને તાળીઓ પાડી રહ્યું હતું.

# FIFAએ તેની પરંપરાગત રમતગમતના ફોકસથી હટીને ટ્રમ્પને પુરસ્કાર આપતા વિરોધ

વૉશિંગ્ટન, તા.૬

ફૂટબોલની વૈશ્વિક સંસ્થા FIFAએ શનિવારે ૨૦૨૬ FIFA વર્લ્ડ કપના ડ્રો કાર્યક્રમ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નવા 'FIFA શાંતિ પુરસ્કાર' (FIFA Peace Prize)થી સન્માનિત કર્યા છે. FIFAનું આ પગલું તેની રમત-કેન્દ્રિત પરંપરાથી એક મોટું વિચલન દર્શાવે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ, જે ખુલ્લેઆમ નોબેલ શાંતિ પુરસ્કાર માટે પ્રચાર કરી રહ્યા છે, તેમને આ નવા બનાવેલા FIFA પુરસ્કાર માટે પ્રબળ દાવેદાર માનવામાં આવતા હતા. ટ્રમ્પ અને FIFA પ્રમુખ જિયાની ઈન્ફેન્ટિનો વચ્ચે ઘનિષ્ઠ જોડાણ છે અને ઈન્ફેન્ટિનોએ અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે ગાઝામાં યુદ્ધવિરામ માટેની ટ્રમ્પની મધ્યસ્થીને કારણે તેમને નોબેલ પુરસ્કાર મળવો જોઈતો હતો.

**'તમે ગમે ત્યાં પહેરી શકો છો'**

ટ્રમ્પને આ પુરસ્કાર આપતા FIFA પ્રમુખ ઈન્ફેન્ટિનોએ કહ્યું કે આ 'તમારા માટે એક સુંદર મેડલ છે જે તમે ગમે ત્યાં પહેરી શકો છો.' ટ્રમ્પે તરત જ આ મેડલ પોતાના ગળામાં પહેરી લીધો હતો. ઈન્ફેન્ટિનોએ ટ્રમ્પને એક સર્ટિફિકેટ પણ આપ્યું, જે અમેરિકી રાષ્ટ્રપતિને 'વિશ્વભરમાં શાંતિ અને એકતાને પ્રોત્સાહન આપવા' માટેની તેમની કાર્યવાહીને બિરદાવે છે. ઈન્ફેન્ટિનોએ ટ્રમ્પ વિશે કહ્યું, 'આ જ આપણે એક નેતા પાસેથી ઈચ્છીએ છીએ – એક એવા નેતા જે લોકોને



ગણે છે.' ટ્રમ્પને આ સાથે એક સુવર્ણ ટ્રોફી પણ આપવામાં આવી, જેના પર તેમનું નામ અંકિત હતું અને તે વિશ્વને પકડેલા હાથોનું પ્રતીક હતું. ઈન્ફેન્ટિનોએ ટ્રમ્પને કહ્યું, 'આ તમારો પુરસ્કાર છે, આ તમારો શાંતિ પુરસ્કાર છે.'

**ટ્રમ્પ માટે જીવનનું એક મહાન સન્માન**

તેમની સંક્ષિપ્ત ટિપ્પણીઓમાં, ટ્રમ્પે તેમના પરિવાર, પત્ની મેલેનિયા ટ્રમ્પનો આભાર માન્યો અને અન્ય બે યજમાન દેશો– કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની અને મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમના નેતાઓની પ્રશંસા કરી અને કહ્યું કે દેશો સાથેનું સંકલન 'ઉત્કૃષ્ટ' રહ્યું છે. ટ્રમ્પે આ પુરસ્કારને તેમના 'જીવનના મહાન સન્માનોમાંનો એક' ગણાવ્યો. ઈન્ફેન્ટિનોએ આ પુરસ્કારને એવી વ્યક્તિઓને પુરસ્કૃત કરવા માટેનું વર્ણન કર્યું છે જેમણે 'શાંતિ માટે અસાધારણ અને અસામાન્ય કાર્યો કર્યા છે અને આમ કરીને વિશ્વભરના લોકોને એક કર્યા છે.' આ પુરસ્કાર એવા સપ્તાહમાં આપવામાં આવ્યો છે જ્યારે ટ્રમ્પનું વહીવટીતંત્ર યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે રાજદ્વારી ગતિવિધિઓમાં વ્યસ્ત હતું. જોકે, આ વર્ષનો નોબેલ શાંતિ પુરસ્કાર વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને એનાયત કરવામાં આવ્યો હતો, જેમણે પુરસ્કાર મેળવ્યા પછી તરત જ તેનો એક ભાગ ટ્રમ્પને તેમના 'અમારા ઉદ્દેશ્ય માટેના નિર્ણાયક સમર્થન' બદલ સમર્પિત કર્યો હતો.

# ઈન્ડિગોની ૧000 ફ્લાઈટ્સ રદ થઈ; કેન્દ્રને સોમવાર સુધીમાં પરિસ્થિતિમાં સુધારો થવાની આશા છે; CEOએ કહ્યું કે, ૧0-૧૫ ડિસેમ્બર સુધીનો સમય લાગી શકે છે

## ઈન્ડિગોના CEO પીટર એલ્બર્સે સમજાવ્યું કે, ઈન્ડિગોની સમગ્ર ઓપરેશનલ સિસ્ટમ રિબૂટ થવાને કારણે મોટો વિક્ષેપ પડ્યો હતો

(એજન્સી) તા.૬

છેલ્લા ત્રણ દિવસમાં ઈન્ડિગો ફ્લાઈટ સેવાઓમાં વિક્ષેપો ઊભા થયા છે. CEO પીટર એલ્બર્સે શુક્રવારે પોતાનું પહેલું નિવેદન જારી કરીને આ ઓપરેશનલ ગરબડને સ્વીકારી. તેમણે કહ્યું કે, સામાન્યતા પુનઃસ્થાપિત કરવામાં વધુ ૧૦ દિવસ લાગી શકે છે. રસપ્રદ વાત એ છે કે, CEOના નિવેદનના થોડા કલાકો પહેલા સરકારે શનિવાર સુધીમાં સામાન્યતા અને સોમવાર સુધીમાં સેવાઓ સંપૂર્ણ રીતે પુનઃસ્થાપિત કરવાની ખાતરી આપી હતી. એરલાઈન દ્વારા વ્યાપક ફ્લાઈટ રદ થયા બાદ એલ્બર્સે પુષ્ટિ આપી કે ૫ ડિસેમ્બરે ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, આ દિવસ સૌથી ગંભીર રીતે અસરગ્રસ્ત દિવસ છે. એલ્બર્સે સમજાવ્યું કે, ઈન્ડિગોની સમગ્ર ઓપરેશનલ સિસ્ટમ રીબૂટ થવાને કારણે આ મોટો વિક્ષેપ પડ્યો હતો. તેમણે મુસાફરોને વિનંતી કરી કે, તેઓ વધુ અસુવિધા ટાળવા માટે રદ કરાયેલ ફ્લાઈટ્સ માટે એરપોર્ટ જાય નહીં. છેલ્લા કેટલાક દિવસોથી અમે ગંભીર ઓપરેશનલ વિક્ષેપોનો અનુભવ કર્યો છે. ત્યારથી કટોકટી વધુ વકરી રહી છે, આજે ૫ ડિસેમ્બર સૌથી ગંભીર રીતે પ્રભાવિત દિવસ છે જેમાં રદ કરવાની સંખ્યા અમારી દૈનિક ફ્લાઈટ્સની સંખ્યાના એક હજાર કે તેથી વધુ છે. સંપૂર્ણ કામગીરીમાં સુધારો થવામાં પાંચથી દસ દિવસ લાગવાની ધારણા છે, ૧૦થી ૧૫ ડિસેમ્બરની વચ્ચે સેવાઓ ધીમે-ધીમે સામાન્ય થવાની ધારણા છે. મુસાફરોને ફ્લાઈટ અપડેટ્સ લેવાની સલાહ આપવામાં આવે છે. CEOએ જણાવ્યું હતું કે, IndiGoએ છેલ્લા કેટલાક દિવસોમાં ગંભીર કામગીરીમાં પડકારોનો સામનો કર્યો છે પરંતુ સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે પગલાં લઈ રહ્યા છે. તેમણે મુસાફરોને થયેલી અસુવિધા બદલ માફી માંગી છે.

ગ્રાહકોની જરૂરિયાતોને સંબોધવા માટે સંદેશા મોકલવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર, માહિતી, રિફંડ, રદ કરવા અને અન્ય ગ્રાહક સપોર્ટ પગલાં સાથે વધુ વિગતવાર વાતચીત કરવામાં આવી છે. કંપનીએ તેના ગ્રાહક સપોર્ટ સ્ટાફની ક્ષમતામાં પણ વધારો કર્યો છે.

# લોકસભાએ પાન મસાલા ઉત્પાદકો પાસેથી આરોગ્ય, રાષ્ટ્રીય સુરક્ષા માટે સેસ વસૂલવા માટેનું બિલ પસાર કર્યું

## આ બિલનો હેતુ રાષ્ટ્રીય મહત્ત્વના બે ક્ષેત્રો, આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટે સમર્પિત અને અનુમાનિત સંસાધન પ્રવાહ ઊભો કરવાનો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

લોકસભાએ શુક્રવારે આરોગ્ય સુરક્ષા સે રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ ૨૦૨૫ પસાર કર્યું, જેનો ઉદ્દેશ્ય 'આરોગ્ય સુરક્ષા' અને 'રાષ્ટ્રીય સુરક્ષા' માટે પાન મસાલા જેવા વ્યાપકપણે ડિમેરિટ અથવા પાપ માલમાંથી વધારાના ભંડોળ એકત્ર કરવાનો છે. લોકસભામાં હેલ્થ સિક્યુરિટી સેસ બિલ ૨૦૨૫ પર ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે ચર્ચામાં ભાગ લેવા બદલ સભ્યોનો આભાર માનતા કહ્યું કે, જાહેર આરોગ્ય એ રાજ્યનો વિષય છે અને સંરક્ષણ કેન્દ્રની યાદીમાં છે. આપણે આજની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સંરક્ષણ માટે સંસાધનો એકત્ર કરવાની જરૂર છે. નાણામંત્રીએ કહ્યું કે, સરકાર ખાતરી કરવા માંગે છે કે, ડિમેરિટ માલ સસ્તો ન હોય. તેમણે કહ્યું કે, નાણામંત્રી તરીકે, તેમની જવાબદારી ભંડોળ એકત્ર કરવાની છે; સંરક્ષણ બજેટ માટે પાન મસાલા પર કર કેમ લાદવો જોઈએ તે અંગે કેટલાક સભ્યોએ પૂછ્યું હતું કે, તેમના જવાબમાં તેમણે આ વાત કહી હતી કે, કોઈપણ સભ્ય પાન મસાલા પર ઓછો કર ઈચ્છશે નહીં, પૈસાનો ઉપયોગ કંઈપણ માટે થઈ શકે છે, પરંતુ મહેસૂલ એકત્રિત કરવી વ્યાજબી છે. જાહેર આરોગ્ય એ રાજ્યનું કાર્યક્ષેત્ર છે. રાષ્ટ્રીય સંરક્ષણ ભારત સરકારનું કાર્યક્ષેત્ર છે. આજના યુગમાં, જ્યાં વિશ્વસનીય સંરક્ષણ ક્ષમતાઓ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, ત્યાં આપણે સંસાધનો એકત્ર કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, એકવાર સંરક્ષણ પ્રધાને આ ગૃહમાં એક નિવેદનમાં કહ્યું હતું કે, 'હું દારૂગોળો ખરીદી શકતો નથી કારણ કે, મારી પાસે પૈસા નથી'. દરેક વ્યક્તિ જાણે છે કે, હું કોનો ઉલ્લેખ કરી રહી છું, તેમણે કોઈનું નામ લીધા વિના કહ્યું. સંરક્ષણને જે સામનો કરવો પડ્યો, તેને આપણા સશસ્ત્ર દળોની તે પ્રકારની તૈયારીને પુનઃસ્થાપિત કરવામાં ઘણો સમય લાગ્યો અને તેથી તેમણે આવા સેસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. એક વર્ષની અંદર અમે આવકવેરામાં મોટો ઘટાડો કર્યો. કારગિલ યુદ્ધમાં તૈયારીના અભાવને કારણે મુશ્કેલી પડી. સેનાના જનરલોએ કહ્યું છે કે, ૧૯૯૦ના દાયકાની શરૂઆતથી બજેટની મર્યાદાઓને કારણે, સેના પાસે ફક્ત ૭૦-૮૦ ટકા અધિકૃત શસ્ત્રો, દારૂગોળો અને સાધનો હતા. અમે ભારતમાં ફરી ક્યારેય આ તબક્કો પાછો આવવા દેવા માંગતા નથી. સેસના વિતરણ અંગે સ્પષ્ટતાના અભાવ અંગે સભ્યોના પ્રશ્નોના જવાબમાં તેણીએ કહ્યું કે, કલમ ૭ સ્પષ્ટપણે માળખાને સમજાવે છે. ભંડોળ કેવી રીતે ફાળવવામાં આવશે તે નિયમોમાં દર્શાવવામાં આવશે. સેસ સંસદના સંપૂર્ણ અધિકારક્ષેત્ર હેઠળ આવે છે જેથી ગૃહ સાથે ચર્ચા કર્યા પછી દર નક્કી કરવામાં આવશે. મંત્રીના જણાવ્યા મુજબ સેસ વસૂલવાની બંધારણીય સત્તા કલમ ૨૭૦માં જોવા મળે છે, જે સંસદને ચોક્કસ હેતુ માટે સેસ લાદવાનો અધિકાર આપે છે. મંત્રી સીતારમણે અત્યાર સુધી એકત્રિત કરાયેલા સેસની વિગતો પણ આપી: ક્રૂડ ઓઈલ પર સેસ: પૈસા તેલ ઉદ્યોગ વિકાસ ભંડોળમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા; રાષ્ટ્રીય આપત્તિ આકસ્મિક ફરજ: આપત્તિ પુનર્વસન માટે; ઈંધણ પર માર્ગ અને માળખાગત સુવિધા ઉપકર: કેન્દ્ર માર્ગ અને માળખાગત સુવિધા ભંડોળમાં નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા અને આરોગ્ય અને શિક્ષણ ઉપકર: એકત્રિત કરતા વધુ નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એવું નથી કે ૨૦૧૪માં સરકારે નિર્ણય લીધો હતો કે, અમે સેસ લગાવીશું અને રાજ્યોને ભંડોળ આપીશું નહીં. ૨૦૧૪ પહેલા ચાર પ્રકારના સેસ વસૂલવામાં આવતા હતા. ૧૯૭૪માં ક્રૂડ ઓઈલ ઉદ્યોગ વિકાસ ભંડોળ બનાવવા માટે ક્રૂડ ઓઈલ પર સેસ લાદવામાં આવ્યો હતો. આ ભંડોળની સ્થાપના ૨૦૨૩-૨૪માં કરવામાં આવી હતી. ૨૦૦૧થી રાષ્ટ્રીય આપત્તિ આકસ્મિક ડ્યુટી વસૂલવામાં આવી રહી છે. ૨૦૦૦થી રોડ અને ઈન્ફ્રા સેસ વસૂલવામાં આવી રહ્યો છે. આરોગ્ય અને શિક્ષણના નામે, ૨૦૧૪-૧૫થી ૨૦૨૫-૨૬ સુધી, ૬,૪૯,૪૫૯ કરોડ રૂપિયા સેસ વસૂલવામાં આવ્યો હતો, જ્યારે સરકારે ૬,૦૭,૫૭૩ કરોડ રૂપિયાનું વિતરણ કર્યું હતું. આ ચાર પ્રકારના સેસ ૨૦૧૪ પહેલા લાગુ હતા. તેવી જ રીતે સંસદે ગુરૂવારે એક બિલ પસાર કર્યું અને બુધવારે લોકસભાએ ચર્ચા પછી તમાકુ ઉત્પાદનો અને તેમના ઉત્પાદન પર એક્સાઈઝ ડ્યુટી વધારવાના હેતુથી એક બિલ પસાર કર્યું છે. નાણામંત્રીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, એક્સાઈઝ ડ્યુટી વસૂલવામાં આવશે, સેસ નહીં. મંત્રીએ કહ્યું કે, એકત્રિત થયેલ આવક વિભાજ્ય પૂલમાં જશે અને રાજ્યો સાથે ફરીથી ૪૧ ટકાના દરે ફરીથી વહેંચવામાં આવશે. સરકાર જીએસટી સિસ્ટમ પહેલા અસ્તિત્વમાં રહેલી એક્સાઈઝ ડ્યુટીને ફરીથી સ્થાપિત કરી રહી છે. મંત્રી સીતારમણે સંસદના શિયાળુ સત્રના પહેલા દિવસે સોમવારે લોકસભામાં બે બિલ રજૂ કર્યા હતા. તેમણે કેન્દ્રીય એક્સાઈઝ (સુધારા) બિલ ૨૦૨૫ અને આરોગ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ ૨૦૨૫ લોકસભામાં રજૂ કર્યા હતા.

**હદીસ બોધ**

સૌથી વધુ ઉદાર તે છે જે એવાને આપે કે જેની પાસેથી કોઈ આભારની ઉમ્મીદ પણ ન રાખતો હોય.

(હદીસ બોધ)

**બોધ વચન**

જે નિસરણીથી તમે ચડો છો તેને લાત ન મારતા. કદાચ પાછા ઊતરવું પડે તો કામ લાગશે. - ફ્રેંકલીન

**આજની આરસી**

૭ ડિસેમ્બર રવિવાર ૨૦૨૫
૧૫ જમાદિલ આખર હિજરી ૧૪૪૭
માગશર વદ ત્રીજ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૪૩
ખત્મે ઝવાલ ૧૨-૩૧
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૦૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૪

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# વર્લ્ડ કપ ડ્રો કે ડ્રામા ? આખરે ડોનાલ્ડ ટ્રમ્પને ફિફા દ્વારા 'શાંતિ પુરસ્કાર' એનાયત

**અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર તો નથી મળ્યો પરંતુ તેમને ફૂટબોલની વૈશ્વિક સંસ્થા ફિફા (FIFA) દ્વારા શરૂ કરાયેલો પ્રથમ 'ફિફા શાંતિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર રમતગમત સિવાય વૈશ્વિક શાંતિમાં યોગદાન આપવા બદલ આપવામાં આવે છે અને ટ્રમ્પ તેના સૌપ્રથમ વિજેતા બન્યા છે**



તા.૬

ડોનાલ્ડ ટ્રમ્પનું નોબેલ શાંતિ પુરસ્કાર પ્રત્યેનું આકર્ષણ જાણીતું છે અને ફિફાના આ નવા પુરસ્કારની શરૂઆત ટ્રમ્પને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. ફિફાના વર્તમાન અધ્યક્ષ જિયાની ઈન્ફેન્ટિનો ટ્રમ્પના નજીકના માનવામાં આવે છે. જિયાનીએ ભૂતકાળમાં જાહેરમાં કહ્યું છે કે ગાઝા સંઘર્ષમાં યુદ્ધવિરામ કરાવવા બદલ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જ જોઈએ. ફિફાના આગામી વિશ્વકપ માટેના એક કાર્યક્રમમાં જિયાની ઈન્ફેન્ટિનોએ અમેરિકન પ્રમુખનું સ્વાગત કર્યું અને તેમને આ પુરસ્કાર આપવાની જાહેરાત કરી. જિયાનીએ ટ્રમ્પને સંબોધતા કહ્યું, 'આ તમારા માટે એક સુંદર મેડલ છે, જેને તમે જ્યાં ઈચ્છો ત્યાં પહેરી શકો છો. ટ્રમ્પે તાત્કાલિક આ મેડલ પોતાના ગળામાં પહેરી લીધુ હતું. આ સાથે, ટ્રમ્પને એક પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું, જેમાં તેમને 'દુનિયામાં શાંતિ અને એકતા વધારવામાં યોગદાન' આપનાર ગણાવવામાં આવ્યા છે. તેમજ જિયાનીએ ટ્રમ્પને એક સોનાની ટ્રોફી પણ ભેટ આપી, જેના પર તેમનું નામ લખેલું હતું અને કહ્યું, 'તમે તમારા પ્રયત્નો અને સિદ્ધિઓ માટે આ શાંતિ પુરસ્કારને લાયક છો.' ફિફા શાંતિ પુરસ્કાર મેળવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ જ ઉત્સાહિત દેખાયા. તેમણે કહ્યું કે, 'આ મારા જીવનના સૌથી મોટા સન્માનોમાંથી એક છે.' ટ્રમ્પે પોતાના પરિવાર, ખાસ કરીને પત્ની મેલાનિયાનો આભાર માન્યો. આ ઉપરાંત, તેમણે આગામી વિશ્વકપના યજમાન દેશો કેનેડા અને મેક્સિકોના નેતાઓની પ્રશંસા કરી અને કહ્યું કે આ સન્માન ત્રણેય દેશો માટે શ્રેષ્ઠ છે.

## ઝાંસી : ખોટા બહાને લલચાવીને દલિત યુવકને ઉઠાવી જઈ નિર્વસ્ત્ર કરી ક્રૂરતા આચરવામાં આવી

(એજન્સી) તા.૬

ઝાંસીમાં એક દલિત કિશોર પર ઉચ્ચ જાતિના લોકોના જૂથે સિગારેટ ખરીદવાના બહાને તેને તેના વિસ્તાર બહાર બોલાવી કથિત રીતે તેને છેતર્યો હતો અને બાદમાં તેના પર ક્રૂર અને અપમાનજનક હુમલો કરવામાં આવ્યો હતો.

આ ઘટના થોડા દિવસો અગાઉ પ્રેમનગર વિસ્તારમાં બની હતી, પરંતુ આ અઠવાડિયે ઓનલાઈન એક હેરાન કરનારો વીડિયો વાયરલ થયા બાદ જ તે જાહેરમાં સામે આવી હતી.

ફરિયાદ મુજબ, યુવક રાજગઢમાં ગોસ્વામી રેસ્ટોરન્ટ પાસે હતો ત્યારે નિશાંત સક્સેના, સુકૃત અને કનિષ્ક તરીકે ઓળખાતા ત્રણ માણસો તેની પાસે આવ્યા અને તેને પોતાની સાથે જવા માટે લલચાવ્યો હતો. તેને ટુ-વ્હીલર પર સક્સેનાના ઘરે લઈ જવામાં આવ્યો જ્યાં ભાનુ પાલ અને રવિન્દ્ર નામના બે વધુ માણસો હાજર હતા.

ઘરની અંદર, હુમલાખોરોએ તેના પર ચપ્પલ, ફેંટો, લાતો અને લાકડાના દંડાથી હુમલો કર્યો અને આ ઘટનાનો વીડિયો ઉતાર્યો હતો. વીડિયોમાં સક્સેના ગભરાયેલા કિશોર પર પિસ્તોલ તાકતો અને તેને કપડાં ઉતારવાનો આદેશ આપતો જોવા મળે છે.

સમગ્ર રેકોર્ડિંગ દરમિયાન, પીડિત વારંવાર હાથ જોડીને બચાવવા માટે વિનંતી કરે છે, 'હું પોલીસ સ્ટેશન જવા માંગતો નથી... કૃપા કરીને ભાઈ, મને જવા દો.'

હુમલાખોરો તેને ટોણો મારતા સાંભળી શકાય છે : 'તને યાદ છે કે તે શું કહ્યું હતું ?' જ્યારે તે પોતાની સ્પષ્ટતા કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે એક માણસ તેને થપ્પડ મારે છે અને જાહેર કરે છે, 'શું તું જાણે છે કે હું કોણ છું ? હું રાજગઢનો રાજા છું.' યુવક માફી માંગે છે, તેના કાન પકડી રાખે છે અને પછી નીચે ઝૂકીને હુમલાખોરના પગે પડવાની તેને ફરજ પાડવામાં આવે છે.

એક સમયે, તે કરગરે છે કે, 'ભાઈ, હું તમારા જીવનના સોગંદ લઉં છું, મને જવા દો' અને પછી વચન આપે છે, 'હું મારી પુત્રીના સમ ખાઉ છું કે હું ફરીથી ભૂલ નહીં કરૂં.'

પુરૂષોએ તેને વધુ હિંસક રીતે મારવાનું અને અપમાનિત કરવાનું ચાલુ રાખ્યું અને તેને પોલીસ પાસે ખેંચી જવાની ધમકી આપતા રહ્યા. ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે કિશોરને કપડાં ઉતારીને માર મારવામાં આવ્યો હતો અને તે રડતો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ભારતીય ન્યાય સંહિતા અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની સંબંધિત કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

સર્કલ ઓફિસર રામવીર સિંહે પુષ્ટિ આપી કે ત્રણ આરોપીઓ- સુકૃત, આનંદ નાયક અને કનિષ્ક અહિરવારની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે કથિત રિંગલીડર, સક્સેના, હાલમાં ફરાર છે.

## વડાપ્રધાન મોદીએ બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ દિવસને 'મહાપરિનિર્વાણ દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં ડૉ. આંબેડકરને યાદ કર્યા હતા. તેમણે લખ્યું હતું કે, "મહાપરિનિર્વાણ દિવસ પર ડૉ. બાબાસાહેબ આંબેડકરને યાદ કરીએ છીએ. તેમનું દૂરંદેશી નેતૃત્વ અને ન્યાય, સમાનતા તથા બંધારણવાદ પ્રત્યેની તેમની અડગ પ્રતિબદ્ધતા આપણી રાષ્ટ્રીય યાત્રાને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે." વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ડૉ. આંબેડકરે માનવીય ગરિમાને જાળવી રાખવા અને લોકશાહી મૂલ્યોને મજબૂત કરવા માટે અનેક પેઢીઓને પ્રેરણા આપી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, 'જ્યારે આપણે વિકસિત ભારતનું નિર્માણ કરવા તરફ કામ કરી રહ્યા છીએ, ત્યારે તેમના આદર્શો આપણા માર્ગને પ્રકાશિત કરતા રહે.' શ્રદ્ધાંજલિ આપવાના ભાગરૂપે, વડાપ્રધાન મોદી સંસદ ભવન પરિસરમાં આવેલા 'પ્રેરણા સ્થળ' ખાતે ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવા માટે ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન સાથે જોડાયા હતા.

## સમાજવાદી પાર્ટીનો આરોપ : ભાજપ સરકારના દબાણ હેઠળ આંબેડકર પુણ્યતિથિ કાર્યક્રમ માટે મંજૂરી ન અપાઈ

(એજન્સી) તા.૬

સમાજવાદી બાબા સાહેબ આંબેડકર વાહિનીના પ્રમુખ મીઠાઈ લાલ ભારતીએ જણાવ્યું હતું કે, "ભાજપ સરકારના દબાણ હેઠળ પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા કાર્યક્રમ રદ કરવો એ એક સરમુખત્યારશાહી અને અલોકતાંત્રિક કૃત્ય છે. અમે કોઈ વિરોધ કરવાના નહોતા. આ દલિત સમુદાયની ઉભરતી રાજકીય ચેતનાને દબાવવાનો પ્રયાસ છે. તે દર્શાવે છે કે ભાજપ બંધારણ અને તેના ઘડવૈયાને નફરત કરે છે અને ફક્ત મત માટે જ તેમનો ઉપયોગ કરે છે". સમાજવાદી પાર્ટી (એસપી)ના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે ૬ ડિસેમ્બરે ઈન્દિરા ગાંધી પ્રતિષ્ઠાન ખાતે બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવાની પરવાનગી પોલીસ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભાજપ સરકારના દબાણ હેઠળ નકારી કાઢવામાં આવી હતી.

તેમણે દાવો કર્યો હતો કે સમાજવાદી બાબા સાહેબ આંબેડકર વાહિની દ્વારા આયોજિત આ કાર્યક્રમ માટે તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં આવી હતી.

લખનૌમાં પાર્ટીના રાજ્ય મુખ્યાલય ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા વાહિનીના પ્રમુખ મીઠાઈ લાલ ભારતીએ જણાવ્યું હતું કે સપાના વડા અખિલેશ યાદવ શ્રદ્ધાંજલિ સભામાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપવાના હતા. 'ભાજપ સરકારના દબાણ હેઠળ પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા કાર્યક્રમ રદ કરવો એ એક સરમુખત્યારશાહી અને અલોકતાંત્રિક કૃત્ય છે. અમે કોઈ વિરોધ કરવાના નહોતા. આ દલિત સમુદાયની ઉભરતી રાજકીય ચેતનાને દબાવવાનો પ્રયાસ છે. તે દર્શાવે છે કે ભાજપ બંધારણ અને તેના ઘડવૈયાને નફરત કરે છે અને ફક્ત મતો માટે જ તેમનો ઉપયોગ કરે છે.'

તેમણે ઉમેર્યું કે, 'જ્યારે બાબા સાહેબે બંધારણનો મુસદ્દો રજૂ કર્યો, ત્યારે તત્કાલીન આરએસએસ સરસંઘચાલક એમ.એસ. ગોલવલકરે સમાનતાવાદી સમાજ બનાવવાના પ્રયાસોની નિંદા કરી હતી. આરએસએસ સમાજમાં ઉચ્ચ અને નીચ જાતિઓ વચ્ચે ભેદભાવ જાળવી રાખવા માંગે છે. દલિત સમુદાય હવે જાગૃત થયો છે અને ઝૂકશે નહીં'.

સપાના પ્રદેશ પ્રમુખ શ્યામ લાલ પાલે કહ્યું કે બંધારણ ગરીબ, વંચિત અને પછાત લોકોનું શસ્ત્ર છે. તેમણે કહ્યું કે, 'સપાના વડા અખિલેશ યાદવ સમાનતા, સમૃદ્ધિ, સમાનતા અને ભાઈચારો ઈચ્છે છે, જ્યારે ભાજપ નફરતના બીજ વાવે છે. અમે જનતા વચ્ચે જઈશું અને ભાજપના નેતાઓનો પર્દાફાશ કરીશું.'

સપાના નેતાઓએ પ્લેકાર્ડ લઈને ડૉ. આંબેડકર અને અખિલેશ યાદવના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. પત્રકાર પરિષદમાં સપા સાંસદ આરકે ચૌધરી અને પૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્ર ચૌધરી પણ હાજર હતા.

## વ્યાજખોરોના ત્રાસથી દલિત વ્યક્તિની આત્મહત્યા : ગાઝિયાબાદમાં ઝેર પીતા પહેલા વીડિયો બનાવ્યો, વ્યાજખોરો પર આરોપ

(એજન્સી) તા.૬

મોદીનગરના બેગમાબાદ ગામમાં વ્યાજખોરોના ત્રાસથી એક દલિત વ્યક્તિએ ઝેર પીને આત્મહત્યા કરી હોવાનો આરોપ છે. ઝેર પીતા પહેલા આ વ્યક્તિએ એક વીડિયો પણ બનાવ્યો હતો, જેમાં તેણે વ્યાજખોર પર ગંભીર આરોપો લગાવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદ મળતાં કેસ નોંધવામાં આવશે અને તપાસ શરૂ કરવામાં આવશે. મૃતકની ઓળખ ૫૦ વર્ષીય જયસિંહ જાટવ ઉર્ફે જગ્ગી તરીકે થઈ છે, જે બેગમાબાદનો રહેવાસી છે. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, જયસિંહે ઘણા લોકો પાસેથી પૈસા ઉછીના લીધા હતા. તેમનો આરોપ છે કે મુદ્દલ ચૂકવવા છતાં, વ્યાજખોર સતત વ્યાજ પર વ્યાજ ચડાવીને લાખો રૂપિયા વસૂલતા હતા. પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે જયસિંહની તબિયત અચાનક બગડી હતી. શરૂઆતમાં તેમને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમની તબિયત વધુ ખરાબ થતાં તેમને દિલ્હી રિફર કરવામાં આવ્યા હતા. જયસિંહ જાટવનું દિલ્હીની એક હોસ્પિટલમાં રાત્રે ૧ વાગ્યાની આસપાસ મૃત્યુ થયું હતું. જયસિંહ જાટવે ઝેરી પદાર્થ પીતા પહેલા એક વીડિયો બનાવ્યો હતો. આ વીડિયોમાં, તેણે એક શાહુકાર પર તેના પૈસા માંગવા આવ્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. જ્યારે તેણે પૈસા ચૂકવવાનો ઈન્કાર કર્યો, ત્યારે વ્યાજખોરે તેને ઝેરનું પેકેટ આપ્યું અને કહ્યું કે જો તે પૈસા ન આપે તો તે ખાઈ લે. જયસિંહે વીડિયોમાં એમ પણ કહ્યું કે વ્યાજખોરે તેને બધાની સામે અપમાનિત કર્યો હતો. ACP મોદીનગરે જણાવ્યું કે આ મામલે હજુ સુધી કોઈ લેખિત ફરિયાદ (તહરીર) મળી નથી. ફરિયાદ મળ્યા પછી, સંબંધિત કલમો હેઠળ રિપોર્ટ દાખલ કરવામાં આવશે અને વધુ તપાસ હાથ ધરવામાં આવશે.


**ઓન લાઈન ટેન્ડર ટુંકી મુદ્દતની જાહેર નિવિદા નં. ૨૯ સને.૨૦૨૫-૨૦૨૬**

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, (સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં. ૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના બિલ્ડીંગ વર્ક માટે ઈજારદારશ્રીઓ પાસેથી ઈ-ટેન્ડર પધ્ધતીથી ટેન્ડરો માંગવામાં આવે છે.આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in & nprocure.gov.in ઉપર જોવા મળશે.

| ક્રમ | વિગત | તારીખ / સમય |
| --- | --- | --- |
| ૧ | કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૧૮/૧૨/૨૦૨૫ ૧૭.૦૦ કલાકે |
| ૨ | ભરેલ ભાવપત્રકો ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ | ૧૮/૧૨/૨૦૨૫ ૧૮:૦૦ કલાકે |
| ૩ | ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ ૧૦:૩૦ કલાકે |
| ૪ | ટેન્ડર ડોક્યુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી થી સબ મીટ કરવાની તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ થી ૨૫/૧૨/૨૦૨૫ |

જિમાક/અમરે/જકર/૨૭



## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

### જોઈએ છે

**લેડીઝ નર્સિંગ સ્ટાફ જોઈએ છે**
અનમ હોસ્પિટલ લાલ દરવાજા, ખાનપર, અમદાવાદ
9374653201

**સેલ્સમેન/ગર્લ જોઈએ છે**
ડ્રેસ શોપ માટે પાલડી
9376141138

એડવોકેટ ઓફિસ માટે ગુજરાતી ટાઈપિસ્ટની જરૂર છે, સરખેજ, અમદાવાદ
8128168888

**સેલ્સમેન કે હેલ્પર જોઈએ છે**
C.G. રોડ M.M. માર્કેટ
મો. 9824441012

**ડ્રાઈવર જોઈએ છે**
માધુપુરા સનાથલ વચ્ચે માલ લાવવા લઈ જવા માટે બડા દોસ્ત ચલાવવા માટે લોડીંગ અને અનલોડીંગમાં મદદ કરી શકે તેવા ઉંમર વર્ષ 22થી 30 સશક્ત ડ્રાઈવર જોઈએ છે. પગાર લાયકાત મુજબ તાત્કાલિક કોન્ટેક્ટ કરો. જુહાપુરા-સરખેજ રહેતાને પ્રથમ પસંદગી
ફોન નં. 7990039515

**જોઈએ છે**
અમદાવાદના રહીશ અમદાવાદ સ્થિત કંપની માટે ઓફિસવર્ક કામ માટે માણસ જોઈએ છે. કલેરીકલ કામ તથા કોમ્પ્યુટરનું નોલેજ ધરાવતા હોય તો સારૂં. મેઈન કામ કલેરીકલ જોબનું જ છે. પગાર લાયકાત મુજબ વોટસએપ દ્વારા અરજી કરો.
ફોન કરવો નહીં
ફોન નં.9712975207

**જોઈએ છે**
અમદાવાદની પ્રખ્યાત કંપની માટે ફૂડ કલર અને એસંસના વેચાણ માટે ગુજરાત અને ગુજરાત બહાર ફરીને ઓર્ડર લાવી શકે તેવા સેલ્સમેન ઉમર વર્ષ 40 સુધીના. પગાર લાયકાત મુજબ, ફક્ત અમદાવાદમાં રહેતા હોય તેવા અરજી કરો.
ફોન કરવો નહીં
Mo. 9712975207

### વેચવાનું છે

**અરજન્ટ 2 BHK ડુપ્લેક્ષ વેચવાનો છે**
નવરંગ ટેનામેન્ટ પાસે ૪૦ વાર
મો. 9328205658
9725588764

**વેચવાનું છે**
ફ્લેટ-દુકાન-ડુપ્લેક્ષ-ત્રિપ્લેક્ષ-ટેનામેન્ટ-બંગલો-પ્લોટ લબ્બૈક પાર્કની પાસે
9375011104

**પ્લોટ વેચવાનો છે**
TP 85 અરેબિયન-51 Title Clear
9924862119

**પ્લોટ વેચવાનો છે**
ડબલ રોડ કોર્નર ડબલ ગેઈટ ગોડાઉન અને મકાન સાથે વપરાશ થઈ શકે Title Clear 1000 નરીમાનપુરા
9924862119

**ટાઈટલ ક્લિયર ફર્નિશ્ડ દુકાન વેચવાની છે**
90 Sq.ft., 11 લાખ, ચોથો માળ, વિશાલા, અલ-મુકામ, અમદાવાદ
7016853043

**ટાઈટલ ક્લિયર બંગલો વેચવાનો છે**
2 BHK, 60 ચો.વાર મોમીન નગર, ખેડા
9724205205

**ટાઈટલ ક્લિયર બંગલો વેચવાનો છે**
6 BHK, 224 વાર, ગાર્ડન અને ઓપન પ્લોટ સાથે, 65 લાખ, મોમીન નગર, ખેડા
9033366680

કાજલ પાર્ક પાસે ટાઈટલ ક્લિયર બંગલો વેચવાનો છે
7777999667

**Urgent Require For Rent & Sell**
Residential & Commercial Properties Juhapura, Paldi, Navrangpura, Khanpur
Urgent Contact
9327646982

**ફર્નિશ્ડ ફ્લેટ વેચવાનો છે**
2 BHK, સાબુવાલા પેલેસ ઢાલગરવાડ, ખમાસા
9377786444

### મકાન અને જમીન ભાડે-વેચાણ

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Farooqui 9099421218
Anis Farooqui 9099521218

**ભાડે / વેચાણ મકાન જોઈએ છે**
સરખેજ, જુહાપુરા એરિયામાં
મો. 7878678742

**ભાડે આપવાની છે**
દુકાન બાગે ફાતીમા એપાર્ટમેન્ટ નીચે શકીના મસ્જિદ પાસે, TP 85 કાદરી પાર્ટી પ્લોટ પાછળનો રોડ
8141837313
ગુલુચાચા

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ
8141837313
ગુલુચાચા

50 વારનો ડુપ્લેક્ષ ત્રણ રૂમ, કિચન, જૂની શરતમાં વેચાણ આપવાનો છે. ૧૦૦ વાર બાંધકામ જુહાપુરામાં
મો. 8530022285

TP 85 રોડ પર 3 BHK બંગલો ભાડે આપવાનો છે
7777999667

વિશાલા સર્કલ પાસે દુકાન ભાડે આપવાની છે
7777999667

2 BHK ફુલ્લી ફર્નિશ્ડ મકાન દાણીલીમડામાં ભાડે આપવાનું છે
M. 9824520546

**ચાલુ ભાડા સાથે ગોડાઉન વેચવાની છે**
12000 Sq.ft. ખેડા હાઈવે
બ્રોકર
9825415296

**ચાલુ ભાડા સાથે દુકાન વેચવાની છે**
1400 Sq.ft. સન વેસ્ટ બેંક આશ્રમ રોડ
બ્રોકર
9825415296

**ભાડે/વેચાણ ફ્લેટો જોઈએ છે**
નવરંગપુરા, પાલડી, ખાનપુર, સરખેજ
બ્રોકર
9825415296

**ફ્લેટ ભાડે આપવાનો છે**
બે બેડ, ફુલ્લી ફર્નિશ્ડ, ટ્રા. જોબ મુસ્લિમ સોસાયટી, નવરંગપુરા
9825677586

**ડુપ્લેક્ષ વેચાણ આપવાના છે**
અંબર ટાવરની સામે, સવેરા હોટલ રોડ, જૂની શરત 25 લાખથી 35 લાખ સુધી.
બ્રોકર
8320798770

**બે માળની દુકાન વેચાણ અથવા ભાડે આપવાની છે**
3, અર-રહમાન કોમ્પ્લેક્ષ, નાગોરી કોમ્પ્લેક્ષની બાજુમાં, દાણીલીમડા, BRTSની સામે
9228109009

**ત્રિપ્લેક્ષ વેચાણ આપવાનું છે**
જમીન દસ્તાવેજ, 110 વાર બાંધકામ, ૪ રૂમ, રસોડું, 9, અમીઝા રેસિડેન્સી, પટેલ મેદાન, મદની મસ્જિદની આગળ, દાણીલીમડા
9228109009

### લગ્ન વિષયક

**લગ્ન વિષયક**
સુન્ની મુસ્લિમ દિનદાર યુવતી 20 વર્ષ, ઓસ્ટ્રેલિયન સિટીઝન, ગ્રેજ્યુએશન ચાલુ, હાઈલી ક્વોલિફાઈડ મુસ્લિમ યુવકો સંપર્ક કરે
9898118174

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

મુસ્લિમ પઠાણ યુવક Very Handsome Age 26 Master of Science Doing Government Job માટે યુવતીના વાલી સંપર્ક કરો
9825091851

**લગ્ન વિષયક**
30 વર્ષની અનમેરીડ રૂપાળી યુવતી માટે સુખી-સંપન્ન ફેમિલીના એજ્યુકેટેડ છોકરાના વાલી સંપર્ક કરે.
મો.9023562743

Doctor MBBS Fair & Very beautiful Girl of Ahmedabad looking Doctor, Businessman Or NRI Elite family only. Urgent WhatsApp
9327071001

NRI CANADA Citizen Boy 38 Divorcee of Ahmedabad Elite family looking educated fair & Beautiful girl Elite family only. Urgent WhatsApp
9327071001

**લગ્ન વિષયક**
યુવક આશરે ૫૭ વર્ષ પોતાનો બિઝનેસ ગુજરાતી ભાષી યુવતી જોઈએ છે (જ્ઞાતિબાધ નથી)
7778066786

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું**
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,મો.૯૯૯૮૮૮૦૩૩૦

# શશિ થરૂરને પૂછવામાં આવ્યું કે શું તેઓ કોંગ્રેસ છોડશે, તેમણે NDTVને શું કહ્યું ?

## ડિનરને ઉત્તમ અનુભવ ગણાવ્યો !



(એજન્સી) નવી દિલ્હી, તા.૬

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ગર્વ સાથે યાદ કર્યું કે ભૂ-રાજકીય જોડાણો પર તેમણે ૨૦ વર્ષ પહેલાં કહેલો શબ્દ આજે વધુ સાચો બની ગયો છે. તેમણે બે દિવસની સત્તાવાર મુલાકાતે આવેલા રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની હાજરીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાત્રિભોજનના આમંત્રણ પર પણ પ્રકાશ પાડ્યો. શુક્રવારે રાત્રે રાષ્ટ્રપતિ ભવનમાં તેમની હાજરીનું કારણ, થરૂરે સૂચવ્યું કે, બાહ્ય બાબતોની સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકેના તેમના કાર્ય સાથે વધુ સુસંગતતા ધરાવે છે. થરૂરે NDTVના CEO અને એડિટર-ઇન-ચીફ રાહુલ કંવલને સ્ટેટ ડિનર પછી કહ્યું કે, 'હું થોડા સમય પછી [રાષ્ટ્રપતિ ભવન] પાછો આવ્યો છું. મને લાગે છે કે કેટલાક વર્ષોથી તેમનો અભિગમ અલગ હતો. આ વખતે એવું લાગે છે કે તેમણે અન્ય અવાજો માટે થોડી વધુ ખુલ્લી વાત કરવાનું નક્કી કર્યું છે અને પ્રમાણિકપણે કહીએ તો, વિદેશી દેશો સાથેના સંબંધો સંસદીય સ્થાયી સમિતિ જે બાબતોનો સામનો કરે છે તે જ છે, તેથી વાતચીત, વાતાવરણ વગેરેમાં શું ચાલી રહ્યું છે તેની થોડી સમજ મેળવવી મદદરૂપ થાય છે. તેથી હું અહીં એટલા માટે ખૂબ જ ખુશ છું. આનાથી વધારે કે ઓછું કંઈ નહીં', આ ડિનરને તેમણે 'ઉત્તમ' ગણાવ્યું હતું. પવન ખેરા અને જયરામ રમેશ સહિત ઘણા કોંગ્રેસ નેતાઓએ પાર્ટીના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતાઓ રાહુલ ગાંધી અને રાજ્યસભાના મલ્લિકાર્જુન ખડગેને સ્ટેટ ડિનરમાં આમંત્રણ ન આપવા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

અગાઉ સંસદની બહાર પત્રકારોને થરૂરે પુષ્ટિ આપી હતી કે તેમને સત્તાવાર ડિનરમાં આમંત્રણ મળ્યું છે અને તેઓ જશે તે પછી આ પ્રતિક્રિયાઓ આવી. બંને ગૃહોના વિપક્ષી નેતાઓને મહેમાન યાદીમાં ન હોવા અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે તેમને ખબર નથી કે આમંત્રણ કયા આધારે મોકલવામાં આવ્યું હતું, પરંતુ તેમને આમંત્રણ મળવું એ ચોક્કસ સન્માન છે. થરૂરે સ્પષ્ટતા કરી કે તેમના મતવિસ્તારની સુધારણા માટે સાંસદ તરીકે સરકાર સાથે સહકાર આપવાનો અને કામ કરવાનો સવાલ છે તો તે 'એક અલગ જ બાબત' હતી જેનો રાષ્ટ્રપતિ ભવનમાં રાત્રિભોજનમાં આમંત્રણ મળવા સાથે કોઈ સંબંધ નથી. કોંગ્રેસના સાંસદે કહ્યું કે, 'રાષ્ટ્રપતિ ભવનમાં આમંત્રણ મળવા સાથે તેનો કોઈ સંબંધ નથી, જે અન્યથા થઈ શકે છે કે ન પણ થઈ શકે. પરંતુ સત્ય એ છે કે જ્યાં સુધી તત્કાલીન સરકાર સાથે સહયોગ કરવાનો સવાલ છે, તમે તમારા વિચારો અથવા સિદ્ધાંતો છોડી શકો નહીં પરંતુ તમને સમાન તક મળે છે. મારો મતલબ લોકશાહીનો તે એક ભાગ છે અને લોકશાહીમાં સરકાર અને વિપક્ષ વચ્ચેના સહકારનો એક ભાગ સામાન્ય ભૂમિ શોધવાનો છે. અમે કેટલીક બાબતો પર અસંમત છીએ, અમે કેટલીક બાબતો પર સંમત છીએ, અને જ્યાં અમે સંમત છીએ ત્યાં અમારે સાથે મળીને કામ કરવું જોઈએ,' જેની તેમનો પક્ષ જેની નિંદા કરી રહ્યો છે તેવી બાબતોમાં તાજેતરના સમયમાં સરકાર વિશે તેઓ સારી વાત કરી રહ્યા છે.

પરંતુ થરૂર જે ટિપ્પણીઓ કરી રહ્યા છે અને કોંગ્રેસ વારંવાર સરકારના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી રહી છે, જ્યારે પણ તેને રાષ્ટ્રીય કાર્ય માટે વિપક્ષી પક્ષના નેતાને આમંત્રણ આપવાની જરૂર પડે છે-જેમ કે ભારત અન્ય દેશોમાં પ્રતિનિધિમંડળો મોકલીને તેમને ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપે છે, જેમાં થરૂર આઉટરીચ ટીમના સભ્યોમાંના એક છે-તે જોતાં પ્રશ્ન એ છે કે શું કેરળના તિરુવનંતપુરમના કોંગ્રેસના સાંસદ ક્યારેક કોઈ મોટું પગલું ભરશે ?

થરૂરે એક માપદંડ અને રહસ્યમય જવાબ આપ્યો : '...મને ખબર નથી કે આ શા માટે પૂછવું પડે છે. મારો મતલબ છે કે હું કોંગ્રેસ પક્ષનો સાંસદ છું. ચૂંટાઈને આવવા માટે મેં ખૂબ જ જહેમત ઉઠાવી હતી. બીજું કંઈ બનવા માટે ઘણો વિચાર કરવો પડશે અને અન્ય વિવિધ વિચારણાઓ કરવી પડશે.' તેમણે કહ્યું કે તેમને મતદારો માટે કરવાનું કામ છે અને તેઓ તેમના પ્રત્યેની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, 'આજે પણ અમે બધા રાત્રિભોજન માટે બેઠા તે પહેલાંની કેટલીક વાતચીતમાં, હું મારી પોતાની સરકારના કેટલાક અધિકારીઓ સાથે મારા મતવિસ્તાર માટે કેટલીક બાબતો જોડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેથી તે તમારા લોકો, તમારા મતદારો, તમારા મતવિસ્તાર માટે વસ્તુઓ પૂર્ણ કરવાની નૈતિક ફરજનો એક ભાગ છે. તે રાજકીય જવાબદારી છે'.

# કામ પછી કોઈ કોલ, ઈ-મેઈલ નહીં : ડિસ્કનેક્ટ કરવાનું અધિકાર બિલ લોકસભામાં રજૂ

### આ બિલ દરેક કર્મચારીને સત્તાવાર કામના કલાકો પછી અને રજાના દિવસોમાં કામ સંબંધિત કોલ અને ઈ-મેઈલથી ડિસ્કનેક્ટ કરવાનો અધિકાર આપવાનો પ્રસ્તાવ મૂકે છે

(એજન્સી) તા.૬

કર્મચારીઓને ઓફિસ સમય પછી કામ સંબંધિત કોલ અને ઈ-મેઈલ પર હાજરી આપવાથી દૂર રહેવાની મંજૂરી આપવાના હેતુથી એક ખાનગી સભ્યનું બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

લોકસભા અને રાજ્યસભા બંનેના સભ્યો એવા મુદ્દાઓ પર બિલ રજૂ કરી શકે છે જે તેમના મતે સરકારી કાયદાની જરૂર છે. જો કે, મોટાભાગના કિસ્સાઓમાં, સરકાર પ્રસ્તાવિત કાયદાનો જવાબ આપે પછી ખાનગી સભ્ય બિલ પાછા ખેંચી લેવામાં આવે છે.



NCP સાંસદ સુપ્રિયા સુલેએ 'ડિસ્કનેક્ટ કરવાનો અધિકાર બિલ, ૨૦૨૫' રજૂ કર્યું, જે કર્મચારી કલ્યાણ સત્તામંડળ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. આ બિલ દરેક કર્મચારીને સત્તાવાર કામના કલાકો પછી અને રજાના દિવસોમાં કામ સંબંધિત કોલ અને ઈમેઈલથી ડિસ્કનેક્ટ કરવાનો અધિકાર આપવાનો પ્રસ્તાવ મૂકે છે.

આ બિલમાં કર્મચારીઓને આવા સંદેશાવ્યવહારનો જવાબ આપવાનો ઈન્કાર કરવાની અને સંબંધિત બાબતોને સંબોધવાની જોગવાઈઓ પણ શામેલ છે.

કોંગ્રેસના સાંસદ કદીયમ કાવ્યા દ્વારા રજૂ કરાયેલ અન્ય એક ખાનગી સભ્ય બિલ, માસિક ધર્મલાભ બિલ, ૨૦૨૪, માસિક ધર્મ દરમિયાન મહિલાઓને કાર્યસ્થળની સુવિધાઓ અને સહાય પૂરી પાડવાનો હેતુ ધરાવે છે.

આ બિલ એક કાનૂની માળખું સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે જે મહિલા કર્મચારીઓને તેમના માસિક ધર્મ દરમિયાન ચોક્કસ લાભો સુનિશ્ચિત કરે છે. એલજેપી સાંસદ શામ્ભવી ચૌધરીએ માસિક ધર્મ દરમિયાન માસિક ધર્મ સ્વચ્છતા સુવિધાઓ અને અન્ય આરોગ્ય લાભોની એક્સેસ સાથે કામ કરતી મહિલાઓ અને મહિલા વિદ્યાર્થીઓ માટે ચૂકવણી કરેલ માસિક રજા સુરક્ષિત કરવાના હેતુથી પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો.

કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે અંડરગ્રેજ્યુએટ મેડિકલ પ્રવેશ માટે રાષ્ટ્રીય પાત્રતા કમ પ્રવેશ પરીક્ષા (NEET)માંથી તમિલનાડુને મુક્તિ આપવા માટે એક બિલ રજૂ કર્યું હતું.

ગયા મહિને, રાષ્ટ્રપતિએ NEET-આધારિત પ્રવેશમાંથી રાજ્યને મુક્તિ આપતા કાયદાને મંજૂરી આપવાનો ઈન્કાર કર્યા પછી, તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

ડીએમકે સાંસદ કનિમોઝી કરૂણાનિધિએ ભારતમાં મૃત્યુદંડ નાબૂદ કરવા માટે એક બિલ રજૂ કર્યું હતું. જ્યારે તેને નાબૂદ કરવા માટે વારંવાર માંગ કરવામાં આવી રહી છે, ત્યારે એક પછી એક કેન્દ્ર સરકારોએ જાળવી રાખ્યું છે કે તે ચોક્કસ કિસ્સાઓમાં અવરોધક તરીકે જરૂરી છે. લગભગ એક દાયકા પહેલા, કાયદા પંચે આતંકવાદ સંબંધિત કેસ સિવાય, મૃત્યુદંડને તબક્કાવાર નાબૂદ કરવાની ભલામણ કરી હતી, અને નોંધ્યું હતું કે તે આજીવન કેદ કરતાં વધુ મજબૂત નિવારક હેતુ પૂરો પાડતું નથી.

અંતે, અપક્ષ સાંસદ વિશાલદાદા પ્રકાશબાપુ પાટીલે પત્રકાર (હિંસા નિવારણ અને સંરક્ષણ) બિલ, ૨૦૨૪ રજૂ કર્યું. આ બિલ પત્રકારો સામેની હિંસા અટકાવવા અને પત્રકારો અને તેમની સંપત્તિનું રક્ષણ કરવા, તેમજ સંબંધિત પગલાં લેવાનો પ્રયાસ કરે છે.

# આગ્રામાં જય શ્રીરામના સૂત્રો ન બોલવા બદલ મુસ્લિમ ટેક્સી ડ્રાઈવર વૃદ્ધ પર હુમલો કરવાના આરોપસર ભાજપના કાર્યકરની ધરપકડ

(એજન્સી) આગ્રા, તા.૬

ઉત્તરપ્રદેશના આગ્રા શહેરમાં ૫૭ વર્ષની ઉંમરના એક મુસ્લિમ ટેક્સી ડ્રાઈવરની હેરાનગતિ કરનાર અને તેમણે જય શ્રીરામ બોલવાનું નકારી કાઢતા એમના ઉપર હુમલો કરનાર ભાજપના કહેવાતા ટેકેદાર કાર્યકર ગણાતા રોહિત ઠાકુર નામના શખ્સની પોલીસે ધરપકડ કરી લીધી છે.

હુમલાનો ભોગ બનેલા રઈસ ખાન છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી ટેક્સી ચલાવી રહ્યા છે અને તેઓ આગ્રાની મુલાકાતે આવતા સહેલાણીઓને તાજમહેલ પાસે ઉતારીને પોતાની ટેક્સી પાર્ક કરી રહ્યા હતા ત્યારે બે શખ્સોએ એમને રોક્યા હતા. બંનેએ એમને જય શ્રીરામ બોલવાનું કહ્યું હતું. આ ઘટનામાં વીડિયોમાં દેખાઈ આવે છે કે બંને આરોપીઓએ અમને રોકીને આ સૂત્ર બોલવા માટે ધમકી આપી હતી પરંતુ મુસ્લિમ વૃદ્ધે વાંધો લીધો હતો અને કહ્યું હતું કે તમે તમારૂં કામ કરો. ત્યારે બંને જણાએ એવી ધમકી આપી હતી કે બે ત્રણ દિવસમાં જ તમારે જય શ્રીરામ બોલવું જ પડશે. પોલીસમાં ખાનના જણાવ્યા મુજબ એ બંનેએ પછી ટેક્સી ડ્રાઈવર પર હુમલો કરી દીધો હતો અને એમણે ના પાડી કે તુરંત જ બંને જણાએ તેમની દાઢી ખેંચી હતી અને ફડાકા માર્યા હતા. રઈસ ખાને આ ઘટનાને પોતાના માટે ખૂબ જ ડરામણી અને અપમાનજનક ગણાવી હતી. એ પછી આ વીડિયો એક આરોપીના ફેસબુક પેજ પર મૂકી તેમાં શીર્ષક એવું આપવામાં આવ્યું હતું કે આ રહ્યા સાચા આતંકવાદીઓ. તેમણે ટેક્સી ડ્રાઈવરને જ આતંકવાદી ગણાવી દીધા હતા.



અન્ય એક વીડિયો પણ જાહેર થયો હતો જેમાં આરોપી સહેલાણી તરીકે અથવા તો તાજ પાસે આવતા મુસ્લિમ પુરૂષોને રોકીને ઈસ્લામ વિરોધી વિધાનો કરતો હતો અને એમને કેમેરાની સામે જય શ્રીરામ બોલવાનું કહેતો હતો અને ધમકાવતો હતો. વીડિયોમાં એવું બોલતો પણ સંભળાયો હતો કે તાજમહેલ તો હિન્દુ મંદિર હતું અને ત્યારે તેણે એકબીજા મુસ્લિમને કેમેરામાં કેદ કરવાની કોશિશ કરી હતી. આગ્રાના જાણીતા પત્રકાર મદનમોહન સોનીએ કહ્યું હતું કે બીજી ડિસેમ્બરના રોજ આગરા પોલીસે આરોપી ઠાકુરની ધરપકડ કરી લીધી હતી ? કેમ કે આ વીડિયો પછી જોરદાર વિરોધ ઉઠ્યો હતો. પોલીસે કોઈ ગુનો દાખલ કર્યો નથી.

# પશ્ચિમ બંગાળ : પ્રસ્તાવિત બાબરી જેવી મસ્જિદના નિર્માણના વિવાદ વચ્ચે, મમતા બેનરજીએ કહ્યું કે તેઓ ક્યારેય વિભાજનકારી શક્તિઓ સામે ઝૂકતા નથી

### પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના નમૂનારૂપ પ્રસ્તાવિત મસ્જિદના શિલાન્યાસ સમારોહ પહેલા વધી રહેલા તણાવ વચ્ચે, મુખ્યમંત્રી મમતા બેનરજીએ શાંતિની અપીલ કરતા કહ્યું કે બંગાળની ભૂમિ હંમેશા વિભાજનકારી શક્તિઓનો પ્રતિકાર કરતી રહી છે અને કરતી રહેશે

(એજન્સી) કોલકાતા, તા.૬

શનિવારે ''સંમતિ દિવસ''ની ઉજવણી કરતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ લોકોને શાંતિ અને એકતા બનાવી રાખવા માટે અપીલ કરી હતી અને કોમવાદી નફરતની જ્વાળાઓ ભડકાવી રહેલા અને દેશની સામે વિનાશકારી રમત રમી રહેલા રાજકીય પરિબળો સામે લડત આપવાનો એમની સરકારનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો અને એવા બળો સામે લડી લેવાની પ્રતિજ્ઞા લીધી હતી. પશ્ચિમ બંગાળમાં આજે ખૂબ જ તણાવનું વાતાવરણ ઊભું થયું હતું કેમ કે એમની જ પાર્ટીના બળવાખોર ધારાસભ્ય હુમાયુ કબીરે મિરઝાપુર જિલ્લામાં બેલડાંગા ખાતે બાબરી મસ્જિદ જેવી મસ્જિદનું નિર્માણ કરવા માટેનું શિલારોપણ શનિવારે કર્યું હતું. એવા સમયે મમતા બેનરજીએ કોમી એકતા અને સંપ માટેની જોરદાર અપીલ આજે કરી હતી. મુર્શિદાબાદ વિસ્તાર અને જિલ્લો રાજ્યમાં કોમી રીતે ખૂબ જ સંવેદનશીલ અને નાજુક વિસ્તાર ગણાય છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભારતના બંધારણના આદર્શો અને સિદ્ધાંતોનું રક્ષણ કરવા માટે મારી સરકાર મક્કમ છે અને સંકલ્પબદ્ધ છે. બંગાળની ભૂમિ એ તો એકતાની ભૂમિ છે. આ ભૂમિ રવીન્દ્રનાથ ટાગોરની ભૂમિ છે અને નઝરુલ ઈસ્લામની ભૂમિ છે. આ ભૂમિ રામકૃષ્ણ અને વિવેકાનંદની છે અને વિભાજનકારી પરિબળોથી કદી પણ આ ભૂમિને લગાવી કે નમાવી શકાશે નહીં અને આવનારા દિવસોમાં પણ આવું કદી નહીં થઈ શકે. તેમણે પોતાના સોશિયલ હેન્ડલ ઉપર ખૂબ જ ભાવુક પોસ્ટ મૂકી હતી અને કહ્યું હતું કે બંગાળમાં અમે ખભે ખભા મિલાવીને બધા હિન્દુઓ, શીખ, ક્રિશ્ચિયન, જૈન અને બૌદ્ધ એ બધા કઈ રીતે સાથે ચાલવું એ જાણીએ છીએ. આજે મુરશીદાબાદ જિલ્લામાં અને રાજ્યમાં પણ શનિવારે ભારે સજ્જડ સુરક્ષા ગોઠવવામાં આવી હતી. રાજ્યપાલ સીવી આનંદ બોઝે કોઈપણ અફવાઓ કે ઉશ્કેરણીજનક ભાષણો કે નિવેદનોથી દોરવાઈ ન જવાની રાજ્યની જનતાને અપીલ કરી હતી અને કોઈ સ્થળે અશાંતિ ઉભી ન થાય એ સુનિશ્ચિત કરવા રાજ્ય સરકારને તાકીદ કરી હતી.

તાજેતરમાં જ હુમાયુ કબીરને કોમવાદી રાજકારણ ખેલવા બદલ



ટીએમસીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અગાઉ કબીર કોંગ્રેસમાં હતા અને પછી ભાજપમાં આવ્યા હતા અને ભાજપ છોડીને ટીએમસીમાં આવ્યા હતા. શનિવારે હુમાયુ કબીરના કાર્યક્રમનો સામનો અને પ્રતિકાર કરવા માટે પ્રતિકાત્મક રીતે રાજ્યભરમાં ટીએમસી દ્વારા સંમતિ એટલે કે એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને કોમી એકતા દર્શાવતી રેલીઓ અને સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું અને સરકારે જાહેર રજા પણ જાહેર કરી હતી અને લોકોને સંયમ રાખવાનો સંદેશો આપ્યો હતો. સીપીઆઈએમની આગેવાની નીચેના ડાબેરી મોરચાએ આજે બ્લેક ડે એટલે કે કાળો દિવસની ઉજવણી કરી હતી. બાબરી મસ્જિદ શહીદીની તિથિના અનુસંધાને આ પક્ષોએ બ્લેક ડે ઉજવ્યો હતો અને કોલકાતામાં ડાબેરી મોરચા દ્વારા કોમી સુમેળ અને સંપની કૂચ પણ યોજવામાં આવી હતી.

# US દ્વારા ૧૧ મહિનાથી ઓછા સમયમાં ૩,૧૫૫ ભારતીયોને દેશનિકાલ : સરકારે સંસદમાં આપી માહિતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ભારતીય નાગરિકોને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (US) દ્વારા દેશનિકાલ (deportation) કરવામાં આવવાના આંકડામાં નોંધપાત્ર વધારો થયો છે. સરકારે શુક્રવારે સંસદને જાણ કરી હતી કે ૨૦૨૫માં, ૨૧ નવેમ્બર સુધીમાં, કુલ ૩,૧૫૫ ભારતીય નાગરિકોને USમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા છે. વિદેશ રાજ્ય મંત્રી શ્રી કીર્તિ વર્ધન સિંહે એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી, જેમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તમામ દેશનિકાલ તેમની ભારતીય નાગરિકતાની 'નિર્વિવાદ ચકાસણી' બાદ જ થાય છે. આ આંકડાઓ છેલ્લા ત્રણ વર્ષની સરખામણીમાં મોટો ઉછાળો દર્શાવે છે. મંત્રીએ આપેલી માહિતી મુજબ, ૨૦૨૪માં દેશનિકાલ કરાયેલા ભારતીય નાગરિકોની સંખ્યા ૧,૩૬૮ હતી, જ્યારે ૨૦૨૩માં આ આંકડો ૬૧૭ હતો. આના પરથી સ્પષ્ટ થાય છે કે ૨૦૨૪ની તુલનામાં ૨૦૨૫માં દેશનિકાલની સંખ્યા બમણાથી પણ વધુ થઈ ગઈ છે. મંત્રાલયને 'ડોન્કી રૂટ' (અવૈધ ઈમિગ્રેશન માટે વપરાતો માર્ગ) દ્વારા પ્રવેશ કરનારા ભારતીયોના દેશનિકાલ અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. ડોન્કી રૂટ અંગેની પૂછપરછના સંદર્ભમાં, શ્રી સિંહે જણાવ્યું હતું કે US સરકાર સામાન્ય રીતે એવા વ્યક્તિઓને દેશનિકાલ કરે છે જેમને (i) ગેરકાયદેસર રીતે USમાં પ્રવેશતા, (ii) વિઝાની માન્યતા અવધિ કરતાં વધુ સમય રોકાણ કરતા, (iii) કોઈ પણ દસ્તાવેજીકરણ વિના USમાં રહેતા, અથવા (iv) જેમની સામે ફોજદારી દોષિત ઠેરવવાનો નિર્ણય હોય તેવા જણાય છે. ભારત સરકાર આ દેશનિકાલ કામગીરીમાં US સરકાર સાથે ગાઢ સંકલનમાં કામ કરે છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વિદેશ મંત્રાલય (MEA) દ્વારા 'ડોન્કી રૂટ' સહિત અન્ય દેશોમાં માનવ તસ્કરીના કેસોની નોંધણી સંબંધિત ડેટા જાળવવામાં આવતો નથી અને મોટાભાગના વિદેશી દેશો ભારતીય દેશનિકાલ કરાયેલા લોકોની વિગતો પણ શેર કરતા નથી. અન્ય એક સવાલના જવાબમાં, વિદેશ રાજ્ય મંત્રીએ વિદેશની જેલોમાં બંધ ભારતીય કામદારોની સંખ્યા વિશે માહિતી આપી હતી.



કુવૈતી સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવેલા ડેટા મુજબ, ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ની સ્થિતિએ કુવૈતની જેલોમાં કુલ ૩૧૬ ભારતીય કેદીઓ છે. વધુમાં, હજ યાત્રીઓ સંબંધિત માહિતી પણ સંસદમાં રજૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં હજ કમિટી ઓફ ઈન્ડિયા હેઠળ ૧,૩૯,૯૬૪ હજ યાત્રીઓ, ૨૦૨૩માં ૧,૩૯,૪૨૯ અને ૨૦૨૨માં ૫૬,૬૩૪ યાત્રીઓ હજ માટે રવાના થયા હતા. નવા રાજદ્વારી મિશનો અને કોન્સ્યુલેટ્સ ખોલવા અંગેની પૂછપરછ પર, શ્રી સિંહે માહિતી આપી હતી કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં, એક નવું મિશન ક્વિટો (એક્વાડોર)માં અને ચાર નવા કોન્સ્યુલેટ્સ બોસ્ટન (US), લોસ એન્જલસ (US), કઝાન (રશિયા) અને યેકાટેરિનબર્ગ (રશિયા)માં ખોલવામાં આવ્યા છે. સરકારે જણાવ્યું હતું કે નવા મિશનો ખોલવાનો નિર્ણય 'વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવાની સંભાવના; દ્વિપક્ષીય વેપાર અને રોકાણની મજબૂત સંભાવના; મજબૂત ડાયસ્પોરાની હાજરી' જેવા પરિબળોના આધારે લેવામાં આવે છે, જે ભારતની વૈશ્વિક હાજરી વધારવાના વ્યાપક વિદેશ નીતિ વિઝનનો એક ભાગ છે.

# પાકિસ્તાનના પંજાબ પ્રાંતે ૨૦ વર્ષ પછી વસંત ઉત્સવ દરમિયાન પતંગ ઉડાવવા પરનો પ્રતિબંધ હટાવ્યો

### પંજાબ સરકારના નિર્ણય સામે એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં જાહેર સલામતીની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે અને નોંધ્યું છે કે પતંગ ઉડાવવાની અનેક ઘટનાઓમાં મૃત્યુ થયા છે

(એજન્સી) તા.૬

કલાકારો અને નાગરિક સમાજના સભ્યોના દબાણ વચ્ચે, પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ૨૦ વર્ષ પછી વસંત ઉત્સવ દરમિયાન પતંગ ઉડાવવા પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે. મરિયમ નવાઝના આ નિર્ણયથી પ્રાંતના શહેરો અને ગામડાઓમાં વ્યાપક ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. લેવાયેલા નિર્ણયની વિગતો જાહેર કરતા, પંજાબના માહિતી અને સંસ્કૃતિ મંત્રી આઝમા બોખારીએ જણાવ્યું હતું કે, જોકે, તેના સંબંધિત નવા નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ માટે ઘણા પ્રતિબંધો અને દંડ હશે. બોખારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, '૨૦ વર્ષ પછી, વસંતનો આનંદ આખરે પંજાબમાં પાછો ફર્યો છે. પરંતુ આ વખતે, તે કડક સલામતી નિયમો હેઠળ આવે છે. તહેવાર દરમિયાન કોઈને પણ કાયદો તોડવા દેવામાં આવશે નહીં'.

મીડિયા અનુસાર, લાહોર હાઈકોર્ટમાં પ્રતિબંધ હટાવવાના પંજાબ સરકારના નિર્ણયને પડકારતી અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી જ્યુડિશિયલ એક્ટિવિઝમ પેનલ (JAP) દ્વારા એડવોકેટ અઝહર સિદ્દીક દ્વારા દાખલ કરવામાં આવી હતી. અરજીમાં જાહેર સલામતી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, જેમાં નોંધવામાં આવ્યું હતું કે પતંગ ઉડાવવાની ઘણી ઘટનાઓમાં મૃત્યુ થયા હતા. શિયાળાના અંતમાં વસંતના આગમનને ચિહ્નિત કરવા માટે ઉજવવામાં આવતો આ તહેવાર સમગ્ર પ્રાંતમાં સમુદાય ઉજવણીનો પ્રસંગ રહ્યો છે-અને પતંગ ઉડાડવો એ ઉત્સવોનો એક અભિન્ન ભાગ હતો. ૨૦૦૫માં,



સરકારે પતંગ ઉડાડવા પર પ્રતિબંધ લાદ્યો હતો, જેમાં ઘણા લોકોના મોત થયા હતા, ખાસ કરીને મોટરસાયકલ સવારો અને બાળકો, જ્યારે પતંગના તીક્ષ્ણ કાચથી કોટેડ દોરીઓ તેમના ગળામાં ફસાઈ ગઈ હતી અને ગંભીર ઈજાઓ થઈ હતી. આઝમાએ ઉમેર્યું હતું કે, ૧૮ વર્ષથી ઓછી ઉમરના બાળકોને પતંગ ઉડાડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે પંજાબમાંથી જોખમી, ધાતુ અથવા રાસાયણિક કોટેડ દોરીનું ઉત્પાદન અને વેચાણ કાયમ માટે નાબૂદ કરવામાં આવ્યું છે. ધાતુ અથવા રાસાયણિક કોટેડ દોરીના વેચાણ અને ખરીદી કરવા બદલ ત્રણથી પાંચ વર્ષની જેલ અને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ લાદવામાં આવશે.

# ખંભાળિયાના વાડીનારના ચેક રિટર્ન કેસમાં બે વર્ષની જેલની સજા

જામનગર, તા.૬
જામનગરમાં માસ્તર સોસાયટી માં રહેતા અને ટ્રાન્સપોર્ટ ના ધંધા સાથે સંકળાયેલ જાડેજા અનિરૂદ્ધસિંહ કિરિટસિંહ પાસેથી વાડીનારના નાના આંબલા ગામે રહેતા ગજણ યુનુસ ઈબ્રાહીમેં તેના મચ્છી સપ્લાયના ધંધા માટે તથા અન્ય જરૂરીયાત માટે કટકે-કટકે રૂા.બાર લાખ સંબધ દાવે હાથ ઉછીના મેળવ્યા હતા. જે રકમની ચુકવણી કરવા ગજણ યુનુસ ઈબ્રાહીમે એચ.ડી.એફ.સી. બેંકનો પોતાના ખાતાનો બાર લાખ રૂપિયાનો ચેક મુદતે પાસ થઈ જવાના વિશ્વાસે તા ૨૩-૦૫-૨૪ના રોજનો આપેલો હતો. જે ચેક આરોપી ગજણ યુનુસના ખાતામાં પુરતી બેલેન્સ નહી હોવાથી ફંડસ ઈનશફીશ્યન્ટના કારણસર તા-૨૭-૦૫-૨૪ના રોજ બાઉન્સ થયો હતો. જેથી ફરિયાદી અનિરૂદ્ધસિંહ જાડેજાએ પોતાના વકીલ મારફત નોટીસ આપેલી હતી. જે નોટીસ બજવા છતા રકમ નહી ચુકવતા ફરિયાદીએ જામનગર કોર્ટમાં આરોપી વિરૂદ્ધ ચેક બાઉન્સ થવા અંગે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ કલા-૧૩૮ હેઠળની ફરિયાદ દાખલ કરાવી હતી. જે ફરિયાદ જામનગર જયુડી.મેજી.ની કોર્ટમાં ચાલી જતા કોર્ટ ફરિયાદીનો દસ્તાવેજી-મૌખીક પુરાવો ધ્યાને લઈ તથા ફરિયાદીની દલીલ ધ્યાને લઈ આરોપી ગજણ યુનુસ ઈબ્રાહીમને ૨ (બે) વર્ષની પુરી સજા તથા ચેકની રકમ રૂા.બાર લાખનો દંડ કરી તથા ચેકની રકમ રૂપિયા બાર લાખ ફરિયાદીને વળતર સ્વરૂપે ચુકવવા હુકમ કરેલ છે.

# બોડેલી ખાતે ડમ્પરે બાઈકને કચડ્યું : ચાલકનો આબાદ બચાવ

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૬
બોડેલી અલીપુરા ચોકડી નજીક બેફામ ડમ્પરએ બાઈકને અડફેટમાં લેતા બાઈક ટ્રકના તોતિંગ વ્હીલ નીચે ચબડાઈ ગયું હતું બાઈક ચાલકનો આબાદ બચાવ થયો હતો. બોડેલીના અલીપુરા ચોકડી વિસ્તારમાં રેતી ભરવા જઈ રહેલા બેફામ ડમ્પરે એક બાઈક ચાલકને અડફેટે લીધો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક સીધી ડમ્પરના વ્હીલ નીચે દબાઈ ગઈ હતી. સદનસીબે બાઈક ચાલકનો આબાદ બચાવ થયો હતો. ઘટનાને લઈ સ્થાનિક



લોકોમાં ભારે રોષ વ્યાપ્યો છે. થોડા દિવસ પહેલાં જ બોડેલી તાંદલજા વિસ્તાર પાસે થયેલા હિટ એન્ડ રનની ઘટનામાં ત્રણ લોકોના મોત નિપજયા હતા. સતત બનતી આવી અકસ્માતોની ઘટનાઓને પગલે બેફામ દોડતા મોટા વાહનો અને ડમ્પર ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી કરવાની લોકોમાં માંગ ઉઠી રહી છે.

# સુરેન્દ્રનગરના થાનગઢ વોર્ડ નંબર-૧ના સ્થાનિક રહીશો વેચાતું પાણી લેવા મજબૂર

## તંત્રના ઘેર-ઘેર પીવાનું પાણી પહોંચાડવાના દાવાઓ પોકળ સાબિત થયા

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૬
સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના વોર્ડ નંબર ૧ વિસ્તારના સ્થાનિક લોકો વર્ષોથી તંત્રને પીવાના પાણીની રજૂઆત કરી રહ્યા છે અને પીવાના પાણીના પ્રશ્નો યથાવત્ છે જેને લઈને સ્થાનિક લોકોમાં રોષ જોવા મળ્યો છે. પીવાના પાણી પહોંચાડવાના તંત્રના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે ટેક્સ ભરતી પ્રજાને વેચાતું પાણી લેવા માટે મજબૂર બનવું પડી રહ્યું છે. એક તરફ થાનગઢ નગરપાલિકા દ્વારા થાનગઢના શહેરીજનોને પીવાનું ચોખ્ખું પાણી નિયમિત પણે મળી રહે તેવા આશ્રય સાથે નલ સે જલ યોજના નાખવામાં આવી પાઈપલાઈનનો નાખવામાં આવી અને કરોડો રૂપિયાના આધાર કરવામાં આવ્યા હતા. તેમ છતાં પણ વોર્ડ નંબર એક વિસ્તારમાં પીવાનું પાણી આવી રહ્યું નથી. સ્થાનિક લોકો દ્વારા તંત્રને વારંવાર રજૂઆત કરવામાં આવી છે પણ પરિસ્થિતિ સુધરી રહી નથી તાત્કાલિક પણે પીવાના પાણીના પ્રશ્ન હલ કરવા માટે સ્થાનિક લોકો દ્વારા માંગ કરવામાં આવી છે. હાલના તબક્કામાં વેચાતું ટેન્કર મારફતે પીવાનું પાણી લેવા માટે થાનના વોર્ડ નંબર એકના વિસ્તારના લોકો મજબૂર બની રહ્યા છે, ત્યારે તંત્ર દ્વારા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરાવી અને નિયમિત પીવાનું પાણી નલ સે જલ યોજના અંતર્ગત ઘર સુધી પહોંચાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# જોડિયાના પીઠડ ગામના યુવાન સાથે જેસીબી ભાડે લઈ જવાના બહાને છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૬
જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પીઠડ ગામમાં રહેતા અને ખેતી કામ કરતા હરજીભાઈ મોમભાઈ બાંભવા નામના ખેડૂત યુવાને પોતાનું જેસીબી ભાડેથી મેળવી લીધા બાદ રૂપિયા પંદર લાખનું જેસીબી પચાવી પાડી તેનું આશરે સાડા દસ લાખ જેટલું ભાડું નહીં ચૂકવી છેતરપિંડી કરવા અંગે જામકંડોરણાના વતની રવિરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા સામે પંચકોસી એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી હરજીભાઈ પાસેથી આરોપી આજથી નવ મહિના પહેલા જેસીબી ભાડેથી લઈ ગયો હતો. પોતાનો ખાનગી કંપનીમાં કોન્ટ્રાક્ટ ચાલે છે, તેમાં જે.સી.બી. ચલાવવું છે, અને પ્રતિમાસ ૧,૩૦,૦૦૦નું ભાડું આપશે, તેવો સોદો અને કરાર કરી સૌ પ્રથમ એક મહિનાનું ભાડું બેંક મારફતે ચૂકવી દીધું હતું, ત્યારબાદ છેલ્લા ૮ મહિનાના ભાડાના પૈસા આપવામાં અખાડા કરતો હતો અને અનેક બહાના બતાવતો હતો.

આખરે જેસીબી મશીન પાછું આપવાનો પણ ઈન્કાર કરી દેતાં આખરે મામલો પંચકોસી એ-ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે અને જામકંડોરણાના શખ્સ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવાઈ છે.

### વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી

# જામનગર ખાતે આજે હાલાઈ મેમણ સમાજના સમૂહ લગ્ન યોજાશે

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૬
હાલાઈ મેમણ જમાત દ્વારા વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી ૧૯માં સમૂહ શાદીનું ભવ્ય આયોજન જામનગર ખાતે કરવામાં આવ્યું છે. તા.૭ના રોજ યોજાનારા આ સમૂહ લગ્નોત્સવમાં ૧૮ દુલ્હા-દુલ્હન નિકાહના પવિત્ર બંધનથી જોડાશે.આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પદે વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન, ઈન્ડિયાના પ્રમુખ ડૉ.હનીફ અધાડી તેમજ અન્ય અતિથિ વિશેષમાં વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનના હોદ્દેદારો અહેસાન ગડાવાલા, શરીફ મેમણ, ઈમ્તીયાઝ મોટરવાલા, અબ્દુલ કાદીર મેમણ, મુદસર પટેલ, ફારૂક સુરીયા, શકીલ બાટલીવાલા, શાકીર બાટલીવાલા, રીયાઝ તેલી, રફીક નુરમામદ સત્યા મંચ શોભાવશે.આ સમૂહ શાદી કાર્યક્રમમાં તા.૭ના રોજ રાત્રે ૧૦ વાગ્યે હાલાઈ મેમણ જમાત હોલ ખાતે નાત શરીફનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેમાં શબ્બીર રઝા અઝહરી-સુરત અને મુફતી અયુબ રજા અમજદી- કોલકાત્તા નાત બયાન કરશે અને નિકાહ રાત્રે ઈશાની નમાઝ બાદ ટાઉનહોલ ખાતે તેમજ દાવત-એ- વલીમા આવતી કાલે તા.૮ના રોજ બપોરે હાલાઇ મેમણ જમાત હોલ ખાતે જ યોજાશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હાલાઈ મેમણ જમાત-જામનગરના પ્રમુખ હાજી અબ્દુલ રસીદ હાજી મ.હનિફ લુસવાલા (ગુડલક) સહિત ફારૂક હાજી અ. કાદર ગજાઈ, હાજી ઈકબાલ મ.યુસુફ ગનીવાલા, હાજી રઉફ અ. સતાર નગીના વાડીવાલા, હાજી ઈકબાલ અ. કાદર દાલુ, હાજી અસરફ નુરમહમદ હાજી રફીક નાનીવાલા, હાજી અશરફ હાજી ઈસ્માઈલ હોલી, કાસમ મોહમદ ટીચુક, જુનેદ અ. કાદર ધ્રોલીયા, એઝાઝ આદિલ નાનીવાલા અકબર આદીલ નાનીવાલા જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભાવનગર ખાતે માનસિક સ્વાસ્થ્ય માર્ગદર્શન વિષય પર સેમિનાર યોજાયો

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૬
ભાવનગર ખાતે સમરસ કુમાર છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ પ્રશ્નોનું માર્ગદર્શન મળી રહે તે માટે "માનસિક સ્વાસ્થ્ય માર્ગદર્શન તથા વ્યક્તિગત પરામર્શ ઉપચારાત્મક" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વી.પી. કાપડિયા મહિલા આર્ટ્સ કોલેજના મનોવિજ્ઞાનના પ્રોફેસર ડૉ.ભરતભાઈ ભટ્ટ તથા સર.ટી. હોસ્પિટલના સાઈકિયાટ્રીસ્ટ ડૉ.દિગ્વિજયસિંહ ગોહિલ અને સોશ્યલ વર્કર રોહિતભાઈ જોષી દ્વારા વિદ્યાર્થી અવસ્થામાં મૂંઝવતા વિવિધ પ્રશ્નો જેવા કે અજંપો, હતાશા, તણાવ વગેરે ઉપર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું અને આ પ્રકારના માનસિક સ્વાસ્થ્ય સંબંધિત લક્ષણો જણાય તો સર.ટી. હોસ્પિટલનો સંપર્ક કરી વ્યક્તિગત પરામર્શ થકી ઉપચારાત્મક કાર્ય વિશે સમજણ પૂરી પાડવી ઉપરાંત યુવા અવસ્થામાં, વિદ્યાર્થી અવસ્થામાં પરીક્ષા કે વ્યક્તિગત વિવિધ મૂંઝવતા પ્રશ્નો અંગે પ્રશ્નોતરી પૂછવાની તક આપી અને છાત્રોને સંતોષકારક જવાબ મળી રહે તે રીતે આજના સેમિનારમાં ખૂબ જ ઉત્સાહથી છાત્રોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં લોકલ મેનેજમેન્ટ સમિતિ, સમરસ છાત્રાલયના અધ્યક્ષ ગામિત, સમાજ કલ્યાણ અધિકારી મીનાબેન કે.રાઠોડ તથા સમગ્ર સમરસ છાત્રાલયના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત એરપોર્ટ પર ઈન્ડિગોની હૈદરાબાદ ફ્લાઈટ કેન્સલ, દુબઈ ફ્લાઈટ મોડી પડી

## વહેલી સવારે મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૬
સુરત એરપોર્ટ પર આજે શનિવારે ૬ ડિસેમ્બરના રોજ વહેલી સવારે મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઈન્ડિગો એરલાઈન્સની બે મહત્ત્વપૂર્ણ ફ્લાઈટ્સમાં વિલંબ અને એક ફ્લાઈટ કેન્સલ થવાના કારણે મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા.

સુરત એરપોર્ટ પર સૌપ્રથમ, ઈન્ડિગોની આજે સવારની હૈદરાબાદ જતી ફ્લાઈટ રદ કરી દેવામાં આવી હતી. જેના કારણે આ ફ્લાઈટના મુસાફરોને ભારે અસુવિધા થઈ હતી. આ ઉપરાંત, સુરતથી દુબઈ જતી ફ્લાઈટ કે જેનો સમય સવારે ૯:૧૫ વાગ્યાનો હતો, તે પણ વિલંબિત થઈ હતી. ફ્લાઈટના નિયત સમયે મુસાફરો એરપોર્ટ પર પહોંચી ગયા હતા, પરંતુ ફ્લાઈટ ઊપડવામાં વિલંબ થતાં તેમને રાહ જોવી પડી હતી. ફ્લાઈટ્સ કેન્સલ અને ડીલે થવાના કારણે મોટી સંખ્યામાં મુસાફરો પરેશાન થયા હતા. ઘણા મુસાફરોને એરપોર્ટની અંદર રાહ જોવાની જગ્યાએ બહાર બેસવાની ફરજ પડી હતી, જેના કારણે તેમની મુશ્કેલીમાં વધારો થયો હતો. એરપોર્ટ સત્તાવાળાઓ દ્વારા આ ફ્લાઈટ્સ રદ થવા કે વિલંબિત થવા પાછળનું ચોક્કસ કારણ હજી સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી.

# ભાવનગર : કન્સ્ટ્રક્શન પર સેફ્ટી નેટ નહીં બાંધનાર બિલ્ડરોને દંડ

## કોર્પોરેશનની તપાસમાં ૩૦ સાઈટ ઝપટે ચડી

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૬
શહેરમાં રિડેવલોપમેન્ટ અને નવા બિલ્ડિંગોના બાંધકામો મોટા પાયા શરૂ છે ત્યારે અનેક કન્સ્ટ્રક્શન સાઈટો પર સેફ્ટી નેટ નહીં લગાવતા આસપાસના વિસ્તારોમાં અને રહેણાંકોમાં ધૂળનું પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. જેથી કોર્પોરેશન દ્વારા ચાલુ બાંધકામોની સાઈટો પર તપાસ કરી બિલ્ડરો દ્વારા ગ્રીન સેફ્ટી નેટની વ્યવસ્થા ન કરી હોય તેવી ૪૪ બાંધકામ સાઈટોને નોટિસ આપી છે તે પૈકી ૩૦ બાંધકામ સાઈટોના બિલ્ડરોને દંડ ફટકારવામાં આવ્યો છે. કુલ ૬૫ કન્સ્ટ્રક્શન સાઈટોની સ્થળ તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ગ્રીન સેફ્ટી નેટની વ્યવસ્થા કરવામાં ન આવી હોય તેવી ૧૪ ટાઉન પ્લાનિંગ વિભાગ અને ૩૦ ટાઉન ડેવલોપમેન્ટ વિભાગ દ્વારા કન્સ્ટ્રક્શન સાઈટોને નોટિસ આપવામાં આવી છે. બાંધકામના સ્થળે નેટ નહીં લગાવતા ૩૦ બાંધકામ સાઈટોના બિલ્ડરોને ૪,૫૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

### ગારિયાધારના ખોડવદરીનો શખ્સ પિસ્ટલ સાથે ઝબ્બે

ભાવનગર, તા.૬
પાલિતાણા ડિવિઝનમાં પેટ્રોલિંગમાં રહેલી ભાવનગર લોકલ ક્રાઈમબ્રાંચને બાતમી મળી હતી કે, પાલિતાણા ગારિયાધાર રોડ પર દુધાળા ગામના પાટીયા પાસે ગેરકાયદે હથિયાર સાથે ગારિયાધારના ખોડવદરી ગામનો સોહિલ ઉર્ફે ભાણો ફીરોઝભાઈ - જોખીયા ઉભો છે, જે બાતમીના આધારે લોકલ ક્રાઈમબ્રાંચે તપાસ કરતા દુધાળા ગામના પાટીયા પાસે - ઉભેલા સોહિલ જોખીયાને તપાસતા તેના - કમરના ભાગે પેન્ટના નેફામાં લાયસન્સ વગર ગેરકાયદે રૂા.૫,૦૦૦ની કિંમતની પિસ્ટલ મળી આવતા તેને અટક કરી પાલીતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં તેની સામે આર્મ્સ એક્ટ તળે ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

# સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં શાળા નં.૭ના વિદ્યાર્થીઓના આરોગ્ય સામે ખતરો



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૬
સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારોમાં રાત્રે અને દિવસે પણ સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે તે છતાં પણ સુરેન્દ્રનગર શહેરની પરિસ્થિતિ સુધરી રહી નથી સુરેન્દ્રનગર શહેરના જોરાવનગર વિસ્તારમાં આવેલી સરકારી શાળા નંબર ૭ના વિદ્યાર્થીઓનું આરોગ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે. જ્યાં શાળા આવેલી છે ત્યાં જ ગંદકીના ગંજ ખડકાયા છે અને મુખ્ય રસ્તા ઉપર પણ ચારેય બાજુ ગંદકીના થર જામી ગયા છે રસ્તો પણ બંધ થઈ ગયેલી હાલતમાં છે જ્યાં શાળાનું મધ્યાન ભોજન કેન્દ્ર આવેલું છે ત્યાં જ ગંદકીના ગંજ હોવાના કારણે વિદ્યાર્થીઓનું આરોગ્ય જોખમમાં મૂકાઈ રહ્યું છે મચ્છરનો ઉપદ્રવ અને દુર્ગંધથી પણ વિદ્યાર્થીઓ પરેશાન બની રહ્યા છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરી અને યોગ્ય નિકાલ કરવામાં આવે અને ગંદકી ફેલાવનાર તત્વો સામે કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૫

# જૂનાગઢ જિલ્લામાં ડિજિટાઈઝેશનની કામગીરી ૮૮.૦૬ ટકા પૂર્ણ

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૬
ખાસ સઘન સુધારણા ૨૦૨૫ અન્વયે જૂનાગઢ જિલ્લામાં ડિજિટાઈઝેશનની કામગીરી ૮૮.૦૬ ટકા પૂર્ણ થઈ ગઈ છે. કુલ-૧૩૦૦૩૪૪ મતદારોમાંથી ૧૧૪૫૧૪૫ લોકોના ફોર્મ ડીજીટાઈઝ કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લાની ૮૮-કેશોદ વિધાનસભા મતિવભાગ તથા ૮૯-માંગરોળ વિધાનસભા મતવિભાગમાં ગણતરી ફોર્મ ડીજીટાઈઝેશન અંગેની કુલ કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવેલ છે. ૮૭-વિસાવદર વિધાસભા મતવિભાગમાં ગણતરી ફોર્મ ડીજીટાઈઝેશન અંગેની કુલ કામગીરી ૯૯.૦૯ ટકા પૂર્ણ કરવામાં આવેલ છે. જે ટુંક સમયમાં પૂર્ણતાને આરે છે. જયારે બાકી રહેતી વિધાનસભાઓ ૮૬-જૂનાગઢ વિધાનસભા મતવિભાગમાં ફોર્મ ડીજીટાઈઝેશન અંગેની કુલ કામગીરી ૯૯.૨ ટકા તથા ૮૫-માણાવદર વિધાનસભા મતવિભાગમાં ફોર્મ ડીજીટાઈઝેશન અંગેની કુલ કામગીરી ૯૮.૭૫ ટકા પૂર્ણ કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લામાં કુલ મતદારોમાંથી ૧૪૯૬૧૯ મતદારો અનકલેક્ટેબલ ફોર્મ કેટેગરીમાં છે. જેમાં મૃત્યના કિસ્સામાં ૫૨૪૧૫, ગેરહાજરના કિસ્સામાં ૨૧૬૮૫, કાયમી સ્થળાંતરના ૬૮૯૬૪, ડુપ્લીકેટ કેટેગરીમાં ૬૦૯૧ તથા અન્ય કારણોસર ૪૬૪ મતદારો મળીને કુલ ૧૪૯૬૧૯ મતદારો અનકલેકટેબલ કેટેગરીમાં છે. હજુ પણ ૫૫૮૦ મતદારોએ (૦.૪૩ ટકા) પોતાના ગણતરી ફોર્મ જમા કરેલ નથી. જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી તરફથી અપીલ છે કે, મતદારો તા.૧૧/૧૨/૨૦૨૫ પહેલા ગણતરી તેઓના બી.એલ.ઓ.ને ફોર્મ જમા કરાવે. આ ફોર્મ જમા ન થવાના કિસ્સામાં આપનું નામ ડ્રાફટ મતદાર યાદીમાંથી કમી પણ થઈ શકે છે. ઉકત મૃત્યુ/ગેરહાજર/કાયમી સ્થળાંતર/ઓલરેડી નોંધાયેલા/અન્ય મતદારોની વિધાનસભા મત વિભાગવાઈઝ યાદી ટુંક સમયમાં જિલ્લા ચૂંટણી અધિકારી, જૂનાગઢ (www.junagadh.nic.in)ની વેબસાઈટ ઉપર પણ અપલોડ કરવામાં આવશે. વધુમાં આ સમયગાળા દરમિયાન જે મતદારોના ૧૮ વર્ષ પૂર્ણ થઈ ગયા છે તે નવા સંભવિત મતદારો ફોર્મ નંબર ૬ ભરીને પોતાના મતદાન મથકના બી.એલ.ઓ.ને જમા કરાવી મતદાર યાદીમાં નામ નોંધાવી શકશે.

# અમરોલીની સહારા ઈન્ડિયા બેંક સાથે લાખોની ઉચાપત કરનાર કર્મચારી ૧૬ વર્ષે પકડાયો

## ડીસીબીએ આરોપીને તેની નોકરીના સ્થળ યુપીના બસ્તી જિલ્લાની સરકારી શાળામાંથી પકડી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૬
૨૦૦૭માં સહારા ઈન્ડિયા બેંકમાં નોકરી દરમિયાન ગ્રાહકોના ફીક્સ ડિપોઝીટના રૂપિયાની ઉચાપત કરી વતન ઉત્તરપ્રદેશ ભાગીને સરકારી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરીએ લાગેલા અને અમરોલી પોલીસ મથકમાં ૧૬ વર્ષથી વોન્ટેડ મુખ્ય આરોપીને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે ઉત્તરપ્રદેશ ખાતેથી ઝડપી પાડયો છે.

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે વર્કઆઉટ કરી રહી છે. આ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના આર્મ્સ એક્ટ સ્કવોર્ડની ટીમને બાતમી મળી હતી કે, ઉત્તરપ્રદેશ જિલ્લો બસ્તી, જુનીયર હાઈસ્કૂલ બટ્ટુપુર ખાતેથી અમરોલીમાં પોલીસમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનાનો આરોપી ચોરી છુપેથી રહી રહ્યો છે. આ હકીકતના આધારે ડીસીબીની એક ટીમ યુપી પહોંચી ગઈ હતી. ત્યાબાદ ડીસીબીએ વોચ ગોઠવી સુરેશસીંગ ફોજદારસીંગ (ઉ.વ.૫૩ ધંધો-શિક્ષક તરીકે નોકરી, રહેવાસી. ગામ-મુરઘાટ, કટર બાયપાસ રોડ ગાંધીનગર, જી.બસ્તી,(ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી અંગે તપાસ કરતા સુરેશસીંગ ૨૦૦૭માં સુરત શહેરમાં રહેતો હતો. તે વખતે સુરેશસીંગ અમરોલી છાપરાભાઠા રોડ અરિહંત પાર્ક ખાતે આવેલી સહારા ઈન્ડિયા બેંકમા નોકરી કરતો હતો. આ દરમિયાન સહારા ઈન્ડિયા બેંકનો કેશીયર રાકેશ ચૌધરી તા.૨૩/૬/૨૦૦૭થી દિન-૬ની રજા ઉપર ગયો હતો. તે સમેય આરોપી સુરેશસીંગ ફોજદારસીંગ સિનિયર ઓફિસ વર્કર તરીકે નોકરી કરતો હોય તેણે રેકર્ડ સાથે ચેડા કરી બેંકમાં ફીક્સ ડીપોઝીટ અલગ અલગ ૦૬ ખાતાના કુલ ૦૯ ચેકો બેરર તેમજ એકાઉન્ટ પેથી પોતાના અક્ષરમા બનાવીને પોતાના દ્વારા સહીઓ કરીને ઓમાંથી રૂા.૩,૯૦,૮૨૭ ઉચાપત કરી ભાગી ગયો હતો. આ અંગે અમરોલી પોલીસ મથકમા ગુનો નોંધાયો હતો.ત્યારથી સુરેશસીંગ વોન્ટેડ હોવાથી તેને હાજર થવા માટે નામદાર કોર્ટ દ્વારા સીઆરપી ૭૦ મુજબનુ વોરંટ ઈશ્યૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પોલીસેને બાતમીદાર મારફતે માહિતી મેળવતા તે પોતાના વતન મહુવા ડાબર જી.બસ્તી ખાતે રહેવાનુ બંધ કરીને ભાગીને ઉત્તરપ્રદેશના બસ્તી જિલ્લાના બઢની પોસ્ટે ખાતે આવેલી જુનીયર હાઈસ્કૂલ બટ્ટુપુર સરકારી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતો હોવાનુ અને ગામ મુરઘાટ ખાતે રહેતો હોવાની માહિતી મળી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા તેના રહેઠાણે તેમજ તે જયા નોકરી કરતો હતો તે સ્કૂલ ઉપર વોચ કરી આરોપી ગવર્મેન્ટ જોબ કરતો હોય જેથી સંપૂર્ણ ખાત્રી અને ખરાઈ કર્યા બાદ તેને તેને સ્કુલમાંથી પકડવામાં આવ્યો હતો. સુરેશસીંગને ૨૦૧૪થી શિક્ષક તરીકે પરમનેન્ટ ઓર્ડર મળ્યો હતો.

# કામરેજમાં સગીરાએ પ્રેમી સાથે લગ્નની જીદે ફાંસો ખાઈ આપઘાત કર્યો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૬
કામરેજના ઉંભેળગામમાં ૧૫ વર્ષિય સગીરા ગામના જ એક યુવકના પ્રેમમાં પડી ગઈ હતી. જેથી સગીરાએ પ્રેમી સાથે લગ્ન કરવાની જીદ પકડતા પરિવારજનોએ હાલ લગ્ન કરવાની ઉમર નથી તેવુ કહી તેણીને ઠપકો આપ્યો હતો. સગીરાને માઠું લાગી આવતા પોતાના ઘરે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. કામરેજના ઉભેળગામ ખાતે રહેતી ૧૫ વર્ષિય સગીરાને ગામમા રહેતા એક યુવક સાથે આંખ મળી ગઈ હતી. બંને પ્રેમમા આંધળા બની ગયા હતા. આ બંનેના પ્રેમ સંબંધ અંગે સગીરાના પરિવારજનોને થતા તેમણે સંબંધ સ્વીકાર્યા ન હતા. પરંતુ સગીરાએ લગ્ન કરવાની જીદ પકડતા પરિવારજનોએ તેની ઉમર ઓછી હોવાથી હાલ લગ્ન થાય તેમ નથી. તેમ કહી સગીરાને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સગીરા માની ન હતી. જેથી પરિવારે તેણીને ઠપકો આપતા માઠુ લાગી આવ્યુ હતુ. ત્યારબાદ સગીરાએ બપોરના સમયે પોતાના ઘરે પંખા સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ અંગે પરિવારજનોને જાણ થતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. સગીરાના આ પગલાથી પરિવાર શોકમા ડૂબી ગયુ હતુ. આ બનાવ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી હતી.


**નામ બદલેલ છે**
જૂનું નામ : **સાયમાબેન અસરફભાઇ કડીવાલ**
નવું નામ : **સાયમાબેન અશરફભાઇ કડીવાલ**
**સરનામું : ચાટાવાડા, તા-સિદ્ધપુર, જિલ્લો-પાટણ**

**નામ બદલેલ છે**
જુનું નામ : બાલવા મઆઝ મેહમુદ
નવુ નામ : બાલવા મઆજ મેહમુદ
એડ્રેસ : ડીંડરોલ, તા.સિધ્ધપુર જિ.પાટણ-૩૮૪૨૯૦

**નામ બદલેલ છે**
મારૂ જુનું નામ સૈયદ અસદઅલી મોહમદ યુસુફ હતુ જે બદલીને નવુ નામ **અસદઅલી મોહંમદ યુસુફ સૈયદ** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ઈ-૧૨, મુજમ્મીલ પાર્ક, શેરપુર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.

**નામ બદલેલ છે**
જૂનું નામ : **સોની હેમલતા મોહનલાલ**
નવું નામ : **હેમાબેન વિક્રમભાઇ સોની**
**સરનામું : બગીચા વિસ્તાર, હિંમતનગર-૩૮૩૦૦૧**

**નામ બદલેલ છે**
જૂનું નામ : **સોની વિક્રમકુમાર ચંપકલાલ**
નવું નામ : **વિક્રમભાઇ ચંપકલાલ સોની**
**સરનામું : બગીચા વિસ્તાર, હિંમતનગર-૩૮૩૦૦૧**

**જાહેર નોટિસ**

અમો એડવોકેટ શ્રી શશીકાન્ત એસ.પટેલ તે આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,
મોજે કેલોદ તા.જિ.ભરૂચની સીમની જૂની શરતની ખેતીની નીચે જણાવેલ જમીન સંબંધી તેના માલિકોએ અમારી પાસે ટાઈટલ કલીઅરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. વાસ્તે સદરહુ જમીન ઉપર જે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેન્ક અગર સોસાયટીનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, બોજો કે સંબંધ હોય તો, તે અંગે આ નોટિસ પ્રસિદ્ધ થયે દિન-૧૦માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિત વાંધાઓ જરૂરી પુરાવાઓ સહિત મોકલી આપવા. તેમ કરવાને ચૂક થયેથી અમો સદરહુ મિલકત અંગેનું ટાઈટલ ચોખ્ખું છે તેમ માની ટાઈટલ કલીઅરન્સ સર્ટિફિકેટ ઈશ્યુ કરીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેવી.

| ગામનું નામ | રે.સ./બ્લોક નં.તથા ક્ષેત્રફળ | જમીન માલિકોના નામ. |
|---|---|---|
| કેલોદ તા.જિ. ભરૂચ | (૧). ૩૦૬ પૈકી-૧, (જૂનો) જેનો નવો બ્લોક નં.૪૯૭, હે.૦૦-૦૩ આરે-૯૫ ચો.મી. (૨). ૩૦૬, (જૂનો) જેનો નવો બ્લોક નં. ૪૯૮, હે.૦૨-૪૯ આરે-૬૯ ચો.મી. | ઐયુબ વલી મહમદ હશન. |
| કેલોદ તા.જિ. ભરૂચ | ૩૧૯ પૈકી-૨, (જૂનો) જેનો નવો બ્લોક નં. ૫૧૫, હે.૦૨-૪૦૨ આરે-૮૨ ચો.મી. | ઝુલેખા ઈબ્રાહીમ પટેલ, સાબેરા ઈબ્રાહીમ પટેલ, સલીમ ઈબ્રાહીમ પટેલ, ફાતિમા ઈબ્રાહીમ પટેલ તથા મહમદજુબેર ઈબ્રાહીમ પટેલ. |
| કેલોદ તા.જિ. ભરૂચ | ૩૧૯ પૈકી-૧, (જૂનો) જેનો નવો બ્લોક નં. ૫૨૫, હે.૦૩-૨૨ આરે-૪૮ ચો.મી. | અબ્દુલ અલીભાઈ ઈસ્માઈલભાઈ. |

ભરૂચ
'શ્રીજી કૃપા' બેંક ઓફ બરોડાની પાછળ, સ્ટેશન રોડ, ભરૂચ.
મો.નં. ૯૮૨૪૧૧૨૮૦૧.

અમારી મારફતે
સહી
શશીકાંત એસ. પટેલ, એડવોકેટ

દારૂ, જુગારની બદી ડામવા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

# પાલનપુરમાં કોંગ્રેસની આક્રોશ રેલીમાં જિજ્ઞેશ મેવાણીના આકરા પ્રહારો

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૬

બનાસકાંઠાના પાલનપુરમાં ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની આગેવાનીમાં દારૂ ડ્રગ્સના વિરોધમાં આક્રોશ રેલી યોજવામાં આવી હતી સીમલા ગેટથી કલેક્ટર કચેરી સુધી આ રેલી યોજાઈ હતી જેમાં કોંગ્રેસ અગ્રણીઓ અને લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને કલેક્ટર કચેરી ખાતે પહોંચીને સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર આપીને દારૂ ડ્રગ્સ સહિતના દુષણો ઉપર અંકુશ લાવવા માટેની માંગ કરી હતી. ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી કહ્યું કે કુટણખાના, દારૂના અડ્ડા, જુગારના અડ્ડા અને ડ્રગ્સના કારોબારમાંથી કમાય એ ભારત ભૂમિનો ગદ્દાર છે આવા કોઈ પણ ગદ્દારોને કોઈપણ સંજોગોમાં બક્ષવાના નથી. તેઓ સત્તાના કોઈપણ સ્થાન પર બેઠા હોય એમને કહી દઈએ આજે પણ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરનું બંધારણ છે. જિજ્ઞેશ મેવાણીએ વધુમાં કહ્યું કે આ દેશ સરદાર વલ્લભભાઈ પટેલનો, ડોક્ટર



બાબાસાહેબ આંબેડકરનો સુખદેવ, રાજગુરૂ, ભગવાન બિરસા મુંડા અને શહીદે આઝમ ભગતસિંહનો દેશ છે આ દેશમાં અમે કોઈપણ માતા બેન દીકરીઓને વિધવા થવા દેવાના નથી. એટલે બુટલે કરવું પણ સમજી જાય અને બુટલેગરોને છાપરવા વાળા મંત્રીઓ પણ સમજી જાય જિજ્ઞેશ મેવાણી કહ્યું કે પોલીસના નાના કર્મચારીઓને અપીલ કરૂં છું કે તમે સામાન્ય પરિવારમાંથી આવો છો તમારા આઈપીએસ અધિકારી મંત્રીઓને તમારી પીડા નહીં સમજાય. વાવ થરાદ જિલ્લાના થરાદ ખાતેથી દારૂ ડ્રગ્સ મુદ્દે શરૂ થયેલી આ મહિમ હવે આખા ગુજરાતમાં ફેલાઈ છે ત્યારે ફરી એકવાર ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ પાલનપુરના સીમલા ગેટથી કલેક્ટર કચેરી સુધી યોજીને દારૂ ડ્રગ્સ સહિતના દૂષણ ઉપર તાત્કાલિક અંકુશ લાવવા માટેની માગ કરી છે. એટલું જ નહીં ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપતા કહ્યું કે ગૃહ વિભાગને અમારી લાગણી પહોચાડો કે પોલીસ કર્મચારીઓને પોતાનું યુનિયન બનાવવા માટેની પરમિશન આપે, એસઆરપીના જવાનોની પોતાના જિલ્લા બહાર બદલી ન થાય,ગ્રેડ પેનો લાભ મળે અને સ્ટેટ મોનિટરિંગ સેલની રેડમાં કોન્સ્ટેબલ હેડ કોસ્ટેબલ અને પીઆઈ પર ફક્ત કાર્યવાહી કરવામાં ન આવે જો કાર્યવાહી કરવી જ હોય તો એસપી અને આઈજી સામે પણ કાર્યવાહી કરો.

# હર્ષ સંઘવીમાં મારી જોડે ડિબેટ કરવાની તાકાત ન હોય તો મારા પટાવાળા જોડે કરે : જિજ્ઞેશ મેવાણી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૬

પાલનપુરમાં આજે ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલા કોંગ્રેસના કાર્યક્રમમાં વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પડકાર ફેંક્યો છે. તેમણે જણાવ્યું કે, બે દિવસ અગાઉ હર્ષ સંઘવી મારા મત વિસ્તારમાં આવ્યા પણ તેમણે દારૂ-ડ્રગ્સ બંધ કરાવવાનું વચન ન આપ્યું. હું તેમને મારી સાથે ડિબેટ કરવાની ચેલેન્જ આપુ છું અને જો એમની મારી સાથે ડિબેટ કરવાની કેપેસીટી ન હોય તો મારા પટાવાળા કે ડ્રાઈવર સાથે કરે.

જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું કે, રાજયમાં લગભગ ૨૦ લાખ જેટલા સ્ત્રી અને પુરુષો ડ્રગ્સના રવાડે ચડ્યા છે અને છેલ્લા પાંચ વર્ષમાં ડ્રગ્સની બદી ચરમસીમાએ પહોંચી છે.

મેવાણીએ મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના વિધાનસભા



વિસ્તારોમાં દારૂ અને જુગારના અડ્ડા ચાલુ છે કે બંધ તે અંગે સ્પષ્ટતા કરવા પણ માંગ કરી હતી.

પોલીસ તંત્ર પર આક્ષેપ કરતા મેવાણીએ કહ્યું કે, જિલ્લા પોલીસ વડાઓ કોન્સ્ટેબલ પાસે પોતાના જૂતાની પોલિશ કરાવે છે, જે એક ગંદકી છે અને તેને તાત્કાલિક બંધ કરાવવી જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે ડ્રગ્સ ગુજરાતની ભાવી પેઢીને ચકનાચૂર કરી નાખશે.

આ ઉપરાંત આજે કોંગ્રેસના આગેવાનોએ આક્રોશ સાથે પાલનપુરના દિલ્હી ગેટથી જિલ્લા કલેક્ટરની કચેરી સુધી રેલી કાઢીને દારૂ-ડ્રગ્સના દુષણ પર અંકુશ લાવવા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી. જેમાં વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, દાતાના ધારાસભ્ય કાંતિ ખરાડી અને થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત સહિતના કોંગી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોળકા ખાતે દિવ્યાંગજનો માટે તાલુકા કક્ષાનો રમતોત્સવ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૬

અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ સંચાલિત અને એસ્ટ્રલ ફાઉન્ડેશનના સહયોગથી ચાલતા સંજીવની પ્રોજેકટ દ્વારા રાજપુત બોર્ડિંગ ધોળકા ખાતે ચાલતા સંજીવની ડે કેર સેન્ટર ખાતે આજરોજ શનિવારે સવારે ૯થી બપોરના ૧૨ વાગ્યા દરમિયાન દિવ્યાંગ વિદ્યાર્થીઓ/બાળકો માટે તાલુકા કક્ષાએ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોળકા તાલુકાના અલગ અલગ ગામના દિવ્યાંગ વ્યક્તિઓ/બાળકો એ ભાગ લીધો હતો,જેમાં વ્હીલચેર રેસ, ટ્રાઈસિકલ રેસ, ગોળા ફેંક, સંગીત ખુરશી, બોચી બોલ, અને નિશાન તાક વગેરે જેવી રમતનો સમાવેશ કરાયો હતો.



તાલુકા કક્ષાના આયોજનથી ગ્રામ્ય સ્તર પરના દિવ્યાંગ વ્યક્તિઓ/બાળકોમાં રમત ગમતના કૌશલ્યની ઓળખ થાય અને આવનાર સમયમાં જિલ્લા કક્ષાએ યોજાનાર ખેલમહાકુંભમાં ભાગ લે તે હેતુથી કરવામાં આવેલ છે આ કાર્યક્રમને સફળ બનાવવા એસ્ટ્રાલ ફાઉન્ડેશનના સહયોગથી અંધજન મંડળ, અમદાવાદ દ્વારા સંચાલિત સંજીવની દિવ્યાંગ બાળકો/વ્યક્તિઓનું કેન્દ્રના કાર્યકર્તા રક્ષાબેન મૈત્રેય, કમલેશભાઈ વાળંદ, તૃપ્તિબેન પરમાર તથા દ્રષ્ટિબેન શ્રીમાળીએ જહેમત ઉઠાવી હતી.

# સિદ્ધપુર નજીકથી ૭૭.૧૧ લાખનો દારૂ પાટણ એલસીબીએ ઝડપી પાડ્યો

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૬

કન્ટેનર ટ્રકમાં લઈ જવાતા રૂા.૭૭.૧૧ લાખથી વધુની કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાને પાટણ એલ.સી.બી. પોલીસે સિદ્ધપુર નજીક ધારેવાડા ચેકપોસ્ટ પરથી ઝડપી પાડ્યો હતો. પાટણ એલ.સી.બી. પોલીસની ટીમ સિદ્ધપુર હાઈવે પર પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળેલ કે, એક કન્ટેનર ટ્રક વિદેશી દારૂ ભરી પસાર થનાર છે જેને લઈ સિદ્ધપુર-પાલનપુર હાઈવે ઉપર ધારેવાડા ચેકપોસ્ટ ઉપર વોચ ગોઠવી હતી. દરમ્યાન રાજસ્થાન પાર્સિંગની કન્ટેનર ટ્રક નં. આર.જે.જી.બી.-૯૮૮૯ પસાર થતા તેને રોકી તપાસ હાથ ધરતા ઉપરના ભાગે બેસનના કટ્ટામાં ભૂસું ભરેલું હતું જ્યારે આ કટ્ટાઓ ખસેડતા તેની નીચેથી અંદાજે રૂા.૭૭.૧૧ લાખના કિંમતની પંજાબ રાજયમાં ઉત્પાદિત વિદેશી દારૂની કુલ ૧૬૪૨૭ વિવિધ બ્રાન્ડની બોટલો મળી આવી



(તસવીર : ઈલ્મુદીન પીરજાદા, પાટણ)

હતી. પોલીસે ઝડપાયેલ ટ્રકચાલક કાલુખાન સુગનેખાન મીર (રહે. ફતેગઢ, જિ.જેસલમેર)ની પૂછપરછ કરતા દારૂનો આ જથ્થો પંજાબથી સુરત લઈ જવાતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂા.૨૦ હજારની કિંમતના ભૂસુ ભરેલા બેસનના કટ્ટા ૬૮૪ નંગ, રૂા.૨૫ લાખનું કન્ટેનર તેમજ વિદેશી દારૂ રૂા.૭૭,૧૧,૨૮૮/-મળી કુલ રૂા.૧,૦૨,૩૮,૪૩૮/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને પ્રકાશપુરી સ્વામી (મહારાજ-રહે. બાડમેર), રાજુરામ બિશ્નોઈ (રહે. બાડમેર), કન્ટેનર ટ્રકનો માલિક હેમારામ મગનરામ પુનિયો તેમજ સુરત ખાતે દારૂ મંગાવનાર અજાણ્યા બુટલેગર સામે સિદ્ધપુર પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરાના ગોરવા-નવા યાર્ડ રોડ પર સ્કૂટર પર ગાંજો વેચનાર કેરિયર પકડાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૬

વડોદરા પોલીસે ત્રણ દિવસમાં ડ્રગ્સનો ત્રીજો કેસ કર્યો છે. જેમાં ગોરવા નવા યાર્ડ રોડ ઉપર સ્કૂટર પર ગાંજો વેચનાર ઝડપાઈ ગયો છે. બે દિવસ પહેલા ફતેગંજ પોલીસે યુનિવર્સિટી કેમ્પસ નજીક ફતેગંજ બ્રિજ પાસેથી સ્કૂટર ઉપર ગાંજો વેચનાર કેરિયર ને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ છાણી પોલીસે બાજવા રોડ પરની સોસાયટીમાંથી ૧૫ લાખના અફીણ સાથે પરપ્રાંતિય કેરિયરને ઝડપી પાડ્યો હતો. ગોરવા મધુનગરથી નવા યાર્ડ જવાના રોડ પર મહાદેવજીના મંદિર પાસે સ્કૂટર ઉપર એક શખ્સ ગાંજાનું વેચાણ કરતો હોવાની માહિતી મળતા એસઓજીની ટીમે વોચ રાખી સ્કૂટર પર ગાંજો વેચનાર રાજેન્દ્ર ઉર્ફે છોટુ ભરતલાલ બિંદ (ગોરખનાથ મંદિર પાસે ગોરવા મૂળ યુપી)ને રૂા.૨૨,૦૦૦ ઉપરાંતની કિંમતના ૪૫૯ ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો. ગાંજો કોણે મોકલ્યો હતો અને કેટલા સમયથી ગાંજાનો ધંધો કરતો હતો તેની તપાસ માટે રિમાન્ડની તજવીજ કરવામાં આવી છે.

# સિદ્ધપુર ખાતે ડો. બાબાસાહેબની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અપાઈ



(સંવાદદાતા દ્વારા)

સિદ્ધપુર, તા.૬

સિદ્ધપુર ખાતે દલિત સમાજના આગેવાનો, નગરના અગ્રગણ્ય નાગરિકો અને રાજકીય પાર્ટીઓ દ્વારા ડૉ. બાબાસાહેબની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દલિત સમાજના આગેવાનો અને સિદ્ધપુરના અગ્રગણ્ય નાગરિકો દ્વારા ભારતના સંવિધાન નિર્માતા અને ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરને પુણ્યતિથિ નિમિત્તે અફીણ ગેટ ખાતે આવેલ પ્રતિમા પાસે એકઠા થઈ ફૂલહાર અર્પણ કરી સૂત્રોચાર સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં જ.લ. પરમાર, હરેશભાઈ, જયાબેન શાહ, પ્રવીણભાઈ, રાજેશ ચાવડા, અલ્પેશ સોલંકી વિગેરે સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોરની અધ્યક્ષતામાં કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ હમીદભાઈ માંકણોજીયા સહિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકાના સદસ્યા જયાબેન શાહ દ્વારા નગરપાલિકાના હોલમાં લાગેલ બાબાસાહેબના તૈલ ચિત્રને ફૂલહાર પહેરાવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

# બનાસકાંઠા જિલ્લામાં હોમગાર્ડ્ઝ સ્થાપના દિનની દબદબાભેર ઉજવણી



ડીસા, તા.૬

હોમગાર્ડ્ઝ તાલુકા યુનિટ ડીસા ખાતે સાંજે બનાસકાંઠા હોમગાર્ડ્ઝના જિલ્લા કમાન્ડન્ટ હિંમતસિંહ રાઠોડની આગેવાનીમાં ડીસા શહેરના રાજમાર્ગો ઉપર હોમગાર્ડ્ઝના જવાનો દ્વારા મશાલ રેલી યોજવામાં આવી હતી. તા.૬ ડીસેમ્બરને ગુજરાત હોમગાર્ડ્ઝ દ્વારા સ્થાપના દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે ત્યારે બનાસકાંઠા હોમગાર્ડ્ઝના જિલ્લા કમાન્ડન્ટ હિંમતસિંહ રાઠોડની સુચના મુજબ જિલ્લાના તમામ યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાન, રૂટમાર્ચ, વૃક્ષારોપણ, મહાનુભાવોની પ્રતિમાઓની સાફસફાઈ, બાલવાટીકા, બાલમંદિર તેમજ પ્રાથમિક શાળાના બાળકોને ચોકલેટ, સેવ બુંદી અને ફ્રુટનું વિતરણ કરી છઠ્ઠી ડીસેમ્બરની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શુક્રવારે સાંજે હોમગાર્ડ્ઝ તાલુકા યુનિટ કચેરીથી જિલ્લા કમાન્ડન્ટ હિંમતસિંહ રાઠોડ દ્વારા મશાલ રેલીને પ્રસ્થાન કરાવી શહેરના રાજમાર્ગો ઉપર ફરી હતી. આ પ્રસંગે ડીસા ઓફીસર કમાન્ડીગ એસ.કે.પંડ્યા સહિત એનસીઓઝ અને જવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. **(તસવીર : જમીલ મેમણ, ડીસા)**

# સાબરકાંઠા કલેક્ટરે સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીમાં ફાળો આપી પ્રારંભ કરાવ્યો



(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુએ સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીના ભાગરૂપે સશસ્ત્ર સેના ધ્વજ દિવસના ભંડોળમાં ફાળો આપીને પ્રારંભ કરાવ્યો હતો. સેનાના જવાનોના સાહસ, શોર્ય, અનન્ય બલિદાનનું સ્મરણ કરવા અને તેમનું સન્માન કરવા સમગ્ર દેશમાં સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જિલ્લા કલેક્ટરે ફાળો આપીને સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. માં ભોમની રક્ષા કાજે જવાનો સરહદ ઉપર યુદ્ધમાં આતંકવાદીઓ સાથેની લડાઈમાં પ્રાણ ન્યોછાવર કરી દેશ માટે મહાન કુરબાની આપે છે. આવા શહીદ થયેલા જવાનોના કુટુંબીજનો, સૈનિકો અને પૂર્વ સૈનિકોના કલ્યાણ અર્થે અને તેઓને સંકટ/માંદગીના સમયે નાણાંકીય સહાય આપવા યથાશક્તિ યોગદાન આપી સહભાગી થવા જિલ્લા કલેક્ટરે અપીલ કરી હતી. **(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)**

# હિંમતનગર બસ સ્ટેન્ડ સામેથી નશાકારક સિરપની ૧૭૬ બોટલ સાથે ત્રણ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં યુવાધન છેલ્લા કેટલાક સમયથી નશાકારક દ્રવ્યોના રવાડે ચઢી રહ્યો છે ત્યારે રાજ્યમાં અનેક ઠેકાણે કેટલાક શખ્સો ચોરી છુપીથી તથા લેબલ વગરની બોટલોમાં હાનિકારક કફ સિરપ વેચીને આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે, ત્યારે સાબરકાંઠા એસઓજીએ શુક્રવારે બાતમીના આધારે ત્રણ જણાને અંદાજે રૂા.૩૩,૪૪૦ની કિંમતની ૧૭૬ બોટલ સાથે ઝડપી લીધા હતા ત્યારબાદ તેમની વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. આ અંગે એસઓજીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા સહિત જિલ્લામાં અનેક ઠેકાણે કેટલાક શખ્સો નશાકારક ડ્રગ્સનું વેચાણ કરી આમ જનતાના સ્વાસ્થય સાથે ચેડાં કરી રહ્યા છે ત્યારે સાબરકાંઠા એસઓજીને શુક્રવારે એવી બાતમી મળી હતી કે એક ઈસમ મીણીયાની થેલીમાં કફ સિરપની નાની બોટલ લઈ બસ સ્ટેન્ડ સામે આવેલ મોચીવાસમાં જવાના રોડ



પર ઉભો છે જે આધારે એસઓજીના સ્ટાફે વોચ ગોઠવી હતી. બાતમી મુજબ ટી-શર્ટ પહેરેલા યુવાન સાથે વાતચીત કરીને તેની ઝડતી લીધી જેમાં તેની પાસેથી મીણીયાની થેલીમાંથી લેબલ વગરની ૧૧ કફ સિરપની બોટલો મળી આવી હતી જે અંગે પુછતાછ કરતાં આ બોટલો બસ સ્ટેન્ડની સામે આવેલ મોચીવાસમાં રહેતા દર્શન ભરતભાઈ પરમારના ઘરેથી લાવ્યો હોવાનું કબુલ્યું હતું. જેથી પોલીસે તેને સાથે રાખી દર્શન પરમારની પાસે લઈ જઈ વધુ પૂછપરછ કરતાં દર્શન પરમારે આ બોટલો નિલેશ રમણભાઈ પ્રજાપતિ પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી એસઓજીએ દર્શન પરમાર પાસેથી ૧૭ લેબલ વગરન બોટલો સફેદ થેલીમાંથી પકડી લીધી હતી. ત્યારબાદ પોલીસે પકડાયેલા કરણ પરમાર દર્શન પરમાર અને નિલેશ રમણભાઈ પ્રજાપતિને પણ ઝડપી લીધા બાદ નિલેશ પ્રજાપતિ પાસેથી એસઓજીએ વધુ ૧૪૮ કફ સિરપની બોટલો પકડી લીધી હતી. ત્યારબાદ આ ત્રણેય જણા વિરૂદ્ધ એસઓજીએ શુક્રવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધોળકા ખાતે ડો. બાબાસાહેબના મહાપરિનિર્વાણ દિવસે કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૬

આજરોજ તારીખ ૬/૧૨/૨૦૨૫ના રોજ ભારતીય બંધારણના રચયિતા, ભારતરત્ન ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૬૯મા મહાપરિનિર્વાણ દિવસ પર ધોળકા શહેર તેમજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ પાર્શ્વનાથ આંબેડકર સર્કલ ખાતે રાખવામા આવેલ, આ કાર્યક્રમમાં ધોળકા શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ મકવાણા, ધોળકા નગરપાલિકા વિપક્ષ નેતા નુરજહાંબેન સૈયદ, ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ વિભાગના વાઈસ ચેરમેન હરિશભાઈ પરમાર, મ્યુનિસિપલ કાઉન્સિલર સાકિરભાઈ મલેક, અમીરભાઈ ટીંબલીયા ઉપરાંત પ્રવિણભાઈ જાદવ, ગફુરભાઈ ઘાંચી, સુર્યકાંતભાઈ ઝાલા, કેતન રાઠોડ, ભીખાભાઈ પરમાર તેમજ





કોંગ્રેસના આગેવાન કાર્યકરોએ હાજર રહી ફૂલહાર પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી જનતાના બંધારણીય અધિકાર માટે લડત આપવા આગામી દિવસોમાં કોંગ્રેસ સક્રીય થઈ કાર્ય કરશે તેમ જણાવ્યું હતું.

# વસો : બિનવારસી મળી આવેલા માનસિક દિવ્યાંગ બાળક વિશે પોલીસની તપાસ શરૂ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૬

બિનવારસી મળી આવેલા બાળક અંગેની વિગતો અનુસાર, ગત તારીખ ૩/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ ખેડા જિલ્લાના વસો પોલીસ સ્ટેશન હદમાં દાવડા ચોકડી વિસ્તાર પાસેથી આ બાળક મળી આવ્યું હતું. આ બાળક માનસિક દિવ્યાંગ જણાતા તે પોતાના પરિવાર કે સરનામા અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપી શકતું નથી. બાળક માત્ર પોતાનું નામ બોબો અને તેની માતાનું નામ ગંગા હોવાનું જણાવી શકે છે, પરંતુ તેના સિવાયની અન્ય કોઈ મહત્ત્વપૂર્ણ વિગતો જણાવી શકતું નથી. આશરે ૧૨થી ૧૫ વર્ષની ઉંમરના આ બાળકના વાલીવારસની તાત્કાલિક શોધખોળ



શરૂ કરવામાં આવી છે, જેથી બાળકને તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવી શકાય. જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા આ મામલે જાગૃત નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિને આ બાળક અંગે કે તેના પરિવાર અંગે કોઈ પણ પ્રકારની માહિતી હોય તો તાત્કાલિક ધોરણે જિલ્લા બાળ સુરક્ષા એકમ, સરદાર પટેલ ભવન, નડિયાદનો સંપર્ક કરવો. માહિતી પૂરી પાડવા માટે POICનો સંપર્ક નંબર ૯૮૯૮૯૯૩૧૦૦, કાઉન્સેલરનો સંપર્ક નંબર ૯૯૭૯૨૯૫૭૦૦ તથા ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ ખેડાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# મોડાસાની ડો.અંજુમબાનુ લુહારે એમ.ડી. મેડિસિનની ડિગ્રી હાંસલ કરી

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૬

મુસ્લિમ સમાજમાં છોકરાના શિક્ષણ સાથે હવે છોકરીઓ પણ અભ્યાસમાં અગ્રેસર બની રહી છે. મોડાસાની લુહાર પરિવારની દીકરીએ એમ.ડી.ની ડિગ્રી હાંસલ કરી છે. મોડાસાના રહીશ મર્હૂમ લતીફખાન અજીમખાન લુહારની પૌત્રી અને એડવોકેટ હબીબખાન લતીફખાન લુહારની પુત્રી ડો. અંજુમબાનુએ વડોદરાની સરકારી મેડિકલ કોલેજથી M.D. Medicine (Doctor of Medicine) ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. રાજસ્થાનથી આવેલ જયપુરી લુહાર જમાઅતમાં મર્હૂમ લતીફખાન અજીમખાન લુહારના પ્રથમ પુત્રએ ભૂતકાળમાં સમાજમાં પ્રથમ ગ્રેજ્યુએટની ડિગ્રી પ્રાપ્ત કરેલ હતી. હવે જયપુરી લુહાર સમાજમાં M.D. (Medicine) ડિગ્રી પ્રાપ્ત કરનાર અંજુમબાનુ પ્રથમ દીકરી બની છે. તેણીએ જયપુરી



લુહાર સમાજનું નામ રોશન કરવા સાથે સમગ્ર મુસ્લિમ સમાજનું નામ રોશન કર્યું છે.


**નામ બદલેલ છે**

જૂનું નામ : **સોની હેમલતા મોહનલાલ**
નવું નામ : **હેમાબેન વિક્રમભાઇ સોની**
**સરનામું : બગીચા વિસ્તાર, હિંમતનગર-૩૮૩૦૦૧**

**નામ બદલેલ છે**

જૂનું નામ : **સોની વિક્રમકુમાર ચંપકલાલ**
નવું નામ : **વિક્રમભાઇ ચંપકલાલ સોની**
**સરનામું : બગીચા વિસ્તાર, હિંમતનગર-૩૮૩૦૦૧**

**નામ બદલેલ છે**

જૂનું નામ : **સાયમાબેન અસરફભાઇ કડીવાલ**
નવું નામ : **સાયમાબેન અશરફભાઇ કડીવાલ**
**સરનામું : ચાટાવાડા, તા-સિદ્ધપુર, જિલ્લો-પાટણ**

**નામ બદલેલ છે**

જુનું નામ : બાલવા મઆઝ મેહમુદ
નવુ નામ : બાલવા મઆજ મહેમુદ
એડ્રેસ : ડીંડરોલ, તા.સિધ્ધપુર જિ.પાટણ-૩૮૪૨૯૦

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ સૈયદ અસદઅલી મોહમદ યુસુફ હતુ જે બદલીને નવુ નામ **અસદઅલી મોહંમદ યુસુફ સૈયદ** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ઈ-૧૨, મુજમ્મીલ પાર્ક, શેરપુર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.

**જાહેર નોટિસ**

અમો એડવોકેટ શ્રી શશીકાન્ત એસ.પટેલ તે આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

મોજે કેલોદ તા.જિ.ભરૂચની સીમની જૂની શરતની ખેતીની નીચે જણાવેલ જમીન સંબંધી તેના માલિકોએ અમારી પાસે ટાઈટલ ક્લીઅરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. વાસ્તે સદરહુ જમીન ઉપર જે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેન્ક અગર સોસાયટીનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, બોજો કે સંબંધ હોય તો, તે અંગે આ નોટિસ પ્રસિદ્ધ થયે દિન-૧૦માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિત વાંધાઓ જરૂરી પુરાવાઓ સહિત મોકલી આપવા. તેમ કરવાને ચૂક થયેથી અમો સદરહુ મિલકત અંગેનું ટાઈટલ ચોખ્ખું છે તેમ માની ટાઈટલ ક્લીઅરન્સ સર્ટિફિકેટ ઈશ્યુ કરીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેવી.

| ગામનું નામ | રે.સ./બ્લોક નં.તથા ક્ષેત્રફળ | જમીન માલિકોના નામ. |
|---|---|---|
| કેલોદ તા.જિ. ભરૂચ | (૧). ૩૦૬ પૈકી-૧, (જૂનો) જેનો નવો બ્લોક નં.૪૯૭, હે.૦૦-૦૩ આરે-૯૫ ચો.મી. (૨). ૩૦૬, (જૂનો) જેનો નવો બ્લોક નં. ૪૯૮, હે.૦૨-૪૯ આરે-૬૯ ચો.મી. | ઐયુબ વલી મહમદ હશન. |
| કેલોદ તા.જિ. ભરૂચ | ૩૧૯ પૈકી-૨, (જૂનો) જેનો નવો બ્લોક નં. ૫૧૫, હે.૦૨-૪૦૨ આરે-૮૨ ચો.મી. | ઝુલેખા ઈબ્રાહીમ પટેલ, સાબેરા ઈબ્રાહીમ પટેલ, સલીમ ઈબ્રાહીમ પટેલ, ફાતિમા ઈબ્રાહીમ પટેલ તથા મહમદજુબેર ઈબ્રાહીમ પટેલ. |
| કેલોદ તા.જિ. ભરૂચ | ૩૧૯ પૈકી-૧, (જૂનો) જેનો નવો બ્લોક નં. ૫૨૫, હે.૦૩-૨૨ આરે-૪૮ ચો.મી. | અબ્દુલ અલીભાઈ ઈસ્માઈલભાઈ. |

ભરૂચ
'શ્રીજી કૃપા' બેંક ઓફ બરોડાની પાછળ, સ્ટેશન રોડ, ભરૂચ.
મો.નં. ૯૮૨૪૧૧૨૮૦૧.

અમારી મારફતે
સહી
શશીકાંત એસ. પટેલ, એડવોકેટ

## શાહઆલમમાં હેરિટેજ સીદી સૈયદની જાળીવાળા સર્કલનું ઉદ્‌ઘાટન




અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલ શાહઆલમ દરવાજા નજીક હેરિટેજ સીદી સૈયદની જાળીવાળા સર્કલનું નિર્માણ કરવામાં આવ્યું છે. શનિવારે દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમાર, AMCના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણ સહિત મ્યુ.કાઉન્સિલરો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં સર્કલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સર્કલ શાહઆલમની શોભામાં વધારો કરશે.

### ધારાસભ્ય અને પૂર્વ MLA દ્વારા 'ઉમ્મીદ' પોર્ટલની સમયમર્યાદા વધારવા લઘુમતી મંત્રાલયના મંત્રીને લેખિત રજૂઆત

# મોટી સંખ્યામાં વક્ફ મિલકતોની નોંધણી બાકી, પિટિશન દાખલ કરવાથી ટ્રિબ્યુનલ સમક્ષ કામનો વધારો થશે

અમદાવાદ, તા.૬

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તેમજ જીપીસીસીના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા વક્ફ બોર્ડ અને ટ્રિબ્યુનલ સમક્ષ વક્ફ મિલકતોની નોંધણી કરવા માટે છ માસની મુદ્દત વધુ લંબાવવા માંગ કરવામાં આવી છે. લઘુમતી મંત્રાલયના મંત્રી કિરેન રિજિજુને લેખિત રજૂઆત કરી તેઓએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ ખાતે અંદાજીત ૧૨,૦૦૦ જેટલા ટ્રસ્ટો નોંધાયેલ છે અને આ તમામ ટ્રસ્ટો ખાતે અંદાજીત ૪૦,૦૦૦ જેટલી નાની મોટી મિલકતો આવેલ છે. ઉમ્મીદ પોર્ટલની સમય મર્યાદા તા. ૦૬-૧૨-૨૦૨૫ ના રોજ પૂર્ણ થઈ રહેલ છે અને તા. ૦૬-૧૨-૨૦૨૫ની સ્થિતિએ પોર્ટલ પર ૨૫૪૫૦ જેટલી મિલકતોનોંધાયેલ છે. આ મિલકતો પૈકી ૫૯૦૭ મિલકતોની ચકાસણી કરવામા આવેલ છે અને ૧૬૩૪૪ મિલકતો ઉમ્મીદ પોર્ટલ દ્વારા રજિસ્ટર્ડ થયેલ છે. નોંધણીની પ્રક્રિયા દરમ્યાન ઉમ્મીદ




### વક્ફોને નાણાકીય નુકસાન સાથે ઘણો લાંબો સમય વ્યતિત થશે

પોર્ટલનું ધીમુ ચાલવું, પોર્ટલના તકનીકી પ્રશ્નો, પોર્ટલનું વારંવાર ખોટકાઈ જવું, મુત્તવલ્લી દ્વારા દાખલ કરાયેલ વિગતો રજિસ્ટર્ડ ન થવી, ચેકર અને એપ્રુવલના તબક્કે સમયસર ઓટીપી ન મળવાને કારણે પોર્ટલ પર મિલકતોની નોંધણી થઈ શકેલ નથી.

હાલના તબક્કે ઘણી મોટી સંખ્યામાં વક્ફ મિલકતોની ઉમ્મીદ પોર્ટલ પર નોંધણી બાકી છે તે જોતા વ્યક્તિગત ધોરણે મુત્તવલ્લી/વક્ફ સંસ્થા દ્વારા ટ્રિબ્યુનલ સમક્ષ પિટિશન દાખલ કરવાથી નામદાર ટ્રિબ્યુનલ સમક્ષ કામનો વધારો થશે. વર્તમાન સંજોગો/ભયસ્થાનને નજર સમક્ષ રાખતા રાજયના એવા મુતવલ્લી/સંસ્થા કે જેમની મિલકતો UMEED PORTAL પર નોંધવાની બાકી રહી ગયેલ છે. માટે ખુબ જ મોટા પ્રમાણમાં નોંધાયેલ વક્ફોને નાણાકીય નુકશાન સાથે ઘણો લાંબો સમય વ્યતિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વક્ફ કાયદાની જોગવાઈ ૩(બી) મુજબ તા ૦૬-૧૨-૨૦૨૫ પછી ઉમ્મીદ પોર્ટલ ઉપર મિલકતોની નોંધણી કરવા માટે વક્ફ ટ્રિબ્યુનલ સમક્ષ સમય મર્યાદા વધારવા માટે ગુજરાતની વિવિધ સંસ્થાઓ દ્વારા ન્યાયિક માગણી કરવામાં આવી છે. ઈમરાન ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખ દ્વારા કિરેન રિજિજુને કરાયેલી લેખિત રજૂઆતની નકલ ગુજરાતના મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય વક્ફ ટ્રિબ્યુનલમાં મોકલવામાં આવી છે.

# પોલીસના ઈશારે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર હુમલો થયો : આપનો આક્ષેપ

### ગોપાલ ઈટાલિયા પર જે હુમલો કરવામાં આવ્યો, તેનું અગાઉથી પોલીસ સાથે મળીને ષડયંત્ર રચવામાં આવ્યું હતું : મનોજ સોરઠીયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૬

ગઈકાલે જામનગરમાં સભા દરમ્યાન આમ આદમી પાર્ટીનાં વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર એક શખ્સે જૂતુ ફેંકીને હુમલો કર્યો હતો. આ મુદ્દે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ સુરતમાં એક પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે લોકતંત્રની અંદર પોતાની વાત રજૂ કરવી, પોતાનો રોષ વ્યકત કરવો એ સૌનો અધિકાર છે. પરંતુ જો આ રોષ ખરેખર રોષ હોય તો તે સામાન્ય ગણી શકાય. પરંતુ ગઈકાલે જે ઘટના ઘટી તે ગુજરાતનાં લોકો માટે, ગુજરાતની રાજનીતિ માટે સીમાચિન્હરૂપ છે. જામનગરમાં કોંગ્રેસનાં ત્રણ કોર્પોરેટર આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. લગભગ કોંગ્રેસ માટે જામનગરમાં હવે કોઈ ગ્રાઉન્ડ બચ્યું નથી. અમને મળતી માહિતી મુજબ આ હુમલાનું પહેલેથી જ ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ખાસ કરીને હર્ષભાઈની ગુજરાત સરકારની પોલીસની સાથે મળીને આ આગોતરૂં આયોજન હતું. પોલીસને ખબર હતી આવું કંઈક બનવાનું છે. હુમલો કરનાર વ્યક્તિ સ્ટેજની નજીક જ હતો, પોલીસની નજર પણ હતી. ઈશારા થયા અને હુમલો થયો. એક નોંધપાત્ર વાત એ છે કે હુમલો થયા બાદ એક પણ પોલીસ હુમલાનો ભોગ બનનાર આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પાસે જોવા મળી ન હતી. એક પણ પોલીસે આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની સંભાળ લીધી નથી. વિસાવદરમાં પણ ચૂંટણી દરમ્યાન બન્ને પાર્ટીઓએ આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાને હરાવવા માટે કોઈ કસર છોડી ન હતી. કોઈ પણ ભોગે ગોપાલ ઈટાલિયા હારે તે દિશામાં બન્ને પાર્ટી કામ કરતી હતી. હવે જામનગરમાં કોંગ્રેસનું કદ ઘટી રહયુ છે, જેથી બન્ને પાર્ટીએ મળીને આમ આદમી પાર્ટીનો અવાજ દબાવવાનું કામ કર્યું છે તે ગઈ કાલની ઘટનામાં સ્પષ્ટ દેખાય છે. આપના નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીનાં નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા પર બુટલેગરો દ્વારા હુમલો, મેતપૂરા વિધાનસભાનાં મહિલા આગેવાન જીગીષાબેન પારગી પર પથ્થરથી હુમલો, ભરૂચનાં વાગરામાં આમ આદમી પાર્ટીનાં કાર્યકર્તા ધર્મેશ વસાવા પર હુમલો, ગોંડલ માર્કેટ યાર્ડમાં એક કાર્યકર્તાને માર મારવામાં આવ્યો, આમ સતત આમ આદમી પાર્ટી ગુજરાતમાં આગળ વધી રહી છે તેને રોકવા માટે આ હુમલાઓ કરવામાં આવે છે. અમે કહેવા માંગીએ છીએ કે આમ આદમી પાર્ટીનો કોઈ પણ કાર્યકર જેલ કે લાઠીથી ડરતો નથી. જેટલા હુમલાઓ કરશો તેને આભૂષણની રીતે અમે સ્વીકારીશું. આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસ મુદ્દે જાણકારી આપતા આપના નેતા મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, આવતીકાલે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ બે દિવસ માટે ગુજરાતનાં પ્રવાસે આવશે.

# હવે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેના ફોર્મ રેગ્યુલર - લેઈટ ફી સાથે ૨૨મી સુધી ભરી શકાશે

### ૧૦ ડિસેમ્બર સુધી સ્કૂલો રેગ્યુલર ફી સાથે અને ૧૧થી ૨૨ ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે ફોર્મ ભરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કર્યો છે. શિક્ષણ બોર્ડે હવે મુદતમાં વધારો કરી ૧૦ ડિસેમ્બર કરી છે. ત્યારબાદ ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની ફેબ્રુઆરીમાં લેવાનારી જાહેર પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૬ ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓના ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, હવે ફોર્મ ભરવાના અંતિમ દિવસે મુદત વધારવાનો શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરાયો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ માટે હવે ૧૦ ડિસેમ્બર સુધી ફોર્મ ભરવાની મુદત લંબાવી છે. આ મુદત પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૧ ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી રૂા.૨૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારાશે. ત્યારબાદ બીજા તબક્કામાં ૧૫ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધી રૂા.૩૦૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે અને ત્રીજા તબક્કામાં ૧૯ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાનું નક્કી કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૨ ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાની જાહેરાત કરાઈ છે, તે સાથે કોઈપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેના માટે કોઈ અલગથી ફી ભરવાની રહેશે નહી. વિદ્યાર્થીઓનું પ્રિન્સિપાલ એપ્રુવલ બાકી હોય તો તે પણ ૨૨ ડિસેમ્બર સુધી કરી શકાશે.

### અગાઉ ભાજપ સરકારના તત્કાલિન મંત્રી પર ગોપાલ ઈટાલિયાએ જૂતું ફેંક્યું હતું

# બદલો લેવા ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંક્યું હોવાનો હુમલાખોરનો દાવો

### હુમલાખોરે દાવો કર્યો કે, તે કોંગ્રેસનો કાર્યકર જોકે, વિરોધાભાસી રીતે એમ પણ કહ્યું કે, તે AAPના ધારાસભ્ય હેમંત ખવવાને પોતાના ગુરૂ માને છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

જામનગરમાં ૫ ડિસેમ્બરે આમ આદમી પાર્ટી (AAP) દ્વારા આયોજિત જાહેર સભામાં મોટો રાજકીય હંગામો થયો હતો. જ્યારે AAPના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સભાને સંબોધી રહ્યા હતા, તે દરમિયાન એક વ્યક્તિએ તેમના પર જૂતું ફેંક્યું હતું. આ ઘટના બાદ સભા સ્થળે ભારે અફરાતફરી મચી હતી.

જૂતું ફેંકાતાની સાથે જ સભામાં ઉપસ્થિત AAPના કાર્યકરો દોડી આવ્યા હતા અને હુમલાખોરને પકડીને તેની ધોલાઈ કરી હતી. આ સમયે પોલીસ પણ હુમલાખોરને



પકડવા માટે દોડી આવી હતી. જોકે, ઘટના બાદ ગોપાલ ઈટાલિયાએ પોલીસ પર ગંભીર આક્ષેપ લગાવ્યો હતો કે, પોલીસ હુમલાખોરને બચાવવા આવી પહોંચી હતી. જોકે, બાદમાં પોલીસે હુમલાખોરની અટકાયત કરી લીધી હતી.

પોલીસ અટકાયત પહેલા જૂતું ફેંકનાર વ્યક્તિ મીડિયા સમક્ષ આવ્યો હતો અને પોતાનું નામ છત્રપાલસિંહ જાડેજા અને મેમાણા ગામનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તેણે આ કૃત્ય પાછળનું ચોંકાવનારું કારણ આપતા જણાવ્યું હતું કે, "અગાઉ ગુજરાત રાજ્ય સરકારના તત્કાલીન મંત્રી પ્રદિપસિંહ જાડેજા પર ગોપાલ ઈટાલિયાએ જાહેર સભા દરમિયાન જૂતું ફેંક્યું હતું. તે સમયથી મને વસવસો રહી ગયો હતો. આજે મોકો જોઈને, મેં મારા સમાજનો બદલો વાળ્યો છે. આનાથી મને સંતોષ થયો છે." આ ઘટનાને પગલે નવું રાજકીય પાસું સામે આવ્યું છે. છત્રપાલસિંહ જાડેજાએ દાવો કર્યો છે કે તે કોંગ્રેસનો કાર્યકર છે. જોકે, વિરોધાભાસી રીતે તેણે એ પણ જણાવ્યું કે, તે AAPના ધારાસભ્ય હેમંત ખવવાને પોતાના ગુરૂ માને છે.

**હું ફરિયાદ કરવા માગતો નથી : ગોપાલ ઈટાલિયા**

જૂતું ફેકવાની ઘટના અંગે ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, મારી ઉપર હુમલો કરનાર વ્યક્તિ વિરૂદ્ધ હું ફરિયાદ કરવા માગતો નથી. હું આ કૃત્ય કરનારને સહજતાથી માફ કરૂં છું. ભગવાન એ વ્યક્તિને અને તેના પરિવારને સુખી રાખે એવી પ્રાર્થનાઓ કરૂં છું. બાકીની વિગતે વાત પછી નિરાંતે કરીશ.

### ગુજરાતમાં હવા પ્રદૂષણ ઘટાડવા તંત્ર એક્શન મોડમાં

# પ્રદૂષણ નિયંત્રણ માટે ૧૭ મહાનગરપાલિકાની ૨,૬૦૦થી વધુ બાંધકામ સાઈટનું માત્ર ત્રણ જ દિવસમાં ઈન્સ્પેક્શન કરાયું

### તકેદારી ન રાખતી ૫૪૧ બાંધકામ સાઈટને દંડ કરીને કુલ રૂા.૧૨૩ લાખથી વધુની વસૂલાત કરાઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

શિયાળાની શરૂઆત સાથે જ રાજ્યના મહાનગરોમાં વધી રહેલી હવા પ્રદૂષણની માત્રાને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં હવા પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ ચર્ચા-વિચારણા દરમિયાન મુખ્યમંત્રીએ હવા પ્રદૂષણથી ભવિષ્યમાં થનારી ગંભીર અસરોને ધ્યાને લઈને અત્યારથી જ એલર્ટ થવા તેમજ પ્રદૂષણને અટકાવવા માટે રાજ્ય સરકારના દરેક વિભાગને સાથે રાખીને વિસ્તૃત એક્શન પ્લાન તૈયાર કરવા માટે ઉચ્ચ અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીની સૂચનાનુસાર શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવે રાજ્યની તમામ ૧૭ મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમિશનર્સ અને ૬ પ્રાદેશિક નગરપાલિકાઓના કમિશનર્સ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજીને હવા પ્રદૂષણને અટકાવવા અંગેની ચર્ચા કરી હતી. આ બેઠકમાં તેમણે શહેરી વિસ્તારોમાં ચાલતા બાંધકામની વિવિધ સાઈટનું ઈન્સ્પેક્શન કરીને પ્રદુષણને નિયંત્રણમાં લેવાના પગલા ભરવા સૂચના આપી હતી. બેઠક બાદ મહાનગર પાલિકાઓએ તાત્કાલિક ધોરણે સાઈટ ઈન્સ્પેક્શનની કામગીરી શરૂ કરી હતી. આ દરમિયાન મહાનગરોમાં બાંધકામ ચાલુ હોય તેવી કુલ ૨,૯૬૧ સાઈટ પૈકી માત્ર ત્રણ જ દિવસમાં ૨,૬૦૦થી વધુ સાઈટનું ઈન્સ્પેક્શન પૂર્ણ કરવામાં આવ્યું છે. જેમાં જૂની ૦૮ મહાનગરપાલિકાની કુલ ૧,૫૬૩ સાઈટ પૈકી ૧,૩૦૩ સાઈટ તેમજ નવી ૦૯ મહાનગરપાલિકાની કુલ ૧,૩૯૮ સાઈટ પૈકી ૧,૩૦૦ સાઈટનું ઈન્સ્પેકશન પૂર્ણ થયું છે. વધુમાં, પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી હેઠળની નગરપાલિકાઓમાં પણ કુલ ૭૭૧ સાઈટ પૈકી તમામ સાઈટનું ઈન્સ્પેકશન પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઈન્સ્પેકશન દરમિયાન જૂની ૮ મહાનગરપાલિકાની ૫૦૬ સાઈટને દંડ કરીને રૂા.૧૨૨.૮૨ લાખ પેનલ્ટી તેમજ નવી ૯ મહાનગરપાલિકાની ૩૫ સાઈટને દંડ કરીને રૂા.૧.૦૫૮ લાખ પેનલ્ટીની વસૂલાત કરવામાં આવી છે.

### ઓઢવમાં ચાર રસ્તા પર

# AMCએ ખોદેલા ખાડામાં AMTS બસ ફસાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઓઢવ ખાતે AMC દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં જ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ની એક બસ ફસાઈ જવાની ઘટના બની હતી.

આ ઘટના ઓઢવના વાસણા અને ઓઢવ વચ્ચે દોડતી AMTS બસ સાથે બની હતી. પાલિકા દ્વારા કોઈ કામગીરી માટે ચાર રસ્તા પર ખોદકામ કરવામાં આવ્યું હતું,




**મુસાફરોને હાલાકી થઈ, ટ્રાફિકજામ પણ સર્જાયો**

પરંતુ આ ખાડાઓને યોગ્ય રીતે પુરવામાં કે સુરક્ષિત કરવામાં ન આવતા, બસ તે ખાડામાં ફસાઈ ગઈ હતી. ચાર રસ્તા જેવા વ્યસ્ત પોઈન્ટ પર બસ ફસાઈ જવાને કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને તેમાં સવાર મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

AMTS અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક જ વહીવટી માળખા હેઠળ આવે છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે એક તરફ AMC દ્વારા ખોદકામ કરવામાં આવ્યું, પણ બીજી તરફ સલામતીની પૂરતી તકેદારી ન રખાતા, તેમની જ એક સર્વિસ એવી AMTS બસ તેનો ભોગ બની.

### બડોદરા ગામની સીમમાં આવેલા

# ફાર્મ હાઉસમાં પોલીસના દરોડામાં દારૂ સહિત રૂા.૧.૩૨ કરોડનો મુદ્દામાલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

શહેરના વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બડોદરા ગામની સીમમાં આવેલા એક ફાર્મ હાઉસમાં સ્થાનિક પોલીસે દરોડો પાડીને રૂપિયા ૩૭ લાખનો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી લીધી હતી. બડોદરા ગામમાં રહેતા બુટલેગરે તા.૩૧મી ડિસેમ્બર માટે ખુબ મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો.

વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બડોદરા ગામમાં રહેતો ફિરોઝખાન બેલીમ નામના બુટલેગરે તા.૩૧મી ડિસેમ્બર માટે તેના ઘરડાઘર નામના ફાર્મમાં બહારથી દારૂ ભરેલો ટ્રક મંગાવ્યો છે. ફિરોઝખાન આ દારૂનો જથ્થો ટ્રકમાં ઉતારીને અન્ય વાહનમાં કંટીગ કરવામાં આવી રહી હોવાની બાતમી પોલીસ ઈન્સ્પેક્ટર એચ એન બારીયાને મળી હતી. જેના આધારે શુક્રવારે રાત્રે દરોડો પાડયો હતો.

પરંતુ, ટ્રક ડ્રાઈવર અને અન્ય લોકો ફરાર થઈ ગયા હતા. પોલીસને સ્થળ પરથી ટ્રકમાંથી રૂપિયા ૩૭ લાખની કિંમતનો ૭૧૦૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. આ ટ્રકમાં દારૂ બોર્નવીટાના બોક્સના આડમાં લાવવામાં આવ્યો હતો. જે દારૂ ઉતારીને અમદાવાદમાં સપ્લાય કરવાનો હતો. પોલીસે ૭૮ લાખનો બોર્નવીટાનો જથ્થો પણ જપ્ત કર્યો છે. આમ, પોલીસે કુલ ૧.૩૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને કાર્યવાહી કરી છે.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ નામ **પટેલ નસીમબાનું મુસ્તાકઅલીથી** બદલીને નવું નામ **પટેલ નસીમબાનું મુસ્તાકભાઈ** મૂકેલ છે

**B/9** ફીરોઝ વિલા વિભાગ-૨ યાસ્મીન સોસાયટી સોનલ રોડ, વેજલપુર-જુહાપુરા-૩૮૦૦૫૫

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **પટેલ મુસ્તાકઅલી વલીભાઇથી** બદલીને નવું નામ **પટેલ મુસ્તાકભાઇ વલીભાઇ** મૂકવામાં આવેલ છે.

**B/9** ફીરોઝ વિલા વિભાગ-૨ યાસ્મીન સોસાયટી સોનલ રોડ, વેજલપુર-જુહાપુરા-૩૮૦૦૫૫

**CHANGE OF NAME**

**OLD NAME :** ABDUL MAJID ABDUL HAMIDBHAI SHAIKH
**NEW NAME :** ABDULMAJID ABDULHAMID SHAIKH
**ADDRESS :** MAKAN NO. 53-1, HAJI BAVA PARK SOCIETY, BEHIND HAJI BAVA DARGAH, SARKHEJ ROAD, AHMEDABAD-380055

# આ 'તકવાદી ભાડું છે' : ઈન્ડિગો ફ્લાઈટની અરાજકતા વચ્ચે કેન્દ્ર સરકારે આસમાને પહોંચેલા હવાઈ ભાડા પર કડક કાર્યવાહી કરી

## મુસાફરોને 'તકવાદી ભાવો'થી બચાવવાના હેતુથી, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ચેતવણી આપી હતી કે નિર્ધારિત ધોરણોથી ભાડા સ્તરમાં કોઈપણ વધારા પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે

(એજન્સી) તા.૬

કેન્દ્રએ તમામ એરલાઈન્સને નવા નિર્ધારિત ભાડા સ્તરનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. ઈન્ડિગો કટોકટીને કારણે ઉદ્ભવેલા વિક્ષેપો વચ્ચે ફ્લાઈટ ટિકિટના ભાવ આંખમાં પાણી લાવી દે તેવા સ્તરે પહોંચી ગયા છે. મુસાફરોને આ 'તકવાદી ભાવો'થી બચાવવાના હેતુથી, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ચેતવણી આપી હતી કે નિર્ધારિત ધોરણોથી ભાડા સ્તરમાં કોઈપણ વધારો તાત્કાલિક કાર્યવાહીને પાત્ર બનશે. આ નિર્દેશમાં જણાવાયું છે. 'ચાલુ વિક્ષેપ દરમિયાન કેટલીક એરલાઈન્સ દ્વારા અસામાન્ય રીતે ઊંચા ભાડા વસૂલવામાં આવી રહ્યા છે તે અંગે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ગંભીર નોંધ લીધી છે. તમામ એરલાઈન્સને એક સત્તાવાર નિર્દેશ જારી કરવામાં આવ્યો છે જેમાં હવે નિર્ધારિત ભાડા મર્યાદાઓનું કડક પાલન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે પરિસ્થિતિ સંપૂર્ણપણે સ્થિર ન થાય ત્યાં સુધી ભાવ મર્યાદા અમલમાં રહેશે. છેલ્લા કેટલાક દિવસોમાં, ભારતના સૌથી મોટા બજેટ કેરિયર, ઈન્ડિગોની એક હજારથી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી કારણ કે તે નવા ફ્લાઈટ ડ્યુટી સમય મર્યાદા (FDTL) ધોરણોને પગલે ક્રૂ રોસ્ટરમાં ફેરફાર કરવામાં સંઘર્ષ કરી રહી હતી. મુસાફરોની મુશ્કેલીઓમાં વધારો થયો હતો કારણ કે ફ્લાઈટ ટિકિટના ભાવમાં આશ્ચર્યજનક વધારો થયો, કેટલાક રૂટ પર ભાડામાં ૪ ગણો વધારો જોવા મળ્યો. ઈન્ડિગો ફ્લાઈટ રદ કરવાની દૃષ્ટિએ શુક્રવાર સૌથી ખરાબ હતો, જેમાં લગભગ ૧,૦૦૦ રદ કરવામાં આવી હતી. દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગ્લુરૂ જેવા મેટ્રો શહેરો માટે સ્થાનિક હવાઈ ભાડા ત્રણ ગણા અને ચાર ગણા વધી ગયા હતા. ઉદાહરણ તરીકે, નોન-સ્ટોપ દિલ્હી-મુંબઈ ફ્લાઈટ માટે ટિકિટના ભાવ ૬૫,૪૬૦ રૂપિયા સુધી વધી ગયા. એક-સ્ટોપ વિકલ્પોની કિંમત ૩૮,૩૭૬ રૂપિયા અને ૪૮,૯૭૨ રૂપિયા વચ્ચે હતી. વધુમાં, ૬ ડિસેમ્બર માટે કોલકાતા-મુંબઈની એક-માર્ગી, એક-સ્ટોપ ઈકોનોમી-ક્લાસ ફ્લાઈટ ટિકિટની કિંમત ૯૦,૦૦૦ રૂપિયા હતી. બેંગ્લુરૂ-નવી દિલ્હીનું ભાડું પણ ૮૮,૦૦૦ રૂપિયા સુધી વધી ગયું છે. કટોકટીને ઓછી કરવા માટે, સરકારે વધારાની ટ્રેનો કાર્યરત કરી છે. સરકારે તેના નિર્દેશમાં કહ્યું કે આ નિર્દેશનો ઉદ્દેશ્ય બજારમાં ભાવ શિસ્ત




જાળવવાનો અને મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરોના શોષણને રોકવાનો હતો. મંત્રાલય રીઅલ-ટાઈમ ડેટા અને એરલાઈન્સ અને ઓનલાઈન ટ્રાવેલ પ્લેટફોર્મ સાથે સક્રિય સંકલન દ્વારા ભાડા સ્તરનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખશે. નિર્ધારિત ધોરણોથી કોઈપણ વિચલન પર તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે. સરકારે ઈન્ડિગોને FDTL ધોરણો લાગુ કરવાથી કામચલાઉ મુક્તિ આપ્યાના એક દિવસ પછી, શનિવારે, કામગીરી સ્થિર થવાના સંકેતો મળ્યા હતા. આ અહેવાલ લખતી વખતે, લગભગ ૫૦૦ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને એરપોર્ટ પર અરાજકતાના દૃશ્યો ઓછા થયા હતા. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો હતો, જ્યાં ફ્લાઈટ્સ સ્થગિત થવાથી મુસાફરોને થયેલા નુકસાન અંગે હસ્તક્ષેપ કરવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું કે આ મુદ્દાને 'ખૂબ જ ગંભીરતાથી' લેવામાં આવ્યો છે અને મંત્રાલયે તમામ અસરગ્રસ્ત રૂટ પર વાજબી અને વાજબી ભાડા સુનિશ્ચિત કરવા માટે તેની નિયમનકારી સત્તાઓનો ઉપયોગ કર્યો છે. કેન્દ્ર સરકારે શનિવારે ઈન્ડિગોમાં ચાલી રહેલી કામગીરી દરમિયાન ચોક્કસ એરલાઈન્સ દ્વારા વસૂલવામાં આવતા અસામાન્ય રીતે ઊંચા ભાડાને રોકવા માટે પગલાં લીધાં છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય તરફથી એક અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે આ મુદ્દાને 'ખૂબ જ ગંભીરતાથી' લેવામાં આવ્યો છે અને મંત્રાલયે તમામ અસરગ્રસ્ત રૂટ પર વાજબી અને વાજબી ભાડા સુનિશ્ચિત કરવા માટે તેની નિયમનકારી સત્તાઓનો ઉપયોગ કર્યો છે. આ પગલાનો હેતુ એરલાઈન કટોકટી વચ્ચે મુસાફરોને તકવાદી ભાવો અને નાણાકીય શોષણથી બચાવવાનો છે. તમામ કેરિયર્સને એક સત્તાવાર નિર્દેશ જારી કરવામાં આવ્યો છે, જેમાં નવી નિર્ધારિત ભાડા મર્યાદાઓનું કડક પાલન ફરજિયાત કરવામાં આવ્યું છે.

# ઈન્ડિગોની અરાજકતાનો પાંચમો દિવસ : શનિવારે ૪૦૦ ફ્લાઈટ્સ રદ, આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

**મુખ્ય એરપોર્ટ પર વિલંબ, ભાડામાં વધારો અને નિયમનકારની આગેવાની હેઠળની ચકાસણીને કારણે ઈન્ડિગો માટે શનિવાર પણ તોફાની રહ્યો છે અને એરલાઈન દેશવ્યાપી ક્રૂ-મેનેજમેન્ટમાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરી રહી છે**

ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર શનિવારે ભારે દબાણ હેઠળ રહ્યું કારણ કે ઈન્ડિગોનું સંચાલન સ્થિર થવામાં નિષ્ફળ ગયું છે, જેના કારણે મુખ્ય એરપોર્ટ પર સેંકડો નવી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. સતત પાંચમા દિવસે પણ આ વિક્ષેપોને કારણે હજારો મુસાફરો ફસાયા છે અને નાગરિક ઉડ્ડયન નિયમનકાર તરફથી તપાસ વધુ તીવ્ર બની છે. શનિવારે ઈન્ડિગોએ ચાર મુખ્ય એરપોર્ટ પરથી ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી છે. આમાંથી, બેંગ્લુરૂ એરપોર્ટ પર ૧૨૪ ફ્લાઈટ્સ (૬૩ પ્રસ્થાન અને ૬૧ આગમન) અને મુંબઈ એરપોર્ટ પર ૧૦૯ ફ્લાઈટ્સ - ૫૧ પ્રસ્થાન અને ૫૮ આગમન - રદ કરવામાં આવી હતી. દિલ્હી એરપોર્ટ પર રદ થવાની સંખ્યા ૧૦૬ હતી, જેમાં ૫૪ પ્રસ્થાન અને ૫૨ આગમનનો સમાવેશ થાય છે. ઈન્ડિગો દ્વારા હૈદરાબાદ એરપોર્ટ પર ૬૬ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જોકે એરપોર્ટ સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે કામગીરી 'ધીમે ધીમે ફરી શરૂ થઈ રહી છે,' દેશભરના ટર્મિનલ્સ પર કતારો, વિલંબ અને ભીડ ચાલુ રહી છે. ઘણા મુસાફરો એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે જ ખબર પડી કે તેમની ફ્લાઈટ્સ મોડી પડી છે અથવા રદ કરવામાં આવી છે. અન્ય કેરિયર્સ પર વૈકલ્પિક બેઠકો ઝડપથી ભરાઈ રહી હોવાથી, હવાઈ ભાડામાં તીવ્ર વધારો થયો હતો, જેના કારણે તાત્કાલિક મુસાફરો માટે અંધાધૂંધી વધી ગઈ હતી.

# તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડ ધારાસભ્ય હુમાયુ કબીરે ભારે સુરક્ષા બંદોબસ્ત વચ્ચે બંગાળના સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ શૈલીની મસ્જિદનો શિલાન્યાસ કર્યો

**ન્યુઝ પોઈન્ટ** ધ્રુવીકરણ થાય તો જ કોમવાદી રાજકીય પક્ષને લાભ થાય અને પૈસા મેળવી વેચાઈ જનારાઓને કોણ રોકી શકે ?

(એજન્સી) તા.૬

બંગાળના સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ મુર્શિદાબાદમાં શનિવારે તણાવ હતો કારણ કે સસ્પેન્ડ કરાયેલા તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય હુમાયુ કબીરે કડક સુરક્ષા વચ્ચે બાબરી મસ્જિદ શૈલીની મસ્જિદનો શિલાન્યાસ કર્યો હતો. આ કાર્યક્રમ આજે ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ અયોધ્યામાં બાબરી મસ્જિદ ધ્વંસની વર્ષગાંઠ સાથે એકરુપતા સાથે યોજવામાં આવ્યો હતો. બપોરે કુર્આનનું પઠન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. કબીરે દાવો કર્યો હતો કે સઉદી અરેબિયાના બે મૌલવીઓ સહિત હજારો લોકો હાજર રહ્યા હતા. સ્થળ પર 'નારા-એ-તકબીર' અને 'અલ્લાહુ અકબર'ના નારા લગાવવામાં આવ્યા હતા. બેલડાંગામાં આ કાર્યક્રમ પહેલા ધારાસભ્યના સમર્થકો તેમના માથા પર ઈંટો લઈને જતા દર્શાવવામાં આવ્યા હતા અને આ વિસ્તાર એક કિલ્લામાં ફેરવાઈ ગયો હતો કારણ કે પોલીસ અને કેન્દ્રીય દળો કોઈપણ સાંપ્રદાયિક અશાંતિને રોકવા માટે શેરીઓમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. શનિવારે, આયોજકોએ રસ્તાઓ પર અવરોધો અટકાવવા અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-12) ચાલુ રાખવા માટે લગભગ ૩,૦૦૦ સ્વયંસેવકોને તૈનાત કર્યા હતા. લગભગ ૪૦,૦૦૦ મહેમાનો અને ૨૦,૦૦૦ રહેવાસીઓ માટે શાહી બિરયાની તૈયાર કરવા માટે સાત કેટરિંગ એજન્સીઓને કરાર આપવામાં આવ્યો હતો. સસ્પેન્ડ કરાયેલા TMC ધારાસભ્યના નજીકના સહયોગીએ PTIને જણાવ્યું હતું કે ફક્ત ભોજનનો ખર્ચ ૩૦ લાખ રૂપિયા હતો. કુલ બજેટ ૭૦ લાખ રૂપિયાથી વધુ હતું. આ વિવાદાસ્પદ પ્રોજેક્ટને કારણે આ અઠવાડિયાની શરૂઆતમાં TMCમાંથી સસ્પેન્ડ કરાયેલા કબીરે આ મહિનાની શરૂઆતમાં સમારોહની જાહેરાત કરી હતી, જેના કારણે વિપક્ષ ભાજપે તેની ભારે ટીકા કરી હતી. આ મામલો કોલકાતા હાઈકોર્ટમાં પણ પહોંચ્યો હતો, જેણે આ મસ્જિદના નિર્માણમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો, જ્યારે તેણે મમતા બેનરજીની આગેવાની હેઠળની સરકારને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને રોકવા માટે તમામ પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. કોંગ્રેસ અને ભાજપ સાથે અગાઉ કામ કરી ચૂકેલા કબીરે



દાવો કર્યો હતો કે આ કાર્યક્રમને વિક્ષેપિત કરવા માટે કાવતરાં ઘડવામાં આવી રહ્યા છે, પોલીસ તેમજ જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ સહયોગ આપી રહ્યું છે. શાસક તૃણમૂલ કોંગ્રેસે પોતાને આ કાર્યક્રમથી પોતાને દૂર રાખ્યા છે અને તેના બદલે સાંપ્રદાયિક સૌહાર્દનો સંદેશ ફેલાવવા માટે એકતા દિવસ ઉજવવાનું નક્કી કર્યું છે. જોકે, ટીએમસી ભાજપ તરફથી ટીકાથી પોતાને દૂર રાખી શકી નથી, જેણે મુખ્યમંત્રી મમતા બેનરજી પર રાજકીય લાભ માટે મુસ્લિમોનું ધ્રુવીકરણ કરવા માટે ધારાસભ્યનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ જણાવ્યું કે, આ કહેવાતો મસ્જિદ પ્રોજેક્ટ ધાર્મિક પ્રયાસ નથી પરંતુ રાજકીય છે, જે લાગણીઓને ભડકાવવા અને વોટ બેંકોને એકીકૃત કરવા માટે છે... મમતા બેનરજી અટકશે નહીં, ભલે તે પશ્ચિમ બંગાળને અશાંતિ તરફ ધકેલવાનો હોય. ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ રાજ્ય એકમના વડા દિલીપ ઘોષે આરોપ લગાવ્યો હતો કે ટીએમસી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા સાંપ્રદાયિક જુસ્સાને ભડકાવવાનો પ્રયાસ કરી રહી છે. ચૂંટણી પહેલા તણાવ પેદા કરવા માટે ટીએમસી હુમાયુ કબીરનો ફ્રીલાન્સર તરીકે ઉપયોગ કરી રહી છે. અયોધ્યામાં નવા ઉદ્ઘાટન કરાયેલા રામ મંદિરનો ઉલ્લેખ કરતા, ઘોષે કહ્યું કે હવે મંદિર બંધાઈ ગયું છે અને બાબરી મસ્જિદને ભૂલી જવાનો સમય આવી ગયો છે. જોકે, ટીએમસીએ ભાજપના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા અને દાવો કર્યો કે કબીર ભગવા પક્ષના 'પેરોલ' પર હતા અને હિંસા ભડકાવવા માટે તેના એજન્ટ તરીકે કામ કરી રહ્યા હતા. પક્ષના એક નેતાને કહ્યું કે, 'મુર્શિદાબાદના લોકો શાંતિપ્રિય છે અને તેમની ઉશ્કેરણીને સમર્થન આપતા નથી.'

# મોદીએ હવાઈ મુસાફરી સરળ બનાવવાનું વચન આપ્યું હતું પરંતુ તેઓએ 'હવાઈ મુસાફરી જ બંધ' કરી દીધી : ઈન્ડિગો કટોકટી વચ્ચે કોંગ્રેસનો હુમલો

**વિપક્ષી પાર્ટીએ દાવો કર્યો હતો કે ઈન્ડિગોમાં ચાલી રહેલી અંધાધૂંધી કોઈ અકસ્માત નથી પરંતુ ભાજપ સરકારના ક્ષેત્રમાં ભાજપ સરકારનો એકાધિકાર બનાવવાના સતત પ્રયાસનું સીધું પરિણામ છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપ અંગે સરકાર પર આકરા પ્રહાર કરતા, કોંગ્રેસે શનિવારે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હવાઈ મુસાફરી સરળ બનાવવાનું વચન આપ્યું હતું પરંતુ 'હવાઈ મુસાફરી બંધ' કરી દીધી અને પૂછ્યું કે શું કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન કે રામમોહન નાયડુ 'અભૂતપૂર્વ કટોકટી' માટે જવાબદારી લેશે. ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપોને કારણે હજારો મુસાફરો પ્રભાવિત થયા છે, ત્યારે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શનિવારે એરલાઈનને રવિવાર સાંજ સુધીમાં રદ કરાયેલ ફ્લાઈટ્સ માટે ટિકિટ રિફંડ પ્રક્રિયા પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે તેમજ મુસાફરોથી અલગ કરાયેલ સામાન આગામી બે દિવસમાં પહોંચાડવામાં આવે તેની ખાતરી કરવાનો નિર્દેશ આપ્યો છે. દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગોએ શનિવારે પાંચમા દિવસે ૧,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કર્યા અને વિક્ષેપો સર્જ્યાના એક દિવસ પછી, મંત્રાલયે કહ્યું કે રિફંડ પ્રક્રિયામાં કોઈપણ વિલંબ અથવા પાલન ન કરવાથી તાત્કાલિક નિયમનકારી કાર્યવાહી કરવામાં આવશે. કોંગ્રેસના નેતા શશિકાંત સેંથિલે જણાવ્યું હતું કે ઈન્ડિગો દ્વારા ફ્લાઈટ્સ રદ કરવાથી દેશની હવાઈ મુસાફરી ખોરવાઈ ગઈ છે.

# કેન્દ્રએ હવાઈ ભાડા પર ૫૦૦ કિ.મી. સુધીની ફ્લાઈટ્સ માટે રૂા.૭૫૦૦ મર્યાદા નક્કી કરી

**મુસાફરોને 'તકવાદી ભાવો'થી બચાવવાના હેતુથી, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ચેતવણી આપી હતી કે, નિર્ધારિત ધોરણોથી ભાડા સ્તરમાં કોઈપણ વધારો તાત્કાલિક કાર્યવાહીને પાત્ર બનશે**

(એજન્સી) તા.૬

કેન્દ્રએ શનિવારે તેનો સૌથી કડક નિર્દેશ જારી કર્યો હતો, જેમાં તમામ એરલાઈન્સને ટૂંકા ગાળાના સ્થાનિક રૂટ માટે રૂા.૭૫૦૦થી લઈને સૌથી લાંબા ક્ષેત્રો માટે રૂા.૧૮,૦૦૦ સુધીની નવી નિર્ધારિત ભાડા મર્યાદાનું કડક પાલન કરવાનો આદેશ આપ્યો હતો. ઈન્ડિગો કટોકટીને કારણે ઉદ્ભવેલા વિક્ષેપો વચ્ચે ટિકિટના ભાવ આંખને પાણી આપી દે તેવા સ્તરે પહોંચી ગયા હતા. મુસાફરોને 'તકવાદી ભાવો'થી બચાવવાના હેતુથી, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ચેતવણી આપી હતી કે, નિર્ધારિત ધોરણોથી ભાડા સ્તરમાં કોઈપણ વધારો તાત્કાલિક કાર્યવાહીને પાત્ર બનશે.

**કટોકટીના આદેશ હેઠળ, સરકારે તમામ સ્થાનિક ફ્લાઈટ્સ માટે ઈકોનોમી-ક્લાસ ભાડા પર તાત્કાલિક રાષ્ટ્રવ્યાપી મર્યાદા લાદી છે, જે નીચેના અંતર સ્લેબ પર આધારિત છે :**

- ૫૦૦ કિ.મી. સુધી : રૂા.૭૫૦૦
- ૫૦૦-૧૦૦૦ કિ.મી. : રૂા.૧૨,૦૦૦
- ૧૦૦૦-૧૫૦૦ કિ.મી. : રૂા.૧૫,૦૦૦
- ૧૫૦૦ કિ.મી.થી વધુ : રૂા.૧૮,૦૦૦

આ ભાડા મર્યાદામાં UDF, PSF અને



કરનો સમાવેશ થતો નથી. બિઝનેસ-ક્લાસ ભાડા અને RCS-UDAN ફ્લાઈટ્સને મુક્તિ આપવામાં આવી છે. ભાડા સ્થિર ન થાય ત્યાં સુધી અથવા વધુ સમીક્ષા ન થાય ત્યાં સુધી ફરજિયાત મર્યાદા અમલમાં રહેશે. મહત્ત્વપૂર્ણ રીતે કિંમત મર્યાદા બધી બુકિંગ ચેનલો, એરલાઈન વેબસાઈટ્સ, મોબાઈલ એપ્લિકેશન્સ, OTA અને ટ્રાવેલ પોર્ટલ પર લાગુ થાય છે. એરલાઈન્સને તમામ ભાડા બકેટમાં ટિકિટ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને માંગમાં અસામાન્ય રીતે વધારો થયો હોય તેવા ક્ષેત્રોમાં ક્ષમતા ઉમેરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, પરિસ્થિતિ સંપૂર્ણપણે સ્થિર ન થાય ત્યાં સુધી કિંમત મર્યાદા અમલમાં રહેશે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારતની સૌથી મોટી બજેટ કેરિયર, ઈન્ડિગોની એક હજારથી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી કારણ કે, તે નવા ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન (FDTL) ધોરણોને પગલે ક્રૂ રોસ્ટરમાં ફેરફાર કરવામાં સંઘર્ષ કરી રહી હતી. કેટલાક રૂટ પર ભાડામાં ૪ ગણો વધારો જોવા મળ્યો હતો. ઈન્ડિગો ફ્લાઈટ રદ કરવાની દૃષ્ટિએ શુક્રવાર સૌથી ખરાબ હતો, જેમાં લગભગ ૧૦૦૦ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગ્લુરૂ જેવા મેટ્રો શહેરો માટે સ્થાનિક હવાઈ ભાડા ત્રણ ગણા અને ચાર ગણા વધી ગયા. ઉદાહરણ તરીકે નોન-સ્ટોપ દિલ્હી-મુંબઈ ફ્લાઈટ માટે ટિકિટના ભાવ ૬૫,૪૬૦ રૂપિયા સુધી વધી ગયા. એક-સ્ટોપ વિકલ્પોની કિંમત ૩૮,૩૭૬થી ૪૮,૯૭૨ રૂપિયાની વચ્ચે હતી. વધુમાં ૬ ડિસેમ્બર માટે એક-માર્ગી, એક-સ્ટોપ ઈકોનોમી-ક્લાસ કોલકાતા-મુંબઈ ફ્લાઈટ ટિકિટ ૯૦,૦૦૦ રૂપિયા દર્શાવે છે. બેંગ્લુરૂ-નવી દિલ્હી ભાડામાં પણ ૮૮,૦૦૦ રૂપિયા છે. કટોકટીને ઓછી કરવા માટે સરકારે વધારાની ટ્રેનો કાર્યરત કરી છે. સરકારે પોતાના નિર્દેશમાં જણાવ્યું હતું કે, આ નિર્દેશનો ઉદ્દેશ્ય બજારમાં ભાવનિર્ધારણ શિસ્ત જાળવવાનો અને મુશ્કેલીમાં મૂકાયેલા મુસાફરોના કોઈપણ શોષણને રોકવાનો છે.

# પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ શૈલીની મસ્જિદનો શિલાન્યાસ : ચૂંટણી પહેલા આ શા માટે ?

**સસ્પેન્ડ કરાયેલા TMC ધારાસભ્ય હુમાયુ કબીરે ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ શૈલીની મસ્જિદનો શિલાન્યાસ કર્યો હતો, બંગાળમાં થોડા મહિનામાં ચૂંટણીઓ થવાની છે, ત્યારે આ ઘટનાને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે**

તેમણે પડકારજનક સ્વરમાં જાહેરાત કરી હતી કે, બંગાળની ૩૭ ટકા મુસ્લિમ વસ્તી કોઈપણ કિંમતે મસ્જિદનું નિર્માણ કરશે અને કોઈ એક ઈંટ પણ હટાવી શકશે નહીં. પશ્ચિમ બંગાળમાં થોડા મહિનામાં ચૂંટણીઓ થવાની છે અને ધ્રુવીકરણના દૃષ્ટિકોણથી આને એક મહત્ત્વપૂર્ણ ઘટના માનવામાં આવી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પહેલાથી જ આ ધારાસભ્યને દેશદ્રોહી જાહેર કરી દીધા છે. હુમાયુ કબીરે કહ્યું, 'હું કંઈ પણ ગેરબંધારણીય કરી રહ્યો નથી. કોઈ પણ મંદિર બનાવી શકે છે, કોઈ પણ ચર્ચ બનાવી શકે છે, તો હું મસ્જિદ કેમ ન બનાવી શકું ? સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે, બાબરી મસ્જિદ હિન્દુઓ દ્વારા તોડી પાડવામાં આવી હતી. ત્યાં મંદિર બનાવવાનો નિર્ણય હિન્દુઓની ભાવનાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો. હવે કોઈ સાગરદીઘીમાં રામ મંદિરનો શિલાન્યાસ કરી રહ્યું છે, તો બંધારણ આપણને મસ્જિદ બનાવવાની મંજૂરી આપે છે.' આ મસ્જિદ પ્રોજેક્ટ માટે ૩૦૦ કરોડ રૂપિયાનું બજેટ અલગ રાખવામાં આવ્યું છે. આમાં મસ્જિદ, હોસ્પિટલ, ગેસ્ટ હાઉસ અને એક મીટિંગ હોલનો સમાવેશ થશે. આ કાર્યક્રમ ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ એ જ દિવસે યોજાયો હતો, જ્યારે અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી. કેટલાક મુસ્લિમ સંગઠનો તેને શહીદ દિવસ તરીકે ઉજવે છે. શિલાન્યાસ સમારોહ પહેલા બપોરે કુર્આનનું પઠન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. હુમાયુ કબીરે દાવો કર્યો હતો કે, સઉદી અરેબિયાના બે મૌલવીઓ સહિત હજારો લોકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ૬૭% મુસ્લિમ વસ્તી ધરાવતું મુર્શિદાબાદ એક અસ્થિર પ્રદેશ છે. થોડા મહિનાઓ અગાઉ, એપ્રિલમાં વકફ બિલ સામેના વિરોધ પ્રદર્શનો દરમિયાન હિંસા ફાટી નીકળી હતી.

# ૧૯૯૨માં બાબરી મસ્જિદના શહીદીના કાયર કૃત્યને યાદ કરતાં મુસ્લિમો આ દિવસને 'બ્લેક ડે' તરીકે ઊજવે છે

**મુસ્લિમ સમુદાય મસ્જિદના વિનાશને યાદ કરે છે અને આ કૃત્યને તેના પવિત્ર સ્થળને રાજકીય રીતે છીનવી લેવા માટે તેની ટીકા કરે છે**

(એજન્સી) અયોધ્યા, તા.૬

દર વર્ષે ૬ ડિસેમ્બરે ભારતીય મુસ્લિમો ૧૯૯૨માં હિન્દુ કટ્ટરપંથીઓ દ્વારા બાબરી મસ્જિદના ઘૃણાસ્પદ શહીદીને યાદ કરીને કાળો દિવસ ઉજવે છે, એક એવી ઘટના જેણે સમુદાય પર અમીટ છાપ છોડી છે. ૧૬મી સદીની મસ્જિદ, બાબરી મસ્જિદ, એક મોટા હિન્દુત્વવાદી ટોળા દ્વારા તોડી પાડવામાં આવી હતી, જેના કારણે દેશવ્યાપી રમખાણો અને સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી જેમાં હજારો લોકો (મોટાભાગે મુસ્લિમો) માર્યા ગયા હતા અને લાખો લોકોને અસર થઈ હતી. મુસ્લિમ સંગઠનો આ શહીદીને રાજકીય રીતે પ્રેરિત કૃત્ય માને છે અને કહે છે કે, ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ હોવા છતાં મસ્જિદ તેમની પાસેથી બળજબરીથી છીનવી લેવામાં આવી હતી. બાબરી મસ્જિદનો વિનાશ ફક્ત એક ઈમારત પર હુમલો નહોતો, તે અમારી શ્રદ્ધા અને ઓળખ પર હુમલો હતો. બાબરી મસ્જિદનું નિર્માણ ૧૫૨૮માં મુઘલ સમ્રાટ બાબરના શાસનકાળમાં સેવા આપતા ગવર્નર મીર બાકીના નિર્દેશનમાં કરવામાં આવ્યું હતું. જ્યારે કેટલાક લોકો દાવો કરે છે કે, બાબરે પોતે રામ મંદિર તોડીને મસ્જિદ બનાવી હતી પણ ઐતિહાસિક રેકોર્ડ સૂચવે છે કે, બાબર તેના નિર્માણમાં સીધા સામેલ નહોતા. બાબરના શાસનકાળ દરમિયાન મીર બાકીએ આ મસ્જિદ બનાવી હતી. બાબરના નામ સાથે જોડાણને કારણે તેને બાબરી મસ્જિદ કહેવામાં આવી. બાબર, જેનું પૂરૂં નામ ઝહીરુદ્દીન મુહમ્મદ બાબર હતું, તે ભારતમાં મુઘલ સામ્રાજ્યના સ્થાપક હતા. ૧૪૮૩માં હાલના ઉઝબેકિસ્તાનના ફરગાના ક્ષેત્રમાં જન્મેલા, તેઓ ચંગીઝ ખાન અને તૈમુર બંનેના વંશજ હતા, જેમણે બે મહાન મધ્ય એશિયાઈ રાજવંશોનો પ્રભાવ વારસામાં મેળવ્યો હતો. ૧૫૨૬માં પાણીપતના પ્રથમ યુદ્ધમાં ઈબ્રાહિમ લોદીને હરાવીને અને દિલ્હીમાં પોતાનું વહીવટ સ્થાપિત કર્યા પછી બાબરે મુઘલ શાસનનો પાયો નાખ્યો. ભારતમાં તેમના ટૂંકા શાસન (૧૫૨૬-૧૫૩૦) છતાં બાબરે વહીવટ, લશ્કરી વ્યૂહરચના અને સંસ્કૃતિમાં કાયમી વારસો છોડી દીધો છે. ૬ ડિસેમ્બરની તારીખનું મહત્ત્વ ૧૯૯૨ની દુઃખદ ઘટનાઓમાં મૂળ ધરાવે છે, જ્યારે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદને લગતા તણાવ મસ્જિદના વિનાશમાં પરિણમ્યા હતા. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને અન્ય રાજ્યોમાં રમખાણો ફાટી નીકળ્યા હતા. ૬ ડિસેમ્બર એ મુસ્લિમ સમુદાય દ્વારા સહન કરાયેલ પીડા અને નુકસાનની યાદ અપાવે છે. તે શોક, ચિંતન અને ન્યાય પ્રત્યે નવી પ્રતિબદ્ધતાનો દિવસ છે. 'બાબર' નામ પોતે જ એક ઐતિહાસિક છે. ફારસી ભાષામાં તેનો અર્થ 'સિંહ,' 'બહાદુર' અથવા 'હિંમતવાન માણસ' થાય છે, જે મધ્ય એશિયાઈ નેતૃત્વ ગુણોને પ્રતિબિંબિત કરે છે. બાબરને તેમના સમયમાં સિંહ જેવા યોદ્ધા તરીકે જોવામાં આવતા હતા અને તેમનું નામ આજે પણ હિંમત અને દૃઢ નિશ્ચયનું પ્રતીક છે. ભારતની સુપ્રીમ કોર્ટે ૨૦૧૯માં બાબરી મસ્જિદ અને રામ જન્મભૂમિ વિવાદનો નિકાલ કરીને રામ મંદિરના નિર્માણનો માર્ગ મોકળો કર્યો હોવા છતાં ઘણા મુસ્લિમ સંગઠનો દાવો કરે છે કે, આ મુદ્દો હજુ સુધી પૂરો થયો નથી. તેઓ માને છે કે, મસ્જિદના શહીદી અને ત્યારબાદ થયેલી સાંપ્રદાયિક હિંસાનો ઐતિહાસિક અન્યાય હજુ પણ વણઉકેલાયેલો છે.

# હુરૂન ઈન્ડિયા તરફથી સુરતના રિચેસ્ટમેન અને કેપી ગ્રુપના ચેરમેન-એમડી ડો.ફારૂક પટેલને મળ્યો સ્ટાર ઓફ ગુજરાતનો એવોર્ડ

સુરત, તા.૬

હુરૂન ઈન્ડિયા તરફથી સુરતના સૌથી ધનિક વ્યક્તિ અને કેપી ગ્રુપના ચેરમેન - એમડી ડો.ફારૂક પટેલને સ્ટાર ઓફ ગુજરાતનો એવોર્ડ મળ્યો છે. અમદાવાદની લા-મેરિડિયન હોટલમાં યોજાયેલા કાર્યક્રમમાં તેમને આ સન્માન મળ્યું હતું.

ડો.ફારૂકને હાલમાં જ હુરૂન ઈન્ડિયાની રિચ લિસ્ટ ૨૦૨૫માં સ્થાન મળ્યું છે અને તેઓએ સુરતના સૌથી ધનિક વ્યક્તિ તરીકે નામના મેળવી છે. ડો.ફારૂકની રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં કામ કરતી ત્રણ કંપની સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ છે અને તેઓ ૨૦ હજાર કરોડથી વધુનું બિઝનેસ એમ્પાયર ધરાવે છે. ડો.ફારૂક માનવતા માટે પણ કામ કરે છે. તેઓ અત્યાર સુધી સવાસો કરોડથી વધુ લોકો સુધી સીધી-આડકતરી રીતે પોતાની મદદ પહોંચાડી ચૂક્યા છે. ૧૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સુધી સ્કોલરશીપ સહિતના




વિવિધ એજ્યુકેશન લાભ પહોંચાડી ચૂક્યા છે. તેઓ દિવ્યાંગજનો માટેનું વૃદ્ધાશ્રમ ઝઘડિયા પાસે બનાવી રહ્યાં છે. જેનું ૮૦ ટકા કામ પૂર્ણ થયું છે. અત્યારસુધી મેન્ગ્રુવ્સ સહિત ૬ લાખ જેટલા વૃક્ષો તેઓ વાવી ચૂક્યા છે. ખાસ કરીને તેઓ હેલ્થકેર, હેલ્પિંગ હેન્ડસ, એજ્યુકેશન અને પર્યાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે.

# સરકારે ઈન્ડિગોને મુસાફરોને સંપૂર્ણ રિફંડ આપવા કહ્યું, હવાઈ ભાડાની મર્યાદા નક્કી કરી

## મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રદ કરાયેલ અથવા વિક્ષેપિત બધી ફ્લાઈટ્સ માટે રિફંડ પ્રક્રિયા રવિવારે રાત્રે ૮ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવી આવશ્યક છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપોથી હજારો મુસાફરો પર અસર થતાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શનિવારે એરલાઈનને રવિવાર સાંજ સુધીમાં રદ કરાયેલ ફ્લાઈટ્સ માટે ટિકિટ રિફંડ પ્રક્રિયા પૂર્ણ કરવા તેમજ મુસાફરોથી અલગ કરાયેલ સામાન આગામી બે દિવસમાં પહોંચાડવા માટે નિર્દેશ આપ્યો છે. દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો દ્વારા શનિવારે પાંચમા દિવસે ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કર્યા અને વિક્ષેપો સર્જાયાના એક દિવસ પછી મંત્રાલયે જણાવ્યું હતું કે, રિફંડ પ્રક્રિયામાં કોઈપણ વિલંબ અથવા પાલન ન કરવા પર તાત્કાલિક નિયમનકારી કાર્યવાહી કરવામાં આવશે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રદ કરાયેલ અથવા વિક્ષેપિત બધી ફ્લાઈટ્સ માટે રિફંડ પ્રક્રિયા રવિવારે રાત્રે ૮ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવી આવશ્યક છે. એરલાઈન્સને એવી પણ સૂચના આપવામાં આવી છે કે, જે મુસાફરોની મુસાફરી યોજનાઓ રદ થવાથી પ્રભાવિત થઈ હતી તેમના માટે કોઈપણ રિશેડ્યુલિંગ ચાર્જ વસૂલ ન કરે. શનિવારે વિવિધ એરપોર્ટ પર ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ઈન્ડિગોને સમર્પિત પેસેન્જર સપોર્ટ અને રિફંડ સુવિધા સેલ સ્થાપવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ સેલ્સને અસરગ્રસ્ત મુસાફરોનો સક્રિયપણે સંપર્ક કરવા અને ખાતરી કરવા માટે કાર્ય સોંપવામાં આવ્યું છે કે, રિફંડ અને વૈકલ્પિક મુસાફરી વ્યવસ્થાઓ બહુવિધ ફોલો-અપ કરવામાં આવે. કાર્યવાહી સંપૂર્ણપણે સ્થિર ન થાય ત્યાં સુધી ઓટોમેટિક રિફંડ સિસ્ટમ સક્રિય રહેશે. મંત્રાલયે કહ્યું કે, એરલાઈન્સે ખાતરી કરવી જોઈએ કે, ફ્લાઈટ રદ થઈ અથવા વિલંબના કારણે મુસાફરોથી અલગ કરાયેલ સામાન આગામી ૪૮ કલાકમાં શોધી કાઢવામાં આવે અને તેમને પહોંચાડવામાં આવે. ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપો વચ્ચે સરકારે શનિવારે હવાઈ ભાડા મર્યાદા રજૂ કરી હતી કારણ કે, ઘણા રૂટ પર હવાઈ ટિકિટના ભાવમાં વધારો થયો હતો. સતત પાંચ દિવસથી દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગોએ સેંકડો ફ્લાઈટ્સ રદ કરી છે, જે મુખ્યત્વે ક્રૂની મુશ્કેલીઓને કારણે છે. ઓછી સંખ્યામાં ફ્લાઈટ્સ ચલાવવાથી ચોક્કસ રૂટ પર હવાઈ ભાડામાં વધારો થયો છે. આ પરિસ્થિતિની ગંભીર નોંધ લેતા નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું કે, તેણે તમામ અસરગ્રસ્ત માટે વ્યાજબી અને વ્યાજબી ભાડા સુનિશ્ચિત કરવા માટે નિયમનકારી સત્તાઓનો ઉપયોગ કર્યો છે. પરિસ્થિતિ સ્થિર થાય ત્યાં સુધી મર્યાદાઓ અમલમાં રહેશે. બધી એરલાઈન્સને એક સત્તાવાર નિર્દેશ જારી કરવામાં આવ્યો છે જેમાં હવે નિર્ધારિત ભાડા મર્યાદાઓનું કડક પાલન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

**'૭ ડિસેમ્બર સુધીમાં રિફંડ આપો, મુસાફરો રિશેડ્યુલિંગ માટે કોઈ ચાર્જ નહીં': ફ્લાઈટ રદ કરવાના પાંચમા દિવસે ઈન્ડિગો માટે કેન્દ્રના કડક નિર્દેશો; એરલાઈન્સે જવાબ આપ્યો**

**કેન્દ્રએ શનિવારે (૬ ડિસેમ્બર) ઈન્ડિગોને ૭ ડિસેમ્બર રાત્રે ૮ વાગ્યા સુધીમાં તમામ પેસેન્જર રિફંડ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે, એરલાઈન દ્વારા ફ્લાઈટ રદ અને વિલંબ આજે પાંચમા દિવસે પ્રવેશ્યો છે, ઈન્ડિગો દ્વારા ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કર્યાના એક દિવસ પછી આ નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા, મંત્રાલયે એરલાઈનને ફ્લાઈટ્સ રદ કરવામાં આવેલા મુસાફરો માટે કોઈપણ રિશેડ્યુલિંગ ચાર્જ ન વસૂલવા પણ કહ્યું હતું**

### ધારાસભ્ય અને પૂર્વ MLA દ્વારા 'ઉમ્મીદ' પોર્ટલની સમયમર્યાદા વધારવા લઘુમતી મંત્રાલયના મંત્રીને લેખિત રજૂઆત

# મોટી સંખ્યામાં વકફ મિલકતોની નોંધણી બાકી, પિટિશન દાખલ કરવાથી ટ્રિબ્યુનલ સમક્ષ કામનો વધારો થશે

## વકફોને નાણાકીય નુકસાન સાથે ઘણો લાંબો સમય વ્યતિત થશે




અમદાવાદ, તા.૬

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તેમજ જીપીસીસીના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા વકફ બોર્ડ અને ટ્રિબ્યુનલ સમક્ષ વકફ મિલકતોની નોંધણી કરવા માટે છ માસની મુદ્દત વધુ લંબાવવા માંગ કરવામાં આવી છે. લઘુમતી મંત્રાલયના મંત્રી કિરેન રિજિજુને લેખિત રજૂઆત કરી તેઓએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્ય વકફ બોર્ડ ખાતે અંદાજીત ૧૨,૦૦૦ જેટલા ટ્રસ્ટો નોંધાયેલ છે અને આ તમામ ટ્રસ્ટો ખાતે અંદાજીત ૪૦,૦૦૦ જેટલી નાની મોટી મિલકતો આવેલ છે. ઉમ્મીદ પોર્ટલની સમય મર્યાદા તા. ૦૬-૧૨-૨૦૨૫ ના રોજ પૂર્ણ થઈ રહેલ છે અને તા. ૦૬-૧૨-૨૦૨૫ની સ્થિતિએ પોર્ટલ પર ૨૫૪૫૦ જેટલી મિલકતોનોંધાયેલ છે. આ મિલકતો પૈકી ૫૯૦૭ મિલકતોની ચકાસણી કરવામા આવેલ છે અને ૧૬૩૪૪ મિલકતો ઉમ્મીદ પોર્ટલ દ્વારા રજિસ્ટર્ડ થયેલ છે. નોંધણીની પ્રક્રિયા દરમ્યાન ઉમ્મીદ પોર્ટલનું ધીમુ ચાલવું, પોર્ટલના તકનીકી પ્રશ્નો, પોર્ટલનું વારંવાર ખોટકાઈ જવું, મુત્તવલ્લી દ્વારા દાખલ કરાયેલ વિગતો રજિસ્ટર્ડ ન થવી, ચેકર અને એપ્રુવલના તબક્કે સમયસર ઓટીપી ન મળવાને કારણે પોર્ટલ પર મિલકતોની નોંધણી થઈ શકેલ નથી.

હાલના તબક્કે ઘણી મોટી સંખ્યામાં વકફ મિલકતોની ઉમ્મીદ પોર્ટલ પર નોંધણી બાકી છે તે જોતા વ્યક્તિગત ધોરણે મુત્તવલ્લી/વકફ સંસ્થા દ્વારા ટ્રિબ્યુનલ સમક્ષ પિટિશન દાખલ કરવાથી નામદાર ટ્રિબ્યુનલ સમક્ષ કામનો વધારો થશે. વર્તમાન સંજોગો/ભયસ્થાનને નજર સમક્ષ રાખતા રાજયના એવા મુતવલ્લી/સંસ્થા કે જેમની મિલકતો UMEED PORTAL પર નોંધવાની બાકી રહી ગયેલ છે. માટે ખુબ જ મોટા પ્રમાણમાં નોંધાયેલ વકફોને નાણાકીય નુકશાન સાથે ઘણો લાંબો સમય વ્યતિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વકફ કાયદાની જોગવાઈ ૩(બી) મુજબ તા ૦૬-૧૨-૨૦૨૫ પછી ઉમ્મીદ પોર્ટલ ઉપર મિલકતોની નોંધણી કરવા માટે વકફ ટ્રિબ્યુનલ સમક્ષ સમય મર્યાદા વધારવા માટે ગુજરાતની વિવિધ સંસ્થાઓ દ્વારા ન્યાયિક માગણી કરવામાં આવી છે. ઈમરાન ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખ દ્વારા કિરેન રિજિજુને કરાયેલી લેખિત રજૂઆતની નકલ ગુજરાતના મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલમાં મોકલવામાં આવી છે.

# દક્ષિણ આફ્રિકા : પ્રિટોરિયામાં સામૂહિક ગોળીબારમાં ૧૧નાં મોત, ૧૪ ઘાયલ

(એજન્સી) તા.૬

શનિવારે પ્રિટોરિયામાં થયેલા ભયાનક ગોળીબારમાં મૃત્યુઆંક વધીને ૧૧ થયો છે, જેના કારણે એટરીજવિલેની સાઉલવિલે હોસ્ટેલ પર શોકનું મોજું ફરી વળ્યું છે, જ્યાં વહેલી સવારે આ દુર્ઘટના બની હતી. સાઉથ આફ્રિકન પોલીસ સર્વિસ (SAPS) અનુસાર ૨૫ લોકોને ગોળી મારવામાં આવી હતી, જેમાં ૧૧ મૃત્યુ પામ્યા છે અને ૧૪ ઘાયલ થયા છે, જેમને હવે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પીડિતોમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે - ૩ અને ૧૨ વર્ષના બે છોકરાઓ અને એક ૧૬ વર્ષની છોકરી - આ વિગતે દેશના દુઃખને વધુ ગહન બનાવ્યું છે. આ ગોળીબાર એક ગેરકાયદેસર 'શીબીન' (દારૂની દુકાન)ની અંદર થયો હતો, જ્યાં થોડા લોકો દારૂ પી રહ્યા હતા. સ્થાનિક અહેવાલો મુજબ ગોળીબાર સવારે ૪:૧૫ વાગ્યે શરૂ થયો હતો પરંતુ પોલીસને લગભગ બે કલાક પછી જાણ કરવામાં આવી હતી. અધિકારીઓ પહોંચ્યા ત્યારે તેઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી, ફોરેન્સિક અને બેલેસ્ટિક્સ ટીમોને બોલાવી અને ત્રણ અજાણ્યા બંદૂકધારીઓ માટે સઘન શોધખોળ શરૂ કરી, જેઓ હોસ્ટેલમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હોવાનું માનવામાં આવે છે. SAPSના પ્રવક્તા બ્રિગેડિયર અથલેન્ડા માથેએ જણાવ્યું હતું કે, ડિટેક્ટીવ્સ અને સીરિયસ એન્ડ વાયોલન્ટ ક્રાઈમ યુનિટ હવે અંધાધૂંધીભરી રાત્રીના 'ટુકડાઓ એકઠા કરી રહ્યા છે.' તેમણે ગેરકાયદેસર અને બિન-લાયસન્સવાળા દારૂના સ્થળોથી થતાં સતત જોખમો પર પણ ભાર મૂક્યો હતો અને નોંધ્યું હતું કે, માત્ર એપ્રિલ અને સપ્ટેમ્બરની વચ્ચે સત્તાવાળાઓએ ૧૧,૯૭૫ ગેરકાયદેસર આઉટલેટ્સ બંધ કર્યા હતા અને ગેરકાયદેસર દારૂ વેચાણમાં સંડોવાયેલા ૧૮,૬૦૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. પ્રિટોરિયા હત્યાકાંડ ગયા મહિને કેપ ટાઉનના ફિલિપી ઈસ્ટમાં રોડ R53 પર થયેલા અન્ય એક ઘાતક બનાવ પછી થયો છે, જ્યાં સાત પુરૂષો સામૂહિક ગોળીબારમાં માર્યા ગયા હતા - જે મુશ્કેલીગ્રસ્ત કેપ ફ્લેટ્સનો એક ભાગ છે, જ્યાં બંદૂકની હિંસા અને ગેંગ વોરફેરનો પકડ મજબૂત થતો જાય છે. નાગરિક સમાજ જૂથો ચેતવણી આપે છે કે, પશ્ચિમી કેપ સંપૂર્ણ કટોકટીની આરે છે. સપ્ટેમ્બરમાં જ્યારે એક અઠવાડિયામાં જ એક ડઝનથી વધુ લોકો ગોળીઓનો ભોગ બન્યા હતા, ત્યારે કેપ ટાઉન સત્તાવાળાઓને અનેક મિનિબસ ટેક્સી રૂટને ૩૦ દિવસ માટે બંધ કરવાની ફરજ પડી હતી - એક કડક પગલું જે વધતી જતી હિંસા વચ્ચે શ્વાસ લેવા માટે સંઘર્ષ કરી રહેલા શહેરની નિરાશા દર્શાવે છે.

# પોલીસના ઈશારે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર હુમલો થયો : આપનો આક્ષેપ

## ગોપાલ ઈટાલિયા પર જે હુમલો કરવામાં આવ્યો, તેનું અગાઉથી પોલીસ સાથે મળીને ષડયંત્ર રચવામાં આવ્યું હતું : મનોજ સોરઠીયા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૬

ગઈકાલે જામનગરમાં સભા દરમ્યાન આમ આદમી પાર્ટીનાં વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર એક શખ્સે જૂતુ ફેંકીને હુમલો કર્યો હતો. આ મુદ્દે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ સુરતમાં એક પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે લોકતંત્રની અંદર પોતાની વાત રજૂ કરવી, પોતાનો રોષ વ્યકત કરવો એ સૌનો અધિકાર છે. પરંતુ જો આ રોષ ખરેખર રોષ હોય તો તે સામાન્ય ગણી શકાય. પરંતુ ગઈકાલે જે ઘટના ઘટી તે ગુજરાતનાં લોકો માટે, ગુજરાતની રાજનીતિ માટે સીમાચિન્હરૂપ છે. જામનગરમાં કોંગ્રેસનાં ત્રણ કોર્પોરેટર આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. લગભગ કોંગ્રેસ માટે જામનગરમાં હવે કોઈ ગ્રાઉન્ડ બચ્યું નથી. અમને મળતી માહિતી મુજબ આ હુમલાનું પહેલેથી જ ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ખાસ કરીને હર્ષભાઈની ગુજરાત સરકારની પોલીસની સાથે મળીને આ આગોતરૂં આયોજન હતું. પોલીસને ખબર હતી આવું કંઈક બનવાનું છે. હુમલો કરનાર વ્યક્તિ સ્ટેજની નજીક જ હતો, પોલીસની નજર પણ હતી. ઈશારા થયા અને હુમલો થયો. એક નોંધપાત્ર વાત એ છે કે હુમલો થયા બાદ એક પણ પોલીસ હુમલાનો ભોગ બનનાર આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પાસે જોવા મળી ન હતી. એક પણ પોલીસે આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની સંભાળ લીધી નથી. વિસાવદરમાં પણ ચૂંટણી દરમ્યાન બન્ને પાર્ટીઓએ આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાને હરાવવા માટે કોઈ કસર છોડી ન હતી. કોઈ પણ ભોગે ગોપાલ ઈટાલિયા હારે તે દિશામાં બન્ને પાર્ટી કામ કરતી હતી. હવે જામનગરમાં કોંગ્રેસનું કદ ઘટી રહયુ છે, જેથી બન્ને પાર્ટીએ મળીને આમ આદમી પાર્ટીનો અવાજ દબાવવાનું કામ કર્યું છે તે ગઈ કાલની ઘટનામાં સ્પષ્ટ દેખાય છે. આપના નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીનાં નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા પર બુટલેગરો દ્વારા હુમલો, મેતપૂરા વિધાનસભાનાં મહિલા આગેવાન જીગીષાબેન પારગી પર પથ્થરથી હુમલો, ભરૂચનાં વાગરામાં આમ આદમી પાર્ટીનાં કાર્યકર્તા ધર્મેશ વસાવા પર હુમલો, ગોંડલ માર્કેટ યાર્ડમાં એક કાર્યકર્તાને માર મારવામાં આવ્યો, આમ સતત આમ આદમી પાર્ટી ગુજરાતમાં આગળ વધી રહી છે તેને રોકવા માટે આ હુમલાઓ કરવામાં આવે છે. અમે કહેવા માંગીએ છીએ કે આમ આદમી પાર્ટીનો કોઈ પણ કાર્યકર જેલ કે લાઠીથી ડરતો નથી. જેટલા હુમલાઓ કરશો તેને આભૂષણની રીતે અમે સ્વીકારીશું. આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસ મુદ્દે જાણકારી આપતા આપના નેતા મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, આવતીકાલે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ બે દિવસ માટે ગુજરાતનાં પ્રવાસે આવશે.

# હજ-૨૦૨૬ માટે મેહરમ ક્વોટામાં પસંદગી પામેલા યાત્રીઓની યાદી જાહેર

અમદાવાદ, તા.૬ : હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-૨૦૨૬ માટે મેહરમ ક્વોટામાં પસંદગી પામેલા હજ યાત્રિકોને જરૂરી કાર્યવાહી માટેની સૂચના આપવામાં આવી છે કે, હજ-૨૦૨૬ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયાનાં તા.૪--૧૨-૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક-૨૨ મુજબ કુર્રા દ્વારા પસંદ થયેલ તેમજ વેઈટલિસ્ટ યાત્રીઓની યાદી https://hajcommittee.gov.in પર જાહેર કરવામાં આવી છે. તમામ મેહરમ અરજદારો પોતાનો કવર નંબર https://hajcommittee.gov.in પર લોગિંન કરીને ચેક કરી શકે છે. તથા ગુજરાત રાજ્ય હજ સમિતિની વેબસાઈટ https://gujarathajhouse.in/mehram-list પર પણ જોઈ શકશે.

પસંદ થયેલ યાત્રીઓએ પ્રથમ હપ્તો : રૂા.૧,૫૨,૩૦૦ + દ્વિતીય હપ્તો રૂા.૧,૨૫,૦૦૦ મળી કુલ રૂા.૨,૭૭,૩૦૦/- રકમ જમા કરાવવાની રહેશે. રકમ જમા કરાવવાની અંતિમ તા.૧૫-૧૨-૨૦૨૫ છે. ઉક્ત રકમ ભરી ડોક્યુમેન્ટ ઓનોલાઈન હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર હજ પીલગ્રીમ લોગિંન તારીખ ૨૦-૧૨-૨૦૨૫ સુધીમાં અપલોડ કરવાનાં રહેશે અથવા જિલ્લાના ફીલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનરની યાદી લિન્ક પર https://gujarathajhouse.in/ft-aft-2026 મૂકેલ છે. જે તમારા જિલ્લામાં પણ તમે જમા કરાવી શકો છો. ઉપરાંત હજ હાઉસ, અમદાવાદ ખાતે પણ જમા કરાવી શકો છો. દરેક હજ યાત્રિકોને અપીલ કરવામાં આવી છે કે, હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને આપની પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં તેમ એક અખબારી યાદીમાં ગુજરાત રાજયના હજ સમિતિના સચિવ આઈ.એમ.ઘાંચીએ જણાવ્યું છે.

# હવે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેના ફોર્મ રેગ્યુલર - લેઈટ ફી સાથે ૨૨મી સુધી ભરી શકાશે

## ૧૦ ડિસેમ્બર સુધી સ્કૂલો રેગ્યુલર ફી સાથે અને ૧૧થી ૨૨ ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે ફોર્મ ભરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદ્દતમાં વધારો કર્યો છે. શિક્ષણ બોર્ડે હવે મુદ્દતમાં વધારો કરી ૧૦ ડિસેમ્બર કરી છે. ત્યારબાદ ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની ફેબ્રુઆરીમાં લેવાનારી જાહેર પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૬ ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓના ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, હવે ફોર્મ ભરવાના અંતિમ દિવસે મુદ્દત વધારવાનો શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરાયો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ માટે હવે ૧૦ ડિસેમ્બર સુધી ફોર્મ ભરવાની મુદ્દત લંબાવી છે. આ મુદ્દત પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૧ ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી રૂા.૨૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારાશે. ત્યારબાદ બીજા તબક્કામાં ૧૫ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધી રૂા.૩૦૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે અને ત્રીજા તબક્કામાં ૧૯ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાનું નક્કી કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૨ ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાની જાહેરાત કરાઈ છે, તે સાથે કોઈપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેના માટે કોઈ અલગથી ફી ભરવાની રહેશે નહી. વિદ્યાર્થીઓનું પ્રિન્સિપાલ એપ્રુવલ બાકી હોય તો તે પણ ૨૨ ડિસેમ્બર સુધી કરી શકાશે.

# SIR અંતર્ગત રાજ્યભરમાં ગણતરીની ૯૮.૧૯% કામગીરી સંપન્ન

## ૩.૫૩ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું સામે આવ્યું

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૬

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૧૧મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે. ૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે રાજ્યભરની ૧૮૨ વિધાનસભા બેઠકોમાંથી ૪૭ વિધાનસભા બેઠકો પર ગણતરીની ૧૦૦% કામગીરી સંપન્ન થઈ છે. જ્યારે ૮૦ બેઠકો પર ૯૯%થી વધુ કામગીરી થઈ ચૂકી છે. આ સાથે રાજ્યભરમાં ગણતરીની ૯૮.૧૯% કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં ૧૭.૬૬ લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે ૮.૩૯ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૩૬.૮૯ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત ૩.૫૩ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

### અવસાન નોંધ

**ભાવનગર**

હાજીકાદરભાઈ હાજીકાસમભાઈ પીરવાણીનું તા.૬/૧૨/૨૦૨૫ને શનિવારના રોજ ઈન્તેકાલ થયેલ છે મર્હૂમની ઝિયારત તા.૭/૧૨/૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૧૦થી ૧૧ કલાકે મસ્જિદે બીલાલ આદમજીનગર, નારી ચોકડી ભાવનગર તેમજ મહિલાઓ માટેની ઝિયારત સવારે ૧૦ કલાકે તેમના નિવાસસ્થાન આદમજીનગર ભાવનગર મુકામે તેમજ હિન્દુ ભાઈઓ માટેનું બેસણુ તા.૮/૧૨/૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાને રાખેલ છે.

● બેબીબેન કાસમભાઈ ગોરી (ઉ.વ.૭૭)નું તા.૬/૧૨/૨૦૨૫ના રોજ ઈન્તેકાલ થયેલ છે. મર્હૂમની ઝિયારત તા.૭/૧૨/૨૦૨૫ને રવિવારે સવારે અહેમદ રજા મસ્જિદ, સાંઢીયાવાડમાં પુરૂષો માટે સવારે ૮:૩૦ કલાકે રાખેલ છે અને મહિલાઓ માટેની ઝિયારત તેમના નિવાસ સ્થાને મોમનાવાડ ચોક, ભાવનગર ખાતે રાખેલ છે.

● સાજીદભાઈ હિદાયતભાઈ કુરેશી (ઉંમર.૪૮)નું તા.૬/૧૨/૨૦૨૫ શનિવારના રોજ ઈન્તેકાલ થયેલ છે. મર્હૂમની બેઠી ઝિયારત તા.૭/૧૨/૨૦૨૫ રવિવારે પુરૂષો માટે સવારે ૮.૩૦ કલાકે ગોસિયા મસ્જિદ વડવા તલાવડી ભાવનગર ખાતે રાખેલ છે અને મહિલાઓ માટે સવારે ૧૦.૩૦ કલાકે બાપેસરા સિપાઈ જમાત બાપેસરા કુવા ભાવનગર ખાતે રાખેલ છે.

# સંસદમાં શક્તિસિંહ ગોહિલે ભાવનગરના ધોળા રેલવે બ્રિજનો મુદ્દો ઉઠાવ્યો



શક્તિસિંહ ગોહિલે સંસદમાં ધોળા રેલવે બ્રિજનો મુદ્દો 'વિશેષ ઉલ્લેખ' તરીકે ઉઠાવ્યો હતો. શક્તિસિંહે કહ્યું કે, ગુજરાતના ભાવનગર જિલ્લામાં ધોળા રેલવે ક્રોસિંગ પર બનાવવામાં આવી રહેલો પુલ લાંબા સમયથી વિલંબિત છે. કરોડો રૂપિયા ખર્ચાયા છે, પરંતુ બહુ ઓછું કામ બાકી છે. આ કામ લાંબા સમયથી અટકેલું છે. જો કોન્ટ્રાક્ટર નિર્ધારિત સમયમાં કામ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો કરારમાં તેમના જોખમ અને ખર્ચે કામ પૂર્ણ કરવાની જોગવાઈ છે. જો જરૂરી હોય તો સરકાર આ જોગવાઈનો ઉપયોગ કરે તે મહત્વપૂર્ણ છે. અધૂરા પુલના બાંધકામથી ટ્રાફિક જામ થાય છે અને જનતાને નોંધપાત્ર અસુવિધા થાય છે. સરકારને વિનંતી છે કે આ કામ તાત્કાલિક પૂર્ણ કરે.

# અદાણી કોલસા ખાણ માટે ૬ લાખ વૃક્ષોનું નિકંદન : મધ્યપ્રદેશ વિધાનસભામાં ધમાલ

## મધ્યપ્રદેશમાં અદાણી ગ્રુપના ધીરૌલી કોલસા ખાણ પ્રોજેક્ટ માટે સિંગરૌલીમાં આશરે ૬ લાખ વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે, કોંગ્રેસના ધારાસભ્યોએ શુક્રવારે વિધાનસભાનો વિરોધ કર્યો અને બહિષ્કાર કર્યો છે, ભાજપ સરકાર આ મામલે પ્રતિક્રિયા આપી રહી છે



**ન્યુઝ પોઈન્ટ : અત્રે ૧૭.૪.૨૦૨૫નો સુપ્રીમ કોર્ટનો હુકમ યાદ આવી જાય છે જ્યારે સર્વોચ્ચ અદાલતે તેલંગાણાનાં કોંગ્રેસનાં મુખ્યમંત્રીને અલ્ટીમેટમ આપી દીધેલ અને કપાયેલા વૃક્ષ તાત્કાલિક વાવવા હુકમ કરતા કહ્યું કે, તાત્કાલિક નવા વૃક્ષ ઉગાડો અથવા જેલ જાવ !**

(એજન્સી) તા.૬

શુક્રવારે શિયાળુ સત્રની અંતિમ બેઠક દરમિયાન મધ્યપ્રદેશ વિધાનસભામાં ભારે હોબાળો થયો. કોંગ્રેસના ધારાસભ્યોએ અદાણી ગ્રુપના ધીરૌલી કોલસા ખાણ પ્રોજેક્ટ માટે આશરે ૬ લાખ વૃક્ષો કાપવાનો ઉગ્ર વિરોધ કર્યો. ધારાસભ્ય વિક્રાંત ભૂરિયાના ધ્યાન ખેંચવાના પ્રસ્તાવથી હોબાળો થતાં વિપક્ષના સભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા. તેમણે આ મામલાની ન્યાયિક તપાસ અને ગૃહની સંયુક્ત સમિતિની રચનાની માંગ કરી હતી.

આદિવાસી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઝાબુઆના ધારાસભ્ય વિક્રાંત ભૂરિયાએ વિધાનસભામાં આ મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ધીરૌલી, અમરેલી અને બિરકુનિયા જેવા ગામોમાં મોટા પાયે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. આદિવાસી વસ્તીને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે, જેનાથી મૂડીવાદીઓ અને કોલસા ખાણકામને ફાયદો થઈ રહ્યો છે. બળજબરી અને ધમકીઓ દ્વારા ગ્રામ સભાઓ પાસેથી પરવાનગી મેળવવામાં આવી રહી છે. આ મામલે ન્યાયિક તપાસ જરૂરી છે. જિલ્લામાં PESA (પંચાયત (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તરણ) અધિનિયમ), વન અધિકાર અધિનિયમ (FRA) અને અન્ય કાયદાઓનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ધીરૌલી બ્લોકમાં ૧૩૯૮ હેક્ટર જંગલ જમીનનો નાશ થઈ રહ્યો છે. આશરે ૬,૦૦,૦૦૦ વૃક્ષો કાપવાના છે. ભૂરિયાએ કહ્યું કે, સિંગરૌલીમાં વૃક્ષો કાપવા અને અન્ય જિલ્લાઓમાં રોપાઓ વાવવાથી સ્થાનિક વસ્તી કે પર્યાવરણને કોઈ ફાયદો થશે નહીં.

કોંગ્રેસના ધારાસભ્યોએ આરોપ લગાવ્યો હતો કે, કોલસા બ્લોક વિસ્તાર ૨૦૨૩ સુધી PESA કાયદા હેઠળ સુરક્ષિત હતો પરંતુ ૨૦૨૩ અને ૨૦૨૫ની વચ્ચે તેની સ્થિતિ બદલાઈ ગઈ હતી. તેમણે દાવો કર્યો હતો કે, વૃક્ષ કાપણી દરમિયાન સુરક્ષા માટે આ વિસ્તારમાં ૧૫૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. વિપક્ષે કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારો પર અદાણી જૂથને ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો.

**ભાજપ સરકારે આ વૃક્ષ કાપણીને યોગ્ય ઠેરવી હતી :**

તેના જવાબમાં રાજ્યમંત્રી, વનમંત્રી દિલીપ અહિરવારે આરોપોને નકારી કાઢતા કહ્યું હતું કે, વૃક્ષ કાપણી કેન્દ્ર અને રાજ્યના નિયમો અનુસાર થઈ રહી છે. તેમણે સ્પષ્ટતા કરી, ધીરૌલી કોલસા બ્લોક ૩ માર્ચ, ૨૦૨૧ના રોજ ખનીજ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ની જોગવાઈઓ હેઠળ સરાઈ તાલુકાના વિવિધ ગામોમાં ૨૬૭૨ હેક્ટર વિસ્તારમાં કોલસા ખાણકામ માટે સ્ટ્રેટાટેક મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડને ફાળવવામાં આવ્યો હતો.

**મોદી સરકારે મે મહિનામાં પરવાનગી આપી હતી :** મંત્રી આહિરવારે સમજાવ્યું કે ફાળવણી પછી, વન (સંરક્ષણ અને વિકાસ) અધિનિયમ, ૧૯૮૦ હેઠળ ૧૩૯૭.૫૪ હેક્ટર જંગલ જમીનના ટ્રાન્સફર માટેનો પ્રસ્તાવ ભારત સરકારને મોકલવામાં આવ્યો હતો, જેને ૯ મે, ૨૦૨૫ના રોજ અંતિમ મંજૂરી મળી હતી. કોલસા બ્લોક વિસ્તાર PESA કાયદાના સૂચિત ક્ષેત્રમાં આવતો નથી. આહિરવારે સમજાવ્યું કે, ૧૩૯૭.૫૪ હેક્ટર વિસ્તારમાં ૫,૭૦,૬૬૭ વૃક્ષો કાપવાની પરવાનગી આપવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૩૩,૦૦૦ વૃક્ષો કાપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારની શરતોનું પાલન કરીને, અગર માલવા, રાયસેન, શિવપુરી અને સાગર જેવા અન્ય જિલ્લાઓમાં ૧૩.૯૭ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે. તેમણે ધાકધમકી કે સ્થાનિક અધિકારો પર અસરના આરોપોને પણ ફગાવી દીધા.

સંસદીય બાબતોના મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ PESA કાયદા અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે, સિંગરૌલી જિલ્લામાં આદિવાસી વસ્તી ઓછી હોવાથી આ કાયદો ક્યારેય લાગુ કરવામાં આવ્યો ન હતો.

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને પૂર્વ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી જયરામ રમેશે આ ઘટનાને 'પર્યાવરણીય દુર્ઘટના અને સ્થાનિક આદિવાસી સમુદાયો માટે આપત્તિ' ગણાવી. તેમણે પ્રોજેક્ટ માટે કાનૂની અને પર્યાવરણીય મંજૂરીઓમાં અસંખ્ય ઉલ્લંઘનોનો આરોપ લગાવ્યો અને કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારો પર અદાણી જૂથને ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસે ધીરૌલી કોલસા ખાણકામ પ્રોજેક્ટનો મુદ્દો ઘણી વખત ઊઠાવ્યો છે. પર્યાવરણીય ચિંતાઓ માટે આ વિરોધ મધ્યપ્રદેશના રાજકારણમાં અદાણી જૂથના પ્રોજેક્ટ્સને લગતા વધતા વિવાદને દર્શાવે છે. નિષ્ણાતો માને છે કે, મોટા પાયે વનનાબૂદી પાણીના સ્ત્રોતોને અસર કરી રહી છે અને ગ્રામજનોને વિસ્થાપિત કરી રહી છે. જ્યારે સરકારે વળતર અને પુનર્વસન યોજનાઓનો દાવો કર્યો છે, ત્યારે વિપક્ષ આ યોજનાઓને અપૂરતી માને છે. આગામી દિવસોમાં આ મુદ્દો વધુ વકરવાની શક્યતા છે.

**અદાણી ગ્રુપ અને વિવાદો :**

ભારતમાં ગૌતમ અદાણીના નેતૃત્વ હેઠળનું અદાણી ગ્રુપ વીજળી, બંદરો, એરપોર્ટ અને કોલસા ખાણકામ જેવા ક્ષેત્રોમાં ઝડપથી વિસ્તરણ કરી રહ્યું છે, પરંતુ તે અનેક ગંભીર વિવાદોમાં પણ ફસાયેલું છે. ૨૦૨૩માં અમેરિકન શોર્ટ-સેલર હિન્ડનબર્ગે અદાણી પર શેરબજારમાં હેરાફેરી, શેલ કંપનીઓ દ્વારા નાણાં ટ્રાન્સફર અને અબજો ડૉલરની છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. થોડા જ દિવસોમાં જૂથની કંપનીઓનું બજાર મૂડીકરણ ૧૫૦ અબજ ડૉલરથી વધુ ઘટી ગયું. તાજેતરમાં યુએસ ન્યાય વિભાગે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે સૌર ઊર્જા કરાર મેળવવા માટે ૨૬ કરોડ ૫૦ લાખ ડૉલર લાંચ આપવાનો આરોપ લગાવીને કેસ દાખલ કર્યો હતો. ભારતમાં વિપક્ષે વારંવાર તપાસની માંગ કરી છે, પરંતુ મોદી સરકારે તેને નકારી કાઢ્યો છે. આ મુદ્દો સંસદમાં ઊઠાવવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

અદાણી કોલસા ખાણકામ ક્ષેત્રમાં પણ નોંધપાત્ર વિવાદોનો સામનો કરી રહ્યા છે. છત્તીસગઢના હસદેવ અરણ્ય પ્રદેશ અને રાયગઢના પારસા-ગેરે પેલ્મા પ્રદેશમાં, લાખો વૃક્ષો કાપવા, આદિવાસી ગ્રામ પરિષદોની ફરજિયાત સંમતિ અને PESA (વન અધિકારો) કાયદાના ઉલ્લંઘનના આરોપો સામે આવ્યા છે. એ જ રીતે સિંગરૌલી કેસનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો છે. વધુમાં ઈન્ડોનેશિયાથી કોલસાની આયાતમાં અબજો રૂપિયાના ઓવર-ઈનવોઈસિંગ, હલકી ગુણવત્તાવાળા કોલસાને ઊંચા ભાવે વેચવા અને સરકારી કોલસાને ખાનગી પ્લાન્ટમાં વાળવાના ગંભીર આરોપો છે. ત્રીજો મોટો વિવાદ એરપોર્ટ અને બંદર કરારો સાથે સંબંધિત છે. મોદી સરકારે નિયમોમાં ફેરફાર કર્યા અને મુંબઈ, લખનૌ અને અમદાવાદ સહિત છ મોટા એરપોર્ટ અદાણીને સોંપ્યા. વિપક્ષે આને ક્રોની મૂડીવાદનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું છે. ગુજરાતના મુન્દ્રા બંદર પર મેન્ગ્રોવ જંગલોનો વિનાશ અને પર્યાવરણીય નિયમોની અવગણના પણ લાંબા સમયથી વિવાદનો વિષય છે. આમ છતાં અદાણી જૂથ આ આરોપોને સંપૂર્ણપણે નકારે છે અને કહે છે કે, તેના તમામ પ્રોજેક્ટ કાયદેસર છે અને દેશના વિકાસમાં ફાળો આપે છે.

# સરકારે ઈન્ડિગોને મુસાફરોને સંપૂર્ણ રિફંડ આપવા કહ્યું, હવાઈ ભાડાની મર્યાદા નક્કી કરી

**મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રદ કરાયેલ અથવા વિક્ષેપિત બધી ફ્લાઈટ્સ માટે રિફંડ પ્રક્રિયા રવિવારે રાત્રે ૮ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવી આવશ્યક છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપોની હજારો મુસાફરો પર અસર થતાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શનિવારે એરલાઈનને રવિવાર સાંજ સુધીમાં રદ કરાયેલ ફ્લાઈટ્સ માટે ટિકિટ રિફંડ પ્રક્રિયા પૂર્ણ કરવા તેમજ મુસાફરોથી અલગ કરાયેલ સામાન આગામી બે દિવસમાં પહોંચાડવા માટે નિર્દેશ આપ્યો છે. દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો દ્વારા શનિવારે પાંચમા દિવસે ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કર્યા અને વિક્ષેપો સર્જાયાના એક દિવસ પછી મંત્રાલયે જણાવ્યું હતું કે, રિફંડ પ્રક્રિયામાં કોઈપણ વિલંબ અથવા પાલન ન કરવા પર તાત્કાલિક નિયમનકારી કાર્યવાહી કરવામાં આવશે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રદ કરાયેલ અથવા વિક્ષેપિત બધી ફ્લાઈટ્સ માટે રિફંડ પ્રક્રિયા રવિવારે રાત્રે ૮ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવી આવશ્યક છે. એરલાઈન્સને એવી પણ સૂચના આપવામાં આવી છે કે, જે મુસાફરોની મુસાફરી યોજનાઓ રદ થવાથી પ્રભાવિત થઈ હતી તેમના માટે કોઈપણ રિશેડ્યુલિંગ ચાર્જ વસૂલ ન કરે. શનિવારે વિવિધ એરપોર્ટ પર ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ઈન્ડિગોને સમર્પિત પેસેન્જર સપોર્ટ અને રિફંડ સુવિધા સેલ સ્થાપવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ સેલ્સને અસરગ્રસ્ત મુસાફરોનો સક્રિયપણે સંપર્ક કરવા અને ખાતરી કરવા માટે કાર્ય સોંપવામાં આવ્યું છે કે, રિફંડ અને વૈકલ્પિક મુસાફરી વ્યવસ્થાઓ બહુવિધ ફોલો-અપ કરવામાં આવે. કાર્યવાહી સંપૂર્ણપણે સ્થિર ન થાય ત્યાં સુધી ઓટોમેટિક રિફંડની સિસ્ટમ સક્રિય રહેશે. મંત્રાલયે કહ્યું કે, એરલાઈન્સે ખાતરી કરવી જોઈએ કે, ફ્લાઈટ રદ થવા અથવા વિલંબને કારણે મુસાફરોથી અલગ કરાયેલ સામાન આગામી ૪૮ કલાકમાં શોધી કાઢવામાં આવે અને તેમને પહોંચાડવામાં આવે. ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપો વચ્ચે સરકારે શનિવારે હવાઈ ભાડા મર્યાદા રજૂ કરી હતી કારણ કે, ઘણા રૂટ પર હવાઈ ટિકિટના ભાવમાં વધારો થયો હતો. સતત પાંચ દિવસથી દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગોએ સેંકડો ફ્લાઈટ્સ રદ કરી છે, જે મુખ્યત્વે ક્રૂની મુશ્કેલીઓને કારણે છે. ઓછી સંખ્યામાં ફ્લાઈટ્સ હોવાથી ચોક્કસ રૂટ પર હવાઈ ભાડામાં વધારો થયો છે. આ પરિસ્થિતિની ગંભીર નોંધ લેતા નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું કે, તેણે તમામ અસરગ્રસ્તો માટે વ્યાજબી અને વ્યાજબી ભાડા સુનિશ્ચિત કરવા માટે નિયમનકારી સત્તાઓનો ઉપયોગ કર્યો છે. પરિસ્થિતિ સ્થિર થાય ત્યાં સુધી મર્યાદાઓ અમલમાં રહેશે. બધી એરલાઈન્સને એક સત્તાવાર નિર્દેશ જારી કરવામાં આવ્યો છે જેમાં હવે નિર્ધારિત ભાડા મર્યાદાઓનું કડક પાલન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

**'૭ ડિસેમ્બર સુધીમાં રિફંડ આપો, મુસાફરી રિશેડ્યુલિંગ માટે કોઈ ચાર્જ નહીં' : ફ્લાઈટ રદ કરવાના પાંચમા દિવસે ઈન્ડિગો માટે કેન્દ્રના કડક નિર્દેશો; એરલાઈન્સે જવાબ આપ્યો**

**કેન્દ્રએ શનિવારે (૬ ડિસેમ્બર) ઈન્ડિગોને ૭ ડિસેમ્બરે રાત્રે ૮ વાગ્યા સુધીમાં તમામ પેસેન્જર રિફંડ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે, એરલાઈન દ્વારા ફ્લાઈટ રદ અને વિલંબ આજે પાંચમા દિવસે પ્રવેશ્યો છે, ઈન્ડિગો દ્વારા ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કર્યાના એક દિવસ પછી આ નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા, મંત્રાલયે એરલાઈનને ફ્લાઈટ્સ રદ કરવામાં આવેલા મુસાફરો માટે કોઈપણ રિશેડ્યુલિંગ ચાર્જ ન વસૂલવા પણ કહ્યું હતું**

**ધારાસભ્ય અને પૂર્વ MLA દ્વારા 'ઉમ્મીદ' પોર્ટલની સમયમર્યાદા વધારવા લઘુમતી મંત્રાલયના મંત્રીને લેખિત રજૂઆત**

# મોટી સંખ્યામાં વક્ફ મિલકતોની નોંધણી બાકી, પિટિશન દાખલ કરવાથી ટ્રિબ્યુનલ સમક્ષ કામનો વધારો થશે

**વક્ફોને નાણાકીય નુકસાન સાથે ઘણો લાંબો સમય વ્યતિત થશે**




અમદાવાદ, તા.૬

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તેમજ જીપીસીસીના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા વક્ફ બોર્ડ અને ટ્રિબ્યુનલ સમક્ષ વક્ફ મિલકતોની નોંધણી કરવા માટે ૬ માસની મુદત વધુ લંબાવવા માંગ કરવામાં આવી છે. લઘુમતી મંત્રાલયના મંત્રી કિરેન રિજિજુને લેખિત રજૂઆત કરી તેઓએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ ખાતે અંદાજીત ૧૨,૦૦૦ જેટલા ટ્રસ્ટો નોંધાયેલ છે અને આ તમામ ટ્રસ્ટો ખાતે અંદાજીત ૪૦,૦૦૦ જેટલી નાની મોટી મિલકતો આવેલ છે. ઉમ્મીદ પોર્ટલની સમય મર્યાદા તા. ૦૬-૧૨-૨૦૨૫ ના રોજ પૂર્ણ થઈ રહેલ છે અને તા. ૦૪-૧૨-૨૦૨૫ની સ્થિતિએ પોર્ટલ પર ૨૫૪૫૦ જેટલી મિલકતોનોંધાયેલ છે. આ મિલકતો પૈકી ૫૯૦૭ મિલકતોની ચકાસણી કરવામા આવેલ છે અને ૧૬૩૪૪ મિલકતો ઉમ્મીદ પોર્ટલ દ્વારા રજિસ્ટર્ડ થયેલ છે. નોંધણીની પ્રક્રિયા દરમ્યાન ઉમ્મીદ પોર્ટલનું ધીમુ ચાલવું, પોર્ટલના તકનીકી પ્રશ્નો, પોર્ટલનું વારંવાર બોકાઈ જવું, મુતવલ્લી દ્વારા દાખલ કરાયેલ વિગતો રજિસ્ટર્ડ ન થવી, ચેકર અને એપ્રુવલના તબક્કે સમયસર ઓટીપી ન મળવાને કારણે પોર્ટલ પર મિલકતોની નોંધણી થઈ શકેલ નથી.

હાલના તબક્કે ઘણી મોટી સંખ્યામાં વક્ફ મિલકતોની ઉમ્મીદ પોર્ટલ પર નોંધણી બાકી છે તે જોતા વ્યક્તિગત ધોરણે મુત્તવલ્લી/વક્ફ સંસ્થા દ્વારા ટ્રિબ્યુનલ સમક્ષ પિટિશન દાખલ કરવાથી નામદાર ટ્રિબ્યુનલ સમક્ષ કામનો વધારો થશે. વર્તમાન સંજોગો/ભયસ્થાનને નજર સમક્ષ રાખતા રાજયના એવા મુતવલ્લી/સંસ્થા કે જેમની મિલકતો UMEED PORTAL પર નોંધવાની બાકી રહી ગયેલ છે. માટે ખુબ જ મોટા પ્રમાણમાં નોંધાયેલ વક્ફોને નાણાકીય નુકસાન સાથે ઘણો લાંબો સમય વ્યતિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વક્ફ કાયદાની જોગવાઈ ૩(બી) મુજબ તા ૦૬-૧૨-૨૦૨૫ પછી ઉમ્મીદ પોર્ટલ ઉપર મિલકતોની નોંધણી કરવા માટે વક્ફ ટ્રિબ્યુનલ સમક્ષ સમય મર્યાદા વધારવા માટે ગુજરાતની વિવિધ સંસ્થાઓ દ્વારા ન્યાયિક માગણી કરવામાં આવી છે. ઈમરાન ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખ દ્વારા કિરેન રિજિજુને કરાયેલી લેખિત રજૂઆતની નકલ ગુજરાતના મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય વક્ફ ટ્રિબ્યુનલમાં મોકલવામાં આવી છે.

# દક્ષિણ આફ્રિકા : પ્રિટોરિયામાં સામૂહિક ગોળીબારમાં ૧૧નાં મોત, ૧૪ ઘાયલ

(એજન્સી) તા.૬

શનિવારે પ્રિટોરિયામાં થયેલા ભયાનક ગોળીબારમાં મૃત્યુઆંક વધીને ૧૧ થયો છે, જેના કારણે એટરીજવિલેની સાઉલવિલે હોસ્ટેલ પર શોકનું મોજું ફરી વળ્યું છે, જ્યાં વહેલી સવારે આ દુર્ઘટના બની હતી. સાઉથ આફ્રિકન પોલીસ સર્વિસ (SAPS) અનુસાર ૨૫ લોકોને ગોળી મારવામાં આવી હતી, જેમાં ૧૧ મૃત્યુ પામ્યા છે અને ૧૪ ઘાયલ થયા છે, જેમને હવે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પીડિતોમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે - ૩ અને ૧૨ વર્ષના બે છોકરાઓ અને એક ૧૬ વર્ષની છોકરી - આ વિગતે દેશના દુઃખને વધુ ગહન બનાવ્યું છે. આ ગોળીબાર એક ગેરકાયદેસર 'શીબીન' (દારૂની દુકાન)ની અંદર થયો હતો, જ્યાં થોડા લોકો દારૂ પી રહ્યા હતા. સ્થાનિક અહેવાલો મુજબ ગોળીબાર સવારે ૪:૧૫ વાગ્યે શરૂ થયો હતો પરંતુ પોલીસને લગભગ બે કલાક પછી જાણ કરવામાં આવી હતી. અધિકારીઓ પહોંચ્યા ત્યારે તેઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી, ફોરેન્સિક અને બેલેસ્ટિક્સ ટીમોને બોલાવી અને ત્રણ અજાણ્યા બંદૂકધારીઓ માટે સઘન શોધખોળ શરૂ કરી, જેઓ હોસ્ટેલમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હોવાનું માનવામાં આવે છે. SAPSના પ્રવક્તા બ્રિગેડિયર અથલેન્ડા માથેએ જણાવ્યું હતું કે, ડિટેક્ટીવ્સ અને સીરિયસ એન્ડ વાયોલન્ટ ક્રાઈમ યુનિટ હવે અંધાધૂંધીભરી રાત્રીના 'ટુકડાઓ એકઠા કરી રહ્યા છે.' તેમણે ગેરકાયદેસર અને બિન-લાયસન્સવાળા દારૂના સ્થળોથી થતાં સતત જોખમો પર પણ ભાર મૂક્યો હતો અને નોંધ્યું હતું કે, માત્ર એપ્રિલ અને સપ્ટેમ્બરની વચ્ચે સત્તાવાળાઓએ ૧૧,૯૭૫ ગેરકાયદેસર આઉટલેટ્સ બંધ કર્યા હતા અને ગેરકાયદેસર દારૂ વેચાણમાં સંડોવાયેલા ૧૮,૬૦૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. પ્રિટોરિયા હત્યાકાંડ ગયા મહિને કેપ ટાઉનના ફિલિપી ઈસ્ટમાં રોડ R53 પર થયેલા અન્ય એક ઘાતક બનાવ પછી થયો છે, જ્યાં સાત પુરૂષો સામૂહિક ગોળીબારમાં માર્યા ગયા હતા - જે મુશ્કેલીગ્રસ્ત કેપ ફ્લેટ્સનો એક ભાગ છે, જ્યાં બંદૂકની હિંસા અને ગેંગ વોરફેરનો પકડ મજબૂત થતો જાય છે. નાગરિક સમાજ જૂથો ચેતવણી આપે છે કે, પશ્ચિમી કેપ સંપૂર્ણ કટોકટીની આરે છે. સપ્ટેમ્બરમાં જ્યારે એક અઠવાડિયામાં જ એક ડઝનથી વધુ લોકો ગોળીઓનો ભોગ બન્યા હતા, ત્યારે કેપ ટાઉન સત્તાવાળાઓને અનેક મિનિબસ ટેક્સી રૂટને ૩૦ દિવસ માટે બંધ કરવાની ફરજ પડી હતી - એક કડક પગલું જે વધતી જતી હિંસા વચ્ચે શ્વાસ લેવા માટે સંઘર્ષ કરી રહેલા શહેરની નિરાશા દર્શાવે છે.

# પોલીસના ઈશારે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર હુમલો થયો : આપનો આક્ષેપ

**ગોપાલ ઈટાલિયા પર જે હુમલો કરવામાં આવ્યો, તેનું અગાઉથી પોલીસ સાથે મળીને ષડયંત્ર રચવામાં આવ્યું હતું : મનોજ સોરઠીયા**

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૬

ગઈકાલે જામનગરમાં સભા દરમ્યાન આમ આદમી પાર્ટીનાં વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર એક શખ્સે જૂતુ ફેંકીને હુમલો કર્યો હતો. આ મુદ્દે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ સુરતમાં એક પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે લોકતંત્રની અંદર પોતાની વાત રજૂ કરવી, પોતાનો રોષ વ્યક્ત કરવો એ સૌનો અધિકાર છે. પરંતુ જો આ રોષ ખરેખર રોષ હોય તો તે સામાન્ય ગણી શકાય. પરંતુ ગઈકાલે જે ઘટના ઘટી તે ગુજરાતનાં લોકો માટે, ગુજરાતની રાજનીતિ માટે સીમાચિન્હરૂપ છે. જામનગરમાં કોંગ્રેસનાં ત્રણ કોર્પોરેટર આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. લગભગ કોંગ્રેસ માટે જામનગરમાં હવે કોઈ ગ્રાઉન્ડ બચ્યું નથી. અમને મળતી માહિતી મુજબ આ હુમલાનું પહેલેથી જ ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ખાસ કરીને હર્ષભાઈની ગુજરાત સરકારની પોલીસની સાથે મળીને આ આગોતરૂં આયોજન હતું. પોલીસને ખબર હતી આવું કંઈક બનવાનું છે. હુમલો કરનાર વ્યક્તિ સ્ટેજની નજીક જ હતો, પોલીસની નજર પણ હતી. ઈશારા થયા અને હુમલો થયો. એક નોંધપાત્ર વાત એ છે કે હુમલો થયા બાદ એક પણ પોલીસ હુમલાનો ભોગ બનનાર આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પાસે જોવા મળી ન હતી. એક પણ પોલીસે આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની સંભાળ લીધી નથી. વિસાવદરમાં પણ ચૂંટણી દરમ્યાન બન્ને પાર્ટીઓએ આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાને હરાવવા માટે કોઈ કસર છોડી ન હતી. કોઈ પણ ભોગે ગોપાલ ઈટાલિયા હારે તે દિશામાં બન્ને પાર્ટી કામ કરતી હતી. હવે જામનગરમાં કોંગ્રેસનું કદ ઘટી રહયુ છે, જેથી બન્ને પાર્ટીએ મળીને આમ આદમી પાર્ટીનો અવાજ દબાવવાનું કામ કર્યું છે તે ગઈ કાલની ઘટનામાં સ્પષ્ટ દેખાય છે. આપના નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીનાં નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા પર બુટલેગરો દ્વારા હુમલો, મેતેપૂરા વિધાનસભાનાં મહિલા આગેવાન જીગીષાબેન પારગી પર પથ્થરથી હુમલો, ભરૂચનાં વાગરામાં આમ આદમી પાર્ટીનાં કાર્યકર્તા ધર્મેશ વસાવા પર હુમલો, ગોંડલ માર્કેટ યાર્ડમાં એક કાર્યકર્તાને માર મારવામાં આવ્યો, આમ સતત આમ આદમી પાર્ટી ગુજરાતમાં આગળ વધી રહી છે તેને રોકવા માટે આ હુમલાઓ કરવામાં આવે છે. અમે કહેવા માંગીએ છીએ કે આમ આદમી પાર્ટીનો કોઈ પણ કાર્યકર જેલ કે લાઠીથી ડરતો નથી. જેટલા હુમલાઓ કરશો તેને આભૂષણની રીતે અમે સ્વીકારીશું. આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસ મુદ્દે જાણકારી આપતા આપના નેતા મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, આવતીકાલે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ બે દિવસ માટે ગુજરાતનાં પ્રવાસે આવશે.

# હજ-૨૦૨૬ માટે મેહરમ ક્વોટામાં પસંદગી પામેલા યાત્રીઓની યાદી જાહેર

અમદાવાદ, તા.૬ : હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-૨૦૨૬ માટે મેહરમ ક્વોટામાં પસંદગી પામેલા હજ યાત્રિકોને જરૂરી કાર્યવાહી માટેની સૂચના આપવામાં આવી છે કે, હજ-૨૦૨૬ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયાનાં તા.૪--૧૨-૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક-૨૨ મુજબ કુર્રા દ્વારા પસંદ થયેલ તેમજ વેઈટલિસ્ટ યાત્રીઓની યાદી https://hajcommittee.gov.in પર જાહેર કરવામાં આવી છે. તમામ મેહરમ અરજદારો પોતાનો કવર નંબર https://hajcommittee.gov.in પર લોગિંન કરીને ચેક કરી શકે છે. તથા ગુજરાત રાજ્ય હજ સમિતિની વેબસાઈટ https://gujarathajhouse.in/mehram-list પર પણ જોઈ શકશે.

પસંદ થયેલ યાત્રીઓએ પ્રથમ હપ્તો : રૂા.૧,૫૨,૩૦૦ + દ્વિતીય હપ્તો રૂા.૧,૨૫,૦૦૦ મળી કુલ રૂા.૨,૭૭,૩૦૦/- રકમ જમા કરાવવાની રહેશે. રકમ જમા કરાવવાની અંતિમ તા.૧૫-૧૨-૨૦૨૫ છે. ઉક્ત રકમ ભરી ડોક્યુમેન્ટ ઓનોલાઈન હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર હજ પીલગ્રીમ લોગિંન તારીખ ૨૦-૧૨-૨૦૨૫ સુધીમાં અપલોડ કરવાનાં રહેશે અથવા જિલ્લાના ફીલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનરની યાદી લિન્ક પર https://gujarathajhouse.in/ft-aft-2026 મૂકેલ છે. જે તમારા જિલ્લામાં પણ તમે જમા કરાવી શકો છો. ઉપરાંત હજ હાઉસ, અમદાવાદ ખાતે પણ જમા કરાવી શકો છો. દરેક હજ યાત્રિકોને અપીલ કરવામાં આવી છે કે, હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને આપની પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં તેમ એક અખબારી યાદીમાં ગુજરાત રાજયના હજ સમિતિના સચિવ આઈ.એમ.ઘાંચીએ જણાવ્યું છે.

# હવે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેના ફોર્મ રેગ્યુલર - લેઈટ ફી સાથે ૨૨મી સુધી ભરી શકાશે

**૧૦ ડિસેમ્બર સુધી સ્કૂલો રેગ્યુલર ફી સાથે અને ૧૧થી ૨૨ ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે ફોર્મ ભરાશે**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદ્દતમાં વધારો કર્યો છે. શિક્ષણ બોર્ડે હવે મુદ્દતમાં વધારો કરી ૧૦ ડિસેમ્બર કરી છે. ત્યારબાદ ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની ફેબ્રુઆરીમાં લેવાનારી જાહેર પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૬ ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓના ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, હવે ફોર્મ ભરવાના અંતિમ દિવસે મુદ્દત વધારવાનો શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરાયો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ માટે હવે ૧૦ ડિસેમ્બર સુધી ફોર્મ ભરવાની મુદ્દત લંબાવી છે. આ મુદ્દત પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૧ ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી રૂા.૨૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારાશે. ત્યારબાદ બીજા તબક્કામાં ૧૫ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધી રૂા.૩૦૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે અને ત્રીજા તબક્કામાં ૧૯ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાનું નક્કી કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૨ ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાની જાહેરાત કરાઈ છે, તે સાથે કોઈપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેના માટે કોઈ અલગથી ફી ભરવાની રહેશે નહી. વિદ્યાર્થીઓનું પ્રિન્સિપાલ એપ્રુવલ બાકી હોય તો તે પણ ૨૨ ડિસેમ્બર સુધી કરી શકાશે.

# SIR અંતર્ગત રાજ્યભરમાં ગણતરીની ૯૮.૧૯% કામગીરી સંપન્ન

**૩.૫૩ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું સામે આવ્યું**

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૬

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૧૧મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે. ૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે રાજ્યભરની ૧૮૨ વિધાનસભા બેઠકોમાંથી ૪૭ વિધાનસભા બેઠકો પર ગણતરીની ૧૦૦% કામગીરી સંપન્ન થઈ છે. જ્યારે ૮૦ બેઠકો પર ૯૯%થી વધુ કામગીરી થઈ ચૂકી છે. આ સાથે રાજ્યભરમાં ગણતરીની ૯૮.૧૯% કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં ૧૭.૬૬ લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે ૮.૩૯ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૩૬.૮૯ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત ૩.૫૩ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# ગાઝાથી બીમાર હાલતમાં લાવવામાં આવેલા બાળકોની ગુપચુપ મુલાકાત લેતા પ્રિન્સ વિલિયમ, બાળકોનું સાહસ અને હિંમત જોઈને ભાવુક બન્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ગાઝાથી અત્યંત બીમાર અને ગંભીર હાલતમાં બ્રિટન સારવાર માટે લાવવામાં આવેલા બાળકોની પ્રિન્સ ઓફ વેલ્સ પ્રિન્સ વિલિયમે ગુપ ચુપ મુલાકાત લીધી હતી તેમ એક અહેવાલ જણાવે છે. ગાઝાના કેટલાક બાળકોના એક જૂથને ખૂબ જ ગંભીર બીમાર પડી જવાથી સારવાર માટે યુકે લાવવામાં આવ્યા છે. સુરક્ષાના કારણોસર પ્રિન્સ વિલિયમની બાળકો સાથેની મુલાકાતનું સ્થળ જાહેર કરવામાં આવ્યું નહોતું અને મુલાકાત ગુપ્ત રાખવામાં આવી હતી. તેમણે બાળકોને અંગત રીતે સધિયારો અને હિંમત આપવા માટે અને એમના પરિવારજનોને આવી માનવતાની કટોકટીના સમયમાં ટેકો પ્રદાન કરવા માટે તેમની મુલાકાત લીધી હતી તેમ રોયલ ન્યૂઝ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. કેન્સિંગ્ટન પેલેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે બાળકોએ જે હિંમત અને સાહસનું પ્રદર્શન કર્યું છે એ જોઈને પ્રિન્સ વિલિયમ ખૂબ જ ભાવુક બની ગયા હતા અને તેમણે કદી કોઈ બાળક જે મુસીબત અને જે અનુભવ ન કરે એવા અનુભવની બાળકોના મોઢે અનુભૂતિ કરી હતી અને એમની વિગતો સાંભળી હતી. આવા પડકાર ભર્યા સમયમાં બાળકોને કાળજી સાથે એમની સંભાળ રાખવા બદલ પ્રિન્સ વિલિયમે એન. એચ. એસ.ની પ્રશંસા કરી હતી અને એમની માનવતા તથા વ્યવસાયીક અભિગમના વખાણ કર્યા હતા. ૫૦ જેટલા બાળકોના એક જૂથને સારવાર માટે યુકે લાવવામાં આવ્યું છે તેમને આ વર્ષે જ ગાઝામાંથી સ્થળાંતર કરાવીને યુકે લાવવામાં આવ્યા હતા.

# સંસદમાં શક્તિસિંહ ગોહિલે ભાવનગરના ધોળા રેલવે બ્રિજનો મુદ્દો ઉઠાવ્યો



શક્તિસિંહ ગોહિલે સંસદમાં ધોળા રેલવે બ્રિજનો મુદ્દો 'વિશેષ ઉલ્લેખ' તરીકે ઉઠાવ્યો હતો. શક્તિસિંહે કહ્યું કે, ગુજરાતના ભાવનગર જિલ્લામાં ધોળા રેલવે ક્રોસિંગ પર બનાવવામાં આવી રહેલો પુલ લાંબા સમયથી વિલંબિત છે. કરોડો રૂપિયા ખર્ચાયા છે, પરંતુ બહુ ઓછું કામ બાકી છે. આ કામ લાંબા સમયથી અટકેલું છે. જો કોન્ટ્રાક્ટર નિર્ધારિત સમયમાં કામ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો કરારમાં તેમના જોખમ અને ખર્ચે કામ પૂર્ણ કરવાની જોગવાઈ છે. જો જરૂરી હોય તો સરકાર આ જોગવાઈનો ઉપયોગ કરે તે મહત્વપૂર્ણ છે. અધૂરા પુલના બાંધકામથી ટ્રાફિક જામ થાય છે અને જનતાને નોંધપાત્ર અસુવિધા થાય છે. સરકારને વિનંતી છે કે આ કામ તાત્કાલિક પૂર્ણ કરે.

# અદાણી કોલસા ખાણ માટે ૬ લાખ વૃક્ષોનું નિકંદન : મધ્યપ્રદેશ વિધાનસભામાં ધમાલ

**મધ્યપ્રદેશમાં અદાણી ગ્રુપના ધીરૌલી કોલસા ખાણ પ્રોજેક્ટ માટે સિંગરૌલીમાં આશરે ૬ લાખ વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે, કોંગ્રેસના ધારાસભ્યોએ શુક્રવારે વિધાનસભાનો વિરોધ કર્યો અને બહિષ્કાર કર્યો છે, ભાજપ સરકાર આ મામલે પ્રતિક્રિયા આપી રહી છે**



**ન્યુઝ પોઈન્ટ : અત્રે ૧૭.૪.૨૦૨૫નો સુપ્રીમ કોર્ટનો હુકમ યાદ આવી જાય છે જ્યારે સર્વોચ્ચ અદાલતે તેલંગાણાનાં કોંગ્રેસનાં મુખ્યમંત્રીને અલ્ટીમેટમ આપી દીધેલ અને કપાયેલા વૃક્ષ તાત્કાલિક વાવવા હુકમ કરતા કહ્યું કે, તાત્કાલિક નવા વૃક્ષ ઉગાડો અથવા જેલ જાવ !**

(એજન્સી) તા.૬

શુક્રવારે શિયાળુ સત્રની અંતિમ બેઠક દરમિયાન મધ્યપ્રદેશ વિધાનસભામાં ભારે હોબાળો થયો. કોંગ્રેસના ધારાસભ્યોએ અદાણી ગ્રુપના ધીરૌલી કોલસા ખાણ પ્રોજેક્ટ માટે આશરે ૬ લાખ વૃક્ષો કાપવાનો ઉગ્ર વિરોધ કર્યો. ધારાસભ્ય વિક્રાંત ભૂરિયાના ધ્યાન ખેંચવાના પ્રસ્તાવથી હોબાળો થતાં વિપક્ષના સભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા. તેમણે આ મામલાની ન્યાયિક તપાસ અને ગૃહની સંયુક્ત સમિતિની રચનાની માંગ કરી હતી.

આદિવાસી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઝાબુઆના ધારાસભ્ય વિક્રાંત ભૂરિયાએ વિધાનસભામાં આ મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ધીરૌલી, અમરેલી અને બિરકુનિયા જેવા ગામોમાં મોટા પાયે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. આદિવાસી વસ્તીને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે, જેનાથી મૂડીવાદીઓ અને કોલસા ખાણકામને ફાયદો થઈ રહ્યો છે. બળજબરી અને ધમકીઓ દ્વારા ગ્રામ સભાઓ પાસેથી પરવાનગી મેળવવામાં આવી રહી છે. આ મામલે ન્યાયિક તપાસ જરૂરી છે. જિલ્લામાં PESA (પંચાયત (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તરણ) અધિનિયમ), વન અધિકાર અધિનિયમ (FRA) અને અન્ય કાયદાઓનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ધીરૌલી બ્લોકમાં ૧૩૯૮ હેક્ટર જંગલ જમીનનો નાશ થઈ રહ્યો છે. આશરે ૬,૦૦,૦૦૦ વૃક્ષો કાપવાના છે. ભૂરિયાએ કહ્યું કે, સિંગરૌલીમાં વૃક્ષો કાપવા અને અન્ય જિલ્લાઓમાં રોપાઓ વાવવાથી સ્થાનિક વસ્તી કે પર્યાવરણને કોઈ ફાયદો થશે નહીં.

કોંગ્રેસના ધારાસભ્યોએ આરોપ લગાવ્યો હતો કે, કોલસા બ્લોક વિસ્તાર ૨૦૨૩ સુધી PESA કાયદા હેઠળ સુરક્ષિત હતો પરંતુ ૨૦૨૩ અને ૨૦૨૫ની વચ્ચે તેની સ્થિતિ બદલાઈ ગઈ હતી. તેમણે દાવો કર્યો હતો કે, વૃક્ષ કાપણી દરમિયાન સુરક્ષા માટે આ વિસ્તારમાં ૧૫૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. વિપક્ષે કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારો પર અદાણી જૂથને ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો.

**ભાજપ સરકારે આ વૃક્ષ કાપણીને યોગ્ય ઠેરવી હતી :**

તેના જવાબમાં રાજ્યમંત્રી, વનમંત્રી દિલીપ અહિરવારે આરોપોને નકારી કાઢતા કહ્યું હતું કે, વૃક્ષ કાપણી કેન્દ્ર અને રાજ્યના નિયમો અનુસાર થઈ રહી છે. તેમણે સ્પષ્ટતા કરી, ધીરૌલી કોલસા બ્લોક ૩ માર્ચ, ૨૦૨૧ના રોજ ખનીજ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ની જોગવાઈઓ હેઠળ સરાઈ તાલુકાના વિવિધ ગામોમાં ૨૬૭૨ હેક્ટર વિસ્તારમાં કોલસા ખાણકામ માટે સ્ટ્રેટાટેક મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડને ફાળવવામાં આવ્યો હતો.

**મોદી સરકારે મે મહિનામાં પરવાનગી આપી હતી :** મંત્રી આહિરવારે સમજાવ્યું કે ફાળવણી પછી, વન (સંરક્ષણ અને વિકાસ) અધિનિયમ, ૧૯૮૦ હેઠળ ૧૩૯૭.૫૪ હેક્ટર જંગલ જમીનના ટ્રાન્સફર માટેનો પ્રસ્તાવ ભારત સરકારને મોકલવામાં આવ્યો હતો, જેને ૯ મે, ૨૦૨૫ના રોજ અંતિમ મંજૂરી મળી હતી. કોલસા બ્લોક વિસ્તાર PESA કાયદાના સૂચિત ક્ષેત્રમાં આવતો નથી. આહિરવારે સમજાવ્યું કે, ૧૩૯૭.૫૪ હેક્ટર વિસ્તારમાં ૫,૭૦,૬૬૭ વૃક્ષો કાપવાની પરવાનગી આપવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૩૩,૦૦૦ વૃક્ષો કાપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારની શરતોનું પાલન કરીને, અગર માલવા, રાયસેન, શિવપુરી અને સાગર જેવા અન્ય જિલ્લાઓમાં ૧૩.૯૭ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે. તેમણે ધાકધમકી કે સ્થાનિક અધિકારો પર અસરના આરોપોને પણ ફગાવી દીધા.

સંસદીય બાબતોના મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ PESA કાયદા અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે, સિંગરૌલી જિલ્લામાં આદિવાસી વસ્તી ઓછી હોવાથી આ કાયદો ક્યારેય લાગુ કરવામાં આવ્યો ન હતો.

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને પૂર્વ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી જયરામ રમેશે આ ઘટનાને 'પર્યાવરણીય દુર્ઘટના અને સ્થાનિક આદિવાસી સમુદાયો માટે આપત્તિ' ગણાવી. તેમણે પ્રોજેક્ટ માટે કાનૂની અને પર્યાવરણીય મંજૂરીઓમાં અસંખ્ય ઉલ્લંઘનોનો આરોપ લગાવ્યો અને કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારો પર અદાણી જૂથને ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસે ધીરૌલી કોલસા ખાણકામ પ્રોજેક્ટનો મુદ્દો ઘણી વખત ઊઠાવ્યો છે. પર્યાવરણીય ચિંતાઓ માટે આ વિરોધ મધ્યપ્રદેશના રાજકારણમાં અદાણી જૂથના પ્રોજેક્ટ્સને લગતા વધતા વિવાદને દર્શાવે છે. નિષ્ણાતો માને છે કે, મોટા પાયે વનનાબૂદી પાણીના સ્ત્રોતોને અસર કરી રહી છે અને ગ્રામજનોને વિસ્થાપિત કરી રહી છે. જ્યારે સરકારે વળતર અને પુનર્વસન યોજનાઓનો દાવો કર્યો છે, ત્યારે વિપક્ષ આ યોજનાઓને અપૂરતી માને છે. આગામી દિવસોમાં આ મુદ્દો વધુ વકરવાની શક્યતા છે.

**અદાણી ગ્રુપ અને વિવાદો :**

ભારતમાં ગૌતમ અદાણીના નેતૃત્વ હેઠળનું અદાણી ગ્રુપ વીજળી, બંદરો, એરપોર્ટ અને કોલસા ખાણકામ જેવા ક્ષેત્રોમાં ઝડપથી વિસ્તરણ કરી રહ્યું છે, પરંતુ તે અનેક ગંભીર વિવાદોમાં પણ ફસાયેલું છે. ૨૦૨૩માં અમેરિકન શોર્ટ-સેલર હિન્ડનબર્ગે અદાણી પર શેરબજારમાં હેરાફેરી, શેલ કંપનીઓ દ્વારા નાણાં ટ્રાન્સફર અને અબજો ડૉલરની છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. થોડા જ દિવસોમાં જૂથની કંપનીઓનું બજાર મૂડીકરણ ૧૫૦ અબજ ડૉલરથી વધુ ઘટી ગયું. તાજેતરમાં યુએસ ન્યાય વિભાગે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે સૌર ઊર્જા કરાર મેળવવા માટે ૨૬ કરોડ ૫૦ લાખ ડૉલર લાંચ આપવાનો આરોપ લગાવીને કેસ દાખલ કર્યો હતો. ભારતમાં વિપક્ષે વારંવાર તપાસની માંગ કરી છે, પરંતુ મોદી સરકારે તેને નકારી કાઢ્યો છે. આ મુદ્દો સંસદમાં ઊઠાવવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

અદાણી કોલસા ખાણકામ ક્ષેત્રમાં પણ નોંધપાત્ર વિવાદોનો સામનો કરી રહ્યા છે. છત્તીસગઢના હસદેવ અરણ્ય પ્રદેશ અને રાયગઢના પારસા-ગેરે પેલ્મા પ્રદેશમાં, લાખો વૃક્ષો કાપવા, આદિવાસી ગ્રામ પરિષદોની ફરજિયાત સંમતિ અને PESA (વન અધિકારો) કાયદાના ઉલ્લંઘનના આરોપો સામે આવ્યા છે. એ જ રીતે સિંગરૌલી કેસનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો છે. વધુમાં ઈન્ડોનેશિયાથી કોલસાની આયાતમાં અબજો રૂપિયાના ઓવર-ઈનવોઈસિંગ, હલકી ગુણવત્તાવાળા કોલસાને ઊંચા ભાવે વેચવા અને સરકારી કોલસાને ખાનગી પ્લાન્ટમાં વાળવાના ગંભીર આરોપો છે. ત્રીજો મોટો વિવાદ એરપોર્ટ અને બંદર કરારો સાથે સંબંધિત છે. મોદી સરકારે નિયમોમાં ફેરફાર કર્યા અને મુંબઈ, લખનૌ અને અમદાવાદ સહિત છ મોટા એરપોર્ટ અદાણીને સોંપ્યા. વિપક્ષે આને ક્રોની મૂડીવાદનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું છે. ગુજરાતના મુન્દ્રા બંદર પર મેન્ગ્રોવ જંગલોનો વિનાશ અને પર્યાવરણીય નિયમોની અવગણના પણ લાંબા સમયથી વિવાદનો વિષય છે. આમ છતાં અદાણી જૂથ આ આરોપોને સંપૂર્ણપણે નકારે છે અને કહે છે કે, તેના તમામ પ્રોજેક્ટ કાયદેસર છે અને દેશના વિકાસમાં ફાળો આપે છે.

# ઉત્તરપ્રદેશ સરકારનું ક્રેકડાઉન : પોલીસે 'બાંગ્લાદેશી અને રોહિંગ્યાઓને શોધવા માટે ઘરે ઘરે શોધ' શરૂ કરી

**ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી ૨૦૨૭માં યોજાવાની છે. જોકે, યુપી પોલીસે બાંગ્લાદેશી અને રોહિંગ્યા નાગરિકો માટે ઘરે-ઘરે શોધ શરૂ કરી છે. સરકારે ૨૨ નવેમ્બરના રોજ અટકાયત કેન્દ્રો સ્થાપવાનો આદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, 'આઈ લવ મુહમ્મદ' વિરોધ પ્રદર્શન દરમિયાન ધરપકડ કરાયેલા યુવાનો હજુ પણ જેલમાં છે**

(એજન્સી) તા.૬

ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથ સરકારે ગેરકાયદેસર બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઈમિગ્રન્ટ્સને ઓળખવા માટે રાજ્યભરમાં 'ઘર-ઘર સર્વે' શરૂ કર્યો છે. આ વ્યક્તિઓને ઓળખવા અને તેમને અટકાયત કેન્દ્રોમાં મૂકવાની તૈયારી ચાલી રહી છે. ઝાંસી રેન્જના આઈજી આકાશ કુલ્હારી, આગ્રાના ડીસીપી સૈયદ અલી અબ્બાસ અને લખનૌના મેયર સુષ્મા ખારકવાલ સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓએ આ વાતની પુષ્ટિ કરી છે.

આ ઝુંબેશ ૨૨ નવેમ્બરના રોજ જારી કરાયેલા સરકારી આદેશ હેઠળ હાથ ધરવામાં આવી રહી છે. ઝાંસી રેન્જના આઈજી આકાશ કુલ્હારીએ જણાવ્યું હતું કે, 'આ આદેશ મુજબ, ઝાંસીમાં એક ડિટેન્શન સેન્ટર પણ બનાવવામાં આવશે. લલિતપુર, ઝાંસી અને જાલૌન (બુંદેલખંડ પ્રદેશ)માં રહેતા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશમાં દેશનિકાલ ન થાય ત્યાં સુધી ત્યાં રાખવામાં આવશે.'

આગ્રામાં, ડીસીપી સૈયદ અલી અબ્બાસે ખુલાસો કર્યો કે એકલા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આશરે ૩,૦૦૦ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, સ્થાનિક ગુપ્તચર એકમની ટીમો સાથે ઘરે-ઘરે તપાસ કરવામાં આવી રહી છે. તેમના ગુનાહિત રેકોર્ડની પણ તપાસ કરવામાં આવી રહી છે. આવા લોકો ઘણી ખાનગી આઉટસોર્સિંગ કંપનીઓમાં પણ કામ કરી રહ્યા છે.' લખનૌના મેયર સુષ્મા ખારકવાલે દાવો કર્યો હતો કે મ્યુનિસિપલ સફાઈ કર્મચારીઓમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશી અને રોહિંગ્યાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, મેં થોડા અઠવાડિયા પહેલા સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. મેં ૫૦ પરિવારોને દેશનિકાલ કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. બાદમાં, જ્યારે શોધ તીવ્ર બની, ત્યારે ૧૬૦ સફાઈ કામદારો ભાગી ગયા. તેઓ તેમના ઓળખ કાર્ડ અને દસ્તાવેજો સબમિટ કરવા માંગતા ન હતા. અમારૂં માનવું છે કે તેઓ રોહિંગ્યા હતા અને તેમણે બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને આધાર કાર્ડ મેળવ્યા હતા. મેયરે કહ્યું કે, કેટલાક લોકો આસામના હોવાનો દાવો કરી રહ્યા છે. જો તેમની પાસે આસામી ઓળખ કાર્ડ હોય, તો અમે NRCમાં તેમની વિગતો તપાસીશું. તેમણે ભાગી ગયેલા કામદારોને ગુનેગાર જાહેર કર્યા છે.

ગૃહ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, બે વર્ષ પહેલાં ગુપ્તચર માહિતી આધારિત સર્વેમાં રાજ્યમાં આશરે ૧૦ લાખ ગેરકાયદેસર વિદેશીઓ મળી આવ્યા હતા, જેમાં લખનૌ અને આગ્રામાં ૬,૦૦૦નો સમાવેશ થાય છે. ઓળખની મુશ્કેલીઓને કારણે તે સમયે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. હવે, ઘરે-ઘરે જઈને સર્વે કરવાથી વધુ સારા પરિણામો મળવાની અપેક્ષા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ખાલી સરકારી ઈમારતો, સમુદાય કેન્દ્રો અને પોલીસ સ્ટેશનોને અટકાયત કેન્દ્રોમાં રૂપાંતરિત કરવામાં આવશે. ઓળખાયેલ વ્યક્તિઓની યાદી સંબંધિત વિભાગીય કમિશનરો અને IGને સુપરત કરવામાં આવશે. વહીવટીતંત્રે માર્ચ ૨૦૨૬ સુધીમાં આ ઝુંબેશ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

**યુપીનું પ્રથમ ડિટેન્શન સેન્ટર**

યોગી આદિત્યનાથ ૨૦૧૭માં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. તેમણે તાત્કાલિક ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સને રાખવા માટે ડિટેન્શન સેન્ટર બનાવવાનો આદેશ આપ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૦માં દૈનિક જાગરણના અહેવાલમાં જણાવાયું હતું કે ગાઝિયાબાદના નંદગ્રામમાં આ પ્રકારનું પહેલું ડિટેન્શન સેન્ટર તૈયાર છે. તે અહેવાલ મુજબ, ડિટેન્શન સેન્ટરમાં ૧૦૦ લોકોને સમાવવાની ક્ષમતા છે અને તેમાં પહેલાથી જ પાણી અને વીજળીના જોડાણો છે. દૈનિક જાગરણ અનુસાર, આ ડિટેન્શન સેન્ટર અગાઉ દલિત મહિલા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ હતી. જો કે, તેનું ઉદ્ઘાટન જાન્યુઆરી ૨૦૧૧માં પુરૂષોના હોસ્ટેલ સાથે કરવામાં આવ્યું હતું, પરંતુ તે થોડા વર્ષો પહેલા ખાલી થઈ ગયું હતું. તે સમયે તેને ડિટેન્શન કેમ્પમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તત્કાલીન જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી સંજય કુમાર વ્યાસે તે સમયે દૈનિક જાગરણને જણાવ્યું હતું કે, 'ડિટેન્શન કેમ્પ તૈયાર છે. હવે પોલીસ વિભાગ તેનું નિરીક્ષણ કરશે. ઉત્તરપ્રદેશમાં રહેતા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અહીં રાખવામાં આવશે. દૈનિક જાગરણના આ અહેવાલ પછી ગાઝિયાબાદ ડિટેન્શન સેન્ટર વિશે વધુ કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

**આઈ લવ મુહમ્મદ અભિયાન હેઠળ યુપીમાં નોંધપાત્ર ધરપકડો**

ઉત્તરપ્રદેશમાં આઈ લવ મુહમ્મદ અભિયાન દરમિયાન યુવાનોની મોટા પાયે ધરપકડ કરવામાં આવી હતી. તે સમયે હિન્દુ સંગઠનોએ તેને ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ સાથે પણ જોડી હતી. સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૫માં 'આઈ લવ મુહમ્મદ' અભિયાન દરમિયાન, ઉત્તરપ્રદેશમાં રાજ્ય સ્તરે ૧૬થી વધુ એફઆઈઆર નોંધવામાં આવી હતી, અને ૧,૦૦૦થી વધુ મુસ્લિમ યુવાનો સામે કેસ દાખલ કરવામાં આવ્યા હતા. વિવિધ અહેવાલો અનુસાર, સમગ્ર ભારતમાં આ અભિયાન સંબંધિત કેસોમાં ૪,૫૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને કેસ નોંધવામાં આવ્યા હતા, જેમાં ઉત્તરપ્રદેશનો હિસ્સો સૌથી મોટો છે. સેંકડો યુવાનોની અટકાયત કરવામાં આવી હતી, ખાસ કરીને કાનપુર, બરેલી, ઉન્નાવ, મેરઠ અને શાહજહાંપુર જેવા યુપી જિલ્લાઓમાં, જ્યાં સોશિયલ મીડિયા પર પોસ્ટર પોસ્ટ કરવા અથવા વીડિયો શેર કરવા બદલ કલમ લાગુ કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૫ સુધી પણ, ઘણા કેસોમાં જામીન ન મળવાને કારણે યુવાનો જેલમાં બંધ છે. હાલમાં (૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં), ઘણા યુવાનો હજુ પણ વિવિધ જેલોમાં જેલમાં છે, ખાસ કરીને બરેલી સેન્ટ્રલ જેલમાં, જ્યાં સપ્ટેમ્બરમાં મૌલાના તૌકીર રઝા ખાન સહિત બે ડઝનથી વધુ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી હતી. ઉન્નાવ જિલ્લામાં ધરપકડ કરાયેલા પાંચ યુવાનો હજુ પણ લખનૌ અને કાનપુર જેલમાં છે, જ્યારે મેરઠ કેસમાં અન્ય પાંચ લોકો મેરઠ જેલમાં હોવાનું કહેવાય છે. કાનપુરના રાવતપુર વિસ્તારમાં શરૂ થયેલા આ વિવાદમાં નદીમ અખ્તર સહિત ૧૮ યુવાનોની ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી ઘણા હજુ પણ જામીનની રાહ જોઈ રહ્યા છે. આ યુવાનો મુખ્યત્વે સફાઈ કામદારો, નાના વેપારીઓ અથવા વિદ્યાર્થીઓ છે, જેમના પર 'સાંપ્રદાયિક તણાવ ભડકાવવા'નો આરોપ છે, પરંતુ માનવ અધિકાર સંગઠનોએ તેમને 'ગેરકાયદેસર અટકાયત'નો ભોગ બનેલા લોકો તરીકે વર્ણવ્યા છે. વિરોધ પ્રદર્શનોને શાંત કરવા માટે, પોલીસે ઉત્તરપ્રદેશના ઘણા જિલ્લાઓમાં વ્યાપક કાર્યવાહી હાથ ધરી છે, જેમાં લાઠીચાર્જ અને બરેલીમાં એક પ્રદર્શન દરમિયાન ૨૪થી વધુ લોકોની અટકાયતનો સમાવેશ થાય છે અને તાજેતરમાં, સમાજવાદી પાર્ટીના નેતા સરફરાઝ વલી ખાનના ઘરના ડિમોલેશનનો સમાવેશ થાય છે. ઉન્નાવમાં, પાંચ ધરપકડ કરવામાં આવી હતી, જેમાં આઠ કેસમાં ૮૫ આરોપીઓ નામાંકિત હતા, જ્યારે કાનપુરમાં, કથિત માસ્ટરમાઈન્ડ સહિત ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. મેરઠમાં પોસ્ટરો દૂર કરવા અને અફવાઓને કાબૂમાં લેવા માટે ભારે પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું અને શાહજહાંપુરમાં, સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર NSA (રાષ્ટ્રીય સુરક્ષા કાયદો) લાદવાની માંગ કરવામાં આવી હતી. એકંદરે, કાર્યવાહી ફક્ત ધરપકડ સુધી મર્યાદિત ન હતી, પરંતુ મિલકત જપ્તી અને દેખરેખ જેવા પગલાં મુસ્લિમ સમુદાયમાં ભયનું વાતાવરણ બનાવવાનો આરોપ છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આ ઝુંબેશને ભાજપની 'ચોક્કસ સમુદાય સામે નફરત'નું પ્રતીક ગણાવ્યું હતું. ઘણા ટીકાકારો દાવો કરે છે કે 'ઘર-ઘર સર્વે' આ ઝુંબેશનો ઉપયોગ લઘુમતીઓ પર દબાણ લાવવા માટે થઈ રહ્યો છે. જો કે, પોલીસ અધિકારીઓએ તેને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખવા સુધી મર્યાદિત ગણાવ્યું છે. આ ઝુંબેશ વિશે રાજ્યભરમાં ચર્ચા છે અને આગામી દિવસોમાં તેના પરિણામો બહાર આવવા લાગશે.

# અદાણી કોલસા ખાણ માટે ૬ લાખ વૃક્ષોનું નિકંદન : મધ્યપ્રદેશ વિધાનસભામાં ધમાલ

**મધ્યપ્રદેશમાં અદાણી ગ્રુપના ધીરૌલી કોલસા ખાણ પ્રોજેક્ટ માટે સિંગરૌલીમાં આશરે ૬ લાખ વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે, કોંગ્રેસના ધારાસભ્યોએ શુક્રવારે વિધાનસભાનો વિરોધ કર્યો અને બહિષ્કાર કર્યો છે, ભાજપ સરકાર આ મામલે પ્રતિક્રિયા આપી રહી છે**



ન્યુઝ GT પોઈન્ટ

**અત્રે ૧૭.૪.૨૦૨૫નો સુપ્રીમ કોર્ટનો હુકમ યાદ આવી જાય છે જ્યારે સર્વોચ્ચ અદાલતે તેલંગાણાનાં કોંગ્રેસનાં મુખ્યમંત્રીને અલ્ટીમેટમ આપી દીધેલ અને કપાયેલા વૃક્ષ તાત્કાલિક વાવવા હુકમ કરતા કહ્યું કે, તાત્કાલિક નવા વૃક્ષ ઉગાડો અથવા જેલ જાવ !**

(એજન્સી) તા.૬

શુક્રવારે શિયાળુ સત્રની અંતિમ બેઠક દરમિયાન મધ્યપ્રદેશ વિધાનસભામાં ભારે હોબાળો થયો. કોંગ્રેસના ધારાસભ્યોએ અદાણી ગ્રુપના ધીરૌલી કોલસા ખાણ પ્રોજેક્ટ માટે આશરે ૬ લાખ વૃક્ષો કાપવાનો ઉગ્ર વિરોધ કર્યો. ધારાસભ્ય વિક્રાંત ભૂરિયાના ધ્યાન ખેંચવાના પ્રસ્તાવથી હોબાળો થતાં વિપક્ષના સભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા. તેમણે આ મામલાની ન્યાયિક તપાસ અને ગૃહની સંયુક્ત સમિતિની રચનાની માંગ કરી હતી.

આદિવાસી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઝાબુઆના ધારાસભ્ય વિક્રાંત ભૂરિયાએ વિધાનસભામાં આ મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ધીરૌલી, અમરેલી અને બિરકુનિયા જેવા ગામોમાં મોટા પાયે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. આદિવાસી વસ્તીને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે, જેનાથી મૂડીવાદીઓ અને કોલસા ખાણકામને ફાયદો થઈ રહ્યો છે. બળજબરી અને ધમકીઓ દ્વારા ગ્રામ સભાઓ પાસેથી પરવાનગી મેળવવામાં આવી રહી છે. આ મામલે ન્યાયિક તપાસ જરૂરી છે. જિલ્લામાં PESA (પંચાયત (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તરણ) અધિનિયમ), વન અધિકાર અધિનિયમ (FRA) અને અન્ય કાયદાઓનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ધીરૌલી બ્લોકમાં ૧૩૯૮ હેક્ટર જંગલ જમીનનો નાશ થઈ રહ્યો છે. આશરે ૬,૦૦,૦૦૦ વૃક્ષો કાપવાના છે. ભૂરિયાએ કહ્યું કે, સિંગરૌલીમાં વૃક્ષો કાપવા અને અન્ય જિલ્લાઓમાં રોપાઓ વાવવાથી સ્થાનિક વસ્તી કે પર્યાવરણને કોઈ ફાયદો થશે નહીં.

કોંગ્રેસના ધારાસભ્યોએ આરોપ લગાવ્યો હતો કે, કોલસા બ્લોક વિસ્તાર ૨૦૨૩ સુધી PESA કાયદા હેઠળ સુરક્ષિત હતો પરંતુ ૨૦૨૩ અને ૨૦૨૫ની વચ્ચે તેની સ્થિતિ બદલાઈ ગઈ હતી. તેમણે દાવો કર્યો હતો કે, વૃક્ષ કાપણી દરમિયાન સુરક્ષા માટે આ વિસ્તારમાં ૧૫૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. વિપક્ષે કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારો પર અદાણી જૂથને ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો.

**ભાજપ સરકારે આ વૃક્ષ કાપણીને યોગ્ય ઠેરવી હતી :**

તેના જવાબમાં રાજ્યમંત્રી, વનમંત્રી દિલીપ અહિરવારે આરોપોને નકારી કાઢતા કહ્યું હતું કે, વૃક્ષ કાપણી કેન્દ્ર અને રાજ્યના નિયમો અનુસાર થઈ રહી છે. તેમણે સ્પષ્ટતા કરી, ધીરૌલી કોલસા બ્લોક ૩ માર્ચ, ૨૦૨૧ના રોજ ખનીજ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ની જોગવાઈઓ હેઠળ સરાઈ તાલુકાના વિવિધ ગામોમાં ૨૬૭૨ હેક્ટર વિસ્તારમાં કોલસા ખાણકામ માટે સ્ટ્રેટાટેક મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડને ફાળવવામાં આવ્યો હતો.

**મોદી સરકારે મે મહિનામાં પરવાનગી આપી હતી :** મંત્રી આહિરવારે સમજાવ્યું કે ફાળવણી પછી, વન (સંરક્ષણ અને વિકાસ) અધિનિયમ, ૧૯૮૦ હેઠળ ૧૩૯૭.૫૪ હેક્ટર જંગલ જમીનના ટ્રાન્સફર માટેનો પ્રસ્તાવ ભારત સરકારને મોકલવામાં આવ્યો હતો, જેને ૯ મે, ૨૦૨૫ના રોજ અંતિમ મંજૂરી મળી હતી. કોલસા બ્લોક વિસ્તાર PESA કાયદાના સૂચિત ક્ષેત્રમાં આવતો નથી. આહિરવારે સમજાવ્યું કે, ૧૩૯૭.૫૪ હેક્ટર વિસ્તારમાં ૫,૭૦,૬૬૭ વૃક્ષો કાપવાની પરવાનગી આપવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૩૩,૦૦૦ વૃક્ષો કાપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારની શરતોનું પાલન કરીને, અગર માલવા, રાયસેન, શિવપુરી અને સાગર જેવા અન્ય જિલ્લાઓમાં ૧૩.૯૭ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે. તેમણે ધાકધમકી કે સ્થાનિક અધિકારો પર અસરના આરોપોને પણ ફગાવી દીધા.

સંસદીય બાબતોના મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ PESA કાયદા અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે, સિંગરૌલી જિલ્લામાં આદિવાસી વસ્તી ઓછી હોવાથી આ કાયદો ક્યારેય લાગુ કરવામાં આવ્યો ન હતો.

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને પૂર્વ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી જયરામ રમેશે આ ઘટનાને 'પર્યાવરણીય દુર્ઘટના અને સ્થાનિક આદિવાસી સમુદાયો માટે આપત્તિ' ગણાવી. તેમણે પ્રોજેક્ટ માટે કાનૂની અને પર્યાવરણીય મંજૂરીઓમાં અસંખ્ય ઉલ્લંઘનોનો આરોપ લગાવ્યો અને કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારો પર અદાણી જૂથને ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસે ધીરૌલી કોલસા ખાણકામ પ્રોજેક્ટનો મુદ્દો ઘણી વખત ઊઠાવ્યો છે. પર્યાવરણીય ચિંતાઓ માટે આ વિરોધ મધ્યપ્રદેશના રાજકારણમાં અદાણી જૂથના પ્રોજેક્ટ્સને લગતા વધતા વિવાદને દર્શાવે છે. નિષ્ણાતો માને છે કે, મોટા પાયે વનનાબૂદી પાણીના સ્ત્રોતોને અસર કરી રહી છે અને ગ્રામજનોને વિસ્થાપિત કરી રહી છે. જ્યારે સરકારે વળતર અને પુનર્વસન યોજનાઓનો દાવો કર્યો છે, ત્યારે વિપક્ષ આ યોજનાઓને અપૂરતી માને છે. આગામી દિવસોમાં આ મુદ્દો વધુ વકરવાની શક્યતા છે.

**અદાણી ગ્રુપ અને વિવાદો :**

ભારતમાં ગૌતમ અદાણીના નેતૃત્વ હેઠળનું અદાણી ગ્રુપ વીજળી, બંદરો, એરપોર્ટ અને કોલસા ખાણકામ જેવા ક્ષેત્રોમાં ઝડપથી વિસ્તરણ કરી રહ્યું છે, પરંતુ તે અનેક ગંભીર વિવાદોમાં પણ ફસાયેલું છે. ૨૦૨૩માં અમેરિકન શોર્ટ-સેલર હિન્ડનબર્ગે અદાણી પર શેરબજારમાં હેરાફેરી, શેલ કંપનીઓ દ્વારા નાણાં ટ્રાન્સફર અને અબજો ડૉલરની છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. થોડા જ દિવસોમાં જૂથની કંપનીઓનું બજાર મૂડીકરણ ૧૫૦ અબજ ડૉલરથી વધુ ઘટી ગયું. તાજેતરમાં યુએસ ન્યાય વિભાગે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે સૌર ઊર્જા કરાર મેળવવા માટે ૨૬ કરોડ ૫૦ લાખ ડૉલર લાંચ આપવાનો આરોપ લગાવીને કેસ દાખલ કર્યો હતો. ભારતમાં વિપક્ષે વારંવાર તપાસની માંગ કરી છે, પરંતુ મોદી સરકારે તેને નકારી કાઢ્યો છે. આ મુદ્દો સંસદમાં ઊઠાવવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

અદાણી કોલસા ખાણકામ ક્ષેત્રમાં પણ નોંધપાત્ર વિવાદોનો સામનો કરી રહ્યા છે. છત્તીસગઢના હસદેવ અરણ્ય પ્રદેશ અને રાયગઢના પારસા-ગેરે પેલ્મા પ્રદેશમાં, લાખો વૃક્ષો કાપવા, આદિવાસી ગ્રામ પરિષદોની ફરજિયાત સંમતિ અને PESA (વન અધિકારો) કાયદાના ઉલ્લંઘનના આરોપો સામે આવ્યા છે. એ જ રીતે સિંગરૌલી કેસનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો છે. વધુમાં ઈન્ડોનેશિયાથી કોલસાની આયાતમાં અબજો રૂપિયાના ઓવર-ઈનવોઈસિંગ, હલકી ગુણવત્તાવાળા કોલસાને ઊંચા ભાવે વેચવા અને સરકારી કોલસાને ખાનગી પ્લાન્ટમાં વાળવાના ગંભીર આરોપો છે. ત્રીજો મોટો વિવાદ એરપોર્ટ અને બંદર કરારો સાથે સંબંધિત છે. મોદી સરકારે નિયમોમાં ફેરફાર કર્યા અને મુંબઈ, લખનૌ અને અમદાવાદ સહિત છ મોટા એરપોર્ટ અદાણીને સોંપ્યા. વિપક્ષે આને ક્રોની મૂડીવાદનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું છે. ગુજરાતના મુન્દ્રા બંદર પર મેન્ગ્રોવ જંગલોનો વિનાશ અને પર્યાવરણીય નિયમોની અવગણના પણ લાંબા સમયથી વિવાદનો વિષય છે. આમ છતાં અદાણી જૂથ આ આરોપોને સંપૂર્ણપણે નકારે છે અને કહે છે કે, તેના તમામ પ્રોજેક્ટ કાયદેસર છે અને દેશના વિકાસમાં ફાળો આપે છે.

# છૂટાછેડા લીધેલી મુસ્લિમ મહિલા લગ્ન સમયે તેણીને આપવામાં આવેલ સોનું અને પૈસા પરત મેળવવા માટે હકદાર છે : સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમ કોર્ટે એક કેસમાં પતિને મહિલાના બેંક ખાતામાં સીધી રકમ ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપ્યો છે**

(એજન્સી) તા.૬

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ કલકત્તા હાઈકોર્ટના આદેશને રદ કરીને જણાવ્યું હતું કે છૂટાછેડા લીધેલી મુસ્લિમ મહિલા તેના લગ્ન સમયે આપેલા પૈસા અને સોનું પાછા મેળવવા માટે હકદાર છે. કોર્ટે કહ્યું કે, હાઈકોર્ટે સંકુચિત અભિગમ અપનાવ્યો અને મુસ્લિમ મહિલા (છૂટાછેડા પર અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ પાછળના કાયદાકીય ઉદ્દેશ્યની અવગણના કરી છે.



ન્યાયાધીશ સંજય કરોલ અને નોંગમીકાપમ કોટીશ્વર સિંહની બેન્ચે ટ્રાયલ કોર્ટ દ્વારા મૂળ રૂપે માન્યતા પ્રાપ્ત અને સેશન્સ કોર્ટ દ્વારા પુષ્ટિ કરાયેલ રકમ અને ઘરેણાં પર મહિલાનો અધિકાર પુનઃસ્થાપિત કર્યો હતો. ૨ ડિસેમ્બરના રોજ આપવામાં આવેલ ચુકાદો રૂસનારા બેગમ અને તેમના પૂર્વ પતિ એસ.કે. સલાહુદ્દીન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદને લગતો હતો. આ દંપતીએ ૨૦૦૫માં લગ્ન કર્યા હતા અને ૨૦૦૯માં અલગ થઈ ગયા હતા, ત્યારબાદ રૂસનારાએ ભરણપોષણ માટે કાર્યવાહી શરૂ કરી હતી અને IPCની કલમ ૪૯૮છ હેઠળ કેસ પણ ચલાવ્યો હતો. ડિસેમ્બર ૨૦૧૧માં તેમના છૂટાછેડાને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ છૂટાછેડા પછી, તેણીએ ૧૯૮૬ના કાયદાની કલમ ૩ હેઠળ ૧૭.૬૭ લાખ રૂપિયાનો દાવો કરતી અરજી દાખલ કરી હતી. આ રકમમાં મેહર, નોંધપાત્ર રકમ અને ૩૦ ટોળાં સોનું શામેલ હતું, જે અંગે તેણીએ કહ્યું હતું કે લગ્ન સમયે તેના પિતા દ્વારા આપવામાં આવ્યું હતું. લગ્ન રજિસ્ટર એન્ટ્રીઓ (કબિલનામા)ની વિગતવાર ચકાસણી અને લગ્ન રજિસ્ટ્રારની જુબાનીને પગલે ટ્રાયલ કોર્ટે તેણીને ૮ લાખ રૂપિયા અને ૩૦ ભોરી સોનાની કિંમત મંજૂર કરી. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે ૨૦૧૭માં આ તારણની પુષ્ટિ આપી અને ૨૦૧૮માં સેશન્સ કોર્ટે પતિની રિવિઝન અરજી ફગાવી દીધી હતી. કલમ ૨૨૭ હેઠળ તેના સુપરવાઈઝરી અધિકારક્ષેત્ર હેઠળ, કલકત્તા હાઈકોર્ટે નીચેની અદાલતોના નિર્ણયોને રદ કરી દીધા હતા. હાઈકોર્ટ મુખ્યત્વે મહિલાના પિતા દ્વારા અગાઉની ફોજદારી કાર્યવાહીમાં આપેલા નિવેદન પર આધાર રાખ્યો હતો, જ્યાં તેમણે કહ્યું હતું કે પૈસા અને સોનું વરરાજાને આપવામાં આવ્યું હતું. તેના આધારે, તે તારણ કાઢ્યું કે પતિને વસ્તુઓ પરત કરવાની કોઈ જવાબદારી નથી. સુપ્રીમ કોર્ટે અસંમતિ વ્યક્ત કરી, અવલોકન કર્યું કે હાઈકોર્ટે પિતાના નિવેદન પર અયોગ્ય ભાર મૂક્યો હતો, જ્યારે તે સંદર્ભને અવગણ્યો હતો કે તે નિવેદન કયા સંદર્ભમાં કરવામાં આવ્યું હતું. કલમ ૪૯૮A અને દહેજ પ્રતિબંધ કાયદા હેઠળના ફોજદારી કેસમાં, મહિલાના પિતાએ વરરાજાને પૈસા અને સોનું આપવા અંગે જુબાની આપી હતી, છતાં પતિને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. બેન્ચે કહ્યું કે આ કાયદો છૂટાછેડા લીધેલી મુસ્લિમ મહિલાઓ માટે ગૌરવ અને નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે છે અને તેથી સમાનતા અને જીવંત સામાજિક વાસ્તવિકતાઓના લેન્સ દ્વારા અર્થઘટન કરવું જોઈએ. આવા દાવાઓને લગ્નના દિવસે ભૌતિક રીતે વસ્તુઓ કોણે પ્રાપ્ત કરી તે અંગેના તકનીકી વિવાદો સાથે જોઈ શકાય નહીં, કારણ કે કાયદો છૂટાછેડા લીધેલી મહિલાને આપવામાં આવેલી બધી મિલકતોનો સ્પષ્ટપણે હકદાર બનાવે છે. હાઈકોર્ટના ચુકાદાને રદ કરીને, સુપ્રીમ કોર્ટે પતિને સૂચના આપી કે વિગતો શેર કર્યા પછી તે રકમ સીધી મહિલાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરે. તેણે છ અઠવાડિયાની અંદર પાલનનું સોગંદનામું દાખલ કરવું પડશે, નહીં તો તે વાર્ષિક ૯ ટકા વ્યાજ ચૂકવવું પડશે.

# સુપ્રીમ કોર્ટે તેલંગાણાને કહ્યું છે કે, ગ્રીન કવર પુનઃસ્થાપિત કરો અથવા જેલ માટે તૈયાર રહો

(એજન્સી) તા.૬

સુપ્રીમ કોર્ટે બુધવારે તેલંગાણા સરકાર દ્વારા હૈદરાબાદના કાંચા ગાચીબોવલી જંગલમાં ૧૦૦ એકરથી વધુ જમીનમાંથી વૃક્ષો કાપીને ગ્રીન કવર દૂર કરવા પર કડક વાંધો ઊઠાવ્યો અને કહ્યું કે, પર્યાવરણ અને ઈકોલોજીના રક્ષણ માટે તે કોઈપણ રીતે આગળ વધવામાં અચકાશે નહીં અને સરકાર પાસે ફક્ત બે જ વિકલ્પો છે - કાં તો ગ્રીન કવર પુનઃસ્થાપિત કરો અથવા કોર્ટના આદેશોના ઉલ્લંઘન બદલ તેના કેટલાક વરિષ્ઠ અધિકારીઓને જેલ મોકલવા માટે તૈયાર રહો.

રાજ્ય વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, કોઈપણ ભૂલ 'અજાણતાં' છે અને ખાતરી આપી હતી કે, સરકાર કોર્ટના નિર્દેશનું પાલન કરશે, ન્યાયાધીશ બી.આર. ગવઈ અને એ.જી. મસીહની બેન્ચે જવાબ આપ્યો કે, જો સરકાર તેના મુખ્ય સચિવ અને અન્ય અધિકારીઓને જેલમાં જવાથી બચાવવા માંગતી હોય તો તેણે ક્ષતિગ્રસ્ત વિસ્તારના પુનર્જીવન યોજના સાથે આવવું પડશે. જો તમે મુખ્ય સચિવને કડક કાર્યવાહીથી બચાવવા માંગતા હો, તો તમારે એક યોજના બનાવવી પડશે કે તમે તે સો એકર જમીન કેવી રીતે પુનઃસ્થાપિત કરશો. નહિંતર, કેટલાક અધિકારીઓને તળાવની નજીક તે જ જગ્યાએ બાંધવામાં આવેલી કામચલાઉ જેલમાં જવું પડશે. સિંઘવીએ કહ્યું કે, કાયદાની દૃષ્ટિએ સ્વ-પ્રમાણપત્ર દ્વારા ૧૩૦૦ વૃક્ષોને મુક્તિ આપવામાં આવી હતી અને એ પણ ભાર મૂક્યો કે છોડની ચોક્કસ પ્રજાતિઓ હતી જેને મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ બેન્ચે જવાબ આપ્યો કે, કોર્ટની પરવાનગી વિના, કોઈપણ પ્રકારના વૃક્ષો કાપવાની મંજૂરી નથી અને તે તેના આદેશનું ઉલ્લંઘન કરીને કરવામાં આવ્યું છે. બેન્ચે કહ્યું કે, વ્યૂહાત્મક હેતુઓ માટે સરહદી વિસ્તારોમાં રસ્તાઓ પહોળા કરવા જેવા રાષ્ટ્રીય મહત્ત્વના પ્રોજેક્ટ્સ માટે પણ કોર્ટની પરવાનગી જરૂરી છે અને ચાર ધામ યાત્રા માટે રસ્તાઓ પહોળા કરવાના કિસ્સામાં પણ સરકારે કોર્ટની પરવાનગી લીધી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, તેલંગાણા સરકાર તેની કાર્યવાહીને યોગ્ય ઠેરવી શકતી નથી. બેન્ચે કહ્યું કે, લીલોતરી દૂર થયા પછી જંગલી પ્રાણીઓ આશ્રય માટે દોડી રહ્યા છે તે દૃશ્યો જોઈને તેમને આઘાત લાગ્યો છે. રાજ્યના વન્યજીવન વોર્ડન પાસેથી વન્યજીવનના રક્ષણ માટે લેવામાં આવેલા પગલાં અંગે રિપોર્ટ માંગ્યો અને સિંઘવીની અરજીને આ વિસ્તાર માટે પુનર્જીવન યોજના તૈયાર કરવા માટે એક મહિનાનો સમય આપ્યો હતો.

# સરકારે ઈન્ડિગોને મુસાફરોને સંપૂર્ણ રિફંડ આપવા કહ્યું, હવાઈ ભાડાની મર્યાદા નક્કી કરી

**મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રદ કરાયેલ અથવા વિક્ષેપિત બધી ફ્લાઈટ્સ માટે રિફંડ પ્રક્રિયા રવિવારે રાત્રે ૮ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવી આવશ્યક છે**

**'૭ ડિસેમ્બર સુધીમાં રિફંડ આપો, મુસાફરી રિશેડ્યુલિંગ માટે કોઈ ચાર્જ નહીં' : ફ્લાઈટ રદ કરવાના પાંચમા દિવસે ઈન્ડિગો માટે કેન્દ્રના કડક નિર્દેશો; એરલાઈન્સે જવાબ આપ્યો**

**કેન્દ્રએ શનિવારે (૬ ડિસેમ્બર) ઈન્ડિગોને ૭ ડિસેમ્બરે રાત્રે ૮ વાગ્યા સુધીમાં તમામ પેસેન્જર રિફંડ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે, એરલાઈન દ્વારા ફ્લાઈટ રદ અને વિલંબ આજે પાંચમા દિવસે પ્રવેશ્યો છે, ઈન્ડિગો દ્વારા ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કર્યાના એક દિવસ પછી આ નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા, મંત્રાલયે એરલાઈનને ફ્લાઈટ્સ રદ કરવામાં આવેલા મુસાફરો માટે કોઈપણ રિશેડ્યુલિંગ ચાર્જ ન વસૂલવા પણ કહ્યું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપોની હજારો મુસાફરો પર અસર થતાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શનિવારે એરલાઈનને રવિવાર સાંજ સુધીમાં રદ કરાયેલ ફ્લાઈટ્સ માટે ટિકિટ રિફંડ પ્રક્રિયા પૂર્ણ કરવા તેમજ મુસાફરોથી અલગ કરાયેલ સામાન આગામી બે દિવસમાં પહોંચાડવા માટે નિર્દેશ આપ્યો છે. દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો દ્વારા શનિવારે પાંચમા દિવસે ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કર્યા અને વિક્ષેપો સર્જ્યાના એક દિવસ પછી મંત્રાલયે જણાવ્યું હતું કે, રિફંડ પ્રક્રિયામાં કોઈપણ વિલંબ અથવા પાલન ન કરવા પર તાત્કાલિક નિયમનકારી કાર્યવાહી કરવામાં આવશે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રદ કરાયેલ અથવા વિક્ષેપિત બધી ફ્લાઈટ્સ માટે રિફંડ પ્રક્રિયા રવિવારે રાત્રે ૮ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવી આવશ્યક છે. એરલાઈન્સને એવી પણ સૂચના આપવામાં આવી છે કે, જે મુસાફરોની મુસાફરી યોજનાઓ રદ થવાથી પ્રભાવિત થઈ હતી તેમના માટે કોઈપણ રિશેડ્યુલિંગ ચાર્જ વસૂલ ન કરે. શનિવારે વિવિધ એરપોર્ટ પર ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ઈન્ડિગોને સમર્પિત પેસેન્જર સપોર્ટ અને રિફંડ સુવિધા સેલ સ્થાપવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ સેલ્સને અસરગ્રસ્ત મુસાફરોનો સક્રિયપણે સંપર્ક કરવા અને ખાતરી કરવા માટે કાર્ય સોંપવામાં આવ્યું છે કે, રિફંડ અને વૈકલ્પિક મુસાફરી વ્યવસ્થાઓ બહુવિધ ફોલો-અપ કરવામાં આવે. કાર્યવાહી સંપૂર્ણપણે સ્થિર ન થાય ત્યાં સુધી ઓટોમેટિક રિફંડની સિસ્ટમ સક્રિય રહેશે. મંત્રાલયે કહ્યું કે, એરલાઈન્સે ખાતરી કરવી જોઈએ કે, ફ્લાઈટ રદ થવા અથવા વિલંબને કારણે મુસાફરોથી અલગ કરાયેલ સામાન આગામી ૪૮ કલાકમાં શોધી કાઢવામાં આવે અને તેમને પહોંચાડવામાં આવે. ઈન્ડિગો ફ્લાઈટ વિક્ષેપો વચ્ચે સરકારે શનિવારે હવાઈ ભાડા મર્યાદા રજૂ કરી હતી કારણ કે, ઘણા રૂટ પર હવાઈ ટિકિટના ભાવમાં વધારો થયો હતો. સતત પાંચ દિવસથી દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગોએ સેંકડો ફ્લાઈટ્સ રદ કરી છે, જે મુખ્યત્વે ક્રૂની મુશ્કેલીઓને કારણે છે. ઓછી સંખ્યામાં ફ્લાઈટ્સ હોવાથી ચોક્કસ રૂટ પર હવાઈ ભાડામાં વધારો થયો છે. આ પરિસ્થિતિની ગંભીર નોંધ લેતા નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું કે, તેણે તમામ અસરગ્રસ્તો માટે વ્યાજબી અને વ્યાજબી ભાડા સુનિશ્ચિત કરવા માટે નિયમનકારી સત્તાઓનો ઉપયોગ કર્યો છે. પરિસ્થિતિ સ્થિર થાય ત્યાં સુધી મર્યાદાઓ અમલમાં રહેશે. બધી એરલાઈન્સને એક સત્તાવાર નિર્દેશ જારી કરવામાં આવ્યો છે જેમાં હવે નિર્ધારિત ભાડા મર્યાદાઓનું કડક પાલન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

# ગાઝાથી બીમાર હાલતમાં લાવવામાં આવેલા બાળકોની ગુપચુપ મુલાકાત લેતા પ્રિન્સ વિલિયમ, બાળકોનું સાહસ અને હિંમત જોઈને ભાવુક બન્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ગાઝાથી અત્યંત બીમાર અને ગંભીર હાલતમાં બ્રિટન સારવાર માટે લાવવામાં આવેલા બાળકોની પ્રિન્સ ઓફ વેલ્સ પ્રિન્સ વિલિયમે ગુપ ચુપ મુલાકાત લીધી હતી તેમ એક અહેવાલ જણાવે છે. ગાઝાના કેટલાક બાળકોના એક જૂથને ખૂબ જ ગંભીર બીમાર પડી જવાથી સારવાર માટે યુકે લાવવામાં આવ્યા છે. સુરક્ષાના કારણોસર પ્રિન્સ વિલિયમની બાળકો સાથેની મુલાકાતનું સ્થળ જાહેર કરવામાં આવ્યું નહોતું અને મુલાકાત ગુપ્ત રાખવામાં આવી હતી. તેમણે બાળકોને અંગત રીતે સધિયારો અને હિંમત આપવા માટે અને એમના પરિવારજનોને આવી માનવતાની કટોકટીના સમયમાં ટેકો પ્રદાન કરવા માટે તેમની મુલાકાત લીધી હતી તેમ રોયલ ન્યૂઝ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. કેન્સિંગ્ટન પેલેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે બાળકોએ જે હિંમત અને સાહસનું પ્રદર્શન કર્યું છે એ જોઈને પ્રિન્સ વિલિયમ ખૂબ જ ભાવુક બની ગયા હતા અને તેમણે કદી કોઈ બાળક જે મુસીબત અને જે અનુભવ ન કરે એવા અનુભવની બાળકોના મોઢે અનુભૂતિ કરી હતી અને એમની વિગતો સાંભળી હતી. આવા પડકાર ભર્યા સમયમાં બાળકોને કાળજી સાથે એમની સંભાળ રાખવા બદલ પ્રિન્સ વિલિયમે એન. એચ. એસ.ની પ્રશંસા કરી હતી અને એમની માનવતા તથા વ્યવસાયીક અભિગમના વખાણ કર્યા હતા. ૫૦ જેટલા બાળકોના એક જૂથને સારવાર માટે યુકે લાવવામાં આવ્યું છે તેમને આ વર્ષે જ ગાઝામાંથી સ્થળાંતર કરાવીને યુકે લાવવામાં આવ્યા હતા. બ્રિટનના આરોગ્ય અને સામાજિક કલ્યાણ વિભાગ દ્વારા એમની કાળજી લેવામાં આવી રહી છે અને સારવાર કરાવવામાં આવી રહી છે. ગાઝામાં તો આરોગ્ય વ્યવસ્થા સંપૂર્ણ પડી ભાંગી હોવાથી બાળકોને અહીં લાવવા પડ્યા હતા.

# ફ્લાઈટ રદ થતા યાત્રીઓની મદદ માટે રેલવેના પ્રયાસો : ૩૭ ટ્રેનોમાં ૧૧૬ વધારાના કોચ ઉમેરાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ઈન્ડિગોની ફ્લાઈટ્સ મોટાપાયે રદ્દ થવાના કારણે મુસાફરોને પડી રહેલી હાલાકીને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવેએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. દેશભરમાં કુલ ૩૭ ટ્રેનોમાં ૧૧૬ વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે, જેના દ્વારા ૧૧૪ વધારાની ટ્રિપ્સ ચલાવવામાં આવશે. આ પગલું મુસાફરોની વધતી માંગને પહોંચી વળવા અને તેમને પરિવહનની વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવા માટે લેવામાં આવ્યું છે. આ વધારાના કોચની વ્યવસ્થામાં, દક્ષિણ રેલવે (SR) સૌથી મોખરે છે, તેણે ૧૮ ટ્રેનોમાં ક્ષમતા વધારી છે. વધુ માંગવાળા રૂટ પર વધારાના ચેર કાર અને સ્લીપર ક્લાસના કોચ ગોઠવવામાં આવ્યા છે. આ વધારો ૬ ડિસેમ્બરથી લાગુ કરવામાં આવ્યો છે, જે દક્ષિણ પ્રદેશમાં બેઠક ક્ષમતામાં મોટો વધારો કરે છે. આ ઉપરાંત, ઉત્તર રેલવે (NR) દ્વારા પણ આઠ ટ્રેનોમાં વધારાના 3AC અને ચેર કાર કોચ ઉમેરીને ઉત્તરના ભારે પ્રવાસવાળા કોરિડોર પર ઉપલબ્ધતા વધારવામાં આવી છે. પશ્ચિમી ક્ષેત્રમાં મુસાફરોની રાષ્ટ્રીય રાજધાની તરફની મજબૂત અવરજવરને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવે (WR) દ્વારા ચાર હાઈ-ડિમાન્ડ ટ્રેનોમાં 3AC અને 2AC કોચ ઉમેરવામાં આવ્યા છે, જે ૬ ડિસેમ્બરથી અમલમાં છે. પૂર્વમાં પણ પૂર્વ મધ્ય રેલવે (ECR)એ રાજધાની એક્સપ્રેસ (૧૨૩૦૯)ને ૬થી ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન પાંચ ટ્રિપ્સ માટે વધારાના 2AC કોચ સાથે મજબૂત બનાવી છે, જે બિહાર-દિલ્હી સેક્ટર માટે ક્ષમતામાં વધારો કરે છે. પૂર્વ કોસ્ટ રેલવે (ECOR)એ ભુવનેશ્વર-નવી દિલ્હી સેવાઓમાં પાંચ ટ્રિપ્સમાં 2AC કોચ ઉમેરીને ઓડિશા અને રાજધાની વચ્ચેની કનેક્ટિવિટી સુધારી છે. પ્રાદેશિક અને આંતર-રાજ્ય મુસાફરીની વધતી માંગને પૂરી કરવા માટે, પૂર્વીય રેલવે (ER)એ ૭-૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ છ ટ્રિપ્સ પર સ્લીપર ક્લાસ કોચ ઉમેરીને ત્રણ મુખ્ય ટ્રેનોમાં વધારો કર્યો છે. તદુપરાંત, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલવે (NFR)એ પણ ૬થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન આઠ-આઠ ટ્રિપ્સ માટે 3AC અને સ્લીપર કોચ સાથે બે મહત્ત્વપૂર્ણ ટ્રેનોમાં ક્ષમતા સુનિશ્ચિત કરી છે. આ કોચ વધારાની સાથે, ભારતીય રેલવે મુસાફરોને વધુ સહાય પૂરી પાડવા માટે ચાર વિશેષ ટ્રેન સેવાઓ પણ ચલાવી રહી છે. ગોરખપુર—આનંદ વિહાર ટર્મિનલ – ગોરખપુર સ્પેશિયલ (૦૫૫૯૧/૦૫૫૯૨) ૦૭ અને ૦૯ ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ચાર ટ્રિપ્સનું સંચાલન કરશે. જમ્મુ પ્રદેશને ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડવા માટે નવી દિલ્હી – શહીદ કેપ્ટન તુષાર મહાજન – નવી દિલ્હી રિઝર્વ્ડ વંદે ભારત સ્પેશિયલ (૦૨૪૩૯/૦૨૪૪૦) ૬ ડિસેમ્બરે દોડશે. પશ્ચિમી ક્ષેત્રમાં, નવી દિલ્હી—મુંબઈ સેન્ટ્રલ—નવી દિલ્હી રિઝર્વ્ડ સુપરફાસ્ટ સ્પેશિયલ (૦૪૦૦૨/૦૪૦૦૧) ૬ અને ૭ ડિસેમ્બરે ચાલશે. આ ઉપરાંત, હઝરત નિઝામુદ્દીન—તિરુવનંતપુરમ સેન્ટ્રલ રિઝર્વ્ડ સુપરફાસ્ટ સ્પેશિયલ (૦૪૦૮૦) ૬ ડિસેમ્બરે વન-વે દોડશે.

# દક્ષિણ આફ્રિકા : પ્રિટોરિયામાં સામૂહિક ગોળીબારમાં ૧૧નાં મોત, ૧૪ ઘાયલ

(એજન્સી) તા.૬

શનિવારે પ્રિટોરિયામાં થયેલા ભયાનક ગોળીબારમાં મૃત્યુઆંક વધીને ૧૧ થયો છે, જેના કારણે એટરીજવિલેની સાઉલવિલે હોસ્ટેલ પર શોકનું મોજું ફરી વળ્યું છે, જ્યાં વહેલી સવારે આ દુર્ઘટના બની હતી. સાઉથ આફ્રિકન પોલીસ સર્વિસ (SAPS) અનુસાર ૨૫ લોકોને ગોળી મારવામાં આવી હતી, જેમાં ૧૧ મૃત્યુ પામ્યા છે અને ૧૪ ઘાયલ થયા છે, જેમને હવે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પીડિતોમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે - ૩ અને ૧૨ વર્ષના બે છોકરાઓ અને એક ૧૬ વર્ષની છોકરી - આ વિગતે દેશના દુઃખને વધુ ગહન બનાવ્યું છે. આ ગોળીબાર એક ગેરકાયદેસર 'શીબીન' (દારૂની દુકાન)ની અંદર થયો હતો, જ્યાં થોડા લોકો દારૂ પી રહ્યા હતા. સ્થાનિક અહેવાલો મુજબ ગોળીબાર સવારે ૪:૧૫ વાગ્યે શરૂ થયો હતો પરંતુ પોલીસને લગભગ બે કલાક પછી જાણ કરવામાં આવી હતી. અધિકારીઓ પહોંચ્યા ત્યારે તેઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી, ફોરેન્સિક અને બેલેસ્ટિક્સ ટીમોને બોલાવી અને ત્રણ અજાણ્યા બંદૂકધારીઓ માટે સઘન શોધખોળ શરૂ કરી, જેઓ હોસ્ટેલમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હોવાનું માનવામાં આવે છે. SAPSના પ્રવક્તા બ્રિગેડિયર અથલેન્ડા માથેએ જણાવ્યું હતું કે, ડિટેક્ટીવ્સ અને સીરિયસ એન્ડ વાયોલન્ટ ક્રાઈમ યુનિટ હવે અંધાધૂંધીભરી રાત્રીના 'ટુકડાઓ એકઠા કરી રહ્યા છે.' તેમણે ગેરકાયદેસર અને બિન-લાયસન્સવાળા દારૂના સ્થળોથી થતાં સતત જોખમો પર પણ ભાર મૂક્યો હતો અને નોંધ્યું હતું કે, માત્ર એપ્રિલ અને સપ્ટેમ્બરની વચ્ચે સત્તાવાળાઓએ ૧૧,૯૭૫ ગેરકાયદેસર આઉટલેટ્સ બંધ કર્યા હતા અને ગેરકાયદેસર દારૂ વેચાણમાં સંડોવાયેલા ૧૮,૬૦૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. પ્રિટોરિયા હત્યાકાંડ ગયા મહિને કેપ ટાઉનના ફિલિપી ઈસ્ટમાં રોડ R53 પર થયેલા અન્ય એક ઘાતક બનાવ પછી થયો છે,

### આ પ્રકારની પ્રથા નાગરિકોના વિરોધ કરવાના હકને અસર કરે છે : હાઈકોર્ટ

# ગુજરાત હાઈકોર્ટે ૧૪૪ હેઠળ કાયમી અને સંપૂર્ણ પ્રતિબંધોના આદેશો રદ કર્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૬

ગુજરાત સરકાર દ્વારા ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૧૪૪ લાગુ કરીને પ્રતિબંધાત્મક આદેશો સતત રીતે જારી કરીને લોકોના અધિકારો ઉપર નિયંત્રણ કરવામાં આવતું હોવાના મુદ્દે કરવામાં આવેલી પિટિશન ગુજરાત હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ અવલોકનો સાથે સ્વીકાર કર્યો હતો અને રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારના જાહેરનામા બાબતે કેટલાક પીકાત્મક અવલોકનો કર્યા હતા અને આ પ્રકારની પ્રથા નાગરિકોના વિરોધ કરવાના હકને અસર કરે છે. તેવું અવલોકન કરવા સાથે આવા પ્રકારના જાહેરનામા જારી કરતા પહેલા યોગ્ય કાર્યવાહીનું અનુસરણ કરવા માટે આદેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ અને અન્યોએ રાજયના શહેરોમાં કાયમી ધોરણે ૧૪૪ હેઠળ જાહેરનામું જારી રાખવાની પ્રથાને રાષ્ટ્રીય ધોરણે ઉઠાવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે પોતાના એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં, ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ની કલમ ૧૪૪ (હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩) અને ગુજરાત પોલીસ અધિનિયમ (G.P. Act)ની કલમ ૩૭(૧) હેઠળ જારી કરાયેલા પ્રતિબંધાત્મક આદેશોને રદ કરી દીધા છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે સત્તાવાળાઓ દ્વારા આ સત્તાઓનો સતત, પુનરાવર્તિત અને ઘણીવાર કારણ વગરનો ઉપયોગ એ મનસ્વી કાર્યવાહી હતી, જેણે નાગરિકોના મૂળભૂત અધિકારો, ખાસ કરીને કાયદેસર અને શાંતિપૂર્ણ વિરોધ કરવાનો અધિકારનું ઉલ્લંઘન

#### નાગરિકોના વિરોધ કરવાના અધિકારને જાળવી રાખ્યો

કર્યું હતું. આ કેસ, જે ૨૦૧૯માં સિટીઝન્સ એક્ટ એટલે કે નાગરિકતા અધિનિયમના અમલ સામે વિરોધ કરી રહેલા નવીન માથુર સહિતના અરજદારો દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો, તેણે ૨૦૧૬થી ૨૦૧૯ દરમિયાન કલમ ૧૪૪ હેઠળ વારંવાર પ્રતિબંધાત્મક નોટિફિકેશન જારી કરવાની પ્રથાને પડકારી હતી. સુનાવણીના અંતે કોર્ટે નોંધ્યું કે આ સતત આદેશો જારી કરીને, સત્તાવાળાઓ કલમ ૧૪૪(૪)માં નિર્ધારિત બે મહિનાની મહત્તમ મર્યાદા કરતાં વધુ સમય માટે પ્રતિબંધોને અમલમાં રાખવામાં સફળ થયા હતા. એટલે કે તેઓએ નિર્ધારિત મર્યાદા કરતા સતત આવા આદેશો ચાલુ રહ્યા હતા. ન્યાયમૂર્તિ એમ. આર. મેંગડે એ ચુકાદામાં જણાવ્યું હતું કે આ પ્રથા કાયદાકીય જોગવાઈઓને ટાળવાનો સ્પષ્ટ પ્રયાસ હતો. સર્વોચ્ચ અદાલતનાં અવલોકનોને ટાંકીને, ચુકાદામાં પુનરોચ્ચાર કરવામાં આવ્યો કે કલમ ૧૪૪ હેઠળના આદેશો ફક્ત તાત્કાલિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે છે અને તેનો હેતુ કાયમી કે અર્ધ-કાયમી સ્વરૂપનો નથી. તદુપરાંત, કોર્ટે શોધી કાઢ્યું કે સત્તાવાળાઓએ કલમ ૧૪૪(૪)ની જોગવાઈ મુજબ આદેશની અવધિ વધારવા માટે રાજ્ય સરકારનો સંપર્ક કર્યો ન હતો, પરંતુ તેના બદલે શ્રેણીબદ્ધ રીતે અવારનવાર કરવાની યુક્તિ અપનાવી હતી. હાઈકોર્ટે આવશ્યક વિગતોના અભાવ બદલ નોટિફિકેશનની સખત ટીકા કરી હતી. કોર્ટે અવલોકન કર્યું કે વિવાદિત આદેશો, જેમાં પોલીસ કમિશનર, અમદાવાદ શહેર દ્વારા ૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ જી.પી. એક્ટની કલમ ૩૭(૧) હેઠળ જારી કરાયેલું નોટિફિકેશન પણ સામેલ હતું, તેમાં આવા પ્રતિબંધાત્મક સત્તાનો ઉપયોગ કરવા માટે જરૂરી ભૌતિક તથ્યો અથવા કારણો જણાવવામાં આવ્યા ન હતા. બેન્ચે નોંધ્યું હતું કે બંધારણીય અધિકારોને અસર કરતી સત્તાનો ઉપયોગ પારદર્શક હોવો જોઈએ અને વ્યાજબી દેખાવો જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સત્તાવાળાઓએ સૌપ્રથમ એવા નિષ્કર્ષ પર આવવું જોઈએ કે જાહેર શાંતિમાં ખલેલ અટકાવવા માટે આ સત્તાઓનો ઉપયોગ કરવો જરૂરી છે. સુપ્રીમ કોર્ટના અનુરાધા ભસીન વિરૂદ્ધ યુનિયન ઑફ ઇન્ડિયાના ચુકાદા પર આધાર રાખીને, હાઈકોર્ટે ભાર મૂક્યો કે આવા આદેશો જારી કરતા પહેલા પૂર્વ તપાસ થવી જોઈએ, જે કરવામાં સત્તાવાળાઓ નિષ્ફળ રહ્યા હતા. કોર્ટે એ પણ પ્રકાશિત કર્યું કે, કટોકટીના કેસો સિવાય, સત્તાવાળાઓએ પ્રતિબંધો લાદતા પહેલા અસરગ્રસ્ત પક્ષકારોને નોટિસ જારી કરવી જરૂરી છે. સંપૂર્ણ પ્રતિબંધ (Blanket Ban)ના મુદ્દાને પણ સંબોધવામાં આવ્યો હતો. ઉદાહરણ તરીકે, ૩ નવેમ્બર, ૨૦૨૫ના નોટિફિકેશને ફક્ત ચોક્કસ વિસ્તારોમાં હિંસાની ઘટનાઓ ટાંકી હોવા છતાં, અમદાવાદ શહેરના સમગ્ર રહેવાસીઓને અમુક કૃત્યો કરવાથી અટકાવ્યા હતા. કોર્ટે ચુકાદો આપ્યો કે આ અભિગમ, જેણે વિરોધ કરવાના બંધારણીય અધિકારને મર્યાદિત કર્યો હતો, તે પ્રતિબંધ અને જાહેર અવ્યવસ્થાને રોકવાની આવશ્યકતા વચ્ચેનો તર્ક અને નિકટવર્તી જોડાણ દર્શાવવામાં નિષ્ફળ ગયો હતો. કોર્ટે સત્તાવાળાઓને એ પણ યાદ અપાવ્યું કે કલમ ૧૪૪ હેઠળની સત્તાઓનો આશરો અન્ય ઉપલબ્ધ શાંતિ જાળવવાના પગલાં નિષ્ફળ ગયા પછી, છેલ્લા ઉપાય તરીકે જ લેવો જોઈએ. અંતે, કોર્ટે પ્રચારના મુદ્દાને સંબોધિત કર્યો. જ્યારે રાજ્યએ દલીલ કરી કે આદેશોનો પ્રચાર કરવામાં આવ્યો હતો, ત્યારે અરજદારોએ પૂરતા પ્રચારનો અભાવ સફળતાપૂર્વક દર્શાવ્યો હતો. કોર્ટે ચુકાદો આપ્યો કે વર્તમાન યુગમાં, ફક્ત સત્તાવાર ગેઝેટમાં આદેશો પ્રકાશિત કરવા પૂરતું નથી, કારણ કે સામાન્ય જનતાને તે સરળતાથી ઉપલબ્ધ હોતી નથી. ચુકાદામાં ફરજિયાત કરવામાં આવ્યું કે સત્તાવાળાઓએ આવા આદેશોનો વ્યાપક પ્રચાર સુનિશ્ચિત કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સહિતના સામૂહિક સંદેશાવ્યવહારના આધુનિક માધ્યમો નો ઉપયોગ કરવો જોઈએ. આ આદેશો ભલે તેમની 'અવધિ પૂરી કરી ચૂક્યા' હોય, તેમ છતાં કોર્ટે ન્યાયિક ચકાસણી કરતા જણાવ્યું હતું કે અરજદારો અને અન્ય લોકો જેઓ આ જાહેરનામાના ઉલ્લંઘન બદલ કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે તેમના માટે જાહેરનામાની પૂર્વ માન્યતા જરૂરી હતી. હાઈકોર્ટે વિવાદિત જાહેરનાઓને રદ કર્યા હતા અને પરંતુ જવાબદાર સત્તાવાળાઓને ભવિષ્યમાં BNSS અથવા જી.પી. એક્ટની કલમ ૩૭ હેઠળ સત્તાનો ઉપયોગ કરતી વખતે પ્રક્રિયાગત પાસાઓ અને આંતરિક સુરક્ષાને સખત રીતે વળગી રહેવા માટે નિર્દેશ પણ આપ્યો, જેમાં સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રચાર પ્રદાન કરવાનો પણ સમાવેશ થાય છે.

### ઈન્ડિગો દ્વારા યોગ્ય જવાબ ન મળતો હોવાનો મુસાફરોનો આક્ષેપ

# ગુજરાતમાં ઈન્ડિગોની ૭૯ ફ્લાઈટ રદ

#### અમદાવાદ એરપોર્ટ પર NSUI-યૂથ કોંગ્રેસનો વિરોધ




(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૬

પાઈલટ્સ અને ક્રૂ-મેમ્બર્સની અછતને કારણે દેશની સૌથી મોટી બપોરના ૧ વાગ્યાની આસપાસ મુસાફરોને પડતી હાલાકીને લઈ વિરોધ કરવા આવેલા NSUI અને યૂથ કોંગ્રેસના ૨૦થી વધુ કાર્યકરોની પોલીસે ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી.

૫ ડિસેમ્બરે ઈન્ડિગો એરલાઈન્સના CEO પીટર એલ્બર્સે સોશિયલ મીડિયા X

#### ઈન્ડિગોનું સંકટ વધુ ઘેરૂં : અમદાવાદ એરપોર્ટ પર ૩ ફ્લાઈટ્સ રદ, મુસાફરોમાં અંધાધૂંધી, સરકારે રિફંડનો આદેશ આપ્યો

એરલાઈનની કટોકટીના ચોથા દિવસે પણ ઈન્ડિગોની રાત્રિના ૧૨ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૭૯ ફ્લાઈટ રદ થઈ હતી. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના અધિકારીના જણાવ્યા અનુસાર, અમદાવાદથી જતી ૩૭ અને આવતી ૩૫ ફ્લાઈટ એમ કુલ ૭૨ ફ્લાઈટ કેન્સલ થઈ છે. આ સાથે જ વડોદરા એરપોર્ટની ૬, રાજકોટ એરપોર્ટની એક ફ્લાઈટ રદ થઈ છે. દિવસ દરમિયાન તમામ એરપોર્ટ પર આવતી અને જતી ફ્લાઈટ એકંદરે અડધો કલાકથી વધુ મોડી પડી રહી છે. ફ્લાઈટની હાલાકીના કારણે અમદાવાદ એરપોર્ટ પર એક યુવતી રડી પડી હતી. ઈન્ડિગો એરલાઈનના કાઉન્ટર પર ઈક્વાયરી માટે મુસાફરોની લાંબી લાઈનો લાગી હતી. કોઈ પોતાના બેગેજ માટે તો કોઈ પોતાના ટિકિટના કન્ફર્મેશન માટે લાઈનમાં ઊભા હતા. ઈન્ડિગો દ્વારા યોગ્ય જવાબ ન મળતો હોવાનો પણ આક્ષેપ મુસાફરોએ કર્યો હતો. પર પોસ્ટ કરી મુસાફરોની માફી માગતાં જણાવ્યું હતું કે ૧૫ ડિસે. સુધીમાં જેનું બુકિંગ છે, તેણે હાલાકી ભોગવવી પડી શકે છે, જોકે ગઈકાલે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર ૧૫૫ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. સરકારે રિફંડ આપવાનો આદેશ કર્યો છે.

### 'સરદાર@150' રાષ્ટ્રીય એકતા પદયાત્રાની એકતાનગરમાં પૂર્ણાહુતિ

# એકતા પદયાત્રા દેશના જન અને મનને જોડવાનું માધ્યમ બની : ઉપરાષ્ટ્રપતિ

### દેશના કોઈપણ ખૂણે 'કેમ છો ?'નો ઉચ્ચાર થાય છે, આ ભાવના ગુજરાતની પ્રગતિશીલ વિચારસરણી : સી.પી. રાધાકૃષ્ણન

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૬

લોખંડી પુરૂષ, દેશના પ્રથમ ગૃહમંત્રી, ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે તેમને સ્મરણાંજલિ આપવા માટે કરમસદથી નીકળેલી 'સરદાર@૧૫૦' રાષ્ટ્રીય એકતા પદયાત્રા ૧૧ દિવસના પરિભ્રમણ બાદ એકતાનગર સ્થિત સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પરિસરમાં પૂર્ણ થઈ હતી. એકતા પદયાત્રાના સમાપન સમારોહમાં ઉપસ્થિત ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આ પદયાત્રાને ભારતના અમર આત્માના ઉત્સવ તરીકે ગણાવી હતી. એકતા પદયાત્રા દેશના જન અને મનને જોડવાનું માધ્યમ બની છે, જેમાં એકતા, કર્તવ્ય અને રાષ્ટ્ર નિર્માણની ભાવનાનો સમન્વય જોવા મળ્યો હોવાનું ગર્વભેર જણાવ્યું હતું.




ઉપરાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે, સરદાર પટેલ આપણા શ્રેષ્ઠ રાષ્ટ્રીય નાયક હતા, જેમણે કુશળ નેતૃત્વ પૂરૂ પાડીને ૫૬૦થી વધુ રજવાડાઓને એકીકૃત કર્યા. એક અને અખંડ ભારતના નિર્માણમાં સરદાર સાહેબનું યોગદાન પેઢીઓ સુધી અમર રહેશે.

દેશભરમાં ૧૩૦૦થી વધુ પદયાત્રાઓમાં ૧૪ લાખથી વધુ યુવાનોની ભાગીદારી એ સિદ્ધ કરે છે કે સરદાર પટેલ દ્વારા પ્રજવલિત એકતાની જ્યોત આજે પણ પ્રજવલિત છે એમ ગૌરવ સાથે જણાવતા તેમણે એમ પણ કહ્યું કે, સરદાર સાહેબ સાથે જોડાયેલી આ પદયાત્રાએ સમગ્ર દેશમાં એકતા, ભાઈચારા તથા એક ભારત, શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારતનો સંદેશ પ્રસરાવ્યો છે.

સરદાર સાહેબે પોતાના સાદગીભર્યા વ્યક્તિત્વથી વિશ્વને સંદેશ આપ્યો હતો કે "એગ્રીકલ્ચર ઈઝ અવર કલ્ચર.. અમારી સંસ્કૃતિનું મૂળ કૃષિ છે અને એ જ અમારી ઓળખ છે. એમ જણાવી તેમણે ઉમેર્યું કે સરદાર પટેલે સમગ્ર રાષ્ટ્રને એકતાના સૂત્રમાં પરોવીને ભારતને એક, અખંડ અને મજબૂત બનાવ્યું.

વિશ્વને અહિંસા અને સત્યનો માર્ગ બતાવનાર મહાત્મા ગાંધીજી, દેશને એકતાના તાંતણે બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલ અને વિકાસને રાષ્ટ્રીય આંદોલન બનાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જન્મભૂમિ ગુજરાત છે એમ ગૌરવપૂર્વક જણાવી તેમણે ઉલ્લેખ કર્યો કે, દેશના કોઈ પણ ખૂણે 'કેમ છો ?'નો ઉચ્ચાર થાય છે, ત્યારે પ્રત્યુત્તરમાં 'મજામાં!' સાંભળવા મળે છે, આ ભાવના ગુજરાતની પ્રગતિશીલ વિચારસરણી અને વડાપ્રધાનશ્રીના લોકપ્રિય નેતૃત્વનું પ્રતિબિંબ છે.

છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતે આર્થિક, સામાજિક, સૈન્ય અને વિદેશ નીતિ, રણનીતિ જેવા અનેક ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે.

ઉપરાષ્ટ્રપતિએ યુવાનોને ડ્રગ્સના અજગર ભરડામાં ક્યારેય ન ફસાવાની શીખ આપી. ઉપરાષ્ટ્રપતિએ યુવાનોને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત, સશક્ત ભારત'ની ભાવના સાથે રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, બારડોલી સત્યાગ્રહે સરદાર સાહેબને દેશભરમાં મજબૂત અને કદાવર જનનેતાના રૂપમાં પ્રસ્થાપિત કર્યા હતા. અંગ્રેજોના અત્યાચારી કર વધારા સામે વલ્લભભાઈ પટેલે આગળ આવીને નેતૃત્વ લીધું હતું. તે સમયે તેઓ એક સફળ વકીલ હતા અને આરામદાયક જીવન જીવી શકતા હતા, પરંતુ તેમણે દેશ સેવા માટે પોતાની વકીલાત છોડી દીધી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનું વર્ષ સમગ્ર દેશમાં રાષ્ટ્રગૌરવને ઉજાગર કરતું એક ઐતિહાસિક વર્ષ બની રહ્યું છે. આ વર્ષ રાષ્ટ્રગાન વંદે માતરમ, ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ તથા સરદાર સાહેબના વિચારધારાના વૈશ્વિક પ્રચાર–પ્રસારનું પ્રેરણાસ્રોત બની રહ્યું છે.

કેન્દ્રીય રમતગમત અને યુવા પ્રવૃત્તિઓ મંત્રી ડો. મનસુખ માંડવીયાએ કહ્યું કે, આ પદયાત્રા સરદાર સાહેબના પૈતૃક ગામ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર) સુધીની ૧૫૦ કિલોમીટરની અંતિમ તબક્કાની પદયાત્રામાં પોતે ચાર દિવસ સુધી ભાગ લીધો હતો. તેમણે ૧૫૦ કાયમી પદયાત્રીઓની સાથે દેશભરમાંથી અસંખ્ય યુવાનો અને મહિલાઓ તેમજ ગુજરાતના ખૂણે ખૂણેથી હજારો યુવાનો પોતાની ક્ષમતા મુજબ એક, બે કે ત્રણ દિવસ માટે યાત્રામાં જોડાયા હતા, જેના કારણે આ પદયાત્રા ખરા અર્થમાં 'વિચારની યાત્રા' બની ગઈ છે.

આ વેળાએ ઉપસ્થિત સૌએ સ્વદેશી અપનાવી 'આત્મનિર્ભર ભારત'ના નિર્માણના શપથ ગ્રહણ કર્યા હતા.

### કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે બનાસ ડેરી હસ્તકના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

# આજે ગામડાનો ખેડૂત પોતાની પ્રોડક્ટ વિશ્વસ્તરે વેચી શકે તેવી વ્યવસ્થા ઊભી કરાઈ : શાહ

### આગામી પાંચ વર્ષમાં પશુપાલકોની આવકમાં ૨૦ ટકાનો વધારો થશે : કેન્દ્રીય ગૃહમંત્રી

(સંવાદદાતા દ્વારા)
ડીસા, ગાંધીનગર, તા.૬

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે બનાસ ડેરી હસ્તકના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું. વાવ-થરાદ જિલ્લાના દિયોદર તાલુકાના સણાદર ડેરી ખાતે કેન્દ્રીય સહકાર મંત્રાલયના ડેલિગેશનની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મંત્રી અમિત શાહે સણાદર ડેરી ખાતે બનાસ રેડિયો સ્ટેશન, પોટેટો પ્લાન્ટ તથા આઈસક્રીમ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. તેમણે સંસદીય પરામર્શ સમિતિના સભ્યો અને બનાસ ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથે બેઠક યોજી હતી.

આ કાર્યક્રમમાં ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, બનાસ ડેરી દ્વારા અમલમાં મૂકાયેલ સહકાર મોડેલ આજે દેશ-વિદેશ માટે પ્રેરણારૂપ બન્યું છે. બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વર્ગીય ગલબાભાઈએ જોયેલું સ્વપ્ન બનાસના લોકોએ પૂર્ણ કર્યું છે. સ્વર્ગીય ગલબાભાઈએ


(તસવીર : જમીલ મેમણ, ડીસા)

પશુપાલકોના હિતમાં વર્ષ ૧૯૮૯માં ફક્ત આઠ ગામની દૂધ મંડળીઓ થકી દૂધ મેળવવાની શરૂઆત કરી હતી તે સંસ્થા આજે ૨૪ હજાર કરોડના ટર્નઓવર સુધી પહોંચી છે. જે યાત્રા ફક્ત ૪૦૦ રૂપિયાથી શરૂ કરીને આજે ૨૪ હજાર કરોડના વેપાર સુધી પહોંચી છે તેનો શ્રેય અહીંના પશુપાલકોને જાય છે.

અમિત શાહે વધુમાં જણાવ્યું કે, સહકાર મંત્રાલય થકી ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે કામ થઈ રહ્યું છે. ડેરીને ચક્રીય વ્યવસ્થા બનાવાશે જેનો સીધો ફાયદો પશુપાલકોને મળી રહેશે તથા આગામી પાંચ વર્ષમાં પશુપાલકોની આવકમાં ૨૦ ટકાનો વધારો થશે. સરકારની વિવિધ યોજનાઓ થકી શ્વેતક્રાંતિ ૨.૦ને સફળ બનાવવા અને ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સૌ કોઈને સાથે મળીને કામ કરવા હાકલ કરી હતી. આગામી સમયમાં ડેરી પ્રોડક્ટ સાથે સાથે અનેક ક્ષેત્રમાં સહકારિતાની ભાગીદારી વધારવામાં આવશે. આજે ગામડાનો ખેડૂત પોતાની પ્રોડક્ટ વિશ્વ સ્તરે વેચી શકે તે મુજબની વ્યવસ્થા ઉભી કરાઈ છે. આગામી જાન્યુઆરી ૨૦૨૬માં દેશની ૨૫૦ જેટલી ડેરીના ચેરમેન અને એમ.ડી બનાસ મોડલ વિકાસને નજીકથી જોવા માટે બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લેશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, ખેડૂતો વિશ્વ સ્તરે પોતાની પ્રોડક્ટ વેચી શકે તે માટે ભારત સરકારે સંસ્થા સ્થાપી છે જેનું ફક્ત ૧ વર્ષમાં ૪૨૮૩ કરોડનું ટર્નઓવર થયું છે.

આ પ્રસંગે મંત્રી પ્રવીણ માળી અને જીતુભાઈ વાઘાણીએ બનાસ મોડેલના વિકાસગાથા વિશે વાત કરી હતી. આજે સહકાર મંત્રાલય હસ્તકની સંસદીય પરામર્શ સમિતિએ બનાસ મોડેલની મુલાકાત લીધી હતી.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મુરલીધર મોહોલ, કૃષ્ણપાલ ગુર્જર, સંસદીય પરામર્શ સમિતિના સભ્યો, રાજયના મંત્રી જીતુભાઈ વાઘાણી, ઋષિકેશ પટેલ, પ્રવીણ માળી, સ્વરૂપજી ઠાકોર, સહકાર સચિવ આશિષ ભુતાની, સુઝુકી ઈન્ડિયાના એમ.ડી અને ડિરેક્ટર, અમૂલના ચેરમેન અશોક ચૌધરી સહિત સહકારી ડિરેક્ટરો અને બહોળી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.


**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોબર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૭ ડિસેમ્બર-૨૦૨૫ | રૂા. | ૪૯.૦૦ |

ગુજરાત ટુડે 'હેલ્થ ટુડે' પૂર્તિ

આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ માટે 'ગુજરાત ટુડે'ની દર વર્ષે પ્રસિદ્ધ થતી 'હેલ્થ ટુડે' પૂર્તિ

૨૮ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થશે

તેમાં તમારી જાહેરખબર મોકલાવી શકો છો. જાહેરખબર અમારા જે-તે વિસ્તારના સીટી ઓફિસ સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી, ખાતે પણ મોકલી શકો છો.

વ્યવસ્થાપક

જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in

ગુજરાત ટુડે હવે માત્ર 'પ' દિવસ જ બાકી 'સર'નું ફોર્મ આજે જ ભરો

મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ 'સર'નું ફોર્મ ભરવા આડે હવે ફક્ત પાંચ જ દિવસ બાકી રહ્યા છે અને હવે તેની મુદતમાં વધારો થવાની શકયતા દેખાતી નથી ત્યારે જો હજુ પણ તમે તમારૂં ફોર્મ ન ભર્યું હોય તો આજે જ ભરો અને જે લોકોએ ફોર્મ ભરી દીધા છે તેઓ પોતાનું ફોર્મ BLO પોર્ટલ પર અપલોડ થયું છે કે તેની ખાતરી કરે.

જાગૃત બનો, જાગૃત રહો, જાગૃત કરો

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY


● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

# ભારતની Creator Economy સર્જનાત્મકતાથી સફળતા તરફ, રોજગારીની અભૂતપૂર્વ તકો વિશે જાણો

**વિશ્વાસ વેચાણમાં રૂપાંતરિત થાય છેઃ ડેન્ટ્સુ ગ્રાહક સર્વેક્ષણ દર્શાવે છે કે ૩૯ ટકા ભારતીય ખરીદદારો પરંપરાગત બ્રાન્ડ જાહેરાતો કરતાં નિષ્ણાત ઇન્ફ્લુએન્સર્સમાં વધુ વિશ્વાસ રાખે છે. જ્યારે કોઈ સ્કિનકેર ક્રીએટર (સર્જક) અનફિલ્ટર્ડ પ્રોડક્ટ ટ્રાયલનું લાઇવસ્ટ્રીમ કરે છે ત્યારે તે માર્કેટીંગના બદલે મિત્રની સલાહ જેવું લાગે છે. તેથી લોકો ઊંચો ખર્ચ કરીને પણ પ્રોડક્ટ ખરીદે છે. નાના-મોટા ધંધાદારીઓ માટે મોટો સહારોઃ કારણ કે ક્રીએટર્સનો પ્રભાવ ખૂબ જ વધી ગયો હોવાથી હવે મલ્ટીનેશનલ કંપનીઓ પોતાની પ્રોડક્ટ લોન્ચ અને જાહેરાતો માટે ઇન્ફ્લુઅન્સર્સનો ઉપયોગ કરે છે. તેના માધ્યમથી જાહેરાતો કરે છે જેને પરંપરાગત ટેલિવિઝન, રેડિયો અને અખબારી જાહેરોતા કરતા વધારે રીસ્પોન્સ મળે છે. નાના ધંધાર્થીઓ રૂા. ૫૦૦૦થી લઇને મોટા સેલિબ્રિટી ક્રીએટર્સ લાખો રૂપિયાની ફી લઇને જાહેરાત કરી આપે છે.**



**આ**જે કોઈ પણ સોશિયલ મીડિયા ફીડ સ્ક્રોલ કરો અને તમને તે દેખાશેઃ સામાન્ય લોકો - કલાકારો, ગેમર્સ, શિક્ષકો, હોમ શેફ્સ - ફોનને સ્ટુડિયોમાં અને એક ઇતર પ્રવૃત્તિને સંપૂર્ણ વ્યવસાયમાં ફેરવી રહ્યા છે. જે એક "પ્રોડક્ટ સાથેની સેલ્ફી" તરીકે શરૂ થયું હતું, તે હવે એક ધમધમતા "ક્રીએટર ઇકોનોમી"માં પરિણમ્યું છે, જે કદ અને પ્રભાવમાં સમગ્ર પરંપરાગત મીડિયા ઉદ્યોગોને ટક્કર આપે છે. એક સામાન્ય ક્રિએટર નાના ધંધાને મોટો બનાવી દે છે અને તે પોતે પણ કદમાં આર્થિક અને પ્રતિષ્ઠાની રીતે સમૃધ્ધ બનતો જાય છે. લોકો તેને પૂજે છે અને માન-પાન આપે છે. સર્જકોને મદદ કરતા એલ્ગોરિધમ્સ, સ્માર્ટફોન અને ઉપયોગમાં સરળ AI ટૂલ્સે આ ક્ષેત્રમાં પ્રવેશને સરળ બનાવ્યો છે. એક ક્રિએટર હવે લોકોનો વિશ્વાસ સંપાદન કરે છે અને તેના ઉપર વિશ્વાસ વધતાં દર્શકો સલાહ, મનોરંજન અને વધુને વધુ, ખરીદીઓ માટે ક્રીએટરો તરફ વળી રહ્યા છે. આ ગતિ ભારતમાં સૌથી વધુ વીજળીક છે. વિશ્વની સૌથી યુવા ઈન્ટરનેટ વસ્તી, ચાના કપ કરતાં પણ ઓછી કિંમતના ડેટા પ્લાન અને વાર્તા કહેવાની સાંસ્કૃતિક આવડત સાથે, આ દેશ લાખો સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકો માટે લોન્ચપેડ બની ગયો છે. સ્થાનિક ફૂડ વ્લોગીંગ કરતા પ્રાદેશિક ભાષાના વ્લોગર્સથી લઈને વોટ્સએપ પર પેઇડ કોમ્યુનિટી ચલાવતા ફાઇનાન્સ એજ્યુકેટર્સ સુધી, ભારતીય સર્જકો પરંપરાગત કારકિર્દીના માર્ગોને છોડીને એક નવી સપોર્ટ ઇકોસિસ્ટમ - વીડિયો એડિટર્સ, કોમ્યુનિટી મેનેજર્સ, ફિનટેક સ્ટાર્ટઅપ્સ-ને તેમની સાથે ખેંચી રહ્યા છે. આ લેખ સમગ્ર ક્રીએટર્સ કોમ્યુનિટી અને તેને આનુશંગીક કારકિર્દીઓ બાબતે છે.

**સર્જકોને કોણ નાણાં ચૂકવે છે અને શા માટે ?**

પાંચ વર્ષ પહેલાં ભારતમાં ક્રીએટર્સ સાથે બ્રાન્ડ કોલોબોરેશન માત્ર એક સેલ્ફી, ડિસ્કાઉન્ટ વાઉચર અને નાની મોટી ગીફ્ટસ સુધી સિમિત હતો. હવે પરિસ્થિતિ નાટકીય રીતે અલગ છે. ઉદ્યોગ વિશ્લેષકો ડોમેસ્ટીક ક્રીએટર્સ માર્કેટનું મૂલ્ય ૨૦૨૫માં આશરે રૂા. ૧૨,૦૦૦ કરોડ આંકવામાં આવ્યું છે, અને ૨૦૩૨ સુધીમાં તે લગભગ રૂા.૪૯,૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે, જે સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર ૨૨ ટકા દર્શાવે છે. મોટી મોટી બ્રાન્ડ્સ ચોક્કસપણે આના પર ધ્યાન આપ્યું છેઃ સૌથી લેટેસ્ટ ડેન્ટ્સુ-એક્સચેન્જ4મીડિયા એડવર્ટાઇઝિંગ રિપોર્ટ દર્શાવે છે કે મોટાભાગની કંપનીઓ હવે સોશિયલ અને ઇન્ફ્લુએન્સર મીડિયામાં પોતાની બજેટનું એલોકેશન કરી રહ્યા છે કારણ કે તે સૌથી ઝડપતી વિકસતી માર્કેટીંગ સ્ટ્રેટેજી છે.

વિશ્વાસ વેચાણમાં રૂપાંતરિત થાય છેઃ ડેન્ટ્સુ ગ્રાહક સર્વેક્ષણ દર્શાવે છે કે ૩૯ ટકા ભારતીય ખરીદદારો પરંપરાગત બ્રાન્ડ જાહેરાતો કરતાં નિષ્ણાત ઇન્ફ્લુએન્સર્સમાં વધુ વિશ્વાસ રાખે છે. જ્યારે કોઈ સ્કિનકેર ક્રીએટર (સર્જક) અનફિલ્ટર્ડ પ્રોડક્ટ ટ્રાયલનું લાઇવસ્ટ્રીમ કરે છે, ત્યારે તે માર્કેટીંગના બદલે મિત્રની સલાહ જેવું લાગે છે. તેથી લોકો ઊંચો ખર્ચ કરીને પણ પ્રોડક્ટ ખરીદે છે.

**રોકાણ પર સ્પષ્ટ વળતર (ROI) :** ઇન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મસ માત્ર લાઇક, શેર અને કોમેન્ટ નહી પરંતુ તમામ ઇનસાઇટ આપે છે. કેટલી વય જૂથના લોકોએ, ક્યા શહેર, રાજય કે દેશના લોકોએ, પુરુષ કે સ્ત્રી જોનારાઓના

## હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

વર્ગ સહિતની તમામ માહિતી ઇનસાઇટમાંથી મળી રહે છે. તેથી માર્કેટર એટલે કે કંપનીઓને તેનાથી પોતાની પ્રોડક્ટને કેટલો રીસ્પોન્સ મળ્યો તેનો ખ્યાલ આવે છે.

**નાના-મોટા ધંધાદારીઓ માટે મોટો સહારો :** કારણ કે ક્રીએટર્સનો પ્રભાવ ખૂબ જ વધી ગયો હોવાથી હવે મલ્ટીનેશનલ કંપનીઓ પોતાની પ્રોડક્ટ લોન્ચ અને જાહેરાતો માટે ઇન્ફ્લુઅન્સર્સનો ઉપયોગ કરે છે. તેના માધ્યમથી જાહેરાતો કરે છે જેને પરંપરાગત ટેલિવિઝન, રેડિયો અને અખબારી જાહેરાતો કરતા વધારે રીસ્પોન્સ મળે છે. સરવાળે તેમને ઓછા ખર્ચમાં વધુ આવક મળતી હોવાથી ક્રીએટર્સનો પ્રભાવ વધ્યો છે. વળી અત્યારે માર્કેટમાં તમામ પ્રકારના ક્રિએટર્સ ઉપલબ્ધ છે. આથી પ્રોડક્ટ અને સર્વિસ પ્રમાણેના ક્રિએટર્સ સરળતાથી મળી જાય છે. નાના ધંધાર્થીઓ રૂા. ૫૦૦૦થી લઈને મોટા સેલિબ્રિટી ક્રીએટર્સ લાખો રૂપિયાની ફી લઈને જાહેરાત કરી આપે છે.

**તહેવારોની મોસમમાં ક્રિએટર્સના બુકીંગ ફુલ :** તહેવારોના સમયગાળામાં તો ક્રીએટર્સની ડિમાન્ડ એટલી બધી વધી ગઇ છે કે તેઓના એડવાન્સ બુકીંગ કરાવવા પડે છે. ઘણા ક્રીએટર્સના ત્યાં પૈસા આપતાય વેઈટીંગ ચાલતું હોય છે. આથી ઘણી વખત તહેવારોમાં ક્રિઈટર્સ પોતાના ભાવ વધારી દે છે અને અથવા તો તેને ઓવરટાઇમ કરવા પડે છે. તહેવારોની સીઝન શરૂ થયાના મહિના પહેલા જ તેની જાહેરાતો આવતા ધંધાદારીઓ અને કંપનીઓને ફાયદો થાય છે.

**ભારતના ક્રીએટીવ ઈકોનોમીને બળ કેમ મળી રહ્યુ છે?**

**ભારતનું જનસંખ્યાકીય ફાયદો :** ભારતની ૪૦%થી વધુ વસ્તીની ઉંમર ૨૫ વર્ષથી ઓછી છે અને સરેરાશ ઉંમર માત્ર ૨૮ છે, જે યુનાઇટેડ સ્ટેટ્સમાં ૩૮ અને ચીનમાં ૩૯ની સરખામણીમાં ઘણી ઓછી છે. આનો અર્થ એ છે કે દર વર્ષે લાખો નવયુવાનો ડિજિટલ ડિવાઇઝના યુઝની આદતો સાથે મોટા થાય છે. સ્માર્ટફોન પર શુટીંગ, ફ્રી એપ્સ પર એડીટીંગ અને વોટ્સએપ પર ચેટિંગમાં મસ્ત રહેવું. પરંપરાગત સ્નાતક નોકરીઓ ઘણીવાર બેથી ત્રણ વર્ષનો અનુભવ અથવા સ્પર્ધાત્મક પરીક્ષાના સ્કોર્સની માંગ કરે છે. ક્રીએટર ઇકોનોમીની સીડીમાં આવું કોઈ પહેલું પગથિયું નથીઃ જો તમે શૂટ, એડિટ અથવા કોડીંગ કરી શકો છો તો તમે આવતીકાલે કમાણી શરૂ કરી શકો છો - જેમાં યુ ટ્યુબના થંબનેઇલ બનાવવા, એઆઇ વીડિયો બનાવવા, પેઇડ કોમ્યુનિટી બનાવવી, શુટીંગના કોન્સેપ્ટથી લઇને ફાઇનલ ટચ આપવા સુધીની અનેક સ્કીલ હોય છે. જો તેમાંથી કોઇ આવડે તો શિક્ષણ કરતા સ્કીલ વધુ મહત્વની હોવાથી તાત્કાલિક કમાણી શરૂ કરી શકાય છે.

**સ્થાનિક છેં ટૂલ્સ :** સ્થાનિક જનરેટિવ AI ટૂલ્સ હવે હિન્દી, તમિલ, મરાઠી અને અન્ય આઠ ભાષાઓમાં સ્ક્રિપ્ટો તૈયાર કરે છે, સેકન્ડોમાં થંબનેલ્સ બનાવે છે અને કાયરા જેવી વર્ચ્યુઅલ પર્સનાલિટીઝ પણ બનાવે છે, જે ૨૫૦K ફોલોઅર્સ સાથે ભારતની પ્રથમ Instagram "AI મોડેલ" છે. કૃત્રિમ (Krutrim) જેવા ઈન્ડિક LLMs (લાર્જ લેંગ્વેજ મોડેલ્સ) પર બનેલી આ એપ્સ એક સોલો સર્જકને ક્રૂને નોકરીએ રાખ્યા વિના દરરોજ સ્ટુડિયો-ગ્રેડ કોન્ટેન્ટ ક્રીએટ કરવાની તક આપે છે.

**ઈતર પ્રવૃત્તિમાંથી નાનો વ્યવસાય :** ક્રીએટર્સ હવે અન્ય કોઈપણ સ્ટાર્ટઅપની જેમ GST નંબર રજીસ્ટર કરી રહ્યા છે, ઇન્વૉઇસ ઇશ્યૂ કરી રહ્યા છે અને ટીમોને નોકરીએ રાખી રહ્યા છે. સરકાર પણ આમાં રસ લઈ રહી છેઃ મુંબઈની ફિલ્મ સિટીની અંદર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ક્રિએટિવ ટેકનોલોજી (IICT) તરીકે આવી રહ્યું છે, જેમાં એનિમેશન, VFX અને ડિજિટલ એન્ટરપ્રિન્યોરશિપના કોર્સનો સમાવેશ થાય છે. જેથી ક્રીએટર્સને બળ મળશે.

**એનાલિટિક્સ ડેશબોર્ડ વાસ્તવિક બને છે :** ક્રીએટર્સ અને બ્રાન્ડ્સ હવે "લાઇક્સ" જેવી superficial engagement countsને બદલે ખરેખર એનાલિટિક્સ ડેશબોર્ડ્સ એટલે કે ઇનસાઇટ્સ ઉપર આધાર રાખે છે. તેમના ખર્ચની સામે આવક કેટલી મળી છે કે મળી શકે તેમ છે તે આ ડેશબોર્ડ ઉપરથી ખબર પડે છે. એટલે કે માત્ર વ્યુઝ અને લાઇક નહી પરંતુ એક્ચ્યુઅલ ઇનસાઇટ અને ડેશબોર્ડ મહત્વનું બની રહ્યું છે.

**મૂડી અને જોડાણ હબ :** ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ WAVES પહેલ હેઠળ, ત્રણ મુખ્ય કાર્યક્રમો ભારતના ક્રીએટર્સ માટે નવા મુલાકાત સ્થળો બની ગયા છેઃ

**WAVES બજાર (Bazaar) :** એક માર્કેટપ્લેસ જ્યાં સર્જકો રોકાણકારોને સીધા વિચારો રજૂ કરે છે અને ભંડોળ મેળવે છે.

**WAVES એક્સિલરેટર (Accelerator) :** એનિમેશન, ગેમિંગ, ઇમર્સિવ મીડિયા અને વધુમાં નવા સાહસોને ઉત્તેજન આપતું કરતું સ્ટાર્ટઅપ લોન્ચપેડ.

**ક્રિએટોસ્ફિયર (Creatosphere) :** એક વૈશ્વિક કો-વર્કિંગ ઝોન જે ભારતીય પ્રતિભાને આંતરરાષ્ટ્રીય સ્ટુડિયો, વેન્ચર કેપિટલ ફર્મ્સ અને ડીપ્લોમેટ્સ સાથે જોડે છે.

તો મિત્રો આમ જોવા જઇએ તો હજુ પણ મોડું થયું નથી. જો તમારામાં થોડી પણ ક્રીએટીવીટી હોય તો આ ક્ષેત્રમાં જોડાઇ જવા જેવું ખરું. પહેલા ઇતર પ્રવૃત્તિ તરીકે શરૂ કર્યા બાદ સંપૂર્ણ રીતે ધંધામાં પરિવર્તિત કરીને લાખો નહીં પરંતુ કરોડોની કમાણી સાથે સમાજમાં એક ઓળખ સ્થાપિત કરવા સામે સન્માન મળી રહે છે. તો તમે પણ આ વિશે વિચારો.

ઓલ ધ બેસ્ટ.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# વાવ કૂવો સાવ ખાલી ને છલોછલ રણ હતાં, જિંદગીને જીવવાનાં કેટલાં કારણ હતાં !

**આ**પણે જેટલું મહત્ત્વ સૌંદર્યને આપીએ છીએ, એટલું મહત્ત્વ સંવેદનાને નથી આપતા. સૌંદર્ય માટે હજારો-લાખો રૂપિયા ખર્ચી નાખતી વ્યક્તિ સંવેદના માટે સો રૂપિયા ખર્ચતી નથી. સંવેદનામાં જ સૌંદર્યનું દર્શન થઈ જાય તો તકલાદી સૌંદર્યને મેળવવા માટેની દોડધામ આપો-આપ મટી જાય. પણ આજના માણસે 'માનવ' તરીકે નહીં, પણ 'યંત્રમાનવ' બનીને જીવવાનો હોબી કેળવ્યો છે.

રડતા માણસને જોઈને લાગણીઓ હચમચી જાય, એવું આજના સમયમાં બનવું-એ ચમત્કાર કહેવાય. વરસાદની પ્રતીક્ષા હું પણ કરૂં છું, તમે પણ કરો છો અને પેલું ચાતક પણ કરે છે. પણ ત્રણેની પ્રતીક્ષાના કારણો અલગ-અલગ હોઈ શકે. વેદનાની સંવેદના તો ત્રણેયની છે, પણ એ સંવેદનામાં છુપાયેલા સૌંદર્યની છબી જુદી જુદી હોવાની કોઈની સંવેદના મૂંગી હશે. કોઈની સંવેદના મિતભાષી હશે તો કોઈની સંવેદના બોલકી હશે. સંવેદના પોતે જે એક અવાજ વગરનો અવાજ છે, જ સાંભળી શકે એ જ સાંભળી શકે. સંવેદના સ્વયં સૂરજ છે, એ દઝાડે તો પણ એનો દાહ શીતળ લાગે. સંવેદના આપણા પૂરા અસ્તિત્વમાં અરેરાટીનું અજવાળું ફેલાવે છે. જે ક્ષણે આપણી સંવેદનાને ઝોકું આવી જશે એ ક્ષણે પૂરા પ્રેમવિશ્વમાં, ન સરાય એવી હલચલ મચી જશે. લાગણીઓનાં પાંદડા અસ્તિત્વના વૃક્ષ પરથી ખરવા માંડે છે. છાંયડો દૂબળો પડવા માંડે છે. ટેરવામાંથી સ્પર્શની સુગંધ ખરાબ બનીને ઉડવા માંડે છે. આવું થાય છે ત્યારે જીવનનો કૂવો ખાલીપાથી છલકાઈ જાય છે. 'ખાલીપો' એક એવો હર્યો ભર્યો શબ્દ છે, જે સંવેદનાનું સરનામું બનીને આપણને ભર્યું ભર્યું જીવતા શીખવે છે.

સુગંધનું માર્કેટિંગ કરવા માટે હજી સુધી એકપણ ફૂલ નીકળ્યું નથી. વરસાદનું પ્રમોશન કરવા માટે આકાશમાં કોઈપણ વાદળે પ્રોગ્રામ ગોઠવ્યો હોય એવું હજી સુધી જાણવા નથી મળ્યું. મારી સુગંધને કોઈ માણે કે ન માણે ફૂલને કોઈ જ ચિંતા નથી. આજ સુધી એક પણ ફૂલ ટેન્શનમાં નથી આવ્યું કે... અરેરે... મારી સુગંધને માણવા કેમ કોઈ આવતું નથી !! ફૂલને, વાદળને, પવનને, નદીને, પૂરને, વંટોળને કે પ્રકૃતિના કોઈપણ વારસદારને આવું ટેન્શન નથી કારણ કે એ 'માણસ' નથી. ટેન્શનનો આશીર્વાદ, માત્રને માત્ર માણસ જ માણસને આપ્યો છે. કેટલાક આશીર્વાદ ઈશ્વરના હાથમાં નથી હોતા, એ માણસના હાથમાં હોય છે. વિકૃતિ જ્યારે પ્રકૃતિને ઓવરટેક કરવાનો અટકચાળો કરે, ત્યારે



## દસ્તક

**હર્ષદ પંડ્યા**

સંવેદનાનું સરોવર કહોળાવા માંડે છે.

સંવેદના સ્વયંભૂ હોય-એનો નેચરલ બર્થ હોય છે એને જન્માવવી પડતી નથી. એનું બ્રીડિંગ ન થાય લાગણીના પેટે સિઝેરિયન કરીને જન્માવેલ સંવેદનામું આયુષ્ય ટૂંકું હોય એની તો નોર્મલ ડિલિવરી જ હોય. વરસાદનો સ્પર્શ થતાં જ જેમ પેલું ઘાસ ઉગી નીકળે છે-હરિયાળી લહેરાવા માંડે છે- એમ વેદનાનો સ્પર્શ થતાં જ, કરૂણાનો સ્પર્શ થતાં જ સંવેદના આપોઆપ ઉગવા માંડે છે-લહેરાવા માંડે છે. સંવેદનાને શબ્દોના વાઘા પહેરાવવાના ન હોય, સંવેદનાને સૌંદર્યનો મેક-અપ કરાવવો ન પડે. સૌંદર્યના રેપરમાં પેક કરેલી સંવેદનાનું માર્કેટીંગ જોરદાર થાય, એ સંવેદનાનું પ્રમોશન કાબિલેદાદ બની જાય, પણ એ સંવેદના વાંઝણી રહી જાય છે. નથી તો એ દયા કે સહાનુભૂતિ કે પ્રેમ કે મૈત્રીને જન્મ આપી શકતી, કે નથી તો એવા એંધાણ બતાવી શકતી.

પર્ફ્યુમનું પ્રમોશન થાય, પણ ફૂલનું પ્રમોશન ન થાય. સુગંધનું ઈવેન્ટ મેનેજમેન્ટ હજી સુધી કોઈએ કર્યું હોય એ જાણમાં નથી. જેને આંખને ભીની કર્યા વગર પણ ધોધમાર રડતાં આવડે, એ જ સાચી સંવેદનાનો વારસ બની શકે. આંસુની એડવર્ટાઈઝમેન્ટ ન કરાય, કારણ કે આંસુ તો ઈબાદતનો મૌન અવાજ છે. આંસુના તોરણ બાંધી, આંખોની નુમાઈશ કરાવવાની ન હોય કારણ કે કોઈની પણ આંખોનાં તો માત્ર દિદાર થાય, દર્શન થાય. જેનાં દર્શન કરવાનાં હોય એનાં પ્રદર્શન ભરવાનાં કે કરવાનાં ન હોય.

શેખ સાદીએ કહેલું કે તમારી પાસે શકિત હોય તો એનો ઉપયોગ અપંગો-અપાહિજોને સશકત કરવા માટે કરજો. આ પણ એક પ્રાર્થના જ છે. આ પણ એક નમાજ પઢવા જેવું પવિત્ર કાર્ય છે. અપંગને ચાલતો દોડતો કરવો એ જ તો મોટી શકિત કહેવાય. સંવેદનામાં આ શકિતનો ભંડાર ભર્યો છે. તમે તમારી શકિતના ચારિત્ર્યને સંવેદનાના સૌંદર્યમાં ફેરવી નાંખો, જુઓ પછી એ શકિત ખુદ તમારા માટે જીવવાનું એક કારણ, જીવવાનું એક બહાનું બની જશે ! શકિતશાળી હોવું એક વાત છે, અને સંવેદનાના શ્વાસ ભરતી શકિતના શકિતશાળી હોવું એ એક વાત છે. શકય છે કે શકિતમાં કયારેક સંવેદનાનો નાનો અમથો સૂર પણ સંભળાતો ન હોય, પણ સંવેદનામાં તો ગજવેલની તાકાત છે. સંવેદના સામે તો ભલભલી શકિત અશકત બની જતી હોય છે. સંવેદનામાં એ ઊર્જા છે, જે પથ્થરને પણ પીગળાવી દે છે. સંવેદના જેવી કોઈ ઊર્જા નથી સંવેદના જેવી કોઈ ઉષ્મા નથી.

ચીતરેલો ચહેરો સંવેદનાનો સાક્ષી ન બની શકે, ચીતરેલી આંખોમાંથી ટપકવાની તૈયારી કરી રહેલું આંસુ કયારેય સંવેદનાને ખલેલ ન પહોંચાડે..તેમ છતાં એ જ ચીતરેલી આંખો, એ જ ચીતરેલાં આંસુ અને માયુસીની મહેકથી મહેકતા એ જ ચીતરેલો ચહેરો આપણી લાગણીઓને ડિસ્ટર્બ કરી જાય છે. લાગણીઓને કયારેક હલબલાવી પણ જાય છે. આવું શાથી બનતું હશે ? કદાચ એક જ કારણ હોઈ શકે, કે ગયા જનમનાં સંવેદનાના મૂળ એટલા મજબૂત રીતે, અસ્તિત્વના ચરણમાં, રોપાઈ ગયા હોય છે કે સંવેદનાને પ્રગટી જવા માટે સાવ સામાન્ય નિમિત્ત પણ પૂરતું હોય છે ! માત્ર ચહેરા પાછળ જ બીજો ચહેરો હોય છે એવું નથી. અરે, માણસમાં પણ એક નહીં દેખાતો છતાં ક્ષણે ક્ષણે અનુભવાતો એવો બીજો માણસ વસતો હોય છે. એક જાગતો ઊંઘે છે અને બીજો ઊંઘતા જાગતો હોય છે. કોણ કોને છેતરે છે એ જ એનાથી સમજી શકાતું નથી.

નદી-નાળાં ખાલી હોય તો એનો અફસોસ કરવાને બદલે રણ છલોછલ છે તો એ રણનો વૈભવ જોઈને રાજી થતાં આવડે એ જ જિંદગીનો આનંદ મેળવી શકશે ! ખાલીપાનું પણ એક સૌંદર્ય હોય છે કારણ કે ખાલીપાની સંવેદના કોરી નથી હોતી... લીલીછમ હોય છે. 'શબ્દપ્રીત' આ જ સંદર્ભે કહે છે કે :

**વાવ કૂવો સાવ ખાલીને છલોછલ રણ હતાં**
**જિંદગીને જીવવાનાં કેટલાં કારણ હતાં !**

**: ટહૂકો :**

**ખયાલ વો ભી મેરે ઝહન કે મકાન મેં થા**
**જો આજતક ન મકિને ગુમાં કે ધ્યાન મેં થા**
**કભી મુઝે ભી તો કરના પડેગા સમઝોતા**
**બહુત દિનોસે એ ખદશા મેરે ગુમાન મેં થા**

**- એહસન ઈમામ એહસન**

# સારું સામે આવતું નથી અને નબળું પાછળ જતું નથી...

**હા,** ખરેખર એવું લાગે છે કે સારું સંભળાતું નથી અને ઠેર ઠેર અપરાધો ને યુદ્ધો જ દેખાયાં કરે છે. ગાઝામાં ૭૦૦૦૦ લોકો માર્યા ગયા છે અને નવા મારવાની તૈયારીઓ ચાલતી જ હશે. રશિયા હુમલાઓ કરતું રહે છે, તો યુક્રેન પણ તક જોઇને સોગઠી મારી લે છે. હથિયારો ખપાવવા પણ યુદ્ધ લડવું પડે એવી સ્થિતિ છે. ભારતની સરહદો પર પણ પાકિસ્તાન, ચીન અને નેપાળ દાવાઓ કરતાં રહે છે. પડોશીઓ જપતાં નથી ને જપવા દેતાં નથી. ચીન અરુણાચલનો દાવો કરે છે, તો નેપાળ ચલણી નોટો પર ભારતના વિસ્તારને પોતાનો ગણાવે છે, એટલું જ નહીં, પાકિસ્તાન ફરી યુદ્ધવિરામ કરવા આરપાર લડી લેવાની ધમકી આપે છે. આવા સંજોગોમાં ભારતનો જીડીપી ૮ ટકાથી વધી જાય છે. અર્થશાસ્ત્રીઓ આને શંકાથી જુએ છે, પણ અનર્થશાસ્ત્રીઓ એનો બચાવ કરતા જણાય છે. એમાં મીડિયા તો નરી ભાટાઈ જ કરે છે. કોણ જાણે કેમ પણ, મીડિયા નકારાત્મક સમાચારોના ફેલાવામાં અગ્રેસર છે. તેણે એવું ચિત્ર ઊભું કર્યું છે કે જગતમાં અરાજકતા સિવાય કંઇ બચ્યું જ નથી. વધારામાં હેલ્થની અપાતી ટિપ્સ ધમકીનું જ બીજું નામ છે. માણસ શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક એમ અનેક રીતે ભયભીત રહે અને આદેશ માનવા તત્પર જ હોય એવું ચિત્ર મીડિયા ઉપસાવે છે.

ગુનાખોરી એટલી વધી છે કે લગ્ન વિચ્છેદ, બળાત્કાર, છેડતી,



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

આત્મહત્યા, હત્યા જેવી ઘટનાઓ રોજિંદી થઈ પડી છે. એ ખરું કે મીડિયા જાણ ન કરે તો આપણને આવી ઘટનાની માહિતી ન મળે, પણ મીડિયા જે રીતે બઢાવીચઢાવીને બનાવોને પ્રસ્તુત કરે છે, એ પરથી તો એમ જ લાગે છે કે ઘટનાઓ મીડિયાને સજીવ રાખવા જ બને છે. લોકોમાં સનસનાટી ફેલાવવાનું જાણે મીડિયાએ માથે લઈ લીધું છે ! ઘટના પોતે પણ કોઈ વાર એટલી વિચિત્ર હોય છે કે મીડિયા સાચવે તો પણ સનસનાટી કે ઉત્તેજના વ્યાપ્યા વગર ન રહે. લૂંટફાટ, ખૂનામરકી, શોષણ, અકસ્માતો વગેરે આજના સમયની ઓળખ બની ગઈ હોય એવું લાગે છે. ઊંચી બિલ્ડિંગ પરથી કૂદી જવાનાં વિદ્યાર્થીઓના એટલા બનાવો છેલ્લા થોડા સમયમાં વધ્યા છે કે મરવું સામાન્ય થઈ પડ્યું છે. મરવાની નવાઈ જ રહી નથી. કોઈએ જાણે જીવવું જ નથી. જરા કંઇ બને છે કે લોકો મરવા-મારવા પર ઊતરી આવે છે.

એમાં પરિણીતો ને અપરિણીતોની મુશ્કેલીઓનો તો પાર જ નથી. ગમે એટલાં સુધરેલાં હોઈએ, તો પણ જ્ઞાતિ, જાતિ, દહેજ વગેરે બાબતો વર્ચસ્વ ધરાવે જ છે. જાતિ, કુળ, ધર્મ વગેરે હજી તેનો પરચો બતાવે જ છે. છૂટાછેડાના, લગ્ન વગર સાથે રહેવાના, ઘરેલુ હિંસાના, દહેજના... એટલા બનાવો બને છે કે તેનો છેડો જ નથી આવતો. લગ્ન રમત વાત થઈ ગઈ છે. ગમે ત્યાં સુધી સાથે રહો ને ન ફાવે તો છૂટા થઇ જાવ. લગ્નો હવે ઝાઝું ટકતા નથી ને ટકાવવાના ખાસ પ્રયત્નો પણ થતા નથી. મોટે ભાગનાં લગ્નો તૂટવાનાં કારણોમાં, પતિ કે પત્નીનાં જીવનમાં ત્રીજાનો પ્રવેશ મુખ્ય છે. આનું પ્રમાણ એટલું છે કે પતિની જિંદગીમાં પત્ની કે પત્નીની જિંદગીમાં પતિ જ હોય એવું હવે બહુ રહ્યું નથી. કોઈક ત્રીજું પ્રવેશે છે ને લગ્નો ડામાડોળ થવા લાગે છે. છૂટાછેડા સરળ હોય તો નવું પાત્ર સંબંધમાં મુકાય છે, પણ એવું નથી, ત્યાં ઝઘડા વધે છે. એટલું જ બાકી હોય તેમ સંતાનો હોય તો ત્રીજી વ્યક્તિ સફળ લગ્ન જીવન ભાગ્યે જ માણી શકે છે. આ બધું છતાં ત્રીજી વ્યક્તિને પ્રવેશતાં રોકી શકાતી નથી ને ઘણું ખરું કોઈ એક ના મરવાથી કે કોઈ એકને મારવાથી કે સામૂહિક હત્યા કે આત્મહત્યાથી જ છેડો આવતો હોય છે.

જો કે, આજે જે ત્રણેક ઉદાહરણો જોવાના છીએ, તેમાં વાતો થોડી જુદી છે.

એક કિસ્સો રાજકોટના નાગેશ્વર વિસ્તારનો છે. પત્નીના, પોતાના જ ભત્રીજા સાથેના લગ્નેતર સંબંધથી પતિ-પત્ની વચ્ચે તણાવ વધી ગયો હતો. પરિસ્થિતિ એટલી વણસી કે પત્ની ઘરની સામે રહેતી બહેનપણીને ત્યાં ચાલી ગઈ હતી. પતિએ મનાવવાના બધા પ્રયત્નો કરી જોયા, પણ પત્ની, પતિ સાથે જવા તૈયાર ન હતી. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ને રોજ પત્ની યોગા ક્લાસમાંથી આવતી હતી, ત્યારે પતિએ એપાર્ટમેન્ટના પાર્કિંગ એરિયા સુધી પીછો કરીને તેને આંતરી. બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં પતિએ, પત્નીને રિવોલ્વર કાઢીને ગોળી મારી દીધી. પત્ની ઢળી પડી તે જોતાં પતિએ પણ પોતાને લમણે ગોળી મારી સ્થળ પર જ આત્મહત્યા કરી લીધી. પત્નીને સારવાર માટે હોસ્પિટલે ખસેડાઈ, પણ ૧૭ નવેમ્બરે તે પણ મૃત્યુ પામી.

બીજો કિસ્સો અમદાવાદનો છે. વિજય ચાર રસ્તા પાસેની એક સોસાયટીમાં પિતાના ઘરે સાસરેથી આવેલી પત્નીને મળવા પતિ આવે છે. કોઈ વાતને લઈને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થાય છે. પતિ એટલો ઉશ્કેરાય છે કે પિસ્ટલ અને બાર બોરની રિવોલ્વરમાંથી ૬ રાઉન્ડ ફાયરિંગ કરી દે છે. એટલું સારું થયું કે ફાયરિંગથી કોઈને ઈજા ન થઈ. મામલો પોલીસમાં પહોંચ્યો ને પતિની ધરપકડ થઈ. પોલીસ એ તપાસ પણ પણ કરી રહી છે કે પતિ પાસે બબ્બે હથિયારનાં લાઈસન્સ આવ્યાં કઈ રીતે?

ત્રીજી ઘટના મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લાની છે. ૨૧ વર્ષની એક યુવતી તેના ભાઈઓ દ્વારા એક યુવકના પરિચયમાં આવી હતી ને પછી તેના પ્રેમમાં પડી હતી. બંને ત્રણ વર્ષથી પ્રેમમાં હતાં, પણ પ્રેમી 'જય ભીમવાળો' હતો એટલે યુવતીના પિતા અને ભાઈએ તેને ગોળી મારી દીધી ને એટલાથી ન અટકતા પ્રેમીનું પથ્થરો મારીને માથું છુંદી નાખ્યું. યુવતીનું કહેવું હતું કે પ્રેમી હિંદુ થઈ જાત ! તેને માર્યો કેમ ? પ્રેમિકાએ લાશને હળદર લગાડી. પોતે પણ નવોઢાની જેમ હળદર લગાડી અને માથામાં સિંદૂર પૂરીને લાશ સાથે લગ્ન કર્યાં. તેણે જાહેર કર્યું કે તે પ્રેમીની પત્ની તરીકે આજીવન પ્રેમીને ત્યાં જ રહેશે. અમારો પ્રેમ જીત્યો છે ને પિતા ને ભાઈઓ હારી ગયા છે. યુવતીએ પ્રેમીની હત્યા કરવા બદલ પિતા અને ભાઈને ફાંસીની સજા આપવાની માંગણી કરી છે.

ઉપરના ત્રણે બનાવો જોઈશું તો ત્રણેમાં ગોળી ચલાવવાનું સામાન્ય છે. પહેલી ઘટનામાં પતિના ભત્રીજા સાથેના લગ્નેતર સંબંધનું પરિણામ પત્નીની હત્યામાં આવે છે. પત્નીને મનાવવા છતાં પત્ની માનતી નથી અને પતિ, પત્નીને ગોળી મારી દે છે. બીજા બનાવમાં પતિ બે હથિયારથી ૬ રાઉન્ડ ફાયરિંગ કરે છે. જો કે, તેનાથી કોઈ ઘવાતું નથી, એટલે ધમકી આપવાના હેતુથી પતિએ ફાયરિંગ કર્યું હોય એમ બને. ત્રીજી ઘટનામાં પ્રેમી બીજી જાતિનો હોવા માત્રથી પિતા અને ભાઈઓ ઘરની દીકરીનો પ્રેમ માન્ય કરતા નથી અને પ્રેમીને ગોળીએ દેવાય છે. વાત એટલેથી જ અટકતી નથી, પ્રેમીને પથ્થરો મારીને તેનું મોઢું વિકૃત કરી નાખવામાં આવે છે. પ્રેમિકા પણ ગાંઠતી નથી અને પ્રેમીને ઘરે જઈને તેના મૃતદેહને પરણે છે ને તેની વિધવા થઈને જીવવાનું નક્કી કરે છે, સાથે જ એવી માંગણી કરે છે કે તેના પતિના હત્યારા પિતા અને ભાઈઓને ફાંસીની સજા મળે. એ દુઃખદ છે કે હજી જાતિવાદનું જોર નરમ પડ્યું નથી. અન્ય ધર્મ કે જાતિના ભેદભાવ હજી જીવંત છે. જાતિનું ખાનું જ નીકળી જવું જોઈતું હતું, પણ અનામત અને ધર્મનો મહિમા વધવાને કારણે એ ભેદ વધુ વકર્યો છે.

આશ્ચર્ય અને આઘાત તો એ વાતે છે કે પિસ્ટલ, રિવોલ્વર જેવાં હથિયારો આટલી સહેલાઈથી મળતાં થઈ ગયાં છે? છરી મારી દેવાનું તો સહેલું થઈ ગયું છે, પણ પિસ્ટલ, રિવોલ્વર જેવાં હથિયારોનું તો લાઈસન્સ હોય ને ! એ લાઈસન્સ ગલીએ ગલીએ તો વેચાતાં નથી ને? કે આ હથિયારો પાછલે બારણેથી ખપાવાય છે? બીજા કિસ્સામાં તો પતિ પાસે બબ્બે હથિયાર છે. છેલ્લા કિસ્સામાં તો કુટુંબ જ એવું લાગતું નથી કે તેની પાસે હથિયાર હોય, પણ પ્રેમીને ગોળીએ દેવાય છે, એનો અર્થ એ કે હથિયાર તો હતું જ ! વારુ આ ત્રણે કિસ્સાઓમાં હથિયારો હાથવગાં છે. એનો અર્થ તો એવો પણ થાય કે ત્રણે વાપરનારાઓ તેનો ઉપયોગ કરવાને ઈરાદે જ ઘરની બહાર હથિયાર લઈને નીકળ્યા છે, તો એમ માનવાનું છે કે આ ત્રણે ક્રિમિનલ માઈન્ડ ધરાવે છે? એ જે હોય તે પણ અત્યારનાં તામસી મગજ હથિયારોથી દૂર રહે તેવું કંઇક વિચારાવું જોઈએ, નહિતર એનો ઉપયોગ મોટા હત્યાકાંડ સર્જી શકે. એ થવા દેવાનું છે ?

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# ચેનાબ નદીમાંથી સેંકડો લોકોનું જીવન બચાવનાર એકલવીર હમઝા શેખ



**ચે**નાબના કાંઠે, જ્યાં આ નદી જીવંત શક્તિ સાથે મંથન કરે છે અને તેના ગર્જનાનો અવાજ ખીણના મૌન તોડી નાખે છે અને જ્યારે આ નદી કોઈ માણસને ગળી જાય છે ત્યારે તેના માટે છેલ્લી આશા તરીકે એક વ્યક્તિ ઉભો રહે છે. તે ન તો સરકારી કર્મચારી છે કે ન તો ઔપચારિક અર્થમાં તાલીમ પામેલો વ્યાવસાયિક છે. તેને કોઈ પગાર મળતો નથી, ન તો તેની પાસે કોઈ સત્તાવાર પદવી છે, અને ન કોઈ રક્ષણાત્મક સાધનો છે. છતાં છેલ્લા પંદર વર્ષથી વધુ સમયથી, હમઝા શેખ આ પાણીની નીચે કોઈ ગાયબ થઈ જાય ત્યારે ડૂબકી મારનાર પ્રથમ વ્યક્તિ હોય છે.

તેનો અવાજ નરમ છે અને વર્તનમાં લગભગ શરમાળ છે. પરંતુ તે શાંતિ પાછળ એક પ્રકારની હિંમત છુપાયેલી છે જે અસાધારણતાની સીમા પર છે. તેના પોતાના અંદાજ મુજબ, તેણે ચેનાબમાંથી "ચારથી પાંચસોથી વધુ" મૃતદેહો બહાર કાઢ્યા છે અને આશ્ચર્યજનક રીતે, મારી ૧૫ વર્ષની સફરમાં, ઓછામાં ઓછા ત્રણસો જીવંત લોકોને મેં બહાર કાઢ્યા છે."

આજના હમઝા જેવી વાર્તાઓ બહુ ઓછી જોવા મળે છે - એક એવા માણસની વાર્તા જેનું કાર્ય સમુદાયની સ્મૃતિમાં છે, જેની બહાદુરીને તેણે મદદ કરેલા શોકગ્રસ્ત પરિવારો દ્વારા કોઈપણ સરકારી રેકોર્ડ કરતાં વધુ સમજાય છે. તે કહે છે કે, તેની સંપૂર્ણ તાલીમ નદીની નજીક ઉછરવાથી મળી છે.

તે સમજાવે છે કે, "આ ચિનાબ નદી છે, અમે બાળપણથી અહીં રહીએ છીએ અને આ જ અમારી તાલીમ છે."

**એક નદી જે કબ્રસ્તાન બની ગઈ**

ચેનાબ હંમેશા મૃત્યુની જાળ ન હતી. હમઝા તે સમયને યાદ કરે છે જ્યારે આવા અકસ્માતો દુર્લભ હતા, જ્યારે કાંઠા પુલડોડા નામના નાના શહેરથી ભરેલા હતા. પહેલાં અહીં એક બજાર હતું... ઓછામાં ઓછી ૪૫૦ દુકાનો હતી પણ આ બાંધે બધું જ નાશ કરી દીધું.

૨૦૦૮ના ભૂકંપ દરમિયાન જ્યારે બંધ તૂટી પડ્યો, ત્યારે નદી કાયમ માટે બદલાઈ ગઈ. જે એક સમયે છીછરી અને અનુમાનિત હતી તે ઊંડી અને અનિયમિત બની ગઈ. આખા બજારો અને પડોશ પાણીમાં તણાય ગયા. પુનર્વસનનું વચન આપવામાં આવ્યું તે લોકોએ ક્યારેય જમીન મેળવી નહીં. નદી ભાગમાં શાંત કબર બની ગઈ.

આ સમયે હમઝાની ભૂમિકા મહત્વપૂર્ણ બની ગઈ. તેના પરિવારે પોતાની જમીન અને આજીવિકા ગુમાવી દીધી હતી; તેણે બીજાઓને બચાવવાનો હેતુ શોધ્યો હતો. તે હજુ પણ યાદ કરે છે કે તેણે પહેલો મૃતદેહ બહાર કાઢ્યો હતો ત્યારે હું લગભગ ૧૦-૧૧ વર્ષનો હતો. એક મૃતદેહ આવ્યો. મેં તેને પકડી લીધો. તેની હાલત ખૂબ જ ખરાબ હતી. તેમાં કીડા હતા.

તે ક્ષણ, આઘાતજનક હતી, અને તેના જીવનને આકાર આપતી હતી. ત્યારથી, નદીએ તેને ભાગ્યે જ આરામ કરવા દીધો છે.

ચેનાબ હવે ભ્રામક છે. દૂરથી, તે કોઈપણ ભયંકર નદી જેવી લાગે છે. નજીકથી, તે એક જાળ છે. પાણી બર્ફીલું છે, દૃશ્યતા શૂન્ય છે, તેનો પ્રવાહ કારને નીચે ખેંચી શકે છે, અને ઊંડાઈ અણધારી રીતે બદલાય છે. હમઝા કહે છે કે, "ઘણા લોકો ચિનાબનો અવાજ સાંભળીને ભાગી જાય છે. પરંતુ અમારા માટે, તે ખૂબ જ સામાન્ય છે.

તે બચાવ પ્રયાસોનું વર્ણન કરે છે જે અલૌકિક લાગે છે. ઘણા કિસ્સાઓમાં તે અણધારી ડૂબકી મારે છે, કારણ કે આંખો બંધ કરીએ છીએ, કારણ કે ત્યાં રેતી છે અને આપણે કંઈ જોઈ શકતા નથી. આપણે ઓક્સિજન વિના ૧૫-૨૦ ફૂટ સુધી જઈએ છીએ.

નદીના તળિયામાં એટલા તીક્ષ્ણ પથ્થરો છે. કેટલાક ભાગો થોડા મીટર સુધી શાંત રહે છે અને પછી અચાનક તોફાનમાં એટલા મજબૂત બને છે કે વાહન પલટી જાય છે. હમઝા કહે છે કે નદીના સૌથી ઊંડા વિસ્તારમાં ક્યાંક એવા મૃતદેહો પડેલા છે જે ક્યારેય સપાટી પર આવ્યા નથી. કલ્પના કરો કે ૧૫ વર્ષ પહેલાં અહીં એક હેલિકોપ્ટર ગયું હતું, એ અમને તે મળ્યું ન હતું. ન તો શરીર કે ન તો હેલિકોપ્ટર.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું તે ક્યારેય ડરે છે, ત્યારે તે ખભા ઉછાળે છે અને કહે છે કે ચેનાબ અમારા ઘર જેવી છે."

હમઝાના કામનો સૌથી મુશ્કેલ ભાગ પાણી નથી પણ તે મૃતકોના શરીર છે. તે એવી ઘટનાઓનું વર્ણન કરે છે જે મોટાભાગના લોકોને તોડી નાખે છે. એક કિસ્સો તેના મનમાં કોતરાયેલો છેઃ એક સ્ત્રી જેના અવશેષો દિવસોથી નદીમાં હતા. જ્યારે મેં તેને ખેંચી, ત્યારે તેની ચામડી બહાર આવી, તેમાં કીડા હતા. તેના હાથ કીડાઓથી ભરેલા હતા.

બીજી અનેક વાર્તાઓ પણ છે - તૂટેલા શરીર, નદીના ખનિજો દ્વારા ખવાઈ ગયેલા ચહેરા, અંગો અલગ થઈ ગયા હોય, સૌથી ઠંડા પાણીમાંથી પણ ગંધ આવતી હોય. પરંતુ હમઝા તેને લીધા વિના પાછો ફરતો નથી.

હમઝા કહે છે કે, જીવતા લોકોને બચાવવા એ મૃતકો કરતાં ઘણા વધુ જોખમી છે. જીવંત વ્યક્તિ તમને પણ ડૂબાડી શકે છે, જો તમને તાલીમ આપવામાં ન આવે તો તેઓ તમને પણ પકડી લેશે.

તે ૨૦૧૭ની એક ઘટના યાદ કરે છેઃ ઉનાળાના ઝડપી પ્રવાહ દરમિયાન એક મહિલા કૂદી પડી હતી. હું ભાવનાત્મક રીતે જેકેટ વિના કૂદી પડ્યો. હું અડધા કલાક સુધી પાણીમાં હતો. ક્યારેક તે મને ડૂબાડી રહી હતી અને ક્યારેક હું તેને બચાવી રહ્યો હતો. અંતે અમે બંને બચી ગયા, પરંતુ તે એ યાદ અપાવે છે કે ચેનાબમાં જીવન અને મૃત્યુ વચ્ચેનો ગાળો કેટલો સાંકડો છે.

કેટલાક બચાવ તેને અલગ રીતે ત્રાસ આપે છે. કટરામાં, એક કોલેજ છોકરી કૂદી પડી; તેનો મૃતદેહ બે મહિના પછી જ સપાટી પર આવ્યો. તે સમયે, હું ખૂબ જ દુઃખી હતો. તેને બીજું એક દૃશ્ય યાદ છે - બે છોકરીઓ સમુદ્ર જેવા જ તીવ્ર પ્રવાહમાં તણાઈ ગઈ. કોઈએ નીચે જવાની હિંમત કરી નહીં, પણ હું પાણીમાં ગયો.

હમઝા તેની ટોપી ઉંચી કરે છે અને તેના માથા પર ત્રાંસો એક ડાઘ દેખાય છે. તે તેણે કેટલું જોખમ લીધું છે તેનો પુરાવો છે. તે કહે છે કે, મારું માથું અહીંથી કપાઈ ગયું હતું, ૬૦ ટાંકા આવ્યા હતા. લોહી વહેતું હતું અને હું બહાર આવ્યો. મને ખબર નહોતી કે મારા ચહેરા પર લોહી નીકળતું હતું. એક કારના બચાવ દરમિયાન તે બન્યું, જ્યારે તે ખડક નીચે હું ગયો અને કોઈપણ સાધન વિના ગોઠવણ કરવી પડી.

તેને અન્ય ઈજાઓ પણ થઈ છે - ઉઝરડા, કાપ, કલાકો સુધી ડાઈવિંગ કર્યા પછી ધ્રુજતા રાતો વિતાવવી, ઠંડા પાણીથી શરીર પર લાંબા ગાળાનું નુકસાન, પરંતુ હમઝા કહે છે કે નદીએ બીજા લોકો પાસેથી તેના કરતાં વધુ લીધું છે.

હમઝા કહે છે કે, અમારી પાસે હોડી છે, પણ અમારી નથી. તે હળવા, માર્મિક સ્મિત સાથે કહે છે કે, તેમની અગાઉની હોડી, જે વર્ષો પહેલા ભેટમાં આપવામાં આવી હતી તે બીજા દિવસે પાણીમાં ડૂબી ગઈ અને હવે જ્યારે પણ કટોકટી આવે ત્યારે ડોડાથી મંગાવવી પડે છે. તેની પાસે ઓક્સિજન ટાંકી નથી, વેટસુટ નથી, પાણીની અંદરની ટોર્ચ નથી, સોનાર નથી, ચિનાબના પ્રવાહનો સામનો કરવા માટે મજબૂત દોરડું નથી.

તે કહે છે કે, NDRF અધિકારીને બોલાવવામાં ચાર દિવસ લાગે છે, મૃતદેહ પાણીમાં હોય છે અને તે સડી રહ્યો હોય છે. NDRF અધિકારીઓ પણ પાણીમાં ઉતરી શકતા નથી. તે આવા જ એક અધિકારી વિશે કહે છે જેનું દોરડું તૂટી થયું હતું. તેણે હમણાં જ લગ્ન કર્યા હતા અને મેં તેને કોઈ સાધન વિના બચાવ્યો હતો.

આ એક કડવી વિડંબના છે કે, આ માણસ તાલીમ પામેલા કર્મચારીઓને પણ બચાવે છે તે પોતે અસુરક્ષિત છે. કોઈ અધિકારીએ તેને નાણાકીય સહાયની ઓફર કરી નથી, પગાર તો દૂરની વાત છે. તે કહે છે કે મને ફક્ત પ્રશંસા મળી છે, બીજું કંઈ નહીં. હમઝા કહે છે કે દર વખતે ફોન વાગે છે, ત્યારે તે કિનારા પર રાહ જોઈ રહેલા પરિવાર વિશે વિચારે છે. અમે વિચારીએ છીએ અને અમને ફોન આવે છે. અમારે જવું પડશે... અમે ભાવુક થઈ જઈએ છીએ."

તે તેના બે સહાધ્યાયીઓ ડૂબી ગયા તે દિવસને યાદ કરે છે. તેણે તેમના માતાપિતાને લાચારીથી રડતા જોયા હતા. હું તે સહન કરી શક્યો નહીં, તે દિવસે બીજા કોઈએ પાણીમાં ઉતરવાની હિંમત કરી ન હતી. તે એકલો ગયો હતો.

જો કે તે હંમેશા સફળ થયો નથી. તે ૧૧ લોકો હતા. મને ફક્ત એક જ મૃતદેહ મળ્યો હતો આજ સુધી, મને બીજા કોઈ મળ્યા નથી. અમે જેને બચાવવા ગયા, અમે તેને જીવતો લાવ્યા, અને તેના પર અમને ગર્વ છે - અને કદાચ દુઃખ સામે તેનું બખ્તર પણ છે.

હમઝા આ વાત કરે છે, તેમ ચેનાબ તેની પાછળ ગર્જના કરે છે. તેનો અવાજ ખૂબ જ સ્થિર, ખૂબ જ અવિરત છે. તે યાદ અપાવે છે કે એક માણસની હિંમત સામે એક નદી સાથે કેટલી નાની છે જેણે શહેરો, હેલિકોપ્ટર, બસો, પરિવારોને સમાવી લીધા છે. અને છતાં, જ્યારે કોઈ ગુમ થઈ જાય છે, ત્યારે લોકો પહેલા અધિકારીઓને ફોન કરતા નથી. તેઓ હમઝાને ફોન કરે છે. એટલા માટે નહીં કે તે અજેય છે. એટલા માટે નહીં કે તેને પગાર મળે છે. પરંતુ એટલા માટે કે પંદર વર્ષ સુધી, ભલે તે મધ્યરાત્રિએ હોય કે પરોઢિયે, શિયાળાની ઠંડીમાં લોહી થીજી જાય કે ચોમાસાના પૂરમાં, તે તરત જ હાજર થઈ જાય છે.

શાંત ખીણમાં, હમઝા તેનો સૌથી શાંત હીરો છેઃ તે અનામી, અજાણ્યો, અને છતાં તે પોતાની અંદર સેંકડો દુર્ઘટનાઓ, સેંકડો પરિવારો અને સેંકડો જીવનની યાદો લઈને ચાલે છે અને તે એક એવી નદીમાંથી લોકોને લઈ આવે છે જે ક્યારેય કંઈ પાછું આપતી નથી.

**- બાબ રાવાની**
**(સૌ. : મુસ્લિમ મિરર)**

# ઘરે કરી શકાય તેવી ઘૂંટણને મજબૂત બનાવવાની કસરત

## હેલ્થ બુલેટીન




**ઘૂં**ટણ એ માનવ શરીરના સૌથી જટિલ અને મહત્વપૂર્ણ સાંધાઓમાંના એક છે. તે ફક્ત હલનચલનમાં જ જરૂરી નથી, પરંતુ તે આપણા દરેક પગલાંનો ભાર પણ સહન કરે છે. ઓછું થતું હલનચલન અને વધતી ઉંમર સાથે તેનું સ્વાસ્થ્ય બગડી શકે છે. આવા કિસ્સામાં, ઘૂંટણનું સ્વાસ્થ્ય જાળવી રાખવું અને કેટલીક કસરતો દ્વારા તેને મજબૂત રાખવું જરૂરી છે. અહીં ઘૂંટણને મજબૂત બનાવવાની પાંચ કસરતો છે જે તમે ઘરે કરી શકો છો.

**વોલ સ્કવોટ્સ :** દીવાલથી એક ફૂટ દૂર ઊભા રહો અને તમારા પગ ખભા સુધી પહોળા રાખો. તમારા ઘૂંટણને વાળતી વખતે તમારી પીઠ દીવાલ પર સરકાવો. ઘૂંટણને અંગૂઠાની પેલે પાર જવા ન દો અને ધીમે ધીમે ફરીથી સીધા ઊભા રહો. કસરત કરતી વખતે ઘૂંટણની ઉપરના સ્નાયુને ખેંચવા પર ધ્યાન કેન્દ્રિત કરો.

**ક્લેમશેલ્સ :** ઘૂંટણની લવચીકતા માટે ક્લેમશેલ કસરત ઉત્તમ છે. શરૂઆત માટે જમીન પર સૂઈ જાઓ અને તમારા ઘૂંટણને ૯૦ ડિગ્રીના ખૂણા પર વાળો. તમારા પગને એકસાથે રાખીને તમારા ઘૂંટણને ક્લેમશેલની જેમ ખોલો અને પછી તેમને બંધ કરો. જર્નલ ઓફ પોપ્યુલેશન થેરાપ્યુટિક્સ એન્ડ ક્લિનિકલ ફાર્માકોલોજીમાં પ્રકાશિત ૨૦૨૪ના અભ્યાસ મુજબ , ક્લેમશેલ કસરતથી ઘૂંટણના વળાંકમાં નોંધપાત્ર સુધારો થયો છે.

**ફેફસાં :** તમારા જમણા પગને આગળ અને ડાબા પગને પાછળ રાખીને સ્પ્લિટ પોઝિશનમાં ઊભા રહો. જમણો પગ જમણા ખૂણા પર ન આવે ત્યાં સુધી લંગ પોઝિશનમાં નીચે આવતા ઘૂંટણને ધીમે ધીમે વાળો. હવે પાછા ઉભા થાઓ, પગની સ્થિતિ બદલો અને ફરીથી તે કરો.

**હેમસ્ટ્રિંગ સ્ટ્રેચ :** તમારા ડાબા પગને સીધો અને જમણા પગને વાળીને ખુરશીની ધાર પર બેસો. પગની એડી જમીન પર રાખો અને તમારા હેમસ્ટ્રિંગને ખેંચીને અને ઘૂંટણને તાણતા તમારી છાતીને પગ તરફ વાળો. NHS ભલામણ કરે છે કે દરેક પગ સાથે પંદર સેકન્ડના ત્રણ સેટ અજમાવો

**હીલ સ્લાઈડ્સ :** હીલ સ્લાઈડ્સનો હેતુ ઘૂંટણની ગતિ અને લવચીકતા વધારવાનો છે. તમારા ઘૂંટણને વાળીને અને પગને જમીન પર સપાટ રાખીને તમારી પીઠ પર સૂઈને શરૂઆત કરો. હવે પગને સીધો કરતી વખતે એક એડીને જમીન પર સ્લાઈડ કરો અને પછી તેને ફરીથી સ્થિતિમાં લાવો. ઘૂંટણની સર્જરી, સ્પોર્ટ્સ ટ્રોમેટોલોજી, આર્થ્રોસ્કોપીમાં પ્રકાશિત ૨૦૨૦ના અભ્યાસમાં, સક્રિય હીલ સ્લાઈડ કસરતથી ઘૂંટણની સંપૂર્ણ આર્થ્રોપ્લાસ્ટી ધરાવતા દર્દીઓમાં કાર્યાત્મક પુનર્વસનમાં મદદ મળી હતી.

**તાકાત માટે ઘૂંટણની કસરતો :** શારીરિક હલનચલન, ખેંચાણ અને સુગમતા કસરતો દ્વારા ઘૂંટણના સાંધાને સક્રિય રાખવાથી તેમને મજબૂત બનાવવામાં મદદ મળે છે અને તેમનું આયુષ્ય વધે છે. તમારા ઘૂંટણના સ્વાસ્થ્યને સુધારવા માટે આ કસરતો અજમાવી જુઓ.

**અસ્વીકરણ : આ લેખમાં આપેલી માહિતીનો હેતુ તબીબી સલાહ નથી. કોઈપણ નવી દવા અથવા સારવાર શરૂ કરતા પહેલા અને તમારા આહાર અથવા પૂરક પદ્ધતિમાં ફેરફાર કરતા પહેલા હંમેશા લાયક આરોગ્ય સંભાળ વ્યાવસાયિકની સલાહ લો.**

(સૌ : ટીઓઆઈ)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# મહાન અરબી કવિ : અબુ નુવાસ

## ભાગ -૧

**અ**બુ નુવાસ - અલ-હસન બિન હાની અલ-હક્મી,અબ્બાસી યુગના સૌથી તેજસ્વી અને સૌથી વિવાદાસ્પદ કવિ હતા. અરબી કવિતાને જૂની પરંપરાના ભારેખમ બંધનમાંથી મુક્ત કરીને આધુનિકતાના પંથે લઈ જનાર અગ્રણી હતા.એમની કુનીયતો હતીઃ અબુ અલી (ઘરનું નામ), અબુ નુવાસ (સૌથી પ્રચલિત) અને અનવાસી. "નુવાસ" એટલે ખભા સુધી લાંબા, લહેરાતા વાળ - જે તેમની શારીરિક ખાસિયત હતી અને જેના કારણે આ નામ પડ્યું.

એમનો જન્મ ઈરાનના અહવાઝમાં હિસ.૧૩૯ / ઈ.સ. ૭૫૬-૫૭ માં થયો હતો. પિતા હાની અલ-હક્મી (અરબ સૈનિક) અને માતા જુલૈબાન (ગુલબાન - પર્શિયન મૂળનાં) હતા. પિતા ખોરાસાનના ગવર્નર જરાહ બિન અબ્દુલ્લાહની ફોજમાં હતા, એટલે વંશને "અલ-હક્મી" કહેવાયો. છ વર્ષની ઉંમરે પિતાના મૃત્યુ પછી તેમની માતાએ ઉછેર કર્યો. યુવાનીમાં તેઓ બસરા અને પછી કુફા ગયા.

બસરામાં તેમણેઃયાકૂબ અલ-હજરમી પાસેથી કુર્આન, માતા પાસેથી ફારસી અને મજલિસોમાં ઘણી કવિતાઓ શીખી.કુફા જઈને તેમણે કવિ વલીબા ઈબ્ન અલ-હુબાબ, ખલફ અલ-અહમર, અબૂ ઉબૈદા અને અબૂ ઝૈદ અલ-અન્સારી જેવા વિદ્વાનો પાસેથી ભાષા, પ્રાચીન કવિતા અને "અય્યામુલ-અરબ" (અરબોના યુદ્ધ-ઈતિહાસ) શીખ્યા. ખલફની શરત પ્રમાણે તેમણે હજારો કવિતા અને કસીદા યાદ કર્યા. તેમની સલાહ મુજબ તેઓ શુદ્ધ અરબી બોલી શીખવા રણમાં બેદુઈનો/ ગ્રામવાસીઓ સાથે વર્ષો રહ્યા.

બગદાદ પહોંચ્યા પછી હરસમા ઈબ્ન અય્યાને તેઓને ખલીફા હારુન અર-રશીદ સાથે પરિચિત કરાવ્યા. ઈશાક અલ-મૌસિલીએ પણ તેમની ભલામણ કરી.તેઓ રાજદરબારમાં પ્રશંસા પામ્યા, પરંતુ તેમનું સ્વભાવે રમૂજી, વિવાદાસ્પદ અને દારૂપ્રિય વર્તન તેમને ઘણી વખત મુશ્કેલીમાં મૂકી દેતું. હારૂન અર-રશીદે તેમને સુધારવા માટે કેટલીક વખત કેદ કર્યા, પણ ફરીથી મુક્ત કર્યા.યમની-અરબ કબીલા સાથેના જોડાણને કારણે તેમણે કહતાનીઓને વખાણી અને અદનાનીઓની નિંદા કરી - જેના બદલામાં ફરીથી કેદ થયા.

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

બાદમાં બર્માકી કુટુંબની મદદથી મુક્ત થયા.

બર્માકીઓની બરતરફી પછી તેઓ ઈજિપ્ત ગયા જ્યાં શાસક હસીબ ઈબ્ન અબ્દુલહમીદે તેમનું સન્માન સાથે સ્વાગત કર્યું.હારુન અર-રશીદના અવસાન પછી, જ્યારે અમીન ખલીફા બન્યો, તેઓ પાછા બગદાદ આવ્યા.અમીન તેમની મજા-મસ્તી ભરેલી શૈલીને પસંદ કરતો હતો, પરંતુ અબૂ નુવાસની અતિશય દારૂ પીવાની આદત અને અપમાનજનક કાવ્યોના કારણે તેમના હાથેથી પણ એક વખત કેદ થયા.

અબૂ નુવાસનાં મૃત્યુ વિશે વિવિધ મત છે.કેટલાક કહે છે કેઃતેઓ પોતાના મિત્ર ઈસ્માઈલ ઈબ્ન અબૂ સહલ નૌબખ્તના ઘરમાં મૃત્યુ પામ્યા.કેટલાક તેને દારૂ મંડળીમાં મૃત્યુ પામેલા કહે છે.તેમના વિરૂદ્ધ વ્યંગના કારણે મારી નાખવામાં આવ્યા - એ વાત વિશ્વસનીય નથી. પરંતુ સ્પષ્ટ છે કે તેઓ અમીનના મૃત્યુ (813 CE) પછી પણ જીવતા હતા, કારણ કે તેઓએ તેના શોકકાવ્યો લખ્યા હતા.એમને બગદાદના "તેલુલ યહૂદ" ટેકરી પર દફનાવવામાં આવ્યા. તેમના નજીકના મિત્ર અબુ જાફર અલ-સૈઘ કહે છેઃજ્યારે અબુ નુવાસ મૃત્યુશય્યા પર હતા, ત્યારે તેમણે રડતાં-રડતાં કહ્યું : હે અલ્લાહ ! અમે પોતાના પર ઘણો મોટો જુલ્મ કર્યો છે એટલે હે અમારા રબ ! અમને માફ કરી દે, અમને માફ કરી દે અને પછી તેમણે પોતાની કબર પર લખાવવા માટે આ ચાર પંક્તિઓ કહી :(અરબીમાંથી અનુવાદ) મૌન કબરોએ તમને ચેતવણી આપી છે અને ભૂતકાળના યુગોએ તમારા માટે આંસુ સાર્યા છે, તેઓ તમારા ચહેરાઓની વાત કરતા હતા જે ગુલામ બનેલી, રડતી અને ધોખો ખાધેલી તસવીરો છે, અને તેઓએ તમને તમારી કબરો બતાવી જ્યારે તમે હજી જીવંત હતા, મૃત નહીં.

